# શ્રી યશોભદ્ર સૂરિ
## જીવન વાટિકા



:સંકલનકાર:
પં. શ્રી શ્રેયાંસ વિજયજી ગણિ

# શ્રી યશોભદ્રસૂરિ

# જીવન વાટિકા

સંગ્રાહક તથા પ્રેરક



પૂ. આ. વિ. યશોભદ્રસૂરિજી મ. સા. ના શિષ્ય
પૂ. પંન્યાસ શ્રી શ્રેયાંસવિજયજી ગણિ.

**પ્રાપ્તિસ્થાન :**

૧ સુથરી જૈન સંઘ
તાલુકો : અબડાસા
સુથરી (કચ્છ)

૨ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન પેઢી
દોલતનગર, બોરીવલી ઈસ્ટ મુંબઈ ૩૦૦૦૬૮

**મુદ્રક :** નયન પ્રિ. પ્રેસ
ગાંધીરોડ, ઢીંકવાવાડી, અમદાવાદ–૧.
ટે. નં. ૩૩૭૫૭૭

**પ્રકાશક :** સુથરી જૈન સંઘ
તાલુકો : અબડાસા–કચ્છ

# બે બોલ

'પૂ. આ. યશોભદ્રસૂરિ જીવન વાટિકા' પુસ્તક ૫, પૂ. આ દેવ વિજય યશોભદ્રસૂરિજી મ. ના જીવનની ઝાંખી કરાવનાર પુસ્તક છે.

કાળનો પ્રવાહ અનાદિ અનંત છે. વણથંભ્યો ચાલ્યો જાય છે. આ કાળના પ્રવાહમાં, નદીના પ્રવાહમાં જેમ ડાળાં ડાંખરાં તણાતાં જાય છે તેમ કાળના પ્રવાહમાં હજારો લાખો માણસો આવે અને સમય જતાં ચાલ્યા જાય છે. આ જનારામાં કોઇ માણસોની ભાગ્યે જ નોંધ લેવાય છે.

જે માણસો જીવનમાં સુકૃત કરી ગયા હોય, જેના જીવનની પરાગ જગત્ આગળ મુકી હોય તેનેજ લોકો સંભાળે છે. પૂ. આ યશોભદ્રસૂરિ મ. એવા સંસ્મરણીય મહાત્મા હતા. જેમણે ભર યુવાવસ્થામાં સંયમ સ્વીકાર્યું હતું. સંયમ સ્વીકાર્યા બાદ ગુરૂમહારાજની નિશ્રામાં વિદ્યાભ્યાસ અને પરોપકારપરાયણ જીવન જીવી જાણ્યું હતું.

બેંગલોર મદ્રાસ જેવા દૂર સુદૂર સ્થળોએ તેમણે વિહાર કરી ઠેર ઠેર દર્શન–જ્ઞાન અને ચારિત્રની પરબરૂપ જિન-મંદિર, ઉપાશ્રય પાઠશાળા આદિ અનેક ધર્મસ્થાનોનું નિર્માણ ઉપદેશ દ્વારા કરાવેલ છે.

મોટામાં મોટો ગુણ એમનામાં ગુણાનુરાગનો હતો. કોઇના પણ વિશિષ્ટગુણને તે મુક્તકંઠે પ્રશંસતા. પછી તે સ્વસમુદાયના

સાધુ હોય કે પરસમુદાયના સાધુ હોય એટલુંજ નહિ પણ ગૃહસ્થ કે કોઈપણ હોય.

છેલ્લે જ્યારે એકસીડન્ટ થયો ત્યારે એકસીડેન્ટ કરનારની પ્રત્યે તેમણે દુર્ભાવ કે રોષ બતાવ્યો નથી. 'ભૂલ થઈ જાય' કહી ક્ષમા આપી છે. તેમનું મૃત્યુ 'સિદ્ધચક્રપૂજન' ના ઉત્સવ માટે પધારતાં માર્ગમાં એકસીડેન્ટ દ્વારા થયું. અધ્યવસાય ભગવાનની ભક્તિના હતા.

સદા પ્રસન્ન મુખ રહેનાર, નિખાલસ સ્વભાવના, માયાળુ, પરોપકારપરાયણ આ સૂરિપુંગવે ઘણા મંદિરોની પ્રતિષ્ઠા કરાવી છે. ઘણા ઉપધાનો કરાવ્યાં છે. ઉપાશ્રય–પાઠશાળાઓનું નિર્માણ જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં તેમણે ઉપદેશ આપી કરવા પ્રેરણા આપી છે.

આ પુસ્તક અમારા પ્રેસમાં પૂ. પં. શ્રેયાંસવિજયજી મહારાજે છાપવા મારા પુત્ર ચિ. કીર્તિભાઇ સાથે નક્કી કર્યું પ્રેસકોપી જોઇ જવા મને ભલામણ કરી. પુસ્તકની પ્રેસ કોપી અને લખાણ ખુબ લાંબુ અને વાંચતા વાચક કંટાળે તેમ લાગતાં આને ટુંકુ કરવાનું કામ મને સોંપ્યું. મેં તેને ટુંકાવી મુદ્રિત કરાવ્યું છે. આ કરતાં ચરિત્રનાયકના વિશિષ્ટ કાર્યોને ટુંકાવતાં જે કાંઈ ક્ષતિ થઇ હોય તેની ક્ષમા યાચું છું.

સ્વ. પૂ. આચાર્ય મહારાજના અમદાવાદના ચોમાસાઓની સ્થિરતા દરમિયાન હું તેમના પરિચયમાં હતો. તેઓની

નિખાલસતા અને ગુણાનુરાગનો મને સારો પરિચય થયો હતો. તેઓ સદા પ્રસન્ન અને પરોપકાર પરાયણ હતા. યોગાનુયોગ તેમના શિષ્ય પં. શ્રેયાંસવિજયજીએ તેમની જીવનચરિત્રની પ્રેસકોપી મને વાંચવા આપી તેમના જીવનને અવગાહવાની તક આપી તે બદલ તેમનો આભાર માનું છું.

અંતમાં આ પુસ્તક મુદ્રિત કરવામાં જે કાંઇ સ્ખલના થઇ હોય તેની ક્ષમા માગી સ્વ. પૂ. આચાર્ય ભગવંત ચરિત્ર-નાયકને વંદના કરી વિરમું છું.

૪, સિદ્ધાર્થ સોસાયટી, મફતલાલ ઝવેરચંદ ગાંધી
પાલડી, અમદાવાદ. તા. ૧૯–૮–૮૩

## ઉપાશ્રય

વેપારી સુલા (મદ્રાસ) સોપારા (મહારાષ્ટ્ર) મોડાસા મુલુન્ડ (મુંબઇ) ખેરાળુ (મહેસાણા) દેવા (ખેડા) કૃષ્ણનગર, વિજયનગર (અમદાવાદ) ધર્મશાળા–દહેજ બંદર

સારી રકમો ઉપાશ્રયમાં અપાવી—ગોડીજી (મુંબઇ) માટુંગા (મુંબઇ) મરોલી બજાર (સુરત) અમલસાડ નારણપુરા (અમદાવાદ) પેટલાદ (ખેડા)

**પ્રતિષ્ઠા :**

બંગારપેઠ, ગદગ, શીમોગા, વિલેપાર્લો, સંભવનાથ દેરાસર (સુરત) કલ્યાણ પાર્શ્વનાથ (સુરત) નૌગામ (જી. સુરત) હાવેરી, રાણીબેન્નુર (કર્ણાટક) પાલી, ચોક તલેગામ (મહારાષ્ટ્ર) મોડાસા, રાજકોટ-જાગનાથ પ્લોટ, લુણસાવાડ–મોટીપોળ કીકાભટની પોળ–પતાસા પોળ (અમદાવાદ) બોરસદ, પેટલાદ (જી. ખેડા) જેતપુર (જી. રાજકોટ) ખંભાત, બીલીમોરા.

# પૂ આ. વિ. યશોભદ્રસૂરિજી મ. સા. નો
## શિષ્ય પ્રશિષ્ય પરિવાર

૧ પૂ. આ. વિ. શુભંકરસૂરિજી મ. સા.
૨ પૂ. આ. વિ. સૂર્યોદયસૂરિજી મ. સા.
૩ પૂ. પૂ પં દેવચંદ્રવિજયજી મ. સા.
૪ પૂ. પં. શ્રેયાંસવિજયજી મ સા.
૫ પૂ. મુનિ જીનચંદ્રવિજયજી મ. સા.
૬ પૂ. મુનિ નયચંદ્રવિજયજી મ. સા.
૭ પૂ. મુનિ તીર્થચંદ્રવિજયજી મ. સા.
૮ પૂ. મુનિ શીલચંદ્રવિજયજી મ. સા.
૯ પૂ. મુનિ પુણ્યચંદ્રવિજયજી મ. સા.
૧૦ પૂ. મુનિ વિદ્યાચંદ્રવિજયજી મ. સા.
૧૧ પૂ. મુનિ ભદ્રસેનવિજયજી મ. સા.
૧૨ પૂ. મુનિ ચારૂસેનવિજયજી મ સા.
૧૩ પૂ. મુનિ નંદિઘોષવિજયજી મ. સા.
૧૪ પૂ મુનિ વિમળસેનવિજયજી મ. સા.
૧૫ પૂ. મુનિ રત્નપ્રભવિજયજી મ. સા.
૧૬ પૂ. મુનિ ચંદ્રગુપ્તવિજયજી મ. સા
૧૭ પૂ. મુનિ સુમતિસેનવિજયજી મ. સા.
૧૮ પૂ. મુનિ ભુવનહર્ષવિજયજી મ. સા.
૧૯ પૂ. મુનિ જીનસેનવિજયજી મ. સા.
૨૦ પૂ. મુનિ અનંતકિર્તિવિજયજી મ. સા.
૨૧ પૂ મુનિ શીલગુણવિજયજી મ સા.
૨૨ પૂ. મુનિ યુગબાહુવિજયજી મ. સા.
૨૩ પૂ. મુનિ શીલમંડનવિજયજી મ. સા.

# વંદનાવલીમાં લાભ લેનાર ભાગ્યશાળીઓના નામ

૧૫૦૧ હંસકોટન ઈન્ડસ્ટ્રીઝ મુંબઈ પૂ. સાધ્વી વિદ્યુત્પ્રભાશ્રીજી મ. ની શુભ પ્રેરણાથી

૧૨૫૧ દશાપોરવાડ સોસાયટી જૈન સઘ પાલડી અમદાવાદ-૭

૧૨૫૧ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જૈન દેરાસરની પેઢી દોલતનગર બોરિવલી પૂર્વ મુંબઈ

૧૦૦૦ કૃષ્ણનગર જૈન શ્વે. મૂ સંઘ નરોડા રોડ અમદાવાદ

૧૦૦૧ કચ્છી દશાઓશવાલ જૈન સમાજ વડોદરા

૫૦૧ હઠીસિંગ કેશરિસિંગ જૈન ઉપાશ્રય ટ્રસ્ટ પાંજરાપોળ, અમદાવાદ.

૫૦૧ વિશાશ્રીમાળી તપગચ્છ જૈન સંઘ જામનગર (હાલાર)

૫૦૧ સહસ્રફણાપાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ માટુંગા મુંબઈ-૧૯

૫૦૦ પૂ. મુનિ પુષ્પચંદ્રવિજયજી મ. સા. ની શુભપ્રેરણાથી પોપટલાલ હિરાલાલ શાહ (ચોખાવાલા) પૂના ૨

૫૦૦ પૂ. મુનિ રત્નપ્રભવિજયજી મ.સા. તથા પૂ મુનિ ચંદ્ર-ગુપ્તવિજયજી મ.સા.ની શુભ પ્રેરણાથી ધર્મજ જૈન સંઘ

૫૦૦ સાબરમતી રામનગર જૈન શ્વે. મૂ. સંઘ અમદાવાદ-૫

૨૫૧ રતનશી જેઠાભાઇ સાંગલી (મહારાષ્ટ્ર)


૨૫૧ સંભવનાથ જૈન દેરાસર ટ્રસ્ટ લુણસાવાડો મોટીપોળ, અમદાવાદ.

૨૫૧ સાઠંબા જૈન શ્વે. મૂ સંઘ (સાબરકાંઠા)

૨૫૧ દહેજ જૈન શ્વે. મૂ સંઘ (જી. ભરૂચ)

૨૫૦ મોડાસા જૈન સંઘ હ. રમણલાલ સાકળચંદ ગુંદરવાળા

૨૫૦ ખેડા જૈન સંઘ
૨૫૦ પ્રભુદાસ રામજી જામકંડોરણા
૨૫૦ પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર દેરાસર ટ્રસ્ટ સાંગલી
૨૫૦ તન્મન્બેન છનાલાલ ખંભાતવાળા મુંબઈ
૧૦૧ સંઘવી જગજીવનદાસ કસ્તુરચંદ સાઠંબા
૧૦૧ રતિલાલ માવજી મહેતા જામનગર
૧૦૧ ઠાકરશી નાગશી (કચ્છ જખૌ) મુલુન્ડ મુંબઈ–૮૦
૧૦૦ સ્વ. નરશી ભોજરાજ પરિવાર સુથરી (કચ્છ)
૧૦૦ લક્ષ્મીચંદ ઘેલાભાઇ લીલાધર સુથરી
૧૦૦ જવેરીલાલ આણંદજી સુથરી
૧૦૦ સ્વ. કુંવરજી હિરજી પરિવાર સુથરી
૧૦૦ નરશી નેણશી સોની સુથરી
૧૦૦ ખીમજી નેણશી સોની સુથરી
૧૦૦ રાયચંદ લધુભાઈ સોની સુથરી
૧૦૦ હંસરાજ નરશી સુથરી
૧૦૦ ચત્રભોજ નરશી સુથરી
૧૦૦ ધનજી કલ્યાણજી સુથરી
૧૦૦ દામજી જેઠાભાઇ સુથરી
૧૦૦ બાબુભાઈ પદમશી સુથરી
૧૦૦ રતનશી કેશવજી કારાણી સુથરી
૧૦૦ પૂનમચંદ વેલજી સુથરી
૧૦૦ કરમશી ખેતશી કોઠારા



ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ ભગવાન સુથરી (કચ્છ)



પરમચમત્કારિક નાકોડા તીર્થાધિપતિ
શ્રી પાર્શ્વનાથ ભગવાન

卐 શ્રી શાંતિનાથાય નમઃ 卐

શ્રી નેમિ-વિજ્ઞાન-કસ્તુરસૂરિ સદ્‌ગુરૂભ્યો નમઃ

પ.પૂ. આચાર્ય દેવ શ્રી વિજય યશોભદ્રસૂરિશ્વરજી

મ.સા.ની પૂણ્ય સ્મૃતિમાં

તેઓશ્રીના શિષ્ય રત્ન પૂ. ગણીવર્ય શ્રી શ્રેયાંસચંદ્ર વિજયજી મ.સા. તથા પૂ. મુનિશ્રી પુણ્યચંદ્ર વિજયજી મ.સા.ની શુભ પ્રેરણાથી કચ્છ, સુથરી, જખૌ, મુંબઈ, અમદાવાદના સદ્‌ગૃહસ્થો તરફથી રૂ. ૧૦૦૦૧) સ્મૃતિ ગેલેરીના નિર્માણ કાર્યમાં મળ્યા છે.

સં. ૨૦૩૮, શ્રાવણ વદી-૮ જન્માષ્ટમી

॥ શુભં ભવતુ શ્રી સંઘસ્ય ॥

ૐ અર્હમ્ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

શાસન સમ્રાટ પૂજ્ય પાદ આચાર્ય ભગવંત શ્રી

વિજય નેમિ વિજ્ઞાન-કસ્તૂર સૂરિ સદ્ગુરુભ્યો નમઃ ।

શ્રી પ્રાકૃત વિજ્ઞાન પાઠમાલા આદિ ગ્રંથોના કર્તા પરમ પૂજ્ય

સ્વ.આચાર્યદેવ વિજય કસ્તૂર સૂરીશ્વરજી મહારાજ નાં

પ્રથમ પટ્ટધર કવીરત્ન પરમ પૂજ્ય આચાર્ય

શ્રી વિજય યશોભદ્ર સૂરિશ્વરજી મહારાજ


નાં સદુપદેશથી


અમદાવાદ, પાંજરાપોળનાં જૈન ભાઈબહેનો તરફથી

સર્વસાધારણ ખાતે રૂ.૩૦૦૧) અંકે રૂ. ત્રણ હજાર એક

મળ્યા છે. વિ.સં. ૨૦૩૯.

॥ શુભં ભવતુ શ્રી સંઘસ્ય. ॥


卐 શ્રી આદિનાથાય નમઃ卐
શ્રી નેમિ-વિજ્ઞાન કસ્તુર સૂરિ સદ્‌ગુરૂભ્યો નમઃ
પ.પૂ.આચાર્ય દેવ શ્રી વિજય યશોભદ્રસૂરિશ્વરજી
મ.સા.ની પૂન્ય સ્મૃતિમાં
તેઓ શ્રીના શિષ્યરત્ન
પૂ.મુનિરાજ શ્રી રત્ન પ્રભવિજયજી મ.સા.તથા
પૂ.મૂનિ શ્રી ચંદ્રગુપ્ત વિજય મ.સા.ની શુભ પ્રેરણાથી
ધર્મજ,આણંદ, પાદરા, અમદાવાદ ના સદ્‌ગૃહસ્થો
તરફથી રૂા.૫૦૦૧) સ્મૃતિ ગેલેરીના નિર્માણ કાર્યમાં
મળ્યા છે.
વિ.સં. ૨૦૩૮ શ્રાવણ વદી-૮ જન્માષ્ટમી
॥ શુભં ભવતુ શ્રી સંઘસ્ય.॥



ॐ अर्हम् नमः
પરમ પૂજ્ય આચાર્ય શ્રી
યશોભદ્ર સૂરિજી
તપાગચ્છ જૈન પૌષધ શાલા મોડાસા


ॐ અર્હં નમઃ
શ્રી મુનિસુવ્રત સ્વામિને નમઃ
નમો નમઃ શ્રી ગુરૂ નેમિ સૂરયે ॥
પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય યશોભદ્ર સૂરીશ્વરજી મહારાજ સાહેબની
પુન્ય સ્મૃતિ નિમિત્તે
રૂ.૧૫૦૦૧) મુખ્ય ગેલેરીમાં તેઓશ્રીના શિષ્યોની શુભ પ્રેરણાથી મુખ્ય ગેલેરીમાં
મળ્યા છે વિ.સં. ૨૦૩૮ શ્રાવણ વદી ૮. ગુરૂવાર.

ॐ अर्हम् नमः
શાસન સમ્રાટ અનેક તીર્થોધ્ધારક પૂજ્યપાદ
આચાર્યદેવ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજના પટ્ટધર
પરમ પૂજ્ય આચાર્યદેવ વિજયવિજ્ઞાન સૂરીશ્વરજી
મહારાજના પટ્ટધર
પરમ પૂજ્ય આચાર્યદેવ વિજય કસ્તૂર સૂરીશ્વરજી
મહારાજના પટ્ટધર
પરમ પૂજ્ય આચાર્યદેવ વિજય યશોભદ્રસૂરીશ્વરજી
મહારાજના સદુપદેશથી
અમદાવાદ નાગજી ભુધરની પોળના જૈન સંઘ તરફથી
કૃષ્ણનગર જૈનસંઘના ઉપાશ્રયમાં વિજ્ઞાનસૂરિ જૈન સ્વાધ્યાય
મંદીર માટે રૂા.૭૫૯૧/ આપનાર દાતાઓની શુભ નામાવલી
વિ.સં.૨૦૩૦

૧૨૨૭) શ્રી નાગજી ભુધરની પોળ જૈન સંઘ
૧૦૦૧) શાહ સુબોધચંદ પોપટલાલ
૫૦૧) ભૂરીબેન પુંજાભાઈ વહોરા
૫૦૧) શાહ માણેકલાલ ત્રીકમલાલ વહોરા
૫૦૧) શાહ નરોત્તમદાસ કેશવલાલ નવાબ
૫૦૧) શાહ કેશવલાલ મુલચંદ ઓતશેલીવાલા
૫૦૧) શાહ શાંતીલાલ કચરાભાઈ
૫૦૧) શાહ શાંતીલાલ મોહનલાલ શબર
૩૦૧) શાહ મુલચંદ કરમચંદ બોરસદવાલા
૩૦૧) શાહ કલ્યાણભાઈ હરીલાલ
૨૫૧) શાહ મયાભાઈ વાડીલાલ ગજરાવાલા
૨૫૧) શાહ કાંતીલાલ લખ્ખુભાઈ પરીખ
૨૫૧) શાહ મણીલાલ ડુંગરશી ધ્રુવ
૨૫૧) શાહ શાંતીલાલ પોપટલાલ
૨૫૧) મેનાબેન રતનલાલ ચોકસી

શ્રી વિજ્ઞાનસૂરી સ્વાધ્યાય મંદીર માટે શ્રી નાગજી ભુદરની
પોળના જૈન સંઘે પ્રેરણા આપી છે
શુભં ભવતુ શ્રી સંઘસ્ય



શ્રી કચ્છી મૂર્તિપૂજક શ્વેતાંબર જૈન સંઘ

માટુંગા

[illegible]

પટ્ટધર શિષ્ય

[illegible]

વિ. સં. ૨૦૭૦ ના ચાતુર્માસમાં

— શ્રી સંઘના —


આ ઉપાશ્રયના ફંડમાં જે દાતાઓ તરફથી

રકમો અર્પણ થયેલ છે તેઓની


શુભ નામાવલી

[illegible]


(૧)




શાસનસમ્રાટ્ પ. પૂ. આ. દેવ શ્રી વિજય નેમિસૂરીશ્વરજી મ. સા.



દાદાગુરૂ શાન્તમૂર્તિ પૂ. આ. વિ. વિજ્ઞાનસૂરિજી મ. સા.




પ્રાકૃત વિશારદ પૂ. ગુરુદેવ આ. વિ. કસ્તૂરસૂરિજી મ. સા.



શ્રી શીવજીભાઈ શામજીભાઈ
(પૂ. આ. વિ. યશોભદ્રસૂરિજી મ. સા. નો સંસારી ફોટો)




શ્રી શામજીભાઈ ઉકેડા
(પૂ. આ. વિ. યશોભદ્રસૂરિજી મ. સા. ના સંસારી પિતા )




પૂ. આ. વિ. યશોભદ્રસૂરિજી મ. સા. (નાની ઉંમરના)

(૭)



સ્વાધ્યાયમગ્ન પૂ. આ. વિ. યશોભદ્રસૂરિજી મ. સા.



કવિરત્ન પૂ. આ. વિ. યશોભદ્રસૂરિજી મ. સા.

શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

નમઃ શ્રી વિજયનેમિ-વિજ્ઞાન-કસ્તૂર-યશોભદ્રસૂરીશ્વરેભ્યઃ

પ. પૂ. શાસનપ્રભાવક કવિરત્ન આચાર્યદેવ શ્રીમદ્
વિજય યશોભદ્રસૂરીશ્વરજી મ. સા. ની

# જીવનપરાગ

## ૧–ઉપક્રમ

વિવિધ વૃક્ષો, લતાઓ અને વિટપોથી વિભૂષિત કોઇ રમણીય ઉદ્યાન કે વાટિકામાં વિહાર કરીએ તો આપણાં તન મનનો થાક ઉતરી જાય છે અને આપણને નવી તાજગી, નવું જોમ પ્રાપ્ત થાય છે. તે જ રીતે વિવિધ ગુણો, સત્પ્રવૃત્તિઓ અને સદાચારથી સુવાસિત મહાપુરૂષની જીવનકથામાં વિહાર કરીએ તો આપણા આત્માને લાગેલો થાક ઉતરી જાય છે અને જીવનને ઉર્ધ્વગામી, પ્રગતિશીલ કે વિકાસોન્મુખ બનાવવાની પ્રબળ પ્રેરણા સાંપડે છે.

વિશ્વવંદ્ય અર્હંતોની જીવનકથાઓ આપણી સમક્ષ ન હોત તો આપણને અહિંસા, સંયમ અને તપનો ઉત્કૃષ્ટ આદર્શ શેમાંથી પ્રાપ્ત થાત ? પ્રભાવક આચાર્યોની જીવનકથાઓ આપણી સમક્ષ ન હોત તો આપણને શાસનપ્રભાવનાની જ્વલંત પ્રેરણાઓ શેમાંથી સાંપડત ? સાધુચરિત શ્રમણોની કથાઓ આપણી સમક્ષ ન હોત તો આપણને ત્યાગ અને વૈરાગ્યની ઉત્તમ ભાવનાઓ શેમાંથી મળત ?

મહાપુરૂષોની જીવનકથાઓનો ચમત્કાર અનેક મહાનુભાવોએ પોતાના જીવનમાં પ્રત્યક્ષ નિહાળ્યો છે અને અમને પણ એ નિહાળવાનો સુયોગ પ્રાપ્ત થયો છે, એટલે જ અમે મહાપુરૂષોની જીવનકથાઓને અક્ષરાંકિત કરવામાં આનંદોલ્લાસ અનુભવીએ છીએ. અમને આશા છે–વિશ્વાસ છે કે જે સહૃદય પાઠકો પૂજ્ય આચાર્ય પ્રવર શ્રી **યશોભદ્રસૂરીશ્વરજી** મ. સા.ની આ મનોરમ જીવનવાટિકામાં અનન્ય મને વિહાર કરશે, તેઓ અમારા જેવો જ આનંદોલ્લાસ અનુભવી શકશે અને જીવન–સુધારણા માટે પ્રબળ પ્રેરણા પામી પોતાનું કલ્યાણ સાધી શકશે.

## ૨–જન્મભૂમિ

( કચ્છદેશ, અબડાસા તાલુકો, સુથરીગામ )

આપણા ચરિત્રનાયકની જીવનકથાનો આરંભ કચ્છ–અબડાસાના સુથરી ગામથી થાય છે. એટલે પ્રથમ તેનાથી પરિચિત થઈએ.

કચ્છદેશ સૌરાષ્ટ્રની ઉત્તરે અને સિંધની દક્ષિણે આવેલો છે, ૧૫૦ માઈલ લાંબો તથા ૫૦ માઈલ પહોળો છે. લગભગ ૯૦૦૦ ચોરસ માઈલનું ક્ષેત્રફળ ધરાવે છે અને લગભગ (આઠ લાખ) મનુષ્યોને પોતાની ગોદમાં સમાવે છે. તેની દક્ષિણ પશ્ચિમ બાજુ અરબી સમુદ્ર ઉછળી રહ્યો છે અને ઉત્તર તથા પૂર્વની બાજુ રણપ્રદેશથી ઘેરાયેલો છે

આ દેશમાં પહાડો પણ છે અને નદીઓ પણ છે. પરંતુ તેમાંનો કોઈ પહાડ ૧૪૦૦ ફૂટથી ઊંચો નથી અને કોઈ નદી ૫૦ માઈલથી લાંબી નથી. પહાડો ઘણાખરા સૂકા અને પથરાવાળા છે તથા નદીઓ ઘણીખરી સૂકી અને ભાંભળા જળવાળી છે. વહેણની દૃષ્ટિએ આ દેશની નદીઓ બે પ્રકારની છે. એક ઉત્તર તરફ વહી રણમાં પડનારી (સમનારી) અને બીજી દક્ષિણ તરફ વહી સમુદ્રને મળનારી.

આ દેશની જમીન મોટે ભાગે રેતાળ અને પત્થરાલી છે, એટલે તેમાં જૂવાર, બાજરી, મગ, મઠ, તલ અને ગુવારનો પાક થાય છે. કેટલાંક સ્થળે ઘઉં–ચણા, ચીકુ, પપૈયા, આંબા પણ પાકે છે અને રૂનું વાવેતર પણ થાય છે, પરંતુ જેને વિશેષ પાણી જોઈએ તેવી કોઈ વસ્તુ અહીં પાકતી નથી.

આ દેશ ખેતી પ્રધાન છે અને તેનો મુખ્ય આધાર વરસાદ ઉપર છે, પણ તેની સરેરાશ ૧૦ ઈંચ કરતાં વધારે હોતી નથી અને કેટલીકવાર તો તે તદ્દન રીસાઈ પણ જાય છે. આ સંયોગોમાં લોકોને પોતાની આજીવિકા મેળવવા માટે ખૂબ પરિશ્રમ કરવો પડે એ સ્વાભાવિક છે. આ દેશના ૧૦ થી ૧૨ લાખ મનુષ્યો આજે ધંધાર્થે પરદેશમાં વસે છે, તેની ભીતરમાં પણ આજ કારણ રહેલું છે.

આ દેશને આસમાની–સુલતાની આફતોનો સામનો કરવાનો

પ્રસંગ અનેકવાર આવ્યો છે અને તેથી તેમનું જીવન ખૂબ ખડતલ બની ગયેલું છે.

આ ભૂમિનાં સંતાનોએ વાણિજ્ય ક્ષેત્ર સારી રીતે ખેડેલું છે અને તેમાં ભારે નામના પેદા કરી છે. આજે ઉદ્યોગધંધાનું કોઇ પાસુ એવું નથી કે જેમાં તેમનું ખમીર ઝળક્યું ન હોય. પરદેશી વસાહતોને સ્થિર તથા સમૃદ્ધ કરવામાં પણ તેમનો નોંધપાત્ર ફાળો છે.

આ ભૂમિનાં સંતાનોએ કળામાં પણ સારી દિલચશ્પી દાખવી છે, તેથી જ ચાંદીની કારીગરીમાં, તાળાં ચપ્પુ—સૂડીની બનાવટમાં તથા સુંદર બાંધણીની સાડીઓ તૈયાર કરવામાં તેમનું નામ જાણીતું છે.

વિજય શેઠ અને વિજયા શેઠાણી કે જેમણે દાંપત્યનો સ્વીકાર કરવા છતાં આજીવન બ્રહ્મચર્ય પાળી પ્રતિજ્ઞા-પાલનનો મહિમા જગત્ સમક્ષ રજૂ કર્યો, તે આ ભૂમિનાં જ અણમોલ રત્નો હતાં અને જગડૂશાહ કે જેમણે સં. ૧૩૧૫ ના ભારત વ્યાપી ભયંકર દુકાળ વખતે લોકોને બચાવવા માટે લાખો મણ અનાજ મફત વહેંચ્યું તથા ૧૧૨ સદાવ્રત-(દાનશાળા) શાળા સ્થાપી પાંચ લાખ મનુષ્યોને નિત્ય ભોજન કરાવ્યું, તે પ્રસિદ્ધ દાનવીર પણ આ જ ભૂમિના રત્ન હતાં. આવા તો કૈંક રત્નો આ ભૂમિએ પકાવ્યાં છે, પરંતુ ગ્રંથ વિસ્તારના ભયથી તે બધાનો નિર્દેશ અહીં કરતાં નથી.

સંસ્કૃત ભાષામાં કચ્છનો બીજો અર્થ નદીના પાણીથી ઘેરાયેલા વૃક્ષોવાળો દેશ થાય છે અને તે અમારી સમજ મુજબ અહીં સંગત છે, કારણ કે એકવાર કચ્છ આ પ્રકારનો દેશ હતો. આ વસ્તુ અમે અનુમાન માત્રથી જણાવતા નથી, પણ સિક્કાઓ અને શિલાલેખો પરથી જે ઐતિહાસિક માહિતી ઉપલબ્ધ થાય છે, તેના આધારે જણાવીએ છીએ. તેમાં લખ્યું છે કે ઈ. સ. ના પ્રથમ શતકમાં અર્થાત્ શાલિવાહનના સમયમાં શકરાજાઓ માળવા, લાટદેશ, સૌરાષ્ટ્ર અને અનૂપ દેશપર રાજ્યસત્તા ચલાવતા હતા. આ અનૂપદેશ બીજો કોઈ નહિ, પણ કચ્છ હતો, એ તેના વર્ણન ઉપરથી સમજી શકાય છે. વળી સ્વર્ગવાસી મહારાવ શ્રી દેશળજીએ પોતાના પ્રદેશમાં પુરાતત્ત્વવિષયક જે શોધખોળ કરાવી તેમાં શકરાજા જયદામા, રૂદ્રદામા વગેરેના સિક્કાઓ મળી આવ્યા છે. અનૂપ દેશનો અર્થ સંસ્કૃત ભાષામાં જળ અને વનસ્પતિની વિપુલતાવાળો દેશ થાય છે અને આયુર્વેદાદિ શાસ્ત્રોમાં તેનો એ રીતે જ ઉલ્લેખ કરવામાં આવે છે, એટલે જલ અને વનસ્પતિની વિપુલતાને લીધે જ આ દેશનું નામ કચ્છ પડેલું એ નિર્વિવાદ છે.

ચરિત્રનાયક આવી બહુરત્ના ગૌરવશાળી ભૂમિનું એક રત્ન છે, એ જાણીને કોને આનંદ નહિ થાય ?

## અબડાસા તાલુકો

કચ્છના વહીવટી દૃષ્ટિએ નવ વિભાગો કરવામાં આવ્યા

છે, પણ કુદરતી વિભાગો ત્રણ છે : વાગડ, કંઠી અને અબડાસા. આ ત્રણે વિભાગોની પોતપોતાની વિશેષતાઓ છે અને તેથી જ તે એકબીજાથી જૂદા પડી જાય છે.

## અબડાસાની વિશેષતા :

### પરિશ્રમ

અબડાસાની પ્રથમ વિશેષતા એ છે કે તેમાં બધી કોમના લોકો લગભગ ખેતી ઉપર જ પોતાનો નિર્વાહ કરે છે અને ગમે તેવી મહેનત–મજૂરીનું કામ કરતાં જરાયે સંકોચ પામતા નથી. બહાર જઈને બે પૈસા કમાઈ લાવનારા પણ અહીં આવીને કોદાળી પાવડો હાથમાં લે છે અને પોતાનાં ખેતરમાં કામ કરવાનો આનંદ માણે છે. સ્રીઓ પણ એવી જ મહેનતુ છે અને ઘરકામ ઉપરાંત ખેતીને લગતું બધું જ કામકાજ કરે છે.

### સાદો ખોરાક

બીજી વિશેષતા એ છે કે અહીંના બધા લોકોનો ખોરાક બાજરાનો રોટલો અને છાશ છે. તેઓ કહે છે કે અમને જે મીઠાશ આ બાજરીના રોટલા અને તાજી છાશમાં આવે છે તે પાંચ પ્રકારના પકવાનમાં કે સાત પ્રકારના સુખડીમાં આવતી નથી. અને આજ કારણે બાજર શબ્દ અહીં જીવનના અર્થમાં વપરાય છે.

### અતિથિ સત્કાર

ત્રીજી વિશેષતા એ છે કે અહીં અતિથિનો સત્કાર ખૂબ

જ સારી રીતે થાય છે. અને ચોથી વિશેષતા એ છે કે અહીંનો ઇતિહાસ વીરતા અને સમર્પણથી ભારોભાર ભરેલો છે, એટલે અહીંના વતનીઓને નાનપણથી જ વીર-ધીર થવાના કોડ જાગે છે. ખૂદ અબડાસા નામની પાછળ જ એક ભવ્ય સમર્પણ કથા છૂપાયેલી છે, તે પાઠકોની જાણ ખાતર અહીં રજૂ કરીશું.

વિક્રમની ચૌદમી સદીમાં દિલ્હીના બાદશાહ અલ્લાઉદ્દીન ખીલજીએ સિંધ પર ચડાઈ કરી અને ઉમરકોટ પર છાપો માર્યો. આ છાપો મારવામાં તેનો હેતુ માત્ર અધિક પ્રદેશ મેળવવાનો જ નહિ પણ પોતાના જનાનખાનાને શોભાવે તેવી અપ્રતિમ સૌંદર્યશાળી સુમરી સુંદરીઓને મેળવવાનો હતો. ઉમરકોટના જામ ઘોઘા સુમરાને આ વસ્તુની ખબર પડી ગઈ એટલે તેણે આખરી સંગ્રામ ખેલતાં પહેલાં સુમરી સુંદરીઓને કોઈ સુરક્ષિત સ્થળે મોકલી આપવાનો વિચાર કર્યો.

આ વખતે કચ્છના વડસર વિભાગમાં અબડોજામ રાજ્ય કરતો હતો અને તે પોતાના પરાક્રમો તથા અણનમ વલણથી અડભંગની અટક પામ્યો હતો. સુમરી સુંદરીઓને રક્ષણ આપે એવો આ એક જ પુરુષ તેની નજરે ચડયો, એટલે તેણે પોતાના બે વિશ્વાસુ માણસો સાથે ૧૪૦ સુમરી સુંદરીઓને વડસર તરફ મોકલી આપી. પછી તે અલ્લાઉદ્દીનની ફોજ સામે વીરતાથી ઝઝુમ્યો અને કામ આવ્યો.

અલ્લાઉદ્દીન વિજય વાવટા સાથે ઉમરકોટમાં દાખલ થયો

અને રણવાસમાં જઇ સુમરી સુંદરીઓની શોધ કરવા લાગ્યો, પરંતુ ત્યાં તો ચકલુંય ફરકતું ન હતું. તપાસ કરતાં માલુમ પડ્યું કે બધી સુમરી સુંદરીઓ કચ્છ-વડસર તરફ ચાલી નીકળી છે, એટલે તેણે પોતાના તમામ સૈન્ય સાથે તેમની પૂંઠ પકડી.

સુમરી સુંદરીઓ અનેક જાતનાં કષ્ટ વેઠતી વડસરની નજીક આવી અને તેમણે પોતાના વિશ્વાસુ માણસ મારફત અબડા જામને કાને બધી હકીકત નાંખી કહેવડાવ્યું કે—

સલામ છડેઆં સુમરેં, અબડા તો કે અપાર;
અચેં નીયાણીયું નેહસેં, વેલી કરજ વાર.
વર માર્યા ઘર ફૂર્યાં, કુછણ નિંઢડા બાર,
વિચાડીયું વરનજા, પિટે ખાણે ત્યું પાર;
ઝલીજતું ઝંઝાર તો ઘર આવઈયું અબડા,

ભાવાર્થ :—હે અબડાજામ ! તને સુમરાઓએ ઘણી ઘણી સલામ આપીને કહેવડાવ્યું છે કે આ નીયાણીઓ (પુત્રીઓ) તારી પાસે આવે છે, તેની તું ઝટ વાર (મદદ) કરજે. એમના પતિઓ મરણ પામેલા છે, ઘરો લૂંટાઈ ગયા છે અને તેમની કાખમાં નાનાં બાળકો છે. પોતાના પતિઓને માટે તેઓ રૂદન કરી રહી છે. એ તારે શરણે આવેલી છે, માટે હે ઝુંઝાર ! તું એમનું રક્ષણ કરજે.

અબડો અતિ શૂરવીર હતો અને શરણે આવેલાનું કોઈપણ ભોગે રક્ષણ કરવું જોઈએ એમ માનતો હતો,

એટલે તેણે સુમરી સુંદરીઓને આશ્રય આપવાનો વિચાર કર્યો અને તેમને તેડવા માટે ગાડાં મોકલ્યાં.

અબડે ગડા મોકલ્યાં, હિકડાં સોને સઠ;
ભલે આવયું ભેનરું, પેર મ ડીજા પટ.

ભાવાર્થ :—જામ અબડાએ સુમરીઓને તેડી લાવવા માટે ૧૬૦ ગાડાં મોકલ્યાં અને કહેવરાવ્યું કે 'હે બહેનો! તમે ભલે આવી. તમે લાંબો પ્રવાસ કરીને થાકી ગઈ હશો, માટે હવે જમીન પર એક પણ ડગલું મૂકશો નહિ. અર્થાત્ મેં મોકલેલાં ગાડામાં બેસીને જ આવજો.'

સુમરી સુંદરીઓને આશ્રય આપ્યા પછી થોડા જ વખતે અલ્લાઉદ્દીન પોતાની સાગર જેવી વિશાળ ફોજ લઈને વડસર પર ચડી આવ્યો અને તેણે પોતાના સરદાર મહમ્મદ શાહ સાથે જામ અબડાને સંદેશો કહેવડાવ્યો કે 'પારકી ઓરતોને માટે તું તારો નાશ નોંતર નહિ. જો સુમરી સુંદરીઓને તું મારે હવાલે કરીશ તો તને કંઈપણ નુકશાન પહોંચાડીશ નહિ.'

પરંતુ અબડો પ્રાણ કરતાં પ્રતિષ્ઠાને વહાલી ગણનારો હતો અને એકવાર ડગલું ભર્યું કે પાછું ન હઠવું, એવા મક્કમ વિચારનો હતો, એટલે તેણે ઉત્તર આપ્યો કે—

અણુદિઠી આડોફિશ, સે ડિંઠે ડીયાં કિંય?
વાર વિલીયેંજી ચડાં, ને હુ મિંજા નીંય.

ભાવાર્થ :—હું અણદીઠાની આરો ફરું છું, તો આ દીઠેલીને કેમ દઉં ? હું આ અનાથ અબળાઓની વહાર (રક્ષા) જરૂર કરીશ.

પરિણામે ખૂનખાર યુદ્ધ થયું અને તેમાં અબડો જીવ પર આવીને લડ્યો. પરંતુ સાગરસમા વિશાળ સૈન્ય આગળ મૂઠ્ઠીભર માણસોનું શું ચાલે ? ત્રણ દિવસ અને ત્રણ રાત્રિના અવશ્રાંત યુદ્ધ પછી અબડો કામ આવ્યો અને પોતાનું નામ સદાને માટે અમર કરતો ગયો.

સુમરી સતીઓ પોતાનાં શિયળનું રક્ષણ કરવા ત્યાંથી નાઠી, બાદશાહી સૈન્ય પાછળ પડયું, પણ સુમરીઓની વિનંતિ સાંભળીને ધરતીએ માર્ગ દીધો, એટલે બધી સતીઓ તેમાં સમાઈ ગઈ અને સતીત્વનો ઉચ્ચ આદર્શ જગત્ સમક્ષ મૂકતી ગઇ.

આ રીતે શરણાગતનું રક્ષણ કરતાં જામ અબડાએ અપૂર્વ વીરતા બતાવી અને પોતાનું જીવન સમર્પણ કર્યું, એટલે આ વિભાગ અબડાસો નામથી પ્રસિદ્ધ થયો. અબડાસો એટલે અબડાનો મુલક, અબડાનો પ્રદેશ.

આજે પણ વડસર ખાતે જામ અબડાનું સ્થાન નદીના કિનારે ઊભેલું છે અને ત્યાં દર વરસે પૂજેટીના દિવસે મોટો મેળો ભરાય છે. જાડેજા રજપૂતો દર ચાંદરાતે તેને કસુંબો ચડાવીને ભારે માન આપે છે.

આ અબડાસા તાલુકાએ આપણને અનેક નર રત્નો

આપ્યાં છે, જેમાં શેઠ નરશી નાથા, શેઠ કેશવજી નાયક, શેઠ ખેતશી ખીયસી, શેઠ વસનજી ત્રિકમજી, શેઠ શૂરજી વલ્લભદાસ વગેરેને આપણે ભૂલી શકીએ તેમ નથી. આપણા ચરિત્રનાયકે પણ સાધુજીવનની સુંદરતા વડે અબડાસાનું નામ ઉજ્જવળ કર્યું છે. અન્યથા આ પંક્તિઓ લખવાનો પ્રસંગ જ ક્યાંથી આવત ?

## સુથરી ગામ

અબડાસામાં પાંચ ગામ મોટા ગણાય છે. નળીઆ, જખૌ, કોઠારા, સુથરી અને તેરા. તેમાંથી આપણે સુથરી તરફ દૃષ્ટિ દોડાવીશું.

આશરે ૩૦૦૦ મનુષ્યની વસ્તીવાળું આ ગામ શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથના સ્મરણીય મંદિરને લીધે ખૂબ પ્રસિદ્ધિમાં આવેલું છે અને પંચતીર્થીમાં પહેલું ગણાય છે. અહીં શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથની સ્થાપના શી રીતે થઇ ? તે અમે પાઠકોને જણાવીશું.

સોળમી સદીમાં અહીં દશા ઓશવાલ જ્ઞાતિનો મેઘજી નામે એક શ્રાવક રહેતો હતો. તે ખાણમાંથી પથ્થર કાઢવાનો ધંધો કરતો એટલે ઉદિયો કહેવાતો. ઘણી મહેનત કરવા છતાં તેને પેટ પૂરતું મળતું નહિ, એટલે માથે દેવું થયું અને તે ઉકરડાની જેમ વધતું ચાલ્યું, આખરે લેણદારોનો ખૂબ તકાદો

થયો અને તે જીવનથી કંટાળ્યો, એટલે વાવમાં પડવા ચાલ્યો. પણ તેજ વખતે અંતરીક્ષમાંથી 'મા-મા' અવાજ આવ્યો, એટલે આપઘાત કરવાનો વિચાર માંડી વાળી ઘેર પાછો ફર્યો.

રાત્રે સ્વપ્ન આવ્યું કે 'તું સવારે અમુક વેપારી પાસે જજે અને ૨૦૦ કોરીની માંગણી કરજે. તે તને ખૂશીથી આપશે. તેમાંથી તું ૧૦૦ કોરી દેવું ચૂકવવામાં વાપરજે. અને બાકીની ૧૦૦ કોરી લઈને માંડવીની બાજુમાં આવેલા ગોધરા ગામે જજે. ત્યાં ગામના ઉગમણા નાકે એક શ્રાવક બળદ પર જે વસ્તુ નાંખીને આવતો હોય તે તું ખરીદી લેજે. એથી તારૂં કલ્યાણ થશે.'

હકીકત સ્વપ્ન પ્રમાણે જ બની, એટલે મેઘજી પોતાનું દેવું ચૂકવી ગોધરા ગયો.

આ બાજુ હાલાર પરગણામાં આવેલ છિકારી ગામમાં સંપ્રતિ રાજાની બનાવેલી શ્રી પાર્શ્વનાથ ભગવાનની મનોહર પ્રતિમા બિરાજમાન હતી. પણ કર્મસંયોગે ત્યાંના શ્રાવકો દેવદ્રવ્યનો ઉપયોગ પોતાના ગૃહસંસારના કાર્યોમાં કરવા લાગ્યા તેથી પાપનો ઉદય થયો અને ગામમાંથી શ્રાવકોની વસ્તી ઘટી ગઈ. ત્યારે અધિષ્ઠાયક દેવને લાગ્યું કે હવે આ પ્રતિમાજીની સેવાપૂજા થશે નહિ, એટલે તેણે ગામના દેવરાજ નામના એક શ્રાવકને સ્વપ્ન આપીને કહ્યું કે 'તું આ પ્રતિમાને બળદ પર લઈને કચ્છ દેશમાં જા. ત્યાં માંડવીની પાસે આવેલા ગોધરા

ગામનાં ઉગમણે નાકે એક માણસ મળશે, તેને ૧૦૦ કોરી લઈ આ પ્રતિમા આપી દેજે.'

આ પ્રમાણે અધિષ્ઠાયક દેવનો હુકમ થવાથી દેવરાજ પ્રતિમા સહ ગોધરા ગામમાં આવ્યો અને મેઘજીએ ૧૦૦ કોરી આપી તે પ્રતિમા પ્રાપ્ત કરી. પછી તેને સુથરી લાવી પોતાના ભંડારિયામાં મૂકી, એટલે ભંડારિયું અક્ષય બની ગયું.

હવે એકવાર સુથરીમાં મેઘણુ નામના ગૃહસ્થ તરફથી સંઘજમણ થયું. તે વખતે રસોઈમાં વાપરવા માટેનું ઘી, જનાવરોને પાણી પીવાના હવાડામાં ભરેલું હતું. તે ઓછું પડશે એમ લાગવાથી મેઘણુને ભારે ચિંતા થઈ અને હવે શું કરવું ? તેની મનમાં ભારે ભાંજગડ થવા લાગી. તે વખતે ઉદિયાના ભંડારિયામાં રહેલી પેલી ચમત્કારિક મૂર્તિ ત્યાં લાવવામાં આવી, એટલે સંઘના બધા માણસો સારી રીતે જમ્યા અને ઘૃત ખૂટયું નહિ. આ ચમત્કાર જોઈને સંઘે તેનું નામ શ્રી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ રાખ્યું અને તેનાં સહુ કોઈ દર્શન કરી શકે તે માટે તેને ગામના ચોકમાં એક આંબલીનાં ઝાડ નીચે ઓટલા પર પધરાવવાની વિનંતિ કરી. મેઘજીનું બીજું નામ ઉદીયો હતું. ઉદિયો તે માટે કબૂલ થયો. એ રીતે સં. ૧૭૬૫માં એ મૂર્તિ જાહેરમાં આવી.

પરંતુ ઘણી વખત એવું બનતું કે કોઈપણ કારણસર ઉદિયો રિસાઈ જતો ત્યારે એ પ્રતિમાજીને પોતાને ત્યાં લઈ જતો અને સંઘની ઘણી સમજાવટ પછી જ તે પ્રતિમા પાછી

મળતી. વિ.સં. ૧૭૨૧માં શ્રી જ્ઞાનસાગરજી નામના એક ભટ્ટારક આ ગામમાં પધાર્યા. તેમણે આ પરિસ્થિતિ જોઈ સંઘને ઉપદેશ આપ્યો અને કેટલીક રકમ એકઠી થઈ. તેમાંથી એક લાકડાની ઓરડી તૈયાર કરવામાં આવી અને તેમાં ઉક્ત પ્રતિમાજીને બિરાજમાન કર્યા.

આ પ્રતિમાજી ઘણા ચમત્કારિક હતા, એટલે તેની ખ્યાતિ દિનપ્રતિદિન વધતી ગઈ અને ભાવિકો સંઘ લઈને ત્યાં યાત્રા નિમિત્તે આવવા લાગ્યા. મુનિશ્રી મેઘશેખરના શિષ્ય મુનિ ગુલાબ શેખરે એક સ્તવનમાં ગાયું છે કે—

ઘૃતકલ્લોલ પ્રભુ પાસ જિણંદ,
અશ્વસેન રાયા કુલ ઉપન્યા દિણંદ;
મોરા પાસજી હો લાલ,
પ્રભુમુખ દેખી મારો મન હીસે હો રાજ!

* * *

બેડિયો કાપે ને વાલો તારે છે જિહાજ;
સમર્યાં આપે વાલો વંછિત કાજ.
દેશીવિદેશી સંઘ આવે અનેક,
સુથરીમાં વાસ કીધો રાખી વાલે. ટેક ઘૃત૦
મોણસી અંચલજીનું જાત્રાનું મન્ન,
સંઘ લઈને આવ્યા સુથરી પ્રસન્ન.
સંવત અઢાર બેયાસિયે જાણ,
ફાગણ વદિ ચોથે ગાયો ગુણ ખાણ. ઘૃત૦

સુથરી સંઘે આ સ્થિતિ નિહાળી ત્યાં પાષાણમય ભવ્ય જિનાલય નિર્માણ કરવાનો નિર્ણય કર્યો અને વિ. સં. ૧૮૮૩માં હાલના જિનાલયનો પાયો નંખાયો. તેનું કામ પૂરું કરવા માટે ટીપ થઈ, તેમાં કચ્છ, ગુજરાત, મારવાડ તથા અન્ય સંઘોએ સારી રકમો ભરી અને બે માળનો ભવ્ય પ્રાસાદ તૈયાર થઈ ગયો વિ.સં. ૧૮૯૬માં પ્રતિષ્ઠા કરવામાં આવી, ત્યારથી આ ગામ વિશેષ પ્રસિદ્ધિમાં આવ્યું અને આજે જિનાલયની સુંદરતામાં માત્ર ભદ્રેશ્વર પછી જ તેનો ક્રમ આવે છે.

આવા તીર્થ સમાન એક ગુણિયલ ગામમાં જન્મ થવો એને અમે પુણ્યનો પ્રકર્ષ માનીએ છીએ અને તેથી ચરિત્ર-નાયકનું અભિવાદન કર્યા સિવાય રહી શકતા નથી.

સુથરીની વસ્તીનો ૬૦ ટકા ભાગ હિંદુ છે અને ૪૦-ટકા ભાગ મુસલમાન છે. હિંદુ વસ્તીમાં મુખ્યતા જૈનોની છે. તેમના અહીં ૨૦૦ જેટલા ઘરો છે, પણ તેમાંનો મોટો ભાગ ધંધાર્થે પરદેશમાં વસેલો છે.

નોંધપાત્ર બીના એ છે કે આ ૨૦૦યે ઘર મૂર્તિપૂજકના છે અને એક જ અંચલ ગચ્છની માન્યતાવાળા છે. વળી તે બધાની જ્ઞાતિ દશા ઓશવાલ જ છે.

જૈનોમાં ઓશવાલ વંશ ઘણો ઊંચો ગણાય છે. તેની પ્રશંસા કરતાં એક કવિએ કહ્યું છે કે—

दानवीर सब जगत में, धनयुत गुणगम्भीर ।
राजवंश चढती कला, जस सुरधुनि को नीर ॥
सकल बार हों न्यात में, धनयुत राजकुमार ।
शूरवीर मघराल है, जानै सब संसार ॥

ઓશવાલો ધનવાન છે, ગુણમાં ગંભીર છે અને પોતાના અપ્રતિમ ધન ગુણને લીધે આખી દુનિયામાં દાનવીર તરીકે પંકાયેલા છે. વળી તેઓ રાજવંશના છે. ગંગા નદીના પવિત્ર નીર જેવા નિર્મળ છે અને દિનપ્રતિદિન ચડતી કળાવાળા છે, શ્રીમાળી આદિ જે બાર પ્રકારની નાતો ગણાય છે, તેમાં સૌથી વધારે ધનવાન અને રાજકુમાર જેવા તેઓ જ છે. વળી તેઓ ઘણા શૂરવીર અને અભિમાની છે. એ તો આખી દુનિયા જાણે છે.

શ્રી મહાવીર સ્વામીના નિર્વાણ પછી ૭૦મા વર્ષે શ્રી રત્નપ્રભસૂરિએ ઓશિયા નગરીના રાજા ઉપલદે સહિત ૧૮ જાતના ક્ષત્રિયોને પ્રતિબોધી જૈન બનાવ્યા, ત્યારે ઓશવાલ વંશની સ્થાપના થયેલી છે, એટલે તેઓ અસલ રાજવંશી છે.

આ ઓશવાલોમાં જેમણે પોતાનો વટ વ્યવહાર વીશવશા એટલે પૂરેપૂરો જાળવી રાખ્યો તે વિશા કહેવાયા અને જેણે સમય સંયોગ અનુસાર તેમાં થોડી ઢીલદોર મુકી તે દશા કહેવાયા.

આ વીશા અને દશા બન્ને ઓશવાળો ક્રમેક્રમે મેવાડ,

મારવાડ, માળવા, ગુજરાત, સૌરાષ્ટ્ર વગેરે દેશોમાં ફેલાયા. આ રીતે દશા ઓશવાળોનો એક ભાગ ચારસો–પાંચસો વર્ષ પહેલાં કચ્છમાં આવ્યો અને આ ભાગમાં સ્થિર થયો. તેમનો મુખ્ય વ્યવસાય અન્ય લોકોની જેમ ખેતીનો જ રહ્યો, પરંતુ આજથી દોઢસો વર્ષ ઉપર તેમાંના કેટલાક સાહસિક પુરુષો મુંબઇ વગેરે સ્થળે પહોંચી વ્યાપાર કરવા લાગ્યા અને રૂ તથા બીજા--ધંધામાં આગળ વધ્યા. ત્યારથી દશા ઓશવાળ જ્ઞાતિમાં પૈસો વધવા લાગ્યો અને આજે તેમાંનો મોટોભાગ એકંદરે સુખી છે.

સુથરીની આ દશા ઓશવાળ જ્ઞાતિમાં શામજીભાઈ ઉકેડા એક સાહસિક અને પરગજૂ ગૃહસ્થની ખ્યાતિ પામ્યા હતા. તેઓ કચ્છ–બાયડના રહીશ શા. નાથુભાઈ મૂળજી અને રાણ-બાઇની પુત્રી સોનબાઇ ઉર્ફે ભચીબાઈથી વિવાહિત થયા હતા. સોનબાઇ વિનય અને નમ્રતાની મૂર્તિ હતા અને પતિને પરમેશ્વર તુલ્ય માનવાનું શિક્ષણ લઈ ચૂકેલા હતા, એટલે તેમણે થોડા જ વખતમાં પતિનું દિલ જીતી લીધું અને સંસારને સ્નેહભીનો બનાવી દીધો. અનુક્રમે તેઓ માતૃપદના અધિકારી થયા અને તેને યોગ્ય ચર્યાનું ચીવટથી પાલન કરવા લાગ્યા.

સોનબાઈએ આ વખતે કેવી વાતો સાંભળી હતી, તેની અમારી પાસે કોઈ નોંધ નથી, પણ એક ભાવિક જૈનના ઘરમાં ફુરસદના વખતમાં ધર્મકથાઓ કહેવાય છે અને તેનો મોટો ભાગ શ્રમણજીવનને લગતો હોય છે, એટલે આવી કથાઓ તેમણે સારી રીતે સાંભળી હશે અને કચ્છી સંતોની કથાઓએ

પણ તેમના ચિત્તને અવશ્ય ચમત્કાર પમાડયો હશે, એમ અમે માનીએ છીએ.

અનુક્રમે આસો માસ આવ્યો ને નીલાકાશમાં રૂના ઢગલા જેવાં શ્વેત વાદળો દોડાદોડી કરવા લાગ્યા. મરુદ્‌ગણ પણ મંદ બનીને તેની સાથે ગેલ કરવા લાગ્યો. આ વખતે ખેતરમાં ધાન્ય પાકી રહ્યું હતું, તે જોઈને સમસ્ત પ્રજા ખુશ થતી હતી અને ભવિષ્યનાં સુંદર સ્વપ્નો નિહાળી રહી હતી. પશુઓ વિપુલ ચારો મળવાને લીધે આનંદની ઉત્તેજના અનુભવી રહ્યા હતા અને પક્ષીઓએ પણ પ્રાકૃતિક શોભાથી પ્રસન્ન થઈને મંગલગાન આરંભી દીધા હતા.

એવામાં શુકલ ત્રયોદશીનો દિન આવ્યો, એટલે ગામની ગોરીઓ શરદ પુનમના ઉત્સવ કેવી રીતે ઉજવીશું ? એની વિચારણામાં મગ્ન બની. આમ પ્રકૃતિ અને માનવસમાજમાં આનંદનું ઘેરૂં વાતાવરણ જામ્યું હતું, ત્યારે સુલક્ષણા સોનબાઈ-એ એક પુત્રરત્નને જન્મ આપ્યો અને આખા કુટુંબમાં આનંદની છોળ ઉછળી રહી. આ હતી સં. ૧૯૬૪ની સાલ. પ્રથમ સંતતિ અને તેમાંયે પુત્ર એટલે માતાપિતાના હર્ષનું તો પૂછવું જ શું ? તેઓ અનેરી મમતાથી આ પુત્રને ઉછેરવા લાગ્યા માતા પુત્રના હોંશે હોંશે હાલરડાં ગાવા લાગી.

આવાં આવાં તો કેટલાંયે હાલરડાં ગાયા હશે અને પુત્રને મીઠી નિંદર આવી જાય તેની કાળજી રાખી હશે. વાત્સલ્યભરી માતા પુત્રને માટે શું શું નથી કરતી ? તેના બધા ઉપકારોને

યાદ કરીએ તો કહેવું જ પડે કે તેનો બદલો આ જગતમાં કોઈ પણ વસ્તુથી વળી શકતો નથી.

અનુક્રમે પુત્રનું નામ પાડવાનો પ્રસંગ આવ્યો, ત્યારે અનેક નામની વિચારણા થઈ, તેમાં શિવજી નામ સહુને પસંદ પડયું.

## બાળપણ

શિવજીભાઈ પાંચ વર્ષના થયા, ત્યારે નિશાળે બેઠા. આ નિશાળ તેમની જ્ઞાતિના એક આગેવાન શેઠ દામજી મેઘજીએ બંધાવીને રાજ્યને સુપ્રત કરેલી હતી. અહીં શિવજીભાઈએ એકડો ઘૂંટવાથી માંડીને અંકગણિતના અઘરા દાખલા સુધીનું તેમજ લેખન, વાંચનથી માંડીને દુનિયાની ભૂગોળ સુધીનું શિક્ષણ લીધું અને પાંચમી ગુજરાતીનો અભ્યાસ પૂરો કર્યો.

## શાંત પ્રેમાળ સ્વભાવ

અહીં એ વાતની નોંધ લેવી જોઈએ કે શિવજીભાઈની વયના–વર્ગના અન્ય છોકરાઓ ઘણીવાર તોફાન મસ્તીએ ચડતા અને શિક્ષકને ચૌદમું રત્ન બતાવવું પડતું, પણ શિવજીભાઈ એવી કોઈ બાબતમાં પડતા નહિ, એટલે શિક્ષકની તેમના પર ખૂબ મીઠી નજર રહેતી અને તેઓ વારંવાર કહેતા કે 'આ છોકરો આગળ જતાં નામ કાઢશે.'

શિવજીભાઈ સ્વભાવે પ્રેમાળ હતા, એટલે સહુની સાથે હળીમળીને રહેતા અને પોતાના નાનાભાઈ નારણજી તથા નાની બહેન ઝવેરબાઈને ખૂબ ચાહતા. આ ભાઈ ભગિની પણ

તેમની સાથે ખેલકુદ કરતાં અપ્રતિમ આનંદ અનુભવતા અને એ રીતે શામજીભાઇના સદનમાં સ્નેહનું એક નાનકડું સામ્રાજ્ય ખડું થઇ જતું.

શિવજીભાઇનાં જન્મ પહેલાં શામજીભાઇ ધંધાર્થે મુંબઈ ગયેલા અને ત્યાંથી તેમના ભાઈ પાસવીર પાસે રંગુન ગયેલા પણ રંગુન વધારે ન રોકાતાં મુંબઈ આવીને રૂના વાયદાની દલાલી શરૂ કરીને સારી સંપત્તિ કમાયેલા.

શિવજીભાઈનું શિક્ષણ પૂરું થયું અને એ અરસામાંજ માતાએ આ ફાની દુનિયાની વિદાય લીધી અને શિવજીભાઈ ઘેરા શોકસાગરમાં ડૂબી ગયા. પરંતુ સ્વજન–સંબંધીઓની કુશળતા ભરી સમજાવટથી કેટલાક વખતે પાછા સ્વસ્થ બની ગયા. અને પૂર્વવત્ પોતાનો જીવન વ્યવહાર ચલાવવા લાગ્યા.

## ૪–ગૃહસંસાર

આજથી પાંત્રીશ-ચાળીસ વર્ષ પહેલાં પુત્રનાં સગપણ પારણામાં થાય તેને મોટી ઇજ્જત સમજવામાં આવતી અને સોળ-સત્તર વર્ષની ઉંમરે લગ્ન કરી નાખવામાં જરાયે સંકોચ અનુભવાતો ન હતો વધારે સ્પષ્ટ કહીએ તો તેને જીવનનો એક લહાવો માનવામાં આવતો અને તે જેટલો વહેલો લેવાય તેટલું વધારે સારું એવી માન્યતા પ્રચલિત હતી. આથી શિવજીભાઇનું સગપણ પંદર વર્ષની ઉંમરે આ જ ગામના રહીશ શા. પુંજા નરપારની પુત્રી જેઠીબાઇ સાથે કરવામાં આવ્યું હતું. હવે શિવજીભાઈ

સત્તરમાં વર્ષમાં પ્રવેશ કરી ચૂકયા હતા, એટલે તેમના લગ્નની તૈયારીઓ થવા લાગી.

શામજીભાઈને આ લગ્ન બને તેટલા સુંદર કરવાનો ઉમંગ હતો, એટલે અતલસના છાંયે લેલર માંડવો × બંધાયો, ગામને ધુઆબંધ જમાડવામાં આવ્યું, વસ્ત્રનાં ભેટણાં અપાયાં અને બીજી સખાવતો પણ સારી રીતે કરવામાં આવી. આ લગ્ન પ્રસંગમાં તેમણે કુલ પચીસ હજાર રૂપિયાનો વ્યય કર્યો. શામજીભાઈના મોટા ભાઈ હયાત ન હોવાથી તેમની પુત્રી કસ્તુરી બાઈને પણ આ પ્રસંગે પરણાવીને શામજીભાઈએ કન્યાદાનનો લ્હાવો લીધો હતો.

પુત્ર વરઘોડે ચડે અને લાખેણી લાડીને લઈ આવે એ દિવસ જોવાના સોનબાઈને ઘણા કોડ હતા, પણ એ કોડ પૂરા થાય તે પહેલાં જ તેઓ સ્વર્ગે સીધાવ્યા હતા. જો તેઓ આજે જીવતા હોત તો આ બધું દૃશ્ય જોઈને કેવા રાજી થાત!

## લગ્ન અને દાંપત્ય જીવનનું મહત્ત્વ

જેઠીબાઈ ઘરમાં આવ્યા પછી શિવજીભાઈએ નવા જ જીવનમાં પ્રવેશ કર્યો. આ જીવનમાં મહોબ્બત હતી, મસ્તી હતી અને દાંપત્ય જીવનને સફળ કરવા માટે તે અતિ આવશ્યક હતી. લગ્નબંધને બંધાવા છતાં જેમનાં મન મળતાં નથી, જેમનાં

× માંડવડો રે કાંઈ નીલુડો નાઈયરે છાંયડો
આછે ફૂલડે છાયો, અતલસના છાંયે લેલર માંડવો.

દિલ પરસ્પર આકર્ષાતા નથી. તેઓ આખરે ગૃહસ્થાશ્રમના પવિત્ર પથ પરથી ગબડી પડે છે અને હરાયા ઢોરની જેમ અહીંતહીં રખડીને પોતાનું જીવન પૂરૂં કરે છે.

સમય જતાં શિવજીભાઈને ત્યાં ઘણના (સીમંતના) ગીત ગવાયાં.

## પુત્રીનો જન્મ

જેઠીબાઈએ પૂરા દિવસે એક પુત્રીને જન્મ આપ્યો. એથી બીજાની જેમ શિવજીભાઈનું નાક કે મુખ જરાયે મચકોડાયું ન હતું. એ તો કુદરતનો ખેલ છે એમ માની મીઠું હસ્યા હતા અને એ પુત્રીને ખૂબ વહાલ કર્યું હતું. તેનું નામ પાડ્યું નવલબાઈ.

## પુત્રી નવલ અને જેઠીબાઈની વિદાય

જ્યારે નવલબાઈ એક વર્ષની થઈ અને કાલું કાલું બોલી માતાપિતાને તથા કુટુંબીજનોને આનંદ આપવા લાગી. ત્યારે કાળદેવની કુટિલ કરામત આગળ આવી અને તેણે જેઠીબાઈને આ દુનિયામાંથી કાયમને માટે ઉપાડી લીધા. શિરિષ પુષ્પ ઉપર વજ્ર પ્રહાર જેવા આ બનાવે શિવજીભાઈનું હૃદય ભાંગીને ભૂકો કરી નાખ્યું અને જે સંસાર અત્યાર સુધી સુખનો સાગર જણાતો હતો, તે દુઃખના સાગર થઈ પડ્યો. પિતાએ તથા સગાસંબંધીઓએ તેમને ખૂબ આશ્વાસન આપ્યું, પણ જેઠીબાઈ તેમની નજર આગળથી જરાયે દૂર થતા ન હતા. સારસીનું મૃત્યુ

થતાં સારસના હાલ કેવા થાય છે અથવા ચકવાકી ચાલી જતાં ચકવાક કેવો ઝુરે છે, એ જેણે નજરે નિહાળ્યું હશે, તેને જ શિવજીભાઈની આ મનોવ્યથાનો સાચો ખ્યાલ આવી શકશે.

શિવજીભાઈના શરીરે આરોગ્ય હતું. યોગ્ય સ્ત્રી મળી હતી, ખોરાકનો તોટો ન હતો, સંતતિનું સુખ પણ જોયું હતું, અને તેમને ખાસ શત્રુ કોઈ જ ન હતા, પણ તેમના સમીપ સંબંધીનું પરમ વલ્લભા (પત્ની)નું શરીર છૂટી ગયું હતું અને આ સંસારનો અધો તાણો કાચો પુરવાર થયો હતો.

## ૫–વૈરાગ્ય અને દીક્ષા

જે દુઃખ અન્ય ઉપાયોથી શમતું નથી, તે કાલ નિર્ગમનથી શમી જાય છે, તેથી જ કહેવાયું છે કે 'દુઃખનું ઓસડ દહાડા'. કેટલાક દિવસો વીત્યા બાદ શિવજીભાઈનું શોકસંતપ્ત હૃદય કંઈક સ્વસ્થ થયું, ત્યારે પિતાજીએ કહ્યું કે 'હવે તું મુંબઈ જા અને કામે લાગવાથી મન આનંદમાં રહેશે અને બે પૈસાની પ્રાપ્તિ થશે'.

આ શિખામણ શિરોધાર્ય કરીને શિવજીભાઈ મુંબઈ ગયા અને તૈયાર રૂનું કામકાજ કરનારી એક પેઢીમાં જોડાયા. ત્યાં કામ કરનારા મોટે ભાગે પોતાની જ્ઞાતિના જ હતા અને તેમાંના કેટલાકને તેઓ ઓળખતા પણ હતા, તેથી અજાણ્યા જેવું લાગ્યું નહિ. તેઓ સ્વસ્થ ચિત્તે પોતાનું કામ કરતા અને ધંધાને લગતી નવી નવી બાબતો જાણવાને નિરંતર ઉત્સુક રહેતા.

## દેશી નાટકોની અસર

તે વખતે મુંબઈમાં દેશી નાટક સમાજનું કામ ખૂબ જોરમાં ચાલતું અને તેના ખેલો ગુજરાતી પ્રજાનું ભારે આકર્ષણ કરતાં. એ રીતે તેણે શિવજીભાઈનું આકર્ષણ કર્યું અને તેઓ જ્યારે પણ સમય મળે ત્યારે એ ખેલો જોવા લાગ્યા. નાટકમાં સંગીત પણ હોય છે, નૃત્ય પણ હોય છે અને દિલના તારોને ઝણઝણાવે એવા બનાવો તથા સંવાદો પણ હોય છે, તેથી મનુષ્યના મન પર તે વિશેષ અસર ઉપજાવે છે. રાજા ભર્તૃહરિના ખેલો જોઈને કેટલાક રાજાઓએ પોતાના રાજપાટ છોડી દીધાના દાખલા ઇતિહાસમાં નોંધાયેલા છે.

આ ખેલો જોતાં શિવજીભાઈના મન પર એવી અસર થઈ કે 'જગત એક રંગભૂમિ છે. તેમાં જુદાં જુદાં પાત્રો પોતાનો પાઠ ભજવી રહ્યા છે. આ પાઠ જેટલો સારી રીતે ભજવાય તેટલી તેની સફળતા. હું એક મનુષ્ય તરીકેનો પાઠ વધારે શી રીતે ભજવું ?'

એક વાર શિવજીભાઈ દેશમાં આવ્યા ત્યારે પિતાજીએ ફરી લગ્ન કરવાની વાત છેડી, પણ શિવજીભાઈએ તેનો સ્પષ્ટ ઉત્તર આપ્યો નહિ. થોડા દિવસ બાદ પિતાજીએ ફરી એ વાત કાઢી અને જણાવ્યું કે 'હજી નાની ઉંમર છે, એટલે લગ્ન કર્યા વિના ચાલે નહિ. માટે હું આજકાલમાં જ તારું વેવિશાળ કરી નાખવાના નિર્ણય પર આવ્યો છું.'

## બીજીવારનું વેવિશાળ

શિવજીભાઈનાં હૃદયમાં જેઠીબાઈની સ્નેહભરી મધુર મૂર્તિ વિરાજી રહી હતી અને તે હજી જરાયે મ્લાન થઈ ન હતી, એટલે તેનાં સ્થાને બીજી મૂર્તિ બેસાડવાનું કામ અશક્ય હતું. બીજી બાજુ પરમ ઉપકારી વડીલની આમન્યા લોપવી એ પણ ખોટું હતું, એટલે તેઓ મૌન રહ્યા. આ મૌનને એક પ્રકારની સંમતિ માની પિતાજીએ તેમનું બીજી વારનું વેવિશાળ એક ખાનદાન ઘરમાં કર્યું. જેઠીબાઈના સ્વર્ગવાસ પછી પાંચમે દિવસે આ વેવિશાળ નક્કી થયું હતું અને એક મહિને જાહેર થતું. હવે આગળ શી ઘટના બને છે, તે આપણે ધીરજથી નિહાળીએ.

શિવજીભાઈ કામ પ્રસંગે પોતાના સ્નેહી અમદાવાદ હીરાભાઈને ત્યાં આવ્યા. હીરાભાઈ રોજ જિનેશ્વર પ્રભુની સેવા-પૂજા કરતા હતા, પછી અમુક દહેરાસરે દર્શન કરવા જતા હતા અને ત્યારબાદ પાંજરાપોળના ઉપાશ્રયે જઈ વ્યાખ્યાન શ્રવણ કરતા હતા. વળી તેઓ સાધુ અને શ્રાવક ધર્મના સારા જાણકાર હતા અને યથાશક્તિ વ્રતનિયમોનું પાલન કરતા હતા. તેમની સાથે આપણા ચરિત્રનાયક પાંજરાપોળના ઉપાશ્રયે ગયા અને ગુરુ મહારાજને વંદન કરી વ્યાખ્યાન સાંભળવા બેઠા.

આ વ્યાખ્યાન આપનાર પૂજ્ય મુનિરાજ (સ્વ. આચાર્ય) શ્રી કસ્તૂરવિજયજી મહારાજ હતા. તેમના મુખમાંથી ઝરી રહેલા નીચેના શબ્દો તેમના સાંભળવામાં આવ્યા.

'સંપત્તિ જલના તરંગ જેવી અસ્થિર છે. યૌવન ત્રણ–ચાર દિનની ચાંદની જેવું છે. આયુષ્ય શરદ ઋતુના વાદળ જેવું ક્ષણિક છે, તેથી ધન કમાયે શું થશે ? તે માટે પવિત્ર ધર્મનું આચરણ કરો.

'મનુષ્યનું પરમ ધન ધર્મ છે, ધર્મ સદા રક્ષણ કરે છે, ધર્મ સમાન અન્ય કોઈ મિત્ર નથી, માટે સદૈવ ધર્મનું સેવન કરવું જોઈ એ.'

ધર્મની સુંદર આરાધના માત્ર મનુષ્ય ભવમાં જ થઈ શકે છે, તેથી આ ભવ એળે ગયો તો સંસારસાગરમાં અનંત કાળ સુધી રખડયા સમજો.'

ચારિત્રશીલ મહાત્માની આ વાણી શિવજીભાઈનાં હૃદય સોંસરી ઉતરી ગઈ અને મોહગ્રંથીના મહાપડોને ભેદતી ગઈ.

વ્યાખ્યાન પૂર્ણ થયા બાદ શિવજીભાઈએ પૂજ્ય મુનિરાજશ્રી કસ્તૂરવિજયજીના દર્શન કર્યા અને તેમના ગુરુદેવ તે વખતના પંન્યાસપ્રવર શ્રી વિજ્ઞાનવિજયજી ગણિવર્યનો સમાગમ કરી તેમનો વાસક્ષેપ લીધો.

આ રીતે થોડા દિવસના સંતસમાગમ અને ધર્મોપદેશથી શ્રી શિવજીભાઈનું મન વૈરાગ્યથી પૂર્ણ વાસિત થયું અને સાંસારિક બંધનોમાંથી છૂટી સંયમસાધના કરવાને તત્પર થયું. આ સંયોગોમાં મુંબઈ પાછા ફરવાનો કોઈ અર્થ ન હતો, તેમણે તીર્થયાત્રા કરવાનો નિર્ણય કર્યો.

## તીર્થોની યાત્રા અને દિક્ષા અંગીકાર

આ ભારતભૂમિ શ્રી જિનેશ્વરદેવનાં અનેક તીર્થોથી મંડિત છે અને તે દરેક તીર્થને પોતપોતાની વિશેષતા છે, પરંતુ તે બધામાં શ્રી સિદ્ધાચલજી અને શ્રી સમેતશિખરજીનો મહિમા બહુ મોટો છે, એટલે શિવજીભાઈએ એ બંને તીર્થોની યાત્રા કરી પોતાનાં નયન અને મનને પવિત્ર કર્યાં. આ યાત્રાએ તેમની સંયમ ભાવનાને ભારે પુષ્ટિ આપી. અહીં એટલી નોંધ કરી લઈએ કે શ્રી સિદ્ધાચલજીની યાત્રા તેમણે બે વાર કરી અને શ્રી સમેતશિખરજીની યાત્રામાં શાહ છોટાલાલ કસ્તુરચંદ નેમાણી ખંભાતવાળા તેમની સાથે હતા.

સં. ૧૯૭૮ના મહા સુદિ ૬નો દિવસ શિવજીભાઈના જીવનમાં સુવર્ણાક્ષરે અંકિત થયો, કારણ કે તે દિવસે પૂજ્ય ઉપાધ્યાય શ્રી વિજ્ઞાનવિજયજી મહારાજે કલોલ પાસેના છત્રાલ ગામે પોતાના વરદ હસ્તે તેમને ભવતારિણી ભાગવતી દીક્ષા આપી અને તેમને પોતાનાં શિષ્યરત્ન મુનિરાજ શ્રી કસ્તૂરવિજયજીના શિષ્ય મુનિરાજ શ્રી યશોભદ્રવિજયજી કર્યા.

## પિતાનું આગમન અને વડી દિક્ષા

ચાણસ્મામાં વડી દીક્ષા થઈ. ત્યાં પુત્રને દીક્ષિત થયેલો જાણી શામજીભાઈ આવી પહોંચ્યા અને 'હે પુત્ર! તેં આ શું કર્યું ? મને કંઈ જણાવવું હતું તો ખરૂં ? મેં તારૂં દિલ કદી દુભવ્યું નથી અને આજે પણ તારા બધા મનોરથ પૂર્ણ

કરવા તૈયાર છું. માટે તું આ વેશ છોડી દે અને મારી સાથે ચાલ' વગેરે વચનો કહેવા લાગ્યા.

મુનિશ્રી યશોભદ્રવિજયજીએ તેમને શાંતિથી જવાબ આપ્યો કે 'મેં જે કંઈ કર્યું છે તે ખૂબ સમજી–વિચારીને કર્યું છે. મને હવે સંસારમાં જરાયે રસ રહ્યો નથી, એટલે પાછો ફરીને શું કરું? હવે તો ગુરુદેવની છાયામાં રહીને બને તેટલું આત્મકલ્યાણ સાધીશ અને ચિત્તને શાંતિ પમાડીશ.'

'મારા માટે આજ માર્ગ પ્રશસ્ત છે. હવે તો આ માર્ગે કલ્યાણની સાધના શીઘ્ર કરી શકું એવા આશીર્વાદ આપો.'

પુત્રનાં આ વચનો સાંભળીને શામજીભાઈનો આવેશ શમી ગયો અને પુત્રે એક સાચો રસ્તો ગ્રહણ કર્યો છે એ વિચારથી કાંઈક સાંત્વન પણ અનુભવ્યું. છેવટે પુત્રના કલ્યાણની કામના કરી વિદાય થયા. ધન્ય છે આવા સમજુ પિતાને કે જેઓ મોહગ્રસ્ત હોવા છતાં હૃદયની આવી વિશાળતા બતાવી શક્યા.

## ત્રણ મહાપુરુષો
## ત્રણ મહાપુરુષોની છત્રછાયા

શાસન સમ્રાટ્ સૂરિચક્રચક્રવર્તી પરમપૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ તેમના પટ્ટધર વ્યવહાર-વિચક્ષણ વિજ્ઞાનઘન પરમપૂજ્ય તે વખતના ઉપાધ્યાયશ્રી વિજ્ઞાનવિજયજી મહારાજ તે વખતના તેમનાં શિષ્યરત્ન પરમ પૂજ્યશ્રી મુનિશ્રી કસ્તૂરવિજયજી મહારાજ આ ત્રણ મહાપુરુષોએ

ચરિત્રનાયકની જીવનવાટિકાને લીલીછમ બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે, તેથી તેમના જીવનનું આછું દર્શન કરીએ.

## શાસનસમ્રાટ સૂરિચક્રચક્રવર્તી આચાર્ય શ્રીમદ્ વિજય નેમિસૂરીશ્વરજી મહારાજ

મહુવાનગરમાં વીશાશ્રીમાળી જ્ઞાતિય જૈનધર્મ પરાયણ શેઠશ્રી લક્ષ્મીચંદભાઈ વસતા હતા. તેમને સરલ સ્વભાવી શીલાલંકાર શાલિની ધર્માત્મા દીવાળીબેન નામે ધર્મપત્ની હતાં. તે દિવાળીબહેને વિ. સં. ૧૯૨૯ની સાલના પ્રારંભે એટલે કાર્તિક સુદિ ૧ના દિવસે એક પુત્ર રત્નને જન્મ આપ્યો. તેનું નામ નેમચંદ પાડવામાં આવ્યું.

સં. ૧૯૪૫ના જેઠ સુદિ સાતમના દિવસે સંસારનો ત્યાગ કરી ભાવનગર મુકામે શાંતમૂર્તિ ચારિત્ર ચૂડામણિ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ પાસે દિક્ષિત થઈ તેમના શિષ્ય થયા અને મુનિશ્રી નેમવિજયજી બન્યા

તેઓશ્રી વિનય ગુણથી વિભૂષિત તથા અત્યંત પ્રતિભાશાળી હતા, વળી ગ્રહણ, ધારણ અને ઉદ્બોધન શક્તિ અતિ તીવ્ર હતી, તેથી એક જ ચોમાસામાં કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય રચિત શ્રી સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન બૃહદ્વૃત્તિ આખી કંઠસ્થ કરી, જે અઢાર હજારીના નામથી પ્રસિદ્ધ છે. તેઓ રોજ સો–સવાસો શ્લોકો કંઠસ્થ કરતા. આવી અસાધારણ જ્ઞાનસંપાદિકા નિર્મળ બુદ્ધિના પ્રભાવે તેઓ અલ્પ સમયમાં ન્યાય, વ્યાકરણ, સાહિત્ય તથા શાસ્ત્રના અજોડ વિદ્વાન બન્યા,

વ્યાકરણમાં ૧૨૦૦૦ શ્લોક પ્રમાણ બૃહદ્ હેમપ્રભા, ૬૦૦૦ શ્લોક પ્રમાણ લઘુ હેમપ્રભા તથા ૨૦૦૦ શ્લોક પ્રમાણ પરમ લઘુ હેમપ્રભા. એમ શ્રી સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન ઉપરથી પ્રક્રિયાબદ્ધ ત્રણ રચનાઓ કરી. જૈન ન્યાયમાં ન્યાયપ્રભા, તત્ત્વ પ્રભા, ન્યાયાલોકવૃત્તિ, ખંડનખાદ્ય–બૃહદ્વૃત્તિ, પ્રતિમામાર્તંડ ન્યાયસિંધુ, સપ્તભંગ્યુપનિષદ્, અનેકાન્તતત્ત્વમીમાંસા, સપ્ત નયોપનિષદ્, તેમજ સંમતિતર્ક ઉપર લગભગ ૫૦૦૦૦ શ્લોક પ્રમાણ ટીકાની રચના કરી.

તેઓશ્રીની વ્યાખ્યાન શક્તિ અજોડ હતી. અવાજ બુલંદ હતો જાણે કેશરીસિંહ નાદ કરતો ન હોય એવી તેઓશ્રીની ગર્જના હતી, તેથી લોકો એમની ધર્મદેશનાને સિંહગર્જના કહેતા.

તેઓશ્રીની અતુલ પ્રતિભા, અદ્ભુત વ્યાખ્યાનકળા, અસાધારણ બ્રહ્મતેજ આદિ શાસનપ્રભાવક શક્તિઓથી આકર્ષાઈ ગીતાર્થ શિરોમણિ વિદ્વાન પંન્યાસજી મહારાજશ્રી ગંભીરવિજયજી એ તેમને વલ્લભીપુર (વળા) માં વિ. સં. ૧૯૬૦ના કાર્તિક વદિ સાતમે ગણિપદથી તથા માગસર સુદિ ત્રીજે પંન્યાસપદથી વિભૂષિત કર્યા હતા અને વિ. સં. ૧૯૬૪ના જેઠ સુદિ પંચમીના દિવસે ભાવનગરમાં આચાર્યપદવી આપી હતી.

સંવેગી તપાગચ્છીય સાધુસમુદાયમાં લગભગ ત્રણ સૈકા બાદ, યોગોદ્વહન તેમજ પંચપ્રસ્થાનની આરાધનાયુક્ત શાસ્ત્રીય

વિધિપૂર્વકના તેઓ સૌથી પ્રથમ આચાર્ય હોવાથી તેમજ પોતાની અદ્દભુત ને અજોડ પ્રતિભાનો પ્રભાવ હોવાથી તેઓ શાસનસમ્રાટ કે સૂરિસમ્રાટના નામથી સંબોધાતા હતા.

વર્તમાનકાળે જૈન શાસનની અદ્દભુત પ્રભાવના થાય તથા તેનાં તીર્થો વગેરેનું ગૌરવ કેમ જળવાઈ રહે તે બાબતમાં તેઓ ઊંડી લાગણી ધરાવતા હતા. અને ભગીરથ પુરુષાર્થ સેવતા હતા.

તેમનું શિષ્યમંડળ બહોળું હતું અને તેના પર તેમની આ લાગણી અને પ્રવૃત્તિનો પડઘો સારી રીતે પડ્યો હતો.

આવા આચાર્યથી અધિકૃત થયેલા ગુરુકુલમાં વસવાનો પ્રસંગ આવવો એ નાની સૂની વાત નથી, પણ પૂણ્યનો પસાય હોય ત્યાં સર્વ કાર્ય સુલભ થાય છે.

## સમયજ્ઞ શાંતમૂર્તિ
## શ્રી વિજય વિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ

સં. ૧૯૬૨ના કાર્તિક વદિ ૩ ને દિને પાટણ (ઉ. ગુજરાત)ના વીશા ઓશવાલ નવયુવક શ્રી ભીખાભાઈએ સંસારને અસાર જાણી શાસનસમ્રાટ્નાં ચરણે પોતાનું જીવન ધર્યું અને દીક્ષાનો સંસ્કાર ગ્રહણ કરી મુનિશ્રી વિજ્ઞાનવિજયજી તરીકે તેમનું શિષ્યપદ સ્વીકાર્યું. તેમના સંસારી પિતાનું નામ અમૃતલાલ અને સંસારી માતાનું નામ પરસનબાઈ.

આ રીતે પૂ. મુનિશ્રી વિજ્ઞાનવિજયજી વ્યાકરણ, કાવ્ય, ન્યાય તથા શાસ્ત્રોનો અભ્યાસ કરી વિદ્વાન થયા. સં. ૧૯૭૪માં ઘાણેરાવ મુકામે તેમને ગણિપદ તથા પંન્યાસપદ આપવામાં આવ્યું, તેમની બહુશ્રતતા જોઈને સં. ૧૯૮૭ની સાલમાં અમદાવાદ ખાતે ઉપાધ્યાય પદથી વિભૂષિત કરવામાં આવ્યા. અને સં. ૧૯૯૧ માં તેમને મહુવામાં આચાર્યપદથી વિભુષિત કરવામાં આવ્યા.

## પ્રાકૃત વિશારદ

## પ. પૂ. શ્રી વિજય કસ્તૂરસૂરીશ્વરજી મહારાજ.

સં. ૧૯૭૬ના ફાગણ વદિ ૩ના દિવસે અમદાવાદ ખેતરપાળની પોળના વીશાશ્રીમાળી જ્ઞાતીય શ્રી કાંતિલાલે ભયાનક ભવસાગર તરી જવા માટે પૂ. સૂરિસમ્રાટનું શરણ સ્વીકાર્યું. તેમને પૂ. પં. શ્રી વિજ્ઞાનવિજયજીના શિષ્ય મુનિશ્રી કસ્તૂરવિજયજી કરવામાં આવ્યા.

પૂ મુનિશ્રી કસ્તૂરવિજયજી ધાર્મિક સંસ્કારી કુટુંબમાંથી આવ્યા હતા અને ચારિત્રશીલ વિદ્વાન ગુરુદેવોની છત્રછાયા મળી, એટલે તેમનું વિદ્યાધ્યયન ખૂબ જોરથી ચાલવા લાગ્યું. અનુક્રમે તેઓ વ્યાકરણ, કાવ્ય, ન્યાય વગેરે વિષયમાં નિષ્ણાત થયા અને પ્રાકૃતભાષામાં વિશારદ બન્યા.

આપણા ચરિત્રનાયકે સંસારનો મોહ છોડયો હતો અને

હવે તેમની છત્રછાયા પામીને સંયમની સાધનામાં ઉજમાળ બન્યા હતા.

આપણા ચરિત્રનાયક સંયમને વિષે કેવો પુરુષાર્થ આદરી રહ્યા હતા, તેનું સામાન્ય નિરીક્ષણ કરી લઈએ.

## સંયમને સફળ બનાવવામાં જબ્બર પુરુષાર્થ

પ્રાતઃકાળમાં વહેલું ઉઠવું, પંચપરમેષ્ઠિ મંત્રનો જાપ કરવો, ધર્મ જાગરિકા–ધર્મચિંતન કરવું અને આવશ્યક (રાત્રિ પ્રતિક્રમણ) તથા પ્રતિ લેખનનો વિધિ પૂર્ણ કરી ગુરુદેવો સાથે જિનમંદિરે જઈ શ્રી જિનેશ્વર ભગવાનની સ્તુતિ–સ્તવના કરવી એ તેમનો પ્રાતઃકાળનો કાર્યક્રમ રહેતો. પછી પર્વ દિવસ હોય તો ઉપવાસ આયંબિલ કે એકાસણાદિ તપશ્ચર્યા કરતા અને છુટો દિવસ હોય તો તેઓ યાચી લાવેલા દૂધ ચાહ વાપરીને ગુરુદેવ પાસેથી પરમ વિનયપૂવર્ક સૂત્ર–અર્થ ગ્રહણ કરતા અને કોઈ પદાર્થ સમજાયો ન હોય તો તેનો નિર્ણય પૂછતા. ગુરુદેવો પણ તેમના વિનયથી પ્રસન્ન થઈને તેમને અર્થ સારી રીતે ગ્રહણ કરાવતા અને તેમના મનમાં જે જે પ્રશ્નો ઉઠતા તેનું સુંદર સમાધાન કરતા. વળી સાધકે કેવી રીતે ચાલવું, કેવી રીતે બોલવું, કેવી રીતે આહાર–પાણી વસ્ત્ર–ઉપધિ–ઔષધ મેળવવા, કેવી રીતે વસ્ત્ર પાત્રની લે–મૂક કરવી અને કેવી રીતે પરિષ્ઠપન વિધિ કરવો તેની પણ બરાબર સમજણ આપતા. ઉપરાંત જૈન યોગસાધનામાં મનોગુપ્તિ વચનગુપ્તિ અને કાયગુપ્તિનું શું રહસ્ય છે, તેનું પણ ક્રમે ક્રમે ઉદ્‌બોધન કરતા

અને મહાવ્રતોની ભાવના સમજાવી તેનું નિરતિચાર પાલન કરવાની પ્રેરણા કરતા. જો સદ્‌ગુરુની પરમ કૃપા ન હોય તો આ બધું સાધકને શી રીતે સમજાય અને તે પોતાની સંયમ સાધના સફળ શી રીતે કરે ?

ગોચરીનો સમય થતાં તેઓ અન્ય સાધુઓ સાથે ગૃહસ્થોનાં ઘરમાં જઈને નિર્દોષ ભિક્ષા લઈ આવતા અને તેને ગુરુ આગળ રજૂ કરતા. પછી ગુરૂની સાથે બેસીને તેમની આજ્ઞા પ્રમાણે તેનો ઉપયોગ કરતા. 'આહાર તો શરીરને ટકાવવાને માટે આપવો પડે છે, માટે તેમાં જરાયે ગૃદ્ધિ ન રાખવી" એ ગુરુદેવનો ખાસ ઉપદેશ હતો અને ચરિત્ર નાયકે તેને પોતાનાં જીવનમાં બરાબર ઊતાર્યો હતો.

ગોચરી પછી થોડી વાર વિશ્રાંતિ રહેતી અને ત્યાર બાદ ફરી સ્વાધ્યાય શરૂ થતો, તે લગભગ સાયંકાળ સુધી ચાલુ રહેતો. વચ્ચે પ્રતિલેખનાદિ કાર્યો નિયમ મુજબ થતાં અને ત્યાર બાદ પ્રતિક્રમણ-આદિ ક્રિયા થતી. શાસ્ત્રજ્ઞાન સારી રીતે સંપાદન કરવું એ આ સમુદાયની રીતિ હતી, એટલે તેઓ સમયનો મોટો ભાગ એમાં જ ગાળતા.

પ્રતિક્રમણ પછી આગંતુકો સાથે ધર્મ ચર્ચા થતી અથવા વડીલ સાધુઓ પાસે સૂત્રપાઠની આવૃત્તિ કરવામાં આવતી અને સંથારાપોરિસી ભણાવ્યા પછી સહુને પોતાના સંથારે જવાની છૂટ મળતી, ત્યારે ચરિત્રનાયક મંગલભાવના ભાવીને નિદ્રાધીન થતા.

ચાતુર્માસમાં પંડિતની સગવડ રહેતી, એટલે સ્વાધ્યાય અધિક પ્રમાણમાં થતો અને પર્વાધિરાજનું આગમન થતું એટલે તપશ્ચર્યામાં પણ સારી એવી વૃદ્ધિ થતી.

આ જીવનચર્યાથી ચરિત્રનાયકે ૧૧ વર્ષ સુધી ગુરુકુલવાસ સેવ્યો અને ગ્રહણ તથા આસેવન શિક્ષા પ્રાપ્ત કરવામાં પૂરી કાળજી રાખી, પરિણામે સ્વીકૃત સંયમ સાધનામાં સુંદર પ્રગતિ થઈ. ઉપરાંત વિવિધ શાસ્ત્રોના જાણકાર થયા અને કવિત્વ તથા વક્તૃત્વ શક્તિથી વિભૂષિત બન્યા. આ સમયમાં તેમને બીજું પણ જોવા-જાણવાનું ઘણું મળ્યું.

## મુનિ સંમેલન

સં. ૧૯૮૭–૮૮-૮૯નાં ચાતુર્માસો અનુક્રમે વીરમગામ, ગોધરા અને અમદાવાદમાં થયાં હતાં, અને તે જ્ઞાન-ધ્યાનમાં ઉપકારક નીવડયાં હતાં. સં. ૧૯૯૦માં અમદાવાદના આંગણે અખિલ ભારતવર્ષીય જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક મુનિ સંમેલન મળ્યું. તેમાં પૂ. શાસનસમ્રાટે આગેવાની ભર્યો ભાગ ભજવ્યો હતો અને મુનિ સંમેલનની ડોલતી નાવને પોતાની અજબ કુનેહથી ઠેકાણે લાવી દીધી હતી આ વખતે ચરિત્રનાયક ગુરુ દેવોની સાથે સંમેલનમાં હાજરી આપતા, તેની કાર્યવાહીનું રસપૂર્વક અવલોકન કરતા અને ત્યાં પધારેલા અનેક આચાર્ય ભગવંતો તથા મુનિપુંગવોનો પરિચય મેળવી પ્રસન્ન થતા.

તે જ વર્ષે પૂ. શાસનસમ્રાટે ચાતુર્માસ અંગે જાવાલને પવિત્ર કર્યું, ત્યારે આપણા ચરિત્રનાયકને ગુરુદેવો સાથે મરુભૂમિમાં

વિચરવાનો, તેમજ ત્યાં આવેલાં નાનાં મોટા અનેક તીર્થોને જુહારવાનો પ્રસંગ પ્રાપ્ત થયો હતો. જાવાલમાં બહારની વાડીમાં પૂ. શાસનસમ્રાટના હાથે ભારે ધામધૂમ પૂર્વક પ્રતિષ્ઠા થઈ આ પ્રસંગે ચરિત્ર નાયકને જિનમંદિરની પ્રતિષ્ઠા વિધિથી પરિચિત કર્યા હતા.

## પાલીતાણાનો સંઘ અને તેમાં તેઓની હાજરી

સં. ૧૯૯૧માં પૂ. શાસન સમ્રાટ્‌ની પ્રેરણાથી અમદાવાદ નિવાસી પ્રાગ્વાટ જ્ઞાતીય શ્રાદ્ધરત્ન શેઠશ્રી માણેકલાલ મનસુખભાઈએ શ્રી ગિરનારજી શ્રી સિદ્ધાચલજી તથા શ્રી કંદબગિરિજી વગેરે તીર્થનો એક મહાસંઘ કાઢચો, તેમાં પૂજ્ય ગુરુદેવોની સાથે ચરિત્રનાયક સામેલ હતા. આ મહાસંઘમાં આચાર્યો અને ઉપાધ્યાયો સમેત ૪૫૦ થી ૫૦૦ સાધુઓ તથા ૬૦૦ થી ૭૦૦ જેટલી સાધ્વીઓ હતાં. ઉપરાંત સેંકડો મોટાં કુટુંબો પગે ચાલીને (છ'–રી પાળતાં) યાત્રા કરવા નીકળ્યાં હતાં, યાત્રાળુઓની કુલ સંખ્યા પંદરથી વીસ હજાર જેટલી હતી.

## મહુવામાં ચોમાસુ

સં. ૧૯૯૨નું પૂ. સૂરિસમ્રાટનું ચાતુર્માસ તેમની જન્મભૂમિ મહુવા ખાતે થયું, ત્યારે ગુરુદેવો સાથે આપણા ચરિત્રનાયક ત્યાં પધાર્યા હતા. આ ચાતુર્માસમાં ભવ્ય સમારોહપૂર્વક પૂ ઉપાધ્યાયશ્રી વિજ્ઞાનવિજયજી મહારાજને આચાર્યપદથી તથા પૂ. મુનિશ્રી કસ્તૂરવિજયજી મહારાજને પ્રવર્તકપદથી વિભૂષિત કરવામાં

આવ્યા હતા. ગુરુની નિશ્રામાં રહીને સંયમ તથા શાસ્ત્રનો અભ્યાસ કરતાં ઉત્તરોત્તર કેવા પદે પહોંચાય છે, તેનો અહીં ચરિત્રનાયકે પ્રત્યક્ષ અનુભવ કર્યો હતો. આજ વર્ષમાં સૂરિસમ્રાટે ગોધરાના શાંતિલાલ બાલાભાઈને દીક્ષા આપી ચરિત્રનાયકના શિષ્ય બનાવ્યા હતા અને તેમનું નામ મુનિશ્રી શુભંકરવિજયજી રાખ્યું હતું.

## કલોલમાં ચોમાસુ

સં. ૧૯૯૨નું ચાતુર્માસ કલોલમાં થયું હતું અને તે બાદ શ્રી શેરિસામંડનપાર્શ્વનાથની યાત્રા કરવાનો અવસર પ્રાપ્ત થયો હતો. પૂ. સૂરિસમ્રાટનું સં. ૧૯૯૩નું ચાતુર્માસ જામનગરમાં થયું ત્યારે પણ આપણા ચરિત્રનાયકને પૂજ્ય ગુરુદેવો સાથે તેઓશ્રીની નિશ્રામાં રહેવાનો લાભ મળ્યો હતો. અહીં ચરિત્રનાયકે યોગોદ્વહન કર્યા. ચાતુર્માસ પૂર્ણ થયે પૂ. પ્રવર્તક શ્રી કસ્તૂરવિજયજી મહારાજને ગણિ તથા પંન્યાસપદથી વિભૂષિત કરવામાં આવ્યા હતા, એ જોઈને પરમ વિનીત શિષ્ય તરીકે તેમણે કેવો આનંદ અનુભવ્યો હશે તેની કલ્પના પાઠકોએ સ્વયં કરી લેવી.

ત્યારબાદ અમદાવાદ, ખંભાત અને સુરતમાં ચાતુર્માસ થયાં તે શ્રુતાધ્યયન તથા સંયમના અભ્યાસ માટે પ્રગતિકારક નીવડયાં હતા. સુરતના ચાતુર્માસ બાદ એટલે સં. ૧૯૯૭ના પ્રારંભમાં પૂ. પં. શ્રી કસ્તૂરવિજયજી ગણિવર્યને ઉપાધ્યાય પદ આપવામાં આવ્યું, એ પ્રસંગ પણ ચરિત્રનાયકનાં ચિત્ત પર ચારુ અસર પાડનારો નીવડયો હતો અને તેમની સંયમ-જ્ઞાન-સાધનાને ઉત્તેજન આપતો ગયો હતો. અહીં પૂજ્ય ગુરુદેવોએ ધ્રાંગધ્રા બાજુના

એક ભાઈને દીક્ષા આપી તેમને મુનિશ્રી શુભંકરવિજયજીના શિષ્ય મુનિશ્રી જયવિજયજી તરીકે જાહેર કર્યા. વળી આજ અરસામાં ચરિત્રનાયકને એક બહેનની દીક્ષા માટે બારડોલી મોકલવામાં આવ્યા હતા.

## વલસાડમાં ચોમાસું

સં. ૧૯૯૭નું ચાતુર્માસ વલસાડ ખાતે થયું, તે પણ સંયમ-સાધનાની દૃષ્ટિએ અતિ ઉપકારક નીવડયું અને ચરિત્ર નાયકને વિશાળ દૃષ્ટિ અર્પતું ગયું.

આમ ગુરુદેવો સાથે ૧૧ વર્ષ સાથે રહેતાં સંયમ સાધનામાં સુંદર પ્રગતિ થઈ અને તેઓ ઉજ્જવલ ભવિષ્યની ઉત્કૃષ્ટ આગાહી આપવા લાગ્યા.

## ગુજરાતમાં ધર્મપ્રચાર

[સં. ૧૯૯૮થી સં. ૨૦૦૫]

## અતિ મહત્વનો સમય અને કસોટી

પંખી પોતાના બાળકને પાંખ આવે કે માતા તેને છૂટથી ઉડવા દે છે અને એ રીતે તે વિશાળ ગગનપટમાં સ્વયં વિહાર કરતું બની જાય છે. શ્રમણ સમુદાયની રીતિ પણ આવી જ છે. શિષ્યો શાસ્ત્રાભ્યાસ કરીને તૈયાર થાય તથા સંયમ માર્ગમાં દૃઢ બને કે ગુરુદેવો તેમને સ્વતંત્ર વિચરવાની છૂટ આપે છે અને તેઓ જુદાં જુદાં ક્ષેત્રોને લાભ આપતા થઈ જાય છે. અને ત્યાં તેઓ સંયમની સાધના ઉપરાંત લોકોને ધર્મની દેશના

આપે છે. સન્માર્ગની પ્રેરણા કરે છે અને ઉત્સવ-મહોત્સવની યોજના કરીને ધર્મભાવના જાગૃત્ રાખે છે.

## સુરતમાં ચોમાસું

ચરિત્રનાયકે શાસ્ત્રાભ્યાસ સારી રીતે કર્યો હતો અને સંયમની આકરી કસોટીમાંથી પણ તે અણિશુદ્ધ પાર ઉતર્યા હતા, એટલે હવે તેઓ સ્વતંત્ર વિચરે એવી ગુરૂદેવોની ઈચ્છા હતી. એવામાં સુરત વડાચૌટા સંઘ તરફથી ચાતુર્માસાર્થે સારા સાધુઓની જોરદાર માગણી થઈ, એટલે ગુરુદેવોએ સં. ૧૯૯૮નું ચાતુર્માસ તેમને સુરત ખાતે કરવાની આજ્ઞા ફરમાવી. આ ચાતુર્માસમાં મુનિશ્રી મહોદયવિજયજી તથા મુનિશ્રી જયવિજયજી સાથે હતા.

વિનીત શિષ્યની માટે ગુરુદેવની આજ્ઞા અનુલ્લંઘનીય હોય છે, એટલે આ આજ્ઞા શિરોધાર્ય કરીને ચરિત્રનાયક થોડા સાધુઓ સાથે સુરત પધાર્યા અને વડાચૌટા સંઘનું ભવ્ય સ્વાગત સ્વીકારીને ઉપાશ્રયમાં સ્થિર થયાં.

પર્યુષણ, આયંબિલની ઓળી, વીર નિર્વાણ દિન, જ્ઞાનપંચમી વગેરેની પણ યોગ્ય આરાધના થઈ અને આખું ચાતુર્માસ આનંદ મંગલથી પૂર્ણ થયુ.

શેષ કાળે રાષ્ટ્રભરમાં વિચરતા રહેવું એ જિનેશ્વર ભગવંતનો આદેશ છે, એટલે ચરિત્રનાયક ચાતુર્માસ પૂર્ણ થયા બાદ આસપાસનાં ગામોમાં વિચરવા લાગ્યા અને લોકોને વિવિધ પ્રકારની હિતશિક્ષા આપી ધર્મના રસ્તે વાળવા લાગ્યા.

## વાપીમાં ચોમાસુ (સં. ૧૯૯૯)

સં ૧૯૯૯ ના ચાતુર્માસ અંગે સ્થળે સ્થળેથી વિનંતિઓ થઈ રહી હતી, તેમાં વાપી સંઘનું ભાગ્ય જોર કરી ગયું. આ ગામ શ્રી અજિતનાથ ભગવાનના મનોહર મંદિરથી મંડિત છે અને આજે શ્રાવકોની ૧૫૦ ઘરની વસ્તી ધરાવે છે.

અહીં પણ તેમના વ્યાખ્યાનોએ લોકોને ખૂબ રસ લગાડયો, એટલે બાળક, બિમાર તથા તદ્દન અશક્ત સિવાયના સહુ કોઇ તેમનાં વ્યાખ્યાનમાં હાજર રહેવા લાગ્યા અને ઉપદેશામૃતનું આકંઠ પાન કરવા લાગ્યા. પરિણામે પર્યુષણની આરાધના ઘણી સુંદર થઈ અને જેમણે જીંદગીમાં કદી આયંબિલ નહિ કરેલું તેવાં પણ આયંબિલની ઓળી કરવા લાગ્યા. તે વખતે ત્યાં ચીમનલાલ ફોજદારની હાક વાગતી, તે પણ નિયમિત વ્યાખ્યાન સાંભળવા આવતા. એક સોની ભાઈએ ચરિત્રનાયકનું વ્યાખ્યાન સાંભળીને માંસાહારનો ત્યાગ કર્યો હતો.

અહીં પૂજ્યશ્રીની પ્રેરણાથી શા. ભગાજી જશાજીએ રૂા. ૪૦૦૦નો સદ્વ્યય કરી શાન્તિસ્નાત્ર ભણાવ્યું અને ઘણા ભાવિકોએ પ્રભાવના વગેરેનો લાભ લઇ સાત્ત્વિક આનંદ માણ્યો.

ચાતુર્માસ પૂર્ણ થયે વિહાર કરતાં લગભગ દોઢસો ભાઈ-બહેનો બગવાડા સુધી વળાવવા ગયા હતા અને ત્યાં પૂજા ભણાવી સાધર્મિકવાત્સલ્ય કર્યું હતું.

## વલસાડ (સં. ૨૦૦૦)

આ રીતે વાપીને સાચી ધર્મવાપિકા બનાવીને પૂજ્યશ્રી વલસાડ પધાર્યા. અહીં ચાતુર્માસ માટે સંઘની સાગ્રહ વિનંતિ થઈ, જેનો પૂજ્ય ગુરુદેવોની અનુમતિથી સ્વીકાર કરવામાં આવ્યો. આ ચાતુર્માસનું વર્ણન અમે કયા શબ્દોમાં કરીએ ? જેઓ કોઈપણ સાધુસંતનું વ્યાખ્યાન સાંભળવા ભાગ્યે જ જતા, તે પણ પૂજ્ય મહારાજશ્રીનું વ્યાખ્યાન સાંભળવા ઉમટી પડયા અને તેના રસમાં તરબોળ બની ગયા. જેઓ કદી એકાસણું કે આયંબિલ કરતા ન હતા તે છઠ્ઠ, અઠ્ઠમ તથા અઠ્ઠાઈ સુધી પહોંચી ગયા અને જેઓ દાનાદિ નિમિત્તે નાણાં કોથળીનું મોઢું ભાગ્યે જ છોડતા, તે રોજ મોઢું છોડવા લાગ્યા.

અહીં ચરમતીર્થંકર શ્રી વર્ધમાન સ્વામીનું મંદિર છે કે જેનો જીર્ણોદ્ધાર થોડા વર્ષ પહેલાં જ થયેલો છે. જૈનોનાં ઘર ૯૫ છે, ૬૦ મારવાડીનાં અને ૩૫ ઘોઘારીનાં, તેમાં ઘોઘારી શાહ બાલુભાઈ છગનભાઈએ પૂજ્ય મહારાજશ્રીની પ્રેરણાથી પોતાનાં માતુશ્રીના સ્વર્ગવાસ નિમિત્તે રૂા. ૭૦૦૦ નો સદ્વ્યય કરી શાન્તિસ્નાત્ર ભણાવ્યું તથા સાધર્મિકવાત્સલ્યનો લાભ લીધો.

## અમલસાડ

ત્યાંથી બીલીમોરા થઈને પૂજ્ય મહારાજશ્રીએ અમલસાડને પાવન કર્યું કે જ્યાં શ્રાવકોના ૩૫ ઘર છે, શ્રી શાંતિનાથ

ભગવાનનું એક મંદિર છે અને સાધુ સાધ્વીઓને ઉતરવા માટે ઉપાશ્રયની સગવડ છે.

અહીં પૂજ્યશ્રીનાં પ્રાણવાન પ્રવચનોથી પ્રભાવિત થયેલા શાહ ફકીરચંદ લાલચંદ તથા શાહ ઘેલાભાઈ લક્ષ્મીચંદે રૂા. ૧૦૦૦૦ ના સદ્‌વ્યયથી ફાગણ માસમાં એક ધાર્મિક મહોત્સવ કર્યો. તેમાં પાંચ છોડનું ઉજમણું કર્યું, શાન્તિસ્નાત્ર ભણાવ્યું અને સાધર્મિક વાત્સલ્યનો પણ લાભ લીધો. આ ઉત્સવમાં ભાગ લેવા માટે બહારગામથી ૧૫૦૦ જેટલા ભાઈબહેનો આવ્યા હતા.

સાધર્મિકોનું મિલન, પરસ્પર પ્રેમની વૃદ્ધિ અને ધર્મ ભાવનાની જાગૃતિ તથા પુષ્ટિ એ આવા ઉત્સવ–મહોત્સવોનું પ્રકટ ફળ છે, તેથી જ તે મહાપુરુષો દ્વારા વારંવાર યોજાય છે.

અહીં પણ ચરિત્રનાયકના ઉપદેશથી અન્ય કોમના બે ભાઈઓએ માંસમદિરા નહિ વાપરવાની પ્રતિજ્ઞાઓ લીધી હતી.

## ફરી વલસાડ

ઉત્સવ પ્રસંગે પૂજ્ય મહારાજશ્રીને બીલીમોરા સંઘ તરફથી ખૂબ વિનંતિઓ થઈ, પરંતુ શાહ ચંદ્રકાંત કપૂરચંદે પોતાનાં માતુશ્રીના સ્વર્ગવાસ નિમિત્તે વલસાડમાં તેઓશ્રીની નિશ્રામાં શાન્તિસ્નાત્રાદિ મહોત્સવ કરવાની ભાવના પ્રકટ કરી, એટલે તેઓશ્રી વલસાડ પધાર્યા. ત્યાં રૂા. ૭૦૦૦ના સદ્‌વ્યયે શાન્તિસ્નાત્ર–સાધર્મિક વાત્સલ્ય વગેરે કાર્યો તેઓશ્રીની નિશ્રામાં સાનંદ સંપન્ન થયાં અને લોકોની ધર્મભાવનાને અનેરો વેગ મળ્યો.

## બીલીમોરા (સં. ૨૦૦૧)

બીલીમોરાના સંઘ તરફથી ઉપરાઉપરી વિનંતિઓ થઇ રહી હતી અને ચાતુર્માસ માટે વિશેષ આગ્રહ હતો, એટલે સં.૨૦૦૧નું ચાતુર્માસ પૂજ્ય ગુરુદેવોની અનુમતિ પૂર્વક બીલીમોરામાં થયું. અહીં પણ વ્યાખ્યાનની રંગત ખૂબ જામી અને તેઓશ્રીની પ્રેરણાથી ૬૦ ઘરની ટૂંકી વસ્તીમાં સાધારણ ખાતાની ટીપ રૂા. ૧૫૦૦૦ સુધી પહોંચી. અન્ય ધાર્મિક કાર્યો પણ સુંદર થયાં. માગશર માસમાં શ્રી કેશરીચંદ ભાણાભાઈ તરફથી રૂા. ૫૦૦૦ના સદ્વ્યયે અષ્ટોત્તરી સ્નાત્ર તથા સાધર્મિક વાત્સલ્યનો લાભ લેવાયો.

## કરચલિયા તથા સાતમ

અહીંથી પૂજ્યશ્રી કરચલિયા પધાર્યાં કે જ્યાં શ્રી સંભવનાથ ભગવાનનું મંદિર અને શ્રાવકનાં ૪૦ ઘર છે, જ્યાં લાભનું કારણ હોય ત્યાં સાધુ પુરુષો થોડી સ્થિરતા કરે છે અને પોતાની વ્યાખ્યાન–વાણીનો પ્રભાવ વિસ્તારે છે. એ રીતે અહીં તેમની વ્યાખ્યાનવાણીનો પ્રભાવ વિસ્તરતાં શ્રાવકોની ધર્મભાવના ખૂબ સતેજ બની અને તેમણે રૂા.૫૦૦૦ના સદ્વ્યયે સાધર્મિક વાત્સલ્ય પૂર્વક શાન્તિસ્નાત્ર ભણાવ્યું તથા વ્રતનિયમો સારા પ્રમાણમાં લીધા. વિહાર સમયે લગભગ દોઢસો ભાઇબહેનો પહેલા મુકામ સુધી સાથે ચાલ્યા અને ત્યાં સંઘ જમણ કર્યું.

અનુક્રમે સાતમ પધારતાં સંઘે અષ્ટાહ્નિકી મહોત્સવ કર્યો. અને પૂજ્યશ્રીની પીયૂષ સમ મીઠી વાણીનું પંદર દિવસ સુધી પ્રસન્ન ચિત્તે પાન કર્યું.

સં.૨૦૦૨ના ચાતુર્માસનો લાભ પ્રબળ વિનંતિને કારણે નવસારીને મળ્યો કે જ્યાં શ્રાવકોની વસ્તી ૧૦૦ ઘરની છે અને શ્રી ચિંતામણિ પાર્શ્વનાથનો રમણીય પ્રાસાદ મનુષ્યોનાં નયન-ચિત્તને પવિત્ર કરી રહ્યો છે.

અહીં પૂજ્યશ્રીની મુખગંગામાંથી ઉપદેશનો ધોધ વહેતાં વિષય–કષાયમાં અનેક વિટપો ઉખડી ગયા અને ધર્માારાધનની ધરતી સ્વચ્છ બની. ૧૯ યુવાન ભાઈબહેનોએ અઠ્ઠાઈની તપશ્ચર્યા કરી, દેવદ્રવ્યમાં સારો વધારો થયો અને સાધારણ ખાતું તરતું કરવાની પ્રેરણા થતાંજ તેમાં રૂા. ૫૦૦૦ ટપોટપ નોંધાઈ ગયા.

## ગંધારતીર્થ

છેલ્લા પાંચ વર્ષથી પૂજ્યશ્રી દક્ષિણ ગુજરાતમાં અને ખાસ કરીને સુરત જિલ્લા પર ઉપકારની વર્ષા કરી રહ્યા હતા, એટલે હવે તેમનો વિહાર મધ્ય ગુજરાત ભણી થયો. સુરત, અંકલેશ્વર ભરૂચ થઈ તેઓ ગંધારતીર્થ પધાર્યા કે જ્યાં બે પ્રાચીન ભવ્ય જિનાલયો આવેલાં છે.

## દહેજબંદર

આ તીર્થની યાત્રા કરી તેઓ સપરિવાર દહેજબંદર પધાર્યા કે જ્યાં શ્રી મહાવીર પરમાત્માનું મોટું પુરાણું મંદિર ભૂતકાલીન ગૌરવની યાદ આપી રહ્યું છે. અહીં શ્રાવકોની ૨૦ ઘરની વસ્તી છે. તેમણે પૂજ્યશ્રી પધારતાંજ અષ્ટાહ્નિકા મહોત્સવ શરૂ કરી દીધો અને એક રજપૂત બહેને રૂા.૫૦૦ના સદ્વ્યયથી નવાણું

અભિષેકની પૂજા ખૂબ ધામધુમથી ભણાવી. આ રીતે એક રજપૂત બાઈ પૂજા ભણાવે એ કેટલાકને આશ્ચર્યજનક લાગતું હશે, કારણ કે આજે જૈનોનો મોટો વર્ગ વણિક જાતિનો છે, પરંતુ જૈન ધર્મના પ્રણેતા ક્ષત્રિયો–રાજપુત્રો–રાજપૂતો છે અને એક વખત રજપૂતોનો મોટોભાગ જૈનધર્મ પાળતો, હતો એ આપણે ભૂલવાનું નથી. આ બહેને તથા બીજા કેટલાક રજપૂત ભાઈઓએ પૂજ્યશ્રીના ઉપદેશથી માંસ મદિરાનો ત્યાગ કર્યો હતો.

આ પ્રસંગે મહારાજશ્રીનાં વંદન અર્થે આવેલ અંભેટી (હાલ નવસારી) વાળા શાહ–છગનલાલ લલ્લુભાઈએ પૂજ્ય મહારાજશ્રીના ઉપદેશથી તેમના સ્વર્ગીય પુત્ર ચંદ્રકાન્તના સ્મરણાર્થે રૂા. ૩૦૦૦ ની સખાવત કરી, જેમાંથી આગળ ઉપર એક નાની સરખી ધર્મશાળા બંધાઈ અને તે સંઘને અર્પણ કરવામાં આવી. જો દાનવૃત્તિનો ઝરો મનુષ્યનાં હૃદયમાં વહેતો ન રહે તો આવાં કાર્યો શી રીતે થાય ? તેથી જ સુવિહિત સાધુઓ દાન અને દયા પર ખૂબ ભાર મૂકે છે અને તેને ધર્મનો મૂળ પાયો જણાવે છે.

## ખંભાત (સં. ૨૦૦૩)

અહીં વિશેષ સ્થિરતા કરવા માટે સંઘનો આગ્રહ હતો, પણ હવે પૂજ્ય ગુરુદેવોનાં ચરણમાં જવાની અતિ ઉત્કંઠા હોઈ વિહાર કર્યો અને ખંભાત પધાર્યા. ધન કમાઈને લાંબા વખતે પુત્ર ઘરે આવે ત્યારે જે આનંદ માતાપિતાને થાય છે,

તેવો જ આનંદ શિષ્યો ધર્મની પ્રભાવના કરીને પાછા ફરે ત્યારે ગુરુદેવોને થાય છે, એ કહેવાની જરૂર છે ખરી ?

અહીં માસ કલ્પની સ્થિરતા દરમ્યાન કમલાબહેન નામની એક મુમુક્ષુ બાઈને દીક્ષા આપવામાં આવી અને તેમને પૂજ્ય પ્રવર્તિની સાધ્વી શ્રી સૌભાગ્યશ્રીજી મહારાજના શિષ્યા પૂજ્ય વયોવૃદ્ધ સાધ્વી શ્રી ચંપાશ્રીજી મહારાજના શિષ્યા વિદુષી સાધ્વી શ્રી પ્રભાશ્રીજીના શિષ્યા...તરીકે જાહેર કરવામાં આવ્યા.

જે સંઘે પુરુષોની જેમ સ્ત્રીઓને પણ આત્મકલ્યાણ કરવાનો સરખો અધિકાર આપ્યો છે, તેનું અભિવાદન કોણ નહિ કરે ?

અનુક્રમે ખંભાતના સંઘની પૂજ્ય ગુરુદેવોને ચાતુર્માસ માટે વિનંતિ થઈ અને તેનો સ્વીકાર થતાં ચરિત્રનાયકે સં. ૨૦૦૩નું ચાતુર્માસ પૂજ્ય ગુરુદેવો સાથે ખંભાતમાં કર્યું. અહીં શાસ્ત્રીય યોગોદ્વહન દ્વારા તેમણે પોતાની સંયમસાધનાને વધુ સતેજ કરી અને ગુરુસેવાનો લાભ લીધો.

આજ વર્ષમાં વેજલપુર પાસે પરોલી તીર્થમાં ગોધરા ગામના રહીશ બીપીનને દીક્ષા આપી તેમને મુનિશ્રી શુભંકરવિજયજીના શિષ્ય મુનિશ્રી સૂર્યોદયવિજયજી તરીકે જાહેર કરવામાં આવ્યા.

### સાઠંબા (સં. ૨૦૦૪)

ચાતુર્માસ વીત્યે પૂજ્યશ્રી પોતાના સુરિપુંગવ ગુરુદેવો

સાથે ગોધરા પધાર્યા. ત્યાં શાહ મનસુખભાઈ વીરચંદ શરાફે સોસાયટીમાં બંધાવેલ નવીન જિનમંદિરમાં શ્રી જિનબિંબોની પ્રતિષ્ઠા પૂજ્ય ગુરુદેવોના વરદહસ્તે ધામધુમથી થઈ. ત્યારબાદ ચરિત્રનાયક લુણાવાડા થઈને કપડવંજ પધાર્યા કે જેનું પ્રાચીન નામ કર્પટવાણિજ્ય છે અને જે અનેક મહાપુરુષોને ઉત્પન્ન કરવાનું ગૌરવ ધરાવે છે. અહીં સાઠંબા સંઘની ચાતુર્માસાર્થે વિનંતિ થતાં સં. ૨૦૦૪ નું ચાતુર્માસ સાઠંબામાં કર્યું.

કેટલાય વર્ષો બાદ સુવિહિત મુનિરાજોનું ચાતુર્માસ અને તેમાં વિશદ વ્યાખ્યાનનો યોગ, એટલે સંઘના ઉત્સાહનું પૂછવું જશું ? ૩૦ ઘરની ટૂંકી વસતિમાં પણ ઉપાશ્રય ભરચક રહેવા લાગ્યો. પર્યુષણમાં ૧૫ અઠ્ઠાઈઓ તેમજ બીજી તપશ્ચર્યા પણ ઘણી થઈ. તપ એ ભાવમંગલ છે અને ગમે તેવાં ચીકણાં કર્મોને પણ ખપાવી દે છે, તેથી જૈન શાસનમાં તપનો મહિમા ઘણો મોટો વર્ણવ્યો છે. ખાસ કરીને પર્યુષણના દિવસોમાં તેનું આરાધન વિશેષ પ્રકારે થાય છે. જેણે પર્યુષણ જેવા મહાપર્વમાં કોઈ જાતની તપશ્ચર્યા ન કરી તે પોતાને મળેલો મહા મોંઘો મનુષ્યભવ હારી ગયો એમ સમજવું.

સં. ૨૦૦૫ના માગશર માસમાં શા. કોદરલાલ કસ્તુરચંદ, શા. કસ્તુરચંદ નાથજીભાઈ, શા. મગનલાલ સોમચંદ અને શા. નાથાલાલ ભોગીલાલ તરફથી રૂા. ૭૦૦૦ના સદ્વ્યયે સાધર્મિક વાત્સલ્યપૂર્વક શાન્તિસ્નાત્ર ભણાવવામાં આવ્યું અને શા. વીરચંદ કરસનદાસ તરફથી ત્રણ છોડનોઉદ્યાપન મહોત્સવ ઉજવાયો.

અહીં શ્રી શાંતિનાથ ભગવાનનું નાનું સરખું મંદિર છે.

## તારંગાજી

સાઠંબાથી વિહાર કરી પૂજ્ય શ્રી તારંગાજી તીર્થે પધાર્યા કે જ્યાં શ્રી અજીતનાથ પ્રભુનો કૃપાકટાક્ષ ભવ્યજનોના સર્વ મનોરથો પૂર્ણ કરે છે. ડો-દીપચંદભાઈ, શ્રી છગનલાલ વગેરે ભાઈઓ ઠેઠ તારંગા સુધી સાથે રહ્યા હતા. અહીંની યાત્રાએ પૂજ્યશ્રીને અપૂર્વ આનંદ આપ્યો.

## સાઠંબા (સં. ૨૦૦૫)

ત્યાંથી પાછા ફર્યા બાદ વયોવૃદ્ધ પૂજ્ય મુનિમહારાજ શ્રી જયવિજયજીની નાદુરસ્ત તબિયતનાં કારણે ચરિત્રનાયક સાઠંબા રોકાઈ ગયા અને ત્યાંના સંઘની વિનંતિને માન આપી સં. ૨૦૦૫નું ચાતુર્માસ પણ ત્યાંજ વ્યતીત કર્યું. આ ચાતુર્માસમાં પણ ઉપકાર ઘણો થયો હતો.

ભાદરવા વદિ બીજે આપણા ચરિત્રનાયકે કરાવેલી સુંદર નિર્યામણાપૂર્વક મુનિરાજ શ્રી જયવિજયજી ખૂબ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. તે નિમિત્તે જૈન-જૈનેતર વર્ગે પાખી પાળી સ્મશાન યાત્રામાં ભાગ લીધો હતો અને સંઘ તરફથી અષ્ટાહ્નિકા મહોત્સવ કરવામાં આવ્યો હતો.

## કેશરિયાજી તીર્થ

ચાતુર્માસ બાદ પૂજ્યશ્રી સપરિવાર કેશરિયાજી તીર્થની યાત્રાએ પધાર્યા કે જેનો પ્રભાવ આજે ભારતભરમાં વિસ્તરી

રહ્યો છે. શા. વીરચંદ કરસનદાસ તથા શા. કોદરલાલ કસ્તુરચંદ પોતાની મંડળી સહિત આ વિહારમાં સાથે રહ્યા હતા અને એક માસ સુધી પોતાનાં ખર્ચે સુંદર ભક્તિ કરી હતી.

## ખંભાત

યાત્રા બાદ પૂજ્યશ્રી સાઠંબા પાછા ફર્યા હતા ત્યાંથી વિહાર કરતાં ઘણા ભાઈઓ કંબોયા સુધી સાથે ચાલ્યા હતા.

ત્યારબાદ પૂજ્ય શ્રી વાડાસીનોર, આણંદ અને બોરસદ થઈ ખંભાત પધાર્યા. બાદ મહુવાની પ્રતિષ્ઠા પ્રસંગે પહોંચી જવાની તમન્ના દિલમાં ઉઠતાં ખંભાતથી વિહાર થયો હતો અને સૌરાષ્ટ્રની ભૂમિમાં પાદાર્પણ કર્યું હતું. આ વિહારમાં શા. કેશવલાલ પ્રેમચંદ વગેરે ભાઈઓ કેટલાક દિવસ સુધી સાથે રહ્યા હતા અને ઉત્તમ પ્રકારની ગુરુભક્તિ કરી કૃતાર્થ થયા હતા.

## ગણિ તથા પંન્યાસપદ પ્રદાન

રાજહંસો દૂરથી વિહાર કરીને માનસરોવરની પાળે પહોંચે અને તેનાં નિર્મળ જલરાશિ પર વિહરવા માંડે ત્યારે તેમનાં હૃદયમાં જે આનંદ અને ઉલ્લાસનો આવિર્ભાવ થાય છે, તેવો જ આનંદ અને ઉલ્લાસનો આવિર્ભાવ મહુવામાં પાદાર્પણ કરતાં આપણાં ચરિત્રનાયકનાં હૃદયમાં થયો હતો. તેના મુખ્ય કારણો ત્રણ હતાં. એક તો તેનો ભૂતકાળ અતિ ભવ્ય બીજું તે શ્રી શાસનસમ્રાટની જન્મભૂમિ અને ત્રીજું ત્યાં પૂજ્ય ગુરુદેવો આદિ વિશાળ મુનિમંડળની હાજરી.

અહીં બે ગગનચુંબી દેવાલયોમાં પધરાવવાનાં જિનબિંબોની અંજનશલાકા—પ્રતિષ્ઠાનાં નિમિત્તે ભવ્ય મહોત્સવ મંડાયો હતો અને તેણે અનેક ભવ્યાત્માઓનું આકર્ષણ કર્યું હતું. મિજલસો અને મેળાઓમાં પ્રાયઃ પ્રાકૃત ભાવોનું પોષણ થાય છે, ત્યારે આવા ધાર્મિક ઉત્સવ–મહોત્સવો સુસંસ્કારોનું સિંચન કરે છે. અને મનુષ્યનાં જીવન ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપે છે.

આ મહોત્સવ સંપન્ન થયા પછી તળાજા, કદમ્બગિરિ, સિદ્ધગિરિ આદિ તીર્થોની યાત્રા કરી ચરિત્રનાયક બોટાદ પધાર્યા કે જે પ્રથમ તીર્થપતિ શ્રી ઋષભદેવ, વીશમા તીર્થપતિ શ્રી મુનિસુવ્રતસ્વામી અને ચરમ તીર્થપતિ શ્રી મહાવીર સ્વામીના રમણીય પ્રાસાદોથી વિભૂષિત છે અને ૨૫૦ લગભગ શ્રાવક ઘરોની વસ્તી ધરાવે છે. ચરિત્રનાયકે સં. ૨૦૦૬ નું ચાતુર્માસ પૂજ્ય ગુરુદેવોની નિશ્રામાં અહીં પસાર કર્યું.

આ ચાતુર્માસની એક વિશિષ્ટ ઘટનાની અમે નોંધ લેવા ઇચ્છીએ છીએ, કારણ કે તે ચરિત્રનાયકની ચારુજીવન વાટિકામાં વિકસેલા ધૈર્યાદિ અનેક ગુણકુસુમોનો પરિચય આપે છે.

આયંબિલાદિ તપશ્ચર્યા, ચિત્તશોધન અને શ્રુત પ્રત્યેનો ઉત્કટ અનુરાગ એ આ ક્રિયાના મુખ્ય અંગો છે. આ ક્રિયા દરમિયાન તેમની શારીરિક સ્થિતિ નબળી પડી, માંદગીએ તેમને ઘેરી લીધા, પરંતુ તેમણે ચિત્તની સ્વસ્થતા જરાપણ

ગુમાવી નહિ, એટલું જ નહિ પણ પોતાની આરાધના નિયમિત ચાલુ રાખી.

## સાહિત્યની રચના

આ ચાતુર્માસમાં તેમણે દશઢાળોથી શોભતી શ્રી મહાવીર જિનપંચ કલ્યાણક પૂજાની રચના કરી. જે તેમનાં હૃદયમાં વહી રહેલા ભક્તિરસનાં તથા કાવ્યકલાનાં સુભગ દર્શન કરાવે છે. ચરિત્રનાયકે આગળ જતાં શ્રી જિન ગુણ નૂતનસ્તવનમાળા, શ્રી આદર્શ સજ્ઝાયમાળા વગેરેની પણ રચના કરેલી છે, તે એમનો કાવ્યકલા પ્રત્યેનો પરમ અનુરાગ પ્રગટ કરે છે. ચરિત્રનાયકનું સંસ્કૃત-પ્રાકૃત ભાષાનું અધ્યયન પણ આ સમયમાં સારી રીતે આગળ વધી રહ્યું હતું.

ચાતુર્માસ વ્યતીત થયું અને (સં. ૨૦૦૭ના) કાર્તિક માસનો કૃષ્ણ પક્ષ વહેવા લાગ્યો. તેની પાંચ તિથિઓ પ્રશસ્ત વાતાવરણનો પ્રસાર કરીને ભૂતકાળના ભંડારમાં વિલીન થઈ ગઈ. છઠ્ઠનું પ્રભાત ઉદય પામ્યું, તે અતિ રળિયામણું હતું. પૂર્વાકાશમાં સોનલ સાથિયા પૂરાયા હતા, વાયુમંડળ મૃદુ મૃદુ વીણા બજાવી રહ્યો હતો અને વૃક્ષશાખાઓ પર વિહંગગણે પોતાનાં મંજુલ ગાન આરંભી દીધાં હતાં. માનવસમુદાય પણ આનંદમગ્ન હતો. સહુ નવી આશાને નવા ઉત્સાહથી પૃથ્વી પર પગલાં માંડી રહ્યા હતા.

## બોટાદમાં ગણિપદ અર્પણ

આ વખતે બોટાદનો સકલસંઘ પૂજ્ય ગુરુદેવોની નિસાંધ્યમાં

એકત્ર થયો હતો અને તેનો આનંદ અમાપ હતો. વલસાડ, ખંભાત, બોરસદ, સુરત, સાઠંબા તથા વીરમગામ વગેરે ગામોથી પધારેલા અનેક ભાવિક સ્ત્રીપુરુષોએ આનંદમાં વૃદ્ધિ કરી હતી. કચ્છ–સુથરીથી શ્રી શામજીભાઈ ઉકેડા પણ આવી પહોંચ્યા હતા. અને તેમનાં મુખ મંડળ પર પ્રસન્નતાની રેખાઓ તરવરી રહી હતી.

આવા અપૂર્વ આનંદકારી વાતાવરણ વચ્ચે મંગલમુહૂર્ત પ્રાપ્ત થતાં ચરિત્રનાયકને વિધિપૂર્વક ગણિપદ અર્પણ કરવામાં આવ્યું કે જે શ્રુતારાધના અને ક્રિયા કુશલતાનો એક સંઘ–માન્ય સંકેત છે. સહસ્રરશ્મિના કિરણોનો સ્પર્શ થતાં પદ્મસમૂહ પાંખડીઓ જેમ વિકાસ પામવા માંડે છે, તેમ ગણિપદ પ્રદાન થતાં ઉપસ્થિત ભક્ત સમુદાયની હૃદય પાંખડીઓ વિકાસ પામવા લાગી અને તેમાંથી પ્રમોદરૂપી પરાગ ચારે તરફ ઉડવા લાગ્યો. આ જ મંગલ-ધન્ય અવસરે મારવાડ–સિયાણા નિવાસી શ્રી તારાચંદજીને ભવતારિણી ભાગવતી દીક્ષા આપવામાં આવી અને તેઓ મુનિશ્રી રિદ્ધિ–ચંદ્રવિજય નામ પામી મુનિ શ્રી વિનય-ચંદ્રવિજયના શિષ્ય થયા. આનંદમાં આનંદ અને ભરતીમાં ભરતી હોય છે, એ કોણ નથી જાણતું ?

અહીં ખંભાત નિવાસી શ્રાદ્ધવર્ય સોમચંદભાઈ પોપટલાલ તથા તેમના સુપુત્ર હીરાભાઈ વગેરે અનેક મહાનુભાવોએ પોતાના આંગણે ઉપસ્થિત થનાર ઉદ્યાપન મહોત્સવના શુભ પ્રસંગે પધારવાની વિનંતિ કરતાં પૂજ્ય આચાર્યદેવો આપણા

ચરિત્રનાયક વગેરે વીશ મુનિવરો સાથે ખંભાત પધાર્યા અને ત્યાંનો સંઘ અતિ હર્ષ પામ્યો. મેઘનું આગમન મયૂરસમૂહને અવશ્ય હર્ષનું કારણ થાય છે.

ઉદ્યાપનમહોત્સવ સર્વજ્ઞ શાસનમાં રત્નત્રયીની વિશિષ્ટ ઉપમા પામેલાં જ્ઞાન, દર્શન અને ચારિત્રની પ્રભાવના માટે યોજાય છે. જ્ઞાનથી આત્મા તત્ત્વોને જાણી શકે છે. દર્શનથી તેના પર શ્રદ્ધા કરી શકે છે અને ચારિત્રથી તેવા ઉપાદેય અંશોને જીવનમાં ઉતારી પોતાનું કલ્યાણ સાધી શકે છે. પૂજ્ય ગુરુદેવો આદિ વિશાળ મુનિમંડળની ઉપસ્થિતિથી આ મહોત્સવમાં અનેરો રંગ પૂરાયો અને કેઈ આત્માઓ રત્નત્રયીનો રળિયામણો પ્રકાશ પામી ગયા !

ઉદ્યાપન–મહોત્સવ બાદ ચરિત્રનાયકે અમદાવાદ ભણી વિહાર કર્યો.

## અમદાવાદમાં આગમન અને તેનું મહત્ત્વ

ચરિત્રનાયક અત્યાર સુધીમાં અનેકવાર અમદાવાદ આવ્યા હતા, પણ આ વખતનું આગમન નિરાળું હતું. એક સાથે આઠ આચાર્ય ભગવંતો પોતાના સવાસો શિષ્ય–પ્રશિષ્યો ઉપરાંત મંગલ અવસર નિમિત્તે અમદાવાદમાં પ્રવેશ કરવાના હતા અને તેમાં તેમને સામેલ થવાનું હતું.

ચૈત્ર વદિ ૧૧થી પાંજરાપોળના ઉપાશ્રયે અષ્ટાહ્નિકા મહોત્સવનો આરંભ થયો અને ગામેગામથી શ્રાવકસમુદાય આવવા લાગ્યો. સારુંયે વાતાવરણ ધાર્મિક પ્રવૃત્તિઓથી ધમ-

ધમી ઉઠયું. દિલ્હી દરવાજા બહાર આવેલી શેઠ હઠીસિંગ કેસરીસિંગની વાડી કે જે રાજનગરના રળિયામણા ઇતિહાસમાં અનોખી ભાત પૂરી જાય છે, તેનાં વિશાળ પ્રાંગણમાં એક ભવ્ય મંડપ ઊભો કરવામાં આવ્યો હતો. તેનાં મુખ્ય દ્વારની સજાવટ અપૂર્વ કલાકારીગરીને લીધે સર્વ પ્રેક્ષકોનું ધ્યાન ખેંચતી હતી. અને કમાનો પણ પોતાની કમનીયતાથી ઘડીભર થોભી જવાનો સાદ દેતી હતી. સ્થળે સ્થળે બંધાયેલી ધ્વજાઓ અહીં સંપન્ન થનારા ઉત્સવની આગાહી આપતી હતી અને પતાકાઓની પરંપરા એ ઉત્સવમાં પ્રવાહિત થનારા પ્રશસ્ત ભાવોનો સંકેત કરતી હતી.

## પંન્યાસ પદવી અર્પણ

વૈશાખ સુદિ ૩ના દિવસે પૂજ્ય ગુરૂવર્યોના વરદ હસ્તે આ વિશાળ ભવ્ય મંડપમાં દશ હજાર ઉપરની માનવ મેદની સમક્ષ એક સાથે સત્તર ગણિવર્યોને પંન્યાસપદ અર્પણ કરવામાં આવ્યું, જેમાં આપણા ચરિત્રનાયક પણ સામેલ હતા. આ વખતના આનંદનું વર્ણન કોણ કરી શકે ? જ્યાં એક ગણિવર્યની પંન્યાસપદવી પણ અપૂર્વ આનંદનું કારણ બને છે, ત્યાં સત્તર ગણિવર્યોની પંન્યાસપદવી કેવા અને કેટલા આનંદનું કારણ બની શકે ? તેનો વિચાર પાઠકોએ સ્વયં કરી લેવો. અમે તો આ પ્રસંગ માટે એટલું જ કહીએ છીએ કે તેનો આનંદ વાણીને અગોચર હતો, એટલે તે અક્ષરાંકિત થઈ શકે એમ નથી.

આ પુનિત પદપ્રદાન પછી ચરિત્રનાયક 'પંન્યાસશ્રી

યશોભદ્રવિજયજી ગણિવર્ય'નાં નામથી પ્રસિદ્ધ થયા અને એ નામ હજારો હોઠ પર ચડી અતિ લોકપ્રિય બની ગયું આ પછી ગુરૂવર્યો સાથે ખંભાત તરફ વિહાર કર્યો.

ખંભાત તરફ પ્રયાણ કરવાનું મુખ્ય નિમિત્ત ખંભાત-નિવાસી શાહ મોહનલાલ વખતચંદ તરફથી જીરાવલા પાડામાં તૈયાર થયેલ જિનાલયમાં શ્રી અરનાથ પ્રભુ આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા કરવાનું હતું. જ્યારે આ મુનિમંડળે ખંભાતમાં પદાર્પણ કર્યું ત્યારે શ્રી હીરાલાલ બાપુલાલ તરફથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

નિર્ધારિત પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ આનંદમંગલપૂર્વક સંપન્ન થયો અને તેજ દિવસે શ્રી હીરાલાલ બાપુલાલ તરફથી તેમની ધર્મપત્નીએ કરેલા જ્ઞાનપંચમી તપની પૂર્ણાહુતિ-નિમિત્તે ભવ્ય સમારોહપૂર્વક ઉદ્યાપન મહોત્સવ ઉજવવામાં આવ્યો.

અહીં વટાદરા સંઘની વિનંતિ થતાં પૂજ્ય ગુરૂદેવોની આજ્ઞાથી ચરિત્રનાયક આદિ ત્રણ મુનિવરો વટાદરા પધાર્યા અને ત્યાં જિનમંદિરના જીર્ણ થયેલા ધ્વજદંડને બદલે નૂતન ધ્વજ-દંડનો આરોપણ વિધિ ખૂબ ધામધૂમથી કરવામાં આવ્યો.

આ મહોત્સવની પૂર્ણાહુતિ થયા બાદ ચરિત્રનાયક પેટલાદ થઈ બોરસદ પધાર્યા કે જ્યાં સં. ૨૦૦૭નું ચાતુર્માસ ગાળવાની પૂજ્ય ગુરૂદેવો તરફથી અનુમતિ મળી ગઈ હતી.

ચાતુર્માસ એટલે ધર્મની ખાસ મોસમ. એ વખતે સાધુ મહાત્માઓની સ્થિરતા હોય અને તેમનો ઉપદેશ સાંભળતાં

શ્રાવક સમુદાયના હૃદયમાં ધર્મની ભરતી આવે. અહીં ચરિત્ર-નાયકની વિશિષ્ટ ઉપદેશ શૈલીથી અનેકનાં હૃદય ધર્મના રંગે રંગાયાં અને તેથી તપશ્ચર્યાનું પ્રમાણ ઘણું વધવા પામ્યું. સીદાતા સાધર્મિક ભાઈઓની ભક્તિ કરવા નિમિત્ત પૂજ્યશ્રીએ એક ફંડની જરૂર જણાવતાં તેમાં આશરે રૂપિયા બે હજાર ભરાઈ ગયા અને એક ઉદ્યોગમંદિરની સ્થાપના પણ થઈ.

અહીંથી સં. ૨૦૦૮ના માગસર સુદિ ૧૩ના વિહાર કરી ચરિત્રનાયક વલ્લભીપુર, શિહોર, ભાવનગર, ઘોઘા, તણસા, ત્રાપજ, દીહોર, ટાણા આદિ મોટા ગામોમાં સ્થિરતા કરી

પાલીતાણા સાહિત્ય મંદિરમાં પધાર્યા. ત્યાં શ્રી સિદ્ધાચલની યાત્રાથી અપૂર્વ આનંદ માણ્યો. ત્યાંથી વિહાર કરી ગિરનાર પધાર્યા.

તીર્થાટન પણ માનવજીવનનું એક મહાફળ છે, એટલે સાધુપુરૂષો સમય-સંયોગોની અનુકુળતા દેખતાં જ તીર્થયાત્રા કરે છે અને તેનાથી પોતાની સંયમસાધનાને પુષ્ટ બનાવે છે. ગૃહસ્થોએ પણ વર્ષમાં ઓછામાં ઓછી એકવાર તીર્થયાત્રા કરવી જોઇએ, એવું શાસ્ત્રકારોનું ફરમાન છે, કારણ કે તેથી સમ્યક્ત્વ નિર્મળ થાય છે, નવા નવા ભાવિકોના સમાગમમાં આવવાથી જ્ઞાનની વૃદ્ધિ થાય છે અને જીવનશુદ્ધિ માટેનો સંકલ્પ શિથિલતા તજી દૃઢ-દૃઢતર-દૃઢતમ ભાવને ધારણ કરે છે.

ગિરનાર એટલે ભગવાન અરિષ્ટનેમિનાં ત્રણ કલ્યાણકોથી પાવન થયેલું મહાતીર્થ. એના ગગનચૂંબી ભવ્ય જિનાલયોમાં

રહેલાં જિનબિંબોને જુહારતાં કોને આનંદ ન થાય? ચરિત્રનાયકે આ યાત્રાથી ઘણો આત્મોલ્લાસ અનુભવ્યો. ત્યાંથી પાછા ફરતાં જેતપુર, ગોંડલ આદિ અનેક ગામોને વ્યાખ્યાન વાણી તથા ધર્મચર્ચાનો લાભ આપ્યો. જેમ મેઘરાજા વર્ષાનો લાભ કોઈ પણ જાતના ભેદભાવ વિના સર્વસ્થાનોને આપે છે, તેમ સાધુમહાત્માઓ પણ ઉપદેશનો લાભ કોઇપણ જાતના ભેદભાવ વિના સર્વ સ્થાનોને આપે છે.

ચૈત્ર સુદિમાં ચરિત્રનાયક પુનઃ પાલીતાણા પધારી ગયા અને વદિ ૩ના દિવસે શીહોર સંઘના આગેવાનોએ આવીને ચાતુર્માસ માટે આગ્રહભરી વિનંતિ કરી. ચરિત્રનાયકે ઉત્તરમાં જણાવ્યું કે 'જો ક્ષેત્ર સ્પર્શના હશે અને પૂજ્ય ગુરુદેવોની આજ્ઞા થશે તો તમારી ભાવનાપૂર્ણ થશે.' આથી સંઘને ઘણો હર્ષ થયો અને તે પોતાની ભાવના ક્યારે સફળતા થાય? તેની રાહ જોવા લાગ્યો, ત્યારબાદ પાલીતાણામાં મુનિશ્રી વિનયચંદ્રવિજયજીનું વર્ષીતપનું પારણું ઘણી સારી રીતે થયું.

પાલીતાણાની સ્થિરતા દરમિયાન મહુવા જઈ રહેલા પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજના તથા પોતાના શિષ્યોનાં પારણા નિમિત્તે પધારેલા પ. પૂ. આચાર્યદેવ શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજીનાં દર્શન વંદનનો લાભ મળ્યો. ત્યાંથી ચરિત્રનાયક કદંબગિરિ પધાર્યા. પ. પૂ. આચાર્યદેવશ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજ પણ અહીં પધારેલ હતા, એટલે ચરિત્રનાયકને તારક તીર્થયાત્રા અને પૂજ્યનો સમાગમ એમ

એવડો લાભ મળ્યો. અહીં વેજલપુર (પંચમહાલ)ની એક બહેન સંયમી બન્યા, તેમને સાધ્વીશ્રી પ્રવીણાશ્રીજીના શિષ્યા હર્ષગુણાશ્રી તરીકે જાહેર કરવામાં આવ્યા. ઉત્તમ તીર્થસ્થાનમાં દીક્ષા થવી એ પણ જીવનનું પરમ સૌભાગ્ય છે.

ત્યાંથી સોનગઢ, વલ્લભીપુર અને જાળિયાને લાભ આપી ચરિત્રનાયક વડિયા પધાર્યા, જ્યાં શીહોરથી શ્રી પ્રાગજીભાઈ ઝવેરભાઈ આદિશ્રી સંઘ વંદન કરવા આવ્યો હતો. અહીં શ્રી પ્રાગજીભાઈએ પંચકલ્યાણક પૂજા ભણાવી હતી તથા સાધર્મિક વાત્સલ્યનો લાભ લીધો હતો. તેમના આગ્રહથી પૂજ્ય પન્યાસજી મહારાજે તેમના બંગલે એક દિવસ સ્થિરતા કરી હતી.

જેઠ વદિ ૧૧ના શુભ દિવસે ચાતુર્માસ નિમિત્તે શિહોરમાં વાજતે ગાજતે પ્રવેશ થયો. અને તે સકલ સંઘને પરમ પ્રમોદનું નિમિત્ત બન્યો હતો. ચાતુર્માસ દરમિયાન સાધ્વીજી હર્ષગુણાશ્રીની વડી દીક્ષા, અનેકવિધ તપશ્ચર્યા, ભવ્ય અષ્ટાહ્નિકા મહોત્સવ, શાંતિસ્નાત્ર, રથયાત્રાના ભવ્ય વરઘોડા, પાંચ ઉપરાંત સાધર્મિક વાત્સલ્ય, શ્રી આદિનાથ પ્રભુ તથા શ્રી કુંથુનાથ પ્રભુજીના જૂદા જૂદા દિવસોએ નગરપ્રવેશ, શાહ પ્રાગજી નથુભાઈ તરફથી તૈયાર થયેલ શ્રી પૂ. શાસનસમ્રાટ્ તથા પૂ. શ્રી આગમોદ્ધારકનાં તૈલ-ચિત્રોનું અનાવરણ આદિ અનેક માંગલિક કાર્યો થયાં હતાં.

ત્યાંથી સં. ૨૦૦૯ના કારતક વદિ ૬ના દિવસે વિહાર કરતાં કનાડ મુકામે શ્રી પ્રાગજીભાઈ ઝવેરભાઈ તરફથી બંને વખતની સાધર્મિક ભક્તિ થઈ હતી અને ચરિત્રનાયકે એક

હજાર ભાવુકોને ઉદ્દેશી ભવતારક ભવ્ય દેશના આપી હતી. ત્યાંથી મઢડા પધારતાં સો જેટલાં ભાઈબહેનો વિહારમાં સાથે રહ્યા હતા. શાહ પ્રાગજી નથુભાઈ તરફથી સાધર્મિક ભક્તિનો લાભ લેવાયો હતો. ત્યાંથી પચાસ ઉપરાંત શ્રાવક શ્રાવિકાના સમુદાય સાથે તેઓશ્રી સિદ્ધગિરિ પધાર્યા હતા. અમૃત જેટલી વાર ચાખીએ તેટલીવાર મીઠું લાગે છે, તેમ તીર્થયાત્રા જેટલી વાર કરીએ તેટલીવાર કર્મનિર્જરાનું કારણ બને છે અને મન-વચન-કાયાની પવિત્રતા વધારે છે.

શ્રી સિદ્ધગિરિથી કદંબગિરિ થઈ ચરિત્રનાયક મહુવા પધાર્યા અને ત્યાં શ્રી ગુરૂદેવની પાદુકાનાં દર્શન કરી કૃતાર્થ થયા. ત્યાંથી તેમણે તાલધ્વજ તીર્થ પધારી મૌન એકાદશી સુધી સ્થિરતા કરી.

ત્યાંથી રાણપુર થઈ વઢવાણ શહેર થઈ જોરાવરનગર પધાર્યા અને ત્યાંની જનતાને લાગલગાટ પંદર દિવસ સુધી પ્રાણવાન પ્રવચનોનો લાભ આપ્યો હતો. અહીં શિયાણી તીર્થ જીર્ણોદ્ધાર કમીટીના સભ્યો શ્રી વ્રજલાલ ત્રિભોવન વગેરેની વિનંતિ થતાં ચરિત્રનાયક શિયાણી પધાર્યા હતા. અને પ્રભુજીને ગભારામાં પધારવાનો ઉત્સવ આસપાસનાં ગામોમાંથી આવેલ હજારો ભાવુકોની હાજરીમાં ઘણા આનંદોલ્લાસથી ઉજવાયો હતો. અહીં દેવદ્રવ્યની ઉપજ આશરે રૂપિયા ત્રણ હજાર થઈ હતી. શિયાણી એ ઝાલાવાડનું પ્રાચીન તીર્થ છે. ત્યાં સંપ્રતિ રાજાના સમયનાં કેટલાંક જિનબિંબો મળી આવેલાં છે. વચ્ચે આ

તીર્થની સ્થિતિ સારી ન હતી, પણ તે અંગે જીર્ણોદ્ધાર કમીટી નીમાયા પછી એ તીર્થની સ્થિતિ સુધરી ગઈ છે અને આજે તો ત્યાં લગભગ બધી જાતની સગવડ થઈ ગઈ છે.

## ઉપરીયાળા અને શંખેશ્વરની જાત્રા

ત્યાંથી ગ્રામાનુગ્રામ વિહાર કરતાં અને લોકોને સર્વજ્ઞ પ્રણીતશાસ્ત્રવચનો સંભળાવતા ચરિત્રનાયકે ઉપરિયાળા અને શંખેશ્વર તીર્થની યાત્રા કરી. આ બંને તીર્થોની યાત્રા કરવાનો પ્રસંગ તેમના જીવનમાં પહેલો જ હતો, એટલે તે વિશેષ પ્રભાવક નીવડયો. શ્રી શંખેશ્વરજી તીર્થ ઘણું પ્રાચીન છે અને તે આજે પણ જીવતું-જાગતું ગણાય છે. તેના ચમત્કારો અનેક મહાનુભાવોએ અનેકરીતે અનુભવ્યા છે. આજે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથનો અઠ્ઠમપૂર્વકનો જપ ઘણાં સ્થળે કરાવવામાં આવે છે અને તે પરમ શાંતિ-તુષ્ટિ-પુષ્ટિદાયક નીવડે છે.

આ રીતે ચૌદ દિવસમાં ત્રણસો માઈલનો ઉગ્રવિહાર કરીને ચરિત્રનાયક રાજનગર પધાર્યા અને ત્યાં આઠ દિવસની સ્થિરતા કરી. ત્યાંથી આણંદ થઈ વડોદરા પધાર્યા. અહીં પ. પૂ. આચાર્યદેવશ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજીનું સુભગ મિલન થયું અને ગોધરા, વલસાડ, શાંતાક્રૂઝ, ખંભાત તથા સુરતના સંઘોની ચાતુર્માસ અર્થે વિનંતિઓ થઈ. ગુણિયલ ગુરૂરાજનું ચાતુર્માસ પોતાને ત્યાં કોણ ન ઇચ્છે? પરંતુ એ વિનંતિનો સ્વીકાર થવામાં પુણ્યની પ્રબળતા જોઈએ છે. આ પ્રસંગે વલસાડનું પુણ્ય અધિક જણાયું, કારણ કે ચરિત્રનાયકે ગુરુદેવની આજ્ઞા

મળતાં ત્યાં પધારવાની ભાવના પ્રદર્શિત કરી.

ચૈત્ર માસની શાશ્વતી આયંબિલની ઓળી અંગે ચરિત્ર-નાયક સુરત પધાર્યા. ત્યાં નેમુભાઈની વાડીના ઉપાશ્રયે આયં-બિલની ઓળીની આરાધના કરાવ્યા બાદ વડાચૌટા સંવેગીના ઉપાશ્રયે પધાર્યા.

અહીંની અઢાર દિવસની સ્થિરતા આત્મકલ્યાણ માટે ખૂબ ઉપકારક નીવડી. બાદ નવાપુરા, હરિપુરા, સગરામપુરા, છાપરિયા શેરી વગેરે સંઘોની આગ્રહભરી વિનંતિ થતાં દરેક સ્થળે ચાર ચાર દિવસની સ્થિરતા કરવામાં આવી અને તેમાં દાન-શીલ-તપ-ભાવરૂપી ચતુર્વિધ ધર્મનો ઉપદેશ અનેરી છટાથી સ્થિરતા દરમિયાન નગીનચંદ હોલ અને બેસન્ટ હોલમાં જાહેર પ્રવચનો થયાં હતાં, તે દરેકમાં પ્રાયઃ બેથી અઢી હજાર શ્રોતાઓએ હાજરી આપી હતી. કમલવૃંદ ખીલી ઉઠે ત્યાં ભ્રમરોની ભીડ થયા વિના કેમ રહે ?

વલસાડનાં ચાતુર્માસ માટે પૂજ્ય ગુરૂદેવોની અનુમતિ મળી ગઈ હતી, એટલે હવેનો વિહાર તે તરફ લંબાયો.

વલસાડ પધારતાં શાહ મગનલાલ વીરચંદના બંગલે સ્થિરતા કરવામાં આવી હતી. બીજા દિવસે ચાતુર્માસ નિમિત્તે ભવ્ય નગરપ્રવેશ થયો હતો. દશ વર્ષ બાદ પૂજ્ય પંન્યાસજી મહારાજનું ચાતુર્માસ થતું હોવાથી સંઘનો ઉત્સાહ આભને આંબવા મથી રહ્યો હતો.

સં. ૨૦૦૯નું ચાતુર્માસ વલસાડમાં અતિ આનંદમંગલ

પૂર્વક વ્યતીત થયું. આ ચાતુર્માસ દરમિયાન શ્રી સિદ્ધચક્ર બૃહદ્‌યંત્રપૂજન થયું તથા રથયાત્રાના ભવ્ય વરઘોડા વગેરે બીજી પણ પ્રવૃત્તિઓ ઘણી થઈ.

અહીંથી ચરિત્રનાયકે મુંબઈ ભણી વિહાર કર્યો કે જે ભારતની એક અલબેલી નગરી ગણાય છે અને જ્યાં પંચરંગી પ્રજા મોટા પ્રમાણમાં વસે છે.

## મુંબઈમાં મહાઉપકાર

વિરાર સ્ટેશનથી આશરે ત્રણ માઇલ દૂર આવેલું, આઠથી દશ હજારની વસ્તીવાળું અગાશી બંદર ઘણું પ્રાચીન છે. તે વીશમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામીના કૃપાકટાક્ષથી પવિત્ર થયેલું છે કે જેઓ ભક્તોનાં મનોવાંછિત પૂર્ણ કરવામાં કલ્પ-વૃક્ષ, કામકુંભ કે ચિંતામણિ રત્નથી પણ અધિક છે. ભવ્યમંદિર આલીશાન ઉપાશ્રય, ધર્મશાળાઓ, સેનેટેરિયમ, પાઠશાળા, પુસ્તકાલય વગેરેથી વિભૂષિત હોવાને લીધે મુંબઈના ઘણા ભાવિકો અહીં અવારનવાર દર્શનાર્થે આવે છે અને રવિવારના દિવસે તો મોટો મેળો જામ્યો હોય તેવું દૃશ્ય ખડું થાય છે.

આપણા ચરિત્રનાયકે જ્યારે આ પ્રાચીન તીર્થમાં પ્રવેશ કર્યો, ત્યારે મુંબઇથી શા૰ ધનજીભાઇ પરસોત્તમદાસ, દલીચંદભાઇ ભીખાભાઈ વજેચંદ, જંબુભાઈ ખુશાલચંદ, ઉમરશી ટોકરશી, રતનશી પાશવીર, નરશી પાશવીર; હેમરાજ પુંજાભાઈ, વિજયકુમાર શામજી, પ્રતાપભાઇ લખમીચંદ પાટણવાલા, હીરજી, કરમશી, લખમીચંદ ઘેલાભાઈ, ઉમરશી ઘેલાભાઈ આદિ અનેક મહાનુભાવો અહીં આવ્યા હતા અને તેઓ

ચરિત્રનાયકનાં દર્શન-સ્વાગત-પ્રવચનનો લાભ લઈ કૃતાર્થ થયા હતા. યાત્રાળુઓએ પણ તેમના દર્શન-સમાગમ વગેરેના લાભથી આનંદ અનુભવ્યો હતો.

## માટુંગામાં અજબ આકર્ષણ

ત્યાંથી વિહાર કરીને બોરીવલી, મલાડ, અંધેરી, પાર્લા, શાંતાક્રુઝ વગેરે સ્થાનોને પાવન કર્યાં અને સં. ૨૦૧૦ના પોષ વદિ ૧ના દિવસે માટુંગામાં શ્રી કચ્છી શ્વેતામ્બર મૂર્તિ-પૂજક જૈન ઉપાશ્રયને અલંકૃત કર્યો.

સૂર્ય અને ચંદ્રના કિરણો દૂર દૂર પહોંચી પ્રકાશ આપે છે, તેમ સત્પુરૂષોની કીર્તિ દૂર દૂર પહોંચી લોકોને અવનવી પ્રેરણા આપે છે. ચરિત્રનાયકની ચારુ કીર્તિ અત્યાર પૂર્વે સૌરાષ્ટ્ર-ગુજરાતની સીમાઓ ઓળંગીને મુંબઈ મહાનગરીમાં આવી પહોંચી હતી અને તેનાં પરિસરોમાં પણ પ્રસાર પામી હતી, એટલે તેમનું આગમન થતાં જ મુમુક્ષુઓ મોટી સંખ્યામાં એકત્ર થવા લાગ્યા અને ભમરો જે મમતાથી પદ્મપરાગનું પાન કરે છે, તેવીજ મમતાથી તેઓ ચરિત્રનાયકના વચનામૃતનું પાન કરવા લાગ્યા.

પંદર દિવસનાં પ્રવચનોએ તો માટુંગામાં અજબ આકર્ષણ ઊભું કરી દીધું અને ત્યાંનો સકળ સંઘ તેમને ચાતુર્માસનો લાભ આપવા આગ્રહભરી વિનંતી કરવા લાગ્યો. પરંતુ ચાતુર્માસનો નિર્ણય લાભાલાભનો પૂરતો વિચાર કર્યા પછી લેવાય એટલે ચરિત્રનાયકે તેમને વિચાર કરીને જવાબ આપવાનું જણાવ્યું.

## મુંબઈમાં પ્રવચન પરંપરા

પરમપૂજ્ય આચાર્યમહારાજ વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં શિવ સોસાયટીમાં, પાયધુની નમિનાથના જૈન ઉપાશ્રયે, ભાતબજારના કચ્છી ઉપાશ્રયે, તથા ખારેક બજારમાં આવેલ અનંતનાથ જૈન ઉપાશ્રયે એમ વિવિધસ્થળે આપણા ચરિત્રનાયકના પ્રવચનો થયાં.

દરેક સ્થળે રવિવારના દિવસે જાહેરપ્રવચનો અને રાગરાગિણીપૂર્વક પૂજાઓ થતી હતી.

સારા સાધુઓની અને સમર્થ વક્તાઓની સહુને જરૂર હોય છે તે રીતે કોટ સંઘની વિનંતિ થઈ અને ચરિત્રનાયક કોટના ઉપાશ્રયે પધાર્યા. આ અરસામાં આંતરરાષ્ટ્રિય ખ્યાતિ પામેલ શાહ સોદાગર પ્રેમચંદ રાયચંદના સુપુત્ર શેઠશ્રી કીકાભાઈ પ્રેમચંદનો સ્વર્ગવાસ થયો અને તે નિમિત્તે શાંતિસ્નાત્ર સહિત અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવવાનું નક્કી થયું.

આ પ્રસંગે ચરિત્રનાયકે શ્રી હીરાભાઈ મલબારીની વિનંતિથી શેઠ જીવણભાઈ અબજીભાઈના જ્ઞાનમંદિરમાં સ્થિરતા કરી. ત્યારબાદ માંડવી, ઘાટકોપર, મુલુંદ, થાણા, માટુંગા, ભાંડુપ, શીવ, આઝાદનગર વિગેરે ઠેકાણે વ્યાખ્યાન અને ધર્મપ્રભાવના કરતા માટુંગા પધાર્યા. અહિં જોરદાર ચાતુર્માસની વિનંતિ થઈ અને પૂ. ગુરુદેવોની અનુમતિ મળતાં તે વિનંતિનો સ્વીકાર કર્યો.

વિ. સં. ૨૦૧૦નું ચાતુર્માસ માટુંગામાં થયું. આ ચાતુર્માસમાં રવિવારે જાહેર વ્યાખ્યાનો થતાં, 'જીવનનો વિકાસ શેમાં?' 'પ્રગતિનો પગથાર.' 'પ્રભુતામાં પગલા' 'જીવનનો સોહાગ' 'અણુમોલ તક' 'નંદનવનના માર્ગે' 'અમરતાની પગદંડી' 'આધુનિક શિક્ષણ પ્રવૃત્તિની કાયાપલટની જરૂર' આત્મ-વિકાસના પંથે' 'માણસાઈના દીવડા' 'બંધન અને મુક્તિ' વિગેરે વિવિધ વિષયો ઉપર ચિંતનસભર તેમના વ્યાખ્યાનો થતાં. આ વ્યાખ્યાનો માટે સ્વતંત્ર મંડપ બાંધવામાં આવ્યો હતો.

ચાતુર્માસ દરમિયાન પૂ. ચરિત્રનાયકની પ્રેરણાથી ઉપાશ્રયના બાંધકામમાં ૫૧૫૦૧નું દાન મળ્યું હતું. આ ઉપરાંત ચાતુર્માસ દરમિયાન મુલુંદના ઉપાશ્રયના જીર્ણોદ્ધાર માટે અને પાલીતાણા પાસેના જેસર ગામના ઉપાશ્રયના જીર્ણોદ્ધાર માટે સારો ફાળો થયો હતો. ભવ્ય સમારોહપૂર્વક ચાતુર્માસ પરિવર્તન થયા બાદ મેરુપર્વતની રચના, ચોસઠદિક્કુમારિકા મહોત્સવ વિગેરે વિશિષ્ટ શાસન પ્રભાવનાના કાર્યો થયાં હતાં જેનો અહેવાલ મુંબઈના પ્રસિદ્ધ 'મુંબઈ સમાચાર' વિગેરે વર્તમાન પત્રોમાં ફોટા સાથે આવ્યો હતો.

માટુંગાથી પોષ સુદ–૧ના દિવસે આપણા ચરિત્રનાયકે વિહાર કર્યો ત્યારે સાતસો માણસોની આંખમાં આંસુ હતાં અને તેઓ કુર્લા (ચુના ભઠ્ઠી) સુધી આવ્યા હતા. વિદાય થતાં ચરિત્રનાયકે એક કલાક દેશના આપી હતી.

પૂજ્ય ચરિત્રનાયકે વિહાર કર્યાબાદ મુંબઈ ખંભાતનિવાસી નટવરલાલ નેમચંદ ચોપાટી-સીફેસલ નિવાસસ્થાને થોડા દિવસની સ્થિરતા કરી સિક્કાનગર, વાલકેશ્વર, મરીનલાઈન્સ, દાદર, વીલેપાર્લા, મલાડ, દોલતનગર-બોરીવલી થઈ તેઓ મુલુંદ પધાર્યા.

## માટુંગામાં અંજનશલાકા પ્રતિષ્ઠા

આ અરસામાં પોતાના પૂજ્ય ગુરુદેવો બાવીસ મુનિવરો સાથે ઘાટકોપર નિવાસી શાહ નેમિદાસના સુપુત્ર અમરચંદભાઈની દીક્ષા આપવા માટે પધારતા હોવાના સમાચાર જાણી ખૂબ આનંદિત થઈ મુલુંદ રોકાયા.

આ અરસામાં માટુંગા સંઘના આગેવાનો શ્રી હરિભાઈ, માણેકચંદ, કસ્તુરભાઈ વિગેરે મળ્યા અને તેઓએ કપડવંજ અંજનશલાકા મહોત્સવમાં પ્રતિમાજી ભગવંતોને અંજનશલાકા કરાવી તૈયાર થતા નુતન જિનમંદિરમાં પ્રતિષ્ઠિત કરવાનો નિર્ણય કર્યો હતો તે પૂજ્ય ચરિત્રનાયકની પ્રેરણાથી માટુંગામાં જ અંજનશલાકા કરાવવાનો વિચાર કર્યો. અને શ્રી સંઘને પોતાના ગુરૂદેવો જે સુરત હતા તેમને વિનંતિ કરાવી.

આગેવાનો સુરત ગયા અને પૂજ્ય ગુરુદેવોની નિશ્રામાં આ અંજનશલાકા મહોત્સવ કરાવવાનું નક્કી કરી આવ્યા. પરંતુ ચરિત્રનાયકનો કર્ણાટક તરફ વિહાર કરવાનો નિશ્ચિત હતો પણ સંઘની વિનંતિથી અને ગુરુદેવો પધારતા હોવાથી

તે વિહાર બંધ રાખી અંજનશલાકા પ્રતિષ્ઠાની સુયોગ્ય તૈયારી શ્રીસંઘ કરે તેનાં પ્રેરણાદાતા બન્યા.

પૂજ્ય ગુરુદેવો પધારતા હોવાથી ચરિત્રનાયક થાણા સામે ગયા અને ત્યાંથી ગુરુદેવો સાથે મુલુંદ પધારતાં મુલુંદના શ્રી સંઘે પૂ. ગુરૂદેવો સમક્ષ ચરિત્રનાયકને મુલુંદમાં ચાતુર્માસ કરવા વિનંતિ કરી. ગુરુદેવોની આજ્ઞા અને શ્રી સંઘની વિનંતિથી સં. ૨૦૧૧ના ચાતુર્માસની મુલુંદસંઘની વિનંતિ સ્વીકારાઈ.

ઘાટકોપર પૂજ્ય ગુરુદેવના વરદહસ્તે શ્રી અમરચંદભાઈની દીક્ષા થઈ અને તેમનું નામ વૈ. વદ-૭ના દિવસે શુભ મુહુર્તે અજિતચંદ્રવિજયજી રાખવામાં આવ્યું.

માટુંગામાં બંધાયેલ નુતન જિનમંદિરની પ્રતિષ્ઠા માટે જેઠ શુદી ૫ નો દિવસ નિર્ણિત થયો હતો. તે નિમિત્તે ભવ્ય મહોત્સવ થયો. આ મહોત્સવમાં સવા લાખ રૂપિયાનો ખર્ચ થયો હતો. અને વીસ હજાર માણસની મેદની હંમેશાં રહેતી. આ અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબજ યાદગાર તથા મુંબઈ માટે આ અંજનશલાકા વિધિ પ્રથમ હતી. તથા જેશર નિવાસી મણીભાઈને દીક્ષા આપી પૂ મુનિ દેવચંદ્ર-વિજયજી નામ રાખી ચરિત્રનાયકના શિષ્ય બનાવ્યાં.

આ મહોત્સવ દરમિયાન પૂ. આ. કસ્તુરસૂરીશ્વરજી મહારાજને માટુંગામાં ચાતુર્માસ કરવા માટે શ્રી સંઘે સાગ્રહ ભરી વિનંતિ કરી જે પૂજ્યશ્રીએ જ્ઞાનીએ દેખ્યું હશે તેવી ભવિષ્યવાણી સાથે તેનો સ્વીકાર કર્યો. અમે પૂ. વડીલ ગુરૂદેવ વિજ્ઞાનસૂરી-

શ્વરજી મ.ના ચાતુર્માસ માટે કોટના ઉપાશ્રયની જય બોલાવાઈ.

આમ કોટ, માટુંગામાં પોતાના ગુરુદેવોના ચાતુર્માસ અને ચરિત્રનાયકની મુલુંદમાં ચાતુર્માસની ઘોષણા થઇ. અને તે મુજબ પૂજ્ય ગુરુદેવોનો ચાતુર્માસ પ્રવેશ કોટ અને માટુંગામાં થયો જ્યાં આપણા ચરિત્રનાયક પૂજ્ય ગુરુદેવો સાથે હતા.

## મુલુંદમાં વિ. સં. ૨૦૧૧નું ચાતુર્માસ

અષાડ સુદિ ૩ના દિવસે આપણા ચરિત્રનાયકનો મુલુંદમાં ભવ્યસ્વાગત સાથે પ્રવેશ થયો. પ્રથમ દિવસના મંગલાચરણ બાદ વ્યાખ્યાન શ્રેણી ચાલુ રહી અને રવિવારે અહીં જાહેર વ્યાખ્યાનો થતાં. આ વ્યાખ્યાનોનો વિષય 'સત્તાનો મોહ' 'હવે તો જાગો' 'કરમ તારી કળા ન્યારી' 'સંસારના રંગ' 'સંસ્કાર ધન' 'ખોવયેલાં હૈયાં' 'સર્વોદય' 'વૈભવના મોહ' વિગેરે હતા.

આ વ્યાખ્યાનોમાં મુંબઈ અને પરામાંથી ભક્તગણ તો આવતો પરંતુ મુંબઈ રાજ્યના ડેપ્યુટી ઈન્સ્પેકટર પ્રવીણસિંહજી અને પોલીસ કમીશનર શ્રી બીલીમોરીયા, ડે. પોલીસ કમીશનર શ્રી પારંજપે વિગેરે ઘણા સરકારી અધિકારીઓ પણ ચરિત્ર-નાયકના પ્રવચનોથી પ્રભાવિત થયા હતા.

આ રવિવારના વ્યાખ્યાનો વખતે વ્યાખ્યાન સાથે સાધર્મિકભક્તિ અને તે દિવસે ખૂબજ દબદબાપૂર્વક રાગ-રાગિણીથી જિનેશ્વર ભગવંતની પરમભક્તિરૂપ વિવિધ પૂજાઓ ભણાવવાનું પણ રાખવામાં આવતું હતું. આમ વિ. સં. ૨૦૧૧નું મુલુંદનું ચાતુર્માસ ખૂબજ શાસનપ્રભાવનાપૂર્ણ થયું.

## દક્ષિણ તરફ વિહાર–ખંડાલા તથા લોનાવાલા

આપણા ચરિત્રનાયકે મુલુંદનું પ્રભાવનાપૂર્ણ ચાતુર્માસ પૂર્ણ કરી કારતક વદી–૫ ના વિહાર કર્યો. આ વિહાર વખતે એક હજાર માણસોએ આપણા ચરિત્રનાયકને અશ્રુભીની આંખે વિદાય આપી.

પૂ. ગુરૂદેવ ખંડાલા થઈ લોનાવાલા પધાર્યા અહીં વચમાં ખંડાલામાં ભેંસવાડી નિવાસી મુમુક્ષુ જીવણલાલ પ્રાગજીભાઈને દીક્ષા આપી અને તેમનું નામ જિનચંદ્રવિજયજી રાખ્યું. અને તેમની વડી દીક્ષા લોનાવાલામાં થઈ. આ વડીદીક્ષા નિમિત્તે અઠ્ઠાઈ મહોત્સવ વિગેરે સુંદર ધાર્મિક કાર્યો થયાં તેમજ નમસ્કાર મહામંત્રની કરાવેલ આરાધના નિમિત્તે શ્રી સિદ્ધ-ચક્રબૃહત્ પૂજન વિગેરે શાસનની પ્રભાવના કરનાર વિવિધ કાર્યો થયાં.

તેમજ મહા વદી ૧૧ ના દિવસે પોરબંદરનિવાસી મુમુક્ષુ જગદીશભાઈને દીક્ષા આપી તેમનું નામ નયચંદ્રવિજયજી રાખવામાં આવ્યું. અને તે આપણા ચરિત્રનાયકના શિષ્ય થયા. આ નયચંદ્રવિજયજીની વડીદીક્ષા પ્રસંગે પચીસ ઉપરાંત ભાઈ-બહેનોએ સમ્યક્ત્વમૂલ વિવિધ વ્રતો ઉચ્ચર્યાં.

## વિ. સં. ૨૦૧૨નું પૂનામાં ચાતુર્માસ

ત્યારબાદ પૂના સંઘની વિનંતિથી આપણા ચરિત્રનાયક પૂના પધાર્યાં.

ભવ્ય સામૈયાપૂર્વક પ્રવેશ બાદ શિવાજીનગર, પૂના, પૂનાકેમ્પમાં તેમના વ્યાખ્યાનો થતાં આપણા ચરિત્રનાયકને જોરદાર ચોમાસાની વિનંતિ થઈ. શ્રી બાબુલાલ હરગોવનદાસના ત્યાં થોડી સ્થિરતા બાદ ભવ્ય સામૈયાપૂર્વક ચરિત્રનાયકનો ચોમાસા માટે પૂનામાં પ્રવેશ થયો.

પૂનાના ચાતુર્માસ દરમિયાન દર રવિવારે જાહેર વ્યાખ્યાનો અને ચાતુર્માસમાં અનેક શાસનની પ્રભાવનાપૂર્ણ ધાર્મિક કાર્યો સાથે ઉપધાનતપ થયાં. આ તપમાં સો ઉપરાંત માળારોપણ કરનાર શ્રાવક શ્રાવિકા જોડાયાં હતાં.

પૂનાના ચાતુર્માસમાં જાહેર વ્યાખ્યાનો ઉત્સવો તો ઘણા થયા તેમાં પણ પૂ. તપસ્વી મુનિશ્રી વિનયચંદ્ર વિજયજી મ.નો ભા. સુ. ૭ ના રોજ કાળધર્મ થયો તે કાળધર્મ પ્રસંગે સાધુ-જીવનની અહોભાવના જૈનેતરોએ જે કરી તે અદ્ભૂત હતી અને તેમના સ્વર્ગારોહણ નિમિત્તે અર્હત્ મહાપૂજન સહિત જે મહોત્સવ થયો તે પૂના માટે પ્રથમ હતો.

આપણા ચરિત્રનાયકના ચોમાસાના પરિવર્તન માટે ઘણાંની વિનંતિ હતી પણ શ્રી પોપટભાઈની પુણ્યાઈ જોર કરવાથી તેમની વિનંતિનો સ્વીકાર થયો. અને ખૂબ પ્રભાવનાપૂર્ણ ચાતુ-ર્માસ પરિવર્તન થયું.

ઉપધાન તપનું માળારોપણ માગસર સુદ પાંચમના દિવસે થયું. આ નિમિત્તે ખૂબજ શાનદાર વરઘોડો અને ઉત્સવ ઉજવાયો તે વખતે પૂ. આ. યશોદેવસૂરિ આદિ પણ પધાર્યા

હતા. આ ઉપધાનની પહેલીમાળ શેઠ સુરજમલ સંઘવીના પત્ની લીલીબ્હેને સારીબોલી બોલી પહેરી હતી.

પૂનાનું આપણા ચરિત્રનાયકનું ચાતુર્માસ પૂનાના ધાર્મિક ઇતિહાસમાં ખૂબજ યાદગાર બને રહે તેવું થયું હતું.

## પૂનાથી વિહાર

માગસર વદી–૩ ના પૂનાથી વિહાર કરી આપણા ચરિત્રનાયક શિવાજીનગર, બાપોડી, દાપોલી, ચીંચવડ થઈ પાલી (કોંકણ) પધાર્યા.

અહિં ચીંચવડમાં પૂનાથી છસો ભાવિકો પૂજ્યશ્રીના દર્શને પધાર્યા હતા.

આપણા પૂજ્યશ્રી ચરિત્રનાયકની નિશ્રામાં પાલીમાં નુતન ભવ્ય જિનમંદિરમાં આદીશ્વર ભગવાનની ભવ્ય સમારોહપૂર્વક પોષ સુદી–૬ ના પ્રતિષ્ઠા થઈ. આ પ્રતિષ્ઠામાં ૧૯ નવકારશી થઈ હતી. કોંકણમાં આ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રથમ હતો.

આ પ્રતિષ્ઠા મહોત્સવ દરમિયાન પૂજ્ય ગુરૂદેવોએ મુંબઈ આવવા આપણા ચરિત્રનાયકને ફરમાવ્યું એથી પાલીથી આપણા ચરિત્રનાયક પ્રતિષ્ઠા મહોત્સવ સુસંપન્ન કરી નાગુઠાણા થઈ પનવેલ પધાર્યા.

અહિં પનવેલમાં કચ્છ જખૌ નિવાસી શાંતિલાલની દીક્ષાનું નક્કી થયું જેથી મુલુંદ સંઘના આગ્રહથી આપણા ચરિત્રનાયક મુલુંદ પધાર્યા અને મહા વદી–૫ ના દિવસે તેમને

દીક્ષા આપી તેમનું શ્રેયાંસચંદ્રવિજયજી નામ રાખી આપણા ચરિત્રનાયકના શિષ્ય બનાવ્યા.

## પૂનામાં પુનઃ ચાતુર્માસ (વિ. સં. ૨૦૧૩)

મુનિશ્રી શ્રેયાંસવિજયજીને દીક્ષા આપી ચરિત્રનાયક પોતાના ગુરૂભગવંતો પાસે માટુંગા પધાર્યા.

પૂનામાં કરેલી શાસનપ્રભાવનાએ સારી છાપ ઊભી કરેલી હોવાથી પૂનાના શ્રી સંઘે પૂજ્યગુરૂદેવો તથા આપણા ચરિત્ર-નાયક સહિત વિશાળ મુનિવૃંદને ચાતુર્માસ માટે પૂના પધારવા વિનંતિ કરી.

પૂજ્ય ગુરૂદેવોએ તે વિનંતિ સ્વીકારી વિશાલ સાધુવૃંદ સહિત વિહાર કરતાં કરતાં વૈ. શુ. ૧ ના રોજ ભવ્ય સામૈયા પૂર્વક પૂનામાં પ્રવેશ કર્યો.

શ્રી સંઘમંદિરે પૂજ્ય ગુરૂદેવોનું અને ચરિત્રનાયકનું ગોટીવાળા ધડાના ઉપાશ્રયે ચાતુર્માસ થયું. આ ચાતુર્માસનો અહેવાલ તા. ૧-૮-૫૭ના મુંબઈ સમાચારમાં આવ્યો તેમાં જણાવવામાં આવ્યું હતું કે 'આજે પૂનામાં અપૂર્વ શાસન પ્રભાવના થઈ રહી છે પ્રવર પંન્યાસ કવિવર યશોભદ્રવિજયજી મ. ગોટીવાળા ધડાના ઉપાશ્રયે બિરાજે છે. પ્રતિદિન સોનારની ધર્મશાળામાં જૈન જૈનેતરની અપૂર્વ મેદની તેઓશ્રીના વ્યાખ્યાનનો લાભ લઇ રહી છે.

અહિં ગોટીવાળાના ઉપાશ્રયે સવા લાખ નવકાર મંત્રનો જાપ એકસણાપૂર્વક કરાવવામાં આવ્યો. વ્યાખ્યાનમાં શ્રાદ્ધગુણ વિવરણ અને ભાવનાધિકારે વિક્રમચરિત્ર વંચાતું હતું.

પૂજ્ય ગુરૂદેવોનું ચાતુર્માસ સંઘમંદિરે, સોલાપુર બજારમાં પં. શ્રી ચંદનવિજયજી ગણિવર, ખડકીમાં પં. શ્રી શુભંકરવિજયજી ગણિવર્ય આદિની નિશ્રામાં બુધવારની પર્યુષણની સુંદર આરાધના થઈ હતી.

ભાદરવા શુદ પાંચમના ભવ્ય વરઘોડો નીકળ્યો હતો પૂનામાં પ્રવેશ બાદ પૂજ્ય ગુરુ મહારાજે મુનિશ્રી કુમુદચંદ્રવિજયજી, મુનિશ્રી ચંદ્રોદયવિજયજી, મુનિશ્રી કીર્તિચંદ્રવિજયજીને ભગવતી સૂત્રના યોગમાં પ્રવેશ કરાવ્યો હતો. આ ઉપરાંત બીજા બાર મુનિઓને આચારાંગ આદિ સૂત્રના યોગોદ્વહનમાં હતા. તથા મુનિશ્રી શ્રેયાંસવિજયજીની વડી દીક્ષા કરવામાં આવી હતી.

પૂનામાં આપણા ચરિત્રનાયક તથા પૂજ્ય ગુરુભગવંતોનું ચાતુર્માસ ખૂબજ પ્રભાવના પૂર્ણ થયું હતું.

## બેંગ્લોરની વિનંતિ

બેંગલોર નજીક બંગાર પેંઠમાં ખૂબજ ભક્તિ અને ઉદારતાથી શ્રી હિંમતમલજી વીરચંદજી તથા શેષમલજી શંકરલાલજીએ પોતાના ખર્ચે તૈયાર કરેલ નૂતન જિનાલયમાં ભગવાનની પ્રતિષ્ઠા કરાવવાની હોઈ પૂજ્ય ગુરુદેવોને બેંગ્લોર તરફ પધારવા વિનંતિ કરી. પૂજ્ય ગુરુદેવો ગુજરાત તરફ

પધારવાના હોઈ તેમણે આપણા ચરિત્રનાયકને બેંગ્લોર તરફ વિહાર કરવાની આજ્ઞા ફરમાવી.

પૂજ્ય ચરિત્રનાયક ગુરુભગવંતના આશીર્વાદ લઈ પોષ વદી ૬ના દિવસે પૂનાથી વિહાર કર્યો. સાથે પાંચસો ભાવિકો હતા. અરુણેશ્વર વાઈ પંચગીની થઈ કરાડ પધાર્યા. અહિં સાંગલીના આગેવાનોની જોરદાર વિનંતિ થવાથી ઈસ્લામપુર થઈ આપણા ચરિત્રનાયક સાંગલી પધાર્યા. સાંગલીમાં ચાર દિવસ સ્થિરતા કરી કુંભોજ ગિરિની યાત્રા કરી કોલ્હાપુર નિપાણી પધાર્યા. નિપાણીમાં પાંચ જિનમંદિરો છે. જૈનોનાં ૧૨૫ ઘર છે. મોટો ભાગ કરિયાણા અને તમાકુનો વેપાર કરનાર છે.

અહિં જાહેર વ્યાખ્યાનો થયાં. પૂનર્જન્મ વિગેરેની શ્રોતાઓએ ચર્ચા કરી આના સુંદર દૃષ્ટાંત દ્વારા ઉત્તર આપી આપણા ચરિત્રનાયકે લોકોને ધર્મમાં સ્થિર કર્યા.

નિપાણીમાં આપણા પૂજ્યશ્રી બિરાજતા હતા તે દરમ્યાન બેંગ્લોર પધારવાનાં આપણા ચરિત્રનાયકને જોરશોરપૂર્વક વિનંતિ થઈ અને વિહારમાં દરેક સ્થળે ડાકબંગલા અને બીજે ઉતરવાની વ્યવસ્થા શ્રી સંઘના ભાઈઓએ સરકારી પરિચય દ્વારા કરી. તે મુજબ બેલગામ, ધારવાડ, હુબલી, હરિહર, દાવનગિરિ, ચિત્તલદુર્ગ, ટુમકુર થઈ આપણા ચરિત્રનાયક બેંગ્લોર પધાર્યા.

હુબલીમાં આપણા ચરિત્રનાયકે છ દિવસની સ્થિરતા કરી આ રીતે પોષ વદી ૬ ના દિવસથી પ્રારંભેલ વિહાર સાડા

છસો માઈલનો કરી ચૈત્ર વદી ૩૦ તા. ૧૯-૪-૫૯ ના રોજ પુરો કરી આપણા ચરિત્રનાયક વૈ. સુ. ૧ ના ખૂબજ ભવ્ય સામૈયાપૂર્વક બેંગ્લોરમાં પધાર્યા.

તા. ૨૦-૪-૫૯ વૈશાખ સુદ ૧ ના પ્રભાતે આપણા ચરિત્રનાયકે બેંગ્લોરમાં સામૈયાપૂર્વક પ્રવેશ કર્યો ત્યારે જૈન જૈનેતર માનવમેદની ઊભરાઈ હતી. સહુથી આગળ બેંગ્લોરના મેયર શ્રી વાય રામચંદ્રરાવ હતા. તેમણે આપણા ચરિત્રનાયકના પ્રથમ દર્શન કરતાં નીચેના શબ્દો ઉચ્ચાર્યા હતા. "આપ પૂજ્ય અહિં પધારતાં અમારૂં નગર અત્યંત આનંદ અનુભવે છે. કોઈ ઈરાનના શાહનું, કોઈ રશિયાના બુલ્ગેનીનનું સ્વાગત કરતાં પોતાને ભાગ્યશાળી માને છે જ્યારે આજે અમે શાહ અને પાદશાહના કરતાં પણ વધુ ભાગ્યવાન કંચન કામિનીના ત્યાગી ભારતના ગૌરવરૂપ એવા મહાનસંતનું સ્વાગત કરતાં અત્યંત આનંદ અનુભવીએ છીએ.

સામૈયું આગળ ચાલ્યું. ત્યાંની પ્રજા જૈન સાધુથી અપરિચિત હતી. ઉઘાડાપગે અને ઉઘાડે માથે ચાલતા જૈનસાધુઓને નગરના આગેવાનોથી વિંટળાઇ અને વારંવાર તેઓને વંદન કરતાં દેખી પૂછતી હતી. આ કોણ છે કે જેનું સ્વાગત કરવામાં આવે છે તેના ગળામાં નથી હાર કે કોઈ તેમની પાસે નથી દેખાતો દુન્યવી વૈભવ.

સામૈયું ઉપાશ્રયે આવ્યું. પૂજ્ય મહારાજશ્રી એ ધર્મની વ્યાખ્યા કરતાં ધર્મ કેવો મહાન છે તે જણાવ્યું. અને તેમણે

જાણ્યુ હતું કે બેંગ્લોરમાં વર્ષમાં ચાર દિવસ અહિંસા પળાય છે. તેમાં તેમણે શ્રી મહાવીર પરમાત્માનો જન્મદિવસ અને લિંગાયતોની વૃષભજયંતીને ઉમેરવાનો અનુરોધ કર્યો. મેયરશ્રીએ તે અનુરોધ વધાવી લઈ વિનંતિ કરી કે હું મારાથી શકય બધુ કરીશ અને તેમણે થોડાજ દિવસમાં એ બે દિવસ વધારી પૂજ્યશ્રી મહારાજશ્રીની આજ્ઞાને ચરિતાર્થ કરી.

બેંગ્લોર સંઘની ખૂબ ખૂબ વિનંતિ ચાતુર્માસ માટે થઈ. આપણા ચરિત્રનાયકે પૂ. ગુરુવર્યની આજ્ઞા આવશે તો તે સ્વીકારવામાં વાંધો નહિ આવે તેમ જણાવી અનુમતિ આપી.

આપણા ચરિત્રનાયકને બંગાર પેંઠ પ્રતિષ્ઠા નિમિત્તે જલદી પહોંચવાનું હતું તેથી એકજ દિવસ સ્થિરતા કરી ગાંધીનગર પધાર્યા. ત્યાં વર્ષીતપના પારણા નિમિત્તે મહોત્સવ હતો. અહિં તેમણે તપધર્મની મહત્તા અને વર્ષીતપનો મહિમા વર્ણવી લોકોને તપાભિમુખ કર્યા.

ગાંધીનગરની એક બે દિવસની સ્થિરતા દરમિયાન તેમના જાણવામાં આવ્યું કે ઉપાશ્રય માટેની જગ્યાની બહુ સંકડાશ છે અને શ્રી પી. વી. શાહે ઉપર હોલ ન બંધાય ત્યાં સુધી પગરખાં નહિ પહેરવાનો નિયમ લીધો છે. તેમણે વ્યાખ્યાનમાં જોરશોરપૂર્વક આ કાર્ય પુરું કરવાનો ઉપદેશ આપ્યો અને થોડીજ મિનિટમાં રૂ. ૧૫૦૦૧ જેટલો ફાળો થઈ ગયો.

સાધુભગવંતના ત્યાગ અને જીવનનો એવો મહિમા છે

કે જે કાર્ય વર્ષોના વર્ષો સુધી ન થાય તે તેમની પ્રેરણા માત્રથી બહુજ થોડા સમયમાં થઈ જાય છે.

ગાંધીનગરના સંઘે વિનંતિ કરી કે આપ અમને વચ્ચે વચ્ચે થોડા દિવસનો લાભ આપતા રહેશો. મહારાજશ્રીએ તેનો સ્વીકાર કર્યો. શ્રી વસનજી શેઠે વર્ષીતપ નિમિત્તે માંડેલ મહોત્સવ દીપી ઉઠયો. તેમણે પૂજ્યશ્રીના પધારવાથી પોતાનું અહોભાગ્ય માન્યું અને નવાણું અભિષેકની પૂજા મહારાજશ્રીની નિશ્રામાં ભણાવી.

આપણા ચરિત્રનાયકને બંગારપેંઠ પધારવાનું હોવાથી ત્યાંથી વિહાર કરી. વૈશાખ–સુદ ૫ ગુરુવારના એલગુન્ડ પાલીયમ પધાર્યા. ત્યાં પણ શેઠશ્રી વસ્તીમલજી તરફથી તેમની માતુશ્રી નિમિત્તે વર્ષીતપનો મહોત્સવ હતો અહિં પણ એક દિવસની સ્થિરતા કરી બંગાર પેંઠ તરફ વિહાર લંબાવ્યો.

## બંગારપેંઠમાં ભવ્ય અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ

દક્ષિણ ભારતના અલંકાર સમા બેંગ્લોર શહેરથી મદ્રાસ જવાના મુખ્ય રેલ્વેમાર્ગ પર ૪૪ માઈલનાં અંતરે ઔદ્યોગિક શહેર બંગારપેંઠ આવેલું છે. ત્યાં ધંધાર્થે વસીને સ્થિર થયેલ શ્રાવકોની ૩૦ ઘરની વસ્તીમાં એક નાનું ઘર દહેરાસર હતું. તેનાં સ્થાને શિખરબંધ સુંદર જિનાલય બંધાવવાની ભાવના થતાં શ્રીસંઘની જમીન ઉપર શેઠ ખુશાલચંદ એતાજી, શેઠ ભગવાનજી મયાચંદજી તથા શેઠ ખુમાજી હિંમતમલજીના

કુટુંબીજનોએ દેવવિમાન સદૃશ સુંદર જિનાલય બંધાવ્યું હતું અને તેની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા માટે પૂના આવી પૂજ્ય ગુરુદેવોને વિનંતિ કરી હતી. પૂજ્ય ગુરુદેવોએ આ કાર્ય માટે આપણા ચરિત્રનાયક સમર્થ વ્યાખ્યાનકાર કવિરત્ન પૂજ્ય પંન્યાસજી મહારાજને બંગારપેઠ જવાની આજ્ઞા ફરમાવી હતી અને એ આજ્ઞા શિરોધાર્ય કરીને તેઓશ્રી શિષ્ય–પ્રશિષ્યાદિ ૧૧ ઠાણાંઓ સાથે લગભગ સાતસો માઈલનો ઉગ્રવિહાર કરીને અહીં પધારી રહ્યા હતા, એટલે તેઓશ્રીનો સત્કાર કરવા માટે બંગારપેંઠના શ્રાવક સમુદાયનો ઉત્સાહ કેવો હોય, એ આપણે કલ્પી શકીએ છીએ.

## શાનદાર સ્વાગત

વૈશાખ સુદિ ૧૩ ગુરુવારના પ્રાતઃકાળે તેમનો આ ઉત્સાહ અનેકગણો વધી ગયો હતો અને તે પૂજ્યશ્રી આદિ મુનિમંડળનો સત્કાર કરવા ઘણે દૂર સામો દોડી ગયો હતો. ત્યાં પૂજ્યશ્રી આદિનાં દર્શન થતાં જ તેમણે 'ગુરુદેવકી જય' બોલાવી હતી અને સમીપ આવતાં વિધિપૂર્વક વંદન કરી સુખશાતા પૂછી હતી. ત્યાંથી તે પૂજ્યશ્રી સાથે ચાલ્યો હતો.

બંગારપેંઠ નજીક પધારતાં શ્રીસંઘ તરફથી તેઓશ્રીનું શાનદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમાં વિશાળ જન-સમુદાય ઉપરાંત સ્થાનિક આગેવાનો અમલદારો તથા નગર-પાલિકાના પ્રમુખ પણ હાજર રહ્યા હતા અને તેમણે વિનમ્ર-વંદના વડે પૂજ્યશ્રી આદિ મુનિમંડળનું સ્વાગત કરીને જૈન-

ધર્મના પ્રચારને આવકાર્યો હતો. જો પૂજ્ય મુનિવરો દૂર દૂર પ્રદેશોમાં વિચરે અને ત્યાંનો શ્રાવકવર્ગ પોતાની લાગવગનો તથા સ્વોપાર્જિત દ્રવ્યનો છૂટથી ઉપયોગ કરે તો જિનશાસનની પ્રભાવનાનું કામ જરાય મુશ્કેલ નથી.

## તડામાર તૈયારીઓ

પૂજ્યશ્રીની પધરામણી થયા પછી આગામી મહોત્સવ અંગેની તૈયારીઓ તડામાર આગળ વધવા લાગી. આ કાર્ય અંગે શ્રી સંભવનાથ સેવા સમિતિની ખાસ રચના કરવામાં આવી હતી અને તેમાં શ્રીસંઘના આગેવાનો, નૂતન મંદિર બંધાવનારાઓનાં કુટુંબીજનો, તેમજ બીજા ઉત્સાહી કાર્યકર્તાઓ પણ જોડાયા હતા. દરેક વાતનો નિર્ણય પરસ્પર ઊંડી ચર્ચા-વિચારણા કર્યા પછી જ લેવાતો હતો, એટલે તેમાં સ્ખલનાઓ થવાનો સંભવ બહુ ઓછો રહેતો હતો.

આ મહોત્સવ પર નજીક તથા દૂરના પ્રદેશમાંથી ઘણા ભાવિકો હાજરી આપે તેવો સંભવ હતો, એટલે બંગારપેંઠની બધી શાળાઓનાં મકાનો તથા વિશાળ સ્થાનો (ધર્મશાળા) રોકી લેવામાં આવ્યાં હતાં. ભોજન માટે રસોડાનો સુંદર પ્રબંધ કરવામાં આવ્યો હતો અને તેની દેખરેખ આ કાર્યના અનુભવી સજ્જનોને સોંપવામાં આવી હતી. વ્યવસ્થાનો ભાર સ્થાનિક સ્વયંસેવક મંડળને સોંપાયો હતો.

મહોત્સવના દિવસો નજીક આવતાં નયનાભિરામ શ્રીસંઘ

આમંત્રણ પત્રિકાઓ છપાવીને જૂદાં જૂદા સ્થળના શ્રીસંઘો પર મોકલવામાં આવી હતી.

મહોત્સવની મુખ્ય શોભા મંડપ છે, એટલે તેને વિશાળ અને સુશોભિત કરવામાં આવ્યો હતો તથા તેના અનેક સ્થંભો પર કલાના સ્વસ્તિકો પૂરવામાં આવ્યા હતા. પ્રસંગોચિત અનેક સૂક્તોએ રક્તવસ્ત્ર પર આરૂઢ થઈને મંડપમાં યોગ્ય સ્થાન લઈ લીધું હતું અને તેણે એક પ્રકારનું પ્રેરણાત્મક વાતાવરણ સર્જ્યું હતું.

## ચાર રમણીય રચનાઓ

વળી આ મડપમાં શ્રી શત્રુંજય મહાતીર્થ, ઈક્ષુરસદાન મેઘરથ રાજા અને પારેવું તથા મેરુપર્વત એ ચાર રમણીય રચનાઓ કરવામાં આવી હતી અને તેણે આ મહોત્સવ પ્રત્યે જૈન–જૈનેતર જનતાનું ભારે આકર્ષણ કર્યું હતું. શ્રી શત્રુંજય અને ઈક્ષુરસદાનની રચના અપૂર્વ હતી. મેઘરથ રાજા પારેવાને બચાવવા પોતાનો સમગ્ર દેહ ત્રાજવામાં મૂકે છે. આ જોતાંજ રાજમહેલમાં હાહાકાર થાય છે અને મંત્રીઓ, સામંતો, મિત્રો, સુહૃદો કહે છે કે 'મહારાજ ! જે દેહથી આપે પૃથ્વીનું રક્ષણ કરવું ઘટે તેને એક સામાન્ય પક્ષીના રક્ષણ માટે આમ કુરબાન કરો, તે ઉચિત નથી. કૃપા કરો અને આપ ત્રાજવામાંથી નીચે ઉતરો.'

મેઘરથ રાજા કહે છે કે 'આ જગતમાં હું અહિંસા ધર્મને શ્રેષ્ઠ માનું છું અને તેના પાલન માટે કાયા કુરબાન

થતી હોય તો તેમ કરવાને તૈયાર છું. મારા મોંઘેરા ધર્મનું પાલન કરવામાં તમે કોઈ આડા આવશો નહિ.'

મેઘરથ રાજા આ રીતે પોતાની અપૂર્વ દૃઢતા બતાવે છે. ત્યાં પારેવું અને બાજ બંને અદૃશ્ય થાય છે અને તેજના અંબાર સમો એક દેવતા પ્રકટ થાય છે. તે જણાવે છે કે ઈન્દ્રમહારાજે આપની ધર્મપ્રિયતા—ધર્મની દૃઢતાને ખૂબ ખૂબ વખાણી હતી, તેની પરીક્ષા કરવા માટે મેં તમારી આ કસોટી કરી હતી, પરંતુ તેમાં આપ પૂરેપૂરા પાર ઉતર્યા છો, એટલે આપને સેંકડો ધન્યવાદ આપું છું.'

દેવ અદૃશ્ય થાય છે અને મેઘરથ રાજાની કાયા હતી તેવી થઈ જાય છે.

આ રીતે આ રચના દયાધર્મનું ઉત્કૃષ્ટ પાલન કરવાની પ્રબળ પ્રેરણા કરનારી હતી.

મેરુ પર્વતની રચના તેના પર થતા શ્રી જિનેશ્વર દેવના ભવ્ય સ્નાત્ર મહોત્સવની યાદ આપતી હતી.

## મહોત્સવનો પ્રારંભ

નિર્ધારિત મંગલ મહોત્સવનો પ્રારંભ વૈશાખ વદિ અગિયારસના રોજ જલયાત્રા, કુંભસ્થાપના અને જવારારોપણની ક્રિયાપૂર્વક થયો હતો. તે દિવસે શ્રાવકોના ઘરે તોરણો બંધાયાં હતાં અને આ મહોત્સવ નિર્વિઘ્ને પૂર્ણ થાય તે માટે નાનાં મોટાં સ્ત્રી-પુરૂષોએ આયંબિલની તપશ્ચર્યા આરંભી દીધી હતી.

આયંબિલનું બીજું નામ મંગળ છે, કારણ કે તે સર્વ વિઘ્નોને નાશ કરીને આનંદમંગળ પ્રવર્તાવે છે. અહીં એટલી સ્પષ્ટતા કરી દેવી જોઈએ કે આ તપશ્ચર્યા મહોત્સવની પૂર્ણાહુતિ સુધી ચાલુ રહી હતી. મુનિશ્રી ચંદ્રવિજયજીએ આ પ્રસંગે અઠ્ઠમની તપશ્ચર્યા કરી આત્મિક લાભ લીધો હતો.

## સાધર્મિકોનું આગમન

આ મહોત્સવમાં ભાગ લેવા માટે સાધર્મિક ભાઈબહેનો બેંગ્લોર, મદ્રાસ, મૈસુર, નીલગિરિ, કોઈમ્બતુર, દાવણગેરે, રાણીબેન્નુર, કોલ્હાપુર, મુંબઈ વગેરે સ્થળેથી પધારવા લાગ્યા હતા અને તેમની સંખ્યા ક્રમશઃ વધતી વધતી પ્રતિષ્ઠાના દિવસે ૭૦૦૦ સુધી પહોંચી હતી.

## સંગીતકારો

આ મહોત્સવમાં પૂજા-ભાવના માટે મદ્રાસથી સંઘવી ચીમનલાલ ગવૈયા તથા મદ્રાસ પાઠશાળાનું બાલમંડળ આવેલ હતું. વળી બેંગ્લોર ગાંધીનગરથી શ્રાવિકામંડળ અને કન્નડ ભાષા ભાષી સંગીતરત્ન સરસ્વતી દેવી વિમલાકુમારી પણ પધાર્યા હતા; તેથી પૂજા–ભાવના બંનેમાં અનેરો રંગ જામતો. શ્રી વિમલાકુમારીએ રાત્રિની ભાવનામાં કન્નડ ભાષામાં સંગીતમય બાહુબલી, દેશભૂષણ કુળભૂષણ યશોધર આદિ ચરિત્રો કહ્યાં હતાં અને તેણે જનતાનું ભારે આકર્ષણ કર્યું હતું. રોજ રાત્રે ભાવનામાં પંદરસોથી બે હજાર જેટલા જૈનેતરો ભાગ

લેતા હતા. તેની વ્યવસ્થા શ્રી સંભવ જૈન સેવા સમિતિ અને રોબર્ટસન પેઠના સ્વયંસેવકમંડળે સારી રીતે સાચવી હતી.

## ઉત્સાહની રેલંછેલ

મહોત્સવ મંડપમાં નિત્ય પૂજ્યશ્રીનું પ્રાણવાન પ્રવચન થતું હતું અને તેમના પટ્ટધર પંન્યાસપ્રવર શ્રી શુભંકરવિજયજી ગણિ પણ પોતાની પ્રભાવક વાણીનો ધોધ વહેતો મૂકતા હતા. ઉપરાંત મુનિશ્રી કીર્તિચંદ્રવિજયજી ગણિવર્ય અને મુનિશ્રી સૂર્યોદય વિજયજીની લાગણીપૂર્વકની શુભ પ્રેરણાઓ પણ યથોચિતપણે નિરંતર વહેતી તેથી જનતામાં ઉત્સાહની રેલંછેલ થઈ હતી અને આ મહોત્સવ શાસન પ્રભાવનાનું મહાન અંગ બની ગયો હતો. રોજ સેંકડો ભાવિકો પૂજ્યશ્રી આદિનાં દર્શન કરવા આવતા હતા અને તેમનાં હિતવચનો તથા વાસક્ષેપ ગ્રહણ કરીને પોતાની જાતને કૃતાર્થ માનતા હતા.

## ભવ્ય વરઘોડો

પ્રતિષ્ઠા અંજનશલાકા મહોત્સવ પ્રસંગે શ્રી જિનેશ્વર દેવના ચ્યવન કલ્યાક, જન્મકલ્યાણક, દીક્ષા કલ્યાણક, કેવળજ્ઞાન કલ્યાણક અને નિર્વાણ કલ્યાણક એ પાંચે કલ્યાણકનાં દશ્યો રજૂ થાય છે અને તેને અંગે ખાસ વરઘોડા નીકળે છે. તેથી તે જિનેશ્વર ભગવંતના સમસ્ત જીવનનો જનતાને બોધ થાય છે અને તેમાંથી જીવનવિકાસને લગતી અવનવી પ્રેરણાઓ સાંપડે છે. આ બધાં દશ્યો અહીં ઉત્તમ રીતે રજૂ થયાં હતાં અને વરઘોડાઓ ઘણા ભવ્ય નીકળ્યા હતા.

ખાસ વરઘોડા માટે બેંગ્લોરથી ચાંદીનો રથ લાવવામાં આવ્યો હતો, જે પ્રાયઃ બધી જગ્યાઓ કરતાં સુંદર અને આધુનિક હતો. વળી વિશાળકાય ગજરાજને પણ આ વરઘોડા માટે જ લાવવામાં આવ્યો હતો અને તે પોતાની વિવિધ ગતિથી તથા અનેરી મસ્તીથી લોકોને ખૂબ આનંદ આપતો હતો. બેન્ડ પણ વરઘોડાને શોભાવનારી ખાસ વસ્તુ છે, એટલે સ્થાનિક બેંડ ઉપરાંત બેંગ્લોર અને બેલગામના સુપ્રસિદ્ધ બેન્ડો બોલાવવામાં આવ્યાં હતાં. આ ત્રણે બેન્ડો સ્વરવાદનની અદ્ભુત કલા છોડીને જનમનનું ભારે રંજન કરતા હતા. દરેક વરઘોડામાં માનવ-મેદની ખૂબ જ જામતી અને તે જૈનધર્મના કોઈ ને કોઈ સંસ્કાર ગ્રહણ કરી જતી. શ્રી જિનેશ્વરદેવના ભવ્ય વરઘોડાઓ જોઈ ને ઘણા આત્માઓ સમ્યક્ત્વ પામ્યાના દાખલાઓ શાસ્ત્ર-માંથી સાંપડે છે અને આધુનિક કાળે પ્રત્યક્ષ પણ નિહાળી શકાય છે.

દીક્ષાકલ્યાણકના વરઘોડામાં રૂપિયા ચાર હજારની બોલીથી શા. ગુમાજી લુંબાજીના સુપુત્રો ગેનમલજી, શંકરલાલજી, અને ખુમચંદજી ગજરાજ પર આરૂઢ થયા હતા અને તેમણે હજારો રૂપિયા ઉછાળી વરસીદાન આપ્યું હતું. ઉપસ્થિત જનતા માટે આ દૃશ્ય ઘણું જ આશ્ચર્યકારી હતું. કારણ કે તેમાંના ઘણાયે તો ત્રાંબાના સિક્કાઓને પણ આટલી છુટથી ઉછળતા કદી જોયા ન હતા અને આમાં તો રૂપાના સિક્કાઓ અગ્રસ્થાન લઈ રહ્યા હતા. જૈનસંઘ ધર્મની પ્રભાવના આગળ

રૂપિયાના ઢેરને તુચ્છ ગણે છે, એ વસ્તુ આ દૃશ્યમાંથી ખાસ તરી આવતી હતી અને તે જૈનસંઘ માટે ઘણી ગૌરવરૂપ હતી.

## વિધિકારક

આ પ્રસંગે વિધિવિધાન કરાવવા માટે વળાદવાળા શ્રીયુત ફુલચંદ ભુરાભાઈ અમદાવાદથી આવ્યા હતા અને શ્રી જેઠાલાલભાઈ પણ તેમને સારો સહકાર આપી રહ્યા હતા.

## અંજનશલાકા–પ્રતિષ્ઠાવિધિ

પુણ્યપ્રબલ પૂજ્ય ગુરુ ભગવંતે આયંબિલની આરાધના કરવાપૂર્વક જેઠ સુદિ પાંચમ ને શુક્રવારે લગભગ પંચોતેર પ્રતિમાજીઓને અંજનવિધિ કરતાં સકલ સંઘમાં આનંદમંગલ પ્રવર્ત્યાં હતા. આ પ્રતિમાઓ મુંબઈ, મદ્રાસ, હુબલી, નિપાણી જેવા સુદૂરનાં સ્થળોએથી ભાવિકો તરફથી આવી હતી.

છઠ્ઠને શનિવારે મિથુન લગ્ને ધન નવમાંશે પુણ્યાહ 'પુણ્યાહ' પ્રીયન્તામ્ પ્રીયન્તામ્ ના શુભ ઉચ્ચારો વચ્ચે શ્રી સંભવનાથ ભગવાનની પ્રતિષ્ઠા થતાં ગભારામાં અમીઝરણા થવા પામ્યાં હતાં બરાબર આજ વખતે શ્રી શ્રેયાંસનાથ ભગવાન આદિ અગિયાર જિનબિંબો, શાસનરક્ષક દેવ–દેવીઓ, શ્રી ગૌતમ-સ્વામીજી, શ્રી સુધર્મા સ્વામીજી તથા શાસનસમ્રાટ આચાર્ય આચાર્યશ્રી વિજયનેમિસૂરીશ્વરજીની ચરણપાદુકાઓની પ્રતિષ્ઠા થઇ હતી અને વાતાવરણમાં આનંદ આનંદ વ્યાપી ગયો હતો.

પ્રતિષ્ઠા બાદ પૂજ્ય પંન્યાસશ્રી શુભંકરવિજયજી ગણિવર્યનું

પ્રવચન થયું હતું. ત્યાર બાદ ભવ્ય મંડપમાં નુતન જિનમંદિર બંધાવનારાઓમાંના બંધુદ્રય શા. કિંમતમલજી તથા જશરાજજીએ સજોડે ચતુર્થ વ્રત–બ્રહ્મચર્ય વ્રત ચરિત્રનાયકની નિશ્રામાં ઉચ્ચર્યું હતું.

બપોરના શ્રી બૃહત્ શાન્તિસ્નાત્ર ભણાવાયું હતું અને વિસર્જનવિધિ થઈ હતી.

## ઉપજ અને જમણ

આ મહોત્સવમાં મુખ્ય નવ ચડવા જિનમંદિર બંધાવનાર ભાઈઓના હતા, એટલે તેની બોલી બોલવાની ન હતી, છતાં પણ ઉપજ રૂપિયા ૫૦૦૦૦ લગભગની થઈ હતી.

જિનમંદિર બંધાવનારાઓ તરફથી છેલ્લા ત્રણ દિવસ નવકારશીનાં જમણો થયાં હતાં અને પ્રતિષ્ઠાને દિવસે જૈનેતર સમાજ તથા ગરીબ વર્ગ મળીને આઠ હજાર મનુષ્યોને જમણ અપાયું હતું.

## બે દિવસ કતલખાનાં બંધ

વધારે ખુશીની વાત તો એ હતી કે છેલ્લા બે દિવસ શહેરનાં કતલખાનાં બંધ રખાયાં હતાં અને ગામમાં કોઈ પણ હિંસા ન કરે તે માટે જૈનેતરભાઈઓ તરફથી સારો સહકાર સાંપડ્યો હતો.

## શુભેચ્છાના સંદેશાઓ

આ મહોત્સવ પ્રસંગે શુભેચ્છાના અનેક સંદેશાઓ આવ્યા હતા, જેમાં ભારતના ઉપરાષ્ટ્રપતિ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન્,

ભારતના ગૃહમંત્રી શ્રી ગોવિંદવલ્લભ પંત સરવિશ્વેસરૈયા કે. સી. આઈ. ઇ. કેરલના ગવર્નર બી. રામકૃષ્ણરાવ, ભારતની લોકસભાના સ્પીકર શ્રી અનંતશયનં આયંગર, રાજસ્થાનના મુખ્ય મંત્રીશ્રી મોહનલાલ સુખડિયા, માહિતી અને વાયુ-વાણીના મંત્રી ડો. બી. કેસકર, બેંગ્લોર કોર્પોરેશન ડીસ્ટ્રીકટ કોંગ્રેસ કમિટિના પ્રમુખ શ્રી એસ. જી. એ નાયડુ વગેરેના સંદેશાઓ મુખ્ય હતા.

બંગારપેઠમાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ સુસંપન્ન કરી. આપણા ચરિત્રનાયક સુવર્ણભૂમિ તરીકે ઓળખાતી રોબર્ટસન પેંઠ પધાર્યા. જ્યાં જૈનોનાં ૧૦૦ ઘર જૈનદેરાસર અને ઉપાશ્રય છે. અહિં પાંચ દિવસની સ્થિરતા કરી ચોમાસુ બેંગલોર કરવાનું હોવાથી બેંગલોર તરફ વિહાર કરતાં પહેલાં ફરી બંગારપેંઠ પધાર્યા. અહીં દેરાસર તો સારી રીતે થયું પણ ઉપાશ્રયની ખૂબ આવશ્યકતા હોવાથી ઉપદેશ આપતાં ૧૪૦૦૦ રકમ થઈ ગઈ.

બેંગલોર પધારતા આપણા પૂજ્ય ચરિત્રનાયકને બંગારપેંઠ રોબર્ટસનપેંઠ તુમકુર આદિ વિવિધસ્થળે ચાતુર્માસની વિનંતિ થઈ પણ તેઓએ જણાવ્યું કે અમારા ચાતુર્માસની જય બેંગલોર થઈ હોવાથી અમારે ત્યાં જવું જરૂરી છે.

## બેંગલોરનું યશસ્વી ચાતુર્માસ

આપણા ચરિત્રનાયક આસપાસના પ્રદેશમાં થોડો વખત વિચરી ભવ્ય સામૈયાપૂર્વક બેંગ્લોરમાં ચાતુર્માસાર્થે પધાર્યા.

## બેંગલોરનું યશસ્વી ચાતુર્માસ

પૂજ્યશ્રી આદિ મુનિવરો ચાતુર્માસ સાથે બેંગ્લોર પધારતાં જૈન સમાજમાં અજબ ઉત્સાહનું વાતાવરણ સર્જાઈ ગયું. સહુનાં મનમાં દિલમાં અંતરમાં એક જ તમન્ના જાગી કે ક્યારે પૂજ્ય શ્રી આદિ મુનિવરોના દર્શન-સમાગમનો લાભ લઈએ અને તેમનાં મુખમાંથી ઝરતી અમૃતવાણીનું પાન કરીએ.

## વ્યાખ્યાનોનું અજબ આકર્ષણ

પૂજ્યશ્રીનાં પ્રભાવક વ્યાખ્યાનોનો નિયમિત લાભ લઈ શકાય તે માટે આગેવાનોએ નિર્ણય કર્યો કે વ્યાખ્યાનના સમયે દુકાનો બંધ રાખવી અને તેનો અમલ થતાં વ્યાખ્યાન સમયે શ્રોતાઓની મોટી સંખ્યા ઉપસ્થિત થવા લાગી. રવિવારના દિવસે ઉપાશ્રયનો વિશાળ હોલ સાંકડો પડવા લાગ્યો અને લોકો વ્યાખ્યાનના સમય પહેલાં અર્ધો-અર્ધો પોણો-પોણો કલાક વહેલા આવી પોતાનું સ્થાન લઈ લેવા લાગ્યા.

કસ્તુરીની સુવાસ થોડા જ વખતમાં વાયુમંડળમાં ફેલાઈ જાય છે તેમ પૂજ્યશ્રીનાં વ્યાખ્યાનોની સુવાસ થોડા જ વખતમાં આખા બેંગલોર શહેરમાં ફેલાઈ ગઈ અને આજુબાજુના પ્રદેશમાં પણ તે વિસ્તરવા લાગી. આથી જૈનેતર વિદ્વાનો, પંડિતો તથા અમલદારો પણ તેઓશ્રીનાં વ્યાખ્યાનોનો લાભ લેવા લાગ્યા.

## શ્રી ટી. સુબ્રમણ્યમ્

કર્ણાટક પ્રાંતના ન્યાય, કામદાર અને નગરપાલિકા

વિભાગના સચિવ શ્રી ટી. સુબ્રહ્મણ્યમ્ મહાશયે પૂજ્યશ્રીનાં વ્યાખ્યાનની ખ્યાતિ સાંભળી, એટલે તેમણે સ્થાનિક સેવાભાવી પત્રકાર જી. આર. સ્વામીને પૂજ્યશ્રીનાં દર્શન-વ્યાખ્યાન શ્રવણનો લાભ લેવાની પોતાની ભાવના પ્રદર્શિત કરી અને તેમની મારફત સમય લઈ પોતાના કર્મચારીઓ સાથે ઉપાશ્રયે પધાર્યા. ત્યાં દેશના રિવાજ મુજબ ગુરૂદેવ આગળ ફલાદિ મૂકી, નમસ્કાર કરીને એક ચિત્તે વ્યાખ્યાન સાંભળવા બેઠા. એ વખતે વ્યાખ્યાન જૈનદૃષ્ટિએ પંચશીલ પર ચાલી રહ્યું હતુ અને પૂજ્યશ્રી તેની સુંદર છણાવટ કરી રહ્યા હતા. શ્રી સુબ્રહ્મણ્યમ આ વ્યાખ્યાન સાંભળીને ખૂબજ પ્રભાવિત થયા.

વ્યાખ્યાન પૂર્ણ થયા બાદ તેમણે ઊભા થઈને કહ્યું કે પ્રખર પંડિત નિર્ગ્રંથ મુનિ મહાત્મા આગળ હું બાળક જેવો શું બોલી શકું? પણ એટલું જણાવું છું કે આ મહાત્માઓનાં જીવન અનોખાં છે. તેમના ત્યાગની બલિહારી છે. એક વખત બાલક નરેન્દ્ર (સ્વામી વિવેકાનંદ) શ્રી રામકૃષ્ણ પરમહંસના દર્શને ગયા અને તેમની તેજોમય મૂર્તિ જોતાં જ તેમની (નરેન્દ્રની) ભાવનામાં અજબ પરિવર્તન થયું. તેથી જ કહ્યું છે કે 'સંત પુરૂષનો સંસર્ગ અજબ ફલદાયક છે.'

આવા મહાત્મા પુરૂષ જ્યારે પૂના જેવા દૂરનાં સ્થળેથી વિહાર કરીને આપણા નગરમાં પધાર્યા છે, ત્યારે તેઓશ્રીની સેવા કરીને તથા તેઓશ્રીનાં પ્રવચનોનું શ્રવણ કરીને આપણાં જીવનને પવિત્ર બનાવવું જોઈએ.

આટલાં પ્રાસંગિક વક્તવ્ય પછી તેમણે પૂજ્યશ્રીના શુભ હસ્તે વાસક્ષેપ ગ્રહણ કર્યો હતો અને આવા ત્યાગી નિઃસ્પૃહી મહાત્માને ચાતુર્માસ કરાવી લાભ લેવા બદલ બેંગ્લોરના શ્રી સંઘને ધન્યવાદ આપ્યા હતા. બાદ યુગાદિદેવ શ્રી આદીશ્વર ભગવાનનાં દર્શન કરી તથા શ્રી સંઘનું સન્માન સ્વીકારી તેઓ સ્વસ્થાને ગયા હતા.

## જાહેર પ્રવચનોની પરંપરા

પૂજ્યશ્રીનાં પ્રેરક પ્રવચનોનો લાભ બેંગલોરની સકળ જનતા લઈ શકે તે માટે થોડા વખત પછી દર રવિવારે તેઓશ્રીનાં પ્રવચનો જાહેર સ્થાનમાં રાખવામાં આવ્યાં અને તેનો કન્નડ અનુવાદ પંડિત એસ. પી. અનંતરાય શાસ્ત્રી દ્વારા થાય એવી ગોઠવણ કરવામાં આવી. આ જાહેરાત થતાં જ કન્નડ ભાષા બોલનારો શહેરનો સામાન્ય તથા વેપારીવર્ગ પૂજ્યશ્રીનાં પ્રવચનો સાંભળવા ઉમટવા લાગ્યો. આ પ્રવચન-પરંપરાએ જૈનધર્મ સંબંધી પ્રચલિત થયેલા અનેક ભ્રમોનું નિવારણ કરી નાંખ્યું તથા તેનાં તત્ત્વજ્ઞાન અને આચાર સંબંધી સુંદર પ્રકાશ પાડ્યો.

## તપશ્ચર્યામાં આવેલી જબ્બર તેજી

આત્મશુદ્ધિના ઉપાયોમાં જપ તથા તપ વિશિષ્ટ સ્થાન ધરાવે છે, તેથી પૂજ્યશ્રી સિદ્ધાંતવિષયક જ્ઞાન આપવાની સાથે લોકોને જપ તપ માટે પ્રબળ પ્રેરણા કરતા અને તે માટે વિશિષ્ટ અનુષ્ઠાનોનું આયોજન પણ કરતા. આ કાર્યમાં તેઓશ્રીના પટ્ટધર પંન્યાસજી મહારાજ શ્રી શુભંકરવિજયજી ગણિ-

વરની પ્રેરણાઓ ખૂબ ઉપયોગી નિવડતી. ગુરૂશિષ્યની આ પ્રભાવક બેલડીએ પ્રથમ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીના સાડા બારહજાર જાપપૂર્વક અઠ્ઠમની તપશ્ચર્યાનું આયોજન કર્યું. તેમાં સંઘના આગેવાનો તથા બાર બાર વર્ષના કિશોરો સહિત બસો જેટલાં સ્ત્રીપુરૂષો જોડાયાં અને તેમણે જપ તથા તપનો અપૂર્વ આહ્લાદ માણ્યો.

ત્યારબાદ વિવિધ જપ-તપોનું આયોજન થયું જેમાં ચંદનબાળાના અઠ્ઠમ, શ્રી સિદ્ધચક્રજી મહારાજનો સામુદાયિક તપ, પંચરંગી તપ, નમસ્કાર મહામંત્રનો તપ (નાનો), નમસ્કાર મહામંત્રનો સામુદાયિક જપ તથા અષ્ટમહાસિદ્ધિ તપ મુખ્ય હતા. આ તપનાં એકાસણાં જુદા જુદા ભાવિક ગૃહસ્થો તરફથી કરવવામાં આવ્યાં હતાં.

## શ્રી નંદીશ્વરદ્વીપની મહાપૂજા

નમસ્કાર મહામંત્રનો તપ કરનારા ભાવિક ભાઈબહેનો તરફથી શ્રી નંદીશ્વરદ્વીપની મહાપૂજા ઘણા ઠાઠથી ભણાવવામાં આવી હતી. આ પૂજા અંગે વિશિષ્ટ મંડળનું આલેખન કરવા માટે મુંબઈથી શ્રી ગીરધરભાઈ મણિયારને બોલાવવામાં આવ્યા હતા. તેમણે એ મંડપની રચના અતિ સુંદર કરી હતી. ભવ્ય ભાવોલ્લાસ અને કમનીય કલાના સુભગ સંયોગને લીધે આ પૂજા હજારો મનુષ્યોનું આકર્ષણ કરવા સમર્થ બની હતી. તેમાં નોંધપાત્ર બીના તો એ હતી કે જેઓ મૂર્તિપૂજામાં માનનારા નથી તથા ભક્તિના આવા પ્રકારોની અસરકારકતા સ્વીકારતા

નથી, તેઓ પણ આગતુંકોમાં સામેલ હતા અને પૂજાનો ઠાઠ જોઈને તેની પ્રસંશા કરતા હતા. એટલે આવા પ્રસંગો શાસન-પ્રભાવનાનું એક પ્રબળ નિમિત્ત છે, એમાં કોઈ શંકા નથી.

## મુમુક્ષુને અભિનંદન

મુંબઈ–મલાડમાં પ. પૂ. આચાર્ય શ્રીમદ્‌વિજયવિજ્ઞાન-સૂરીશ્વરજી મહારાજના વરદ હસ્તે આજન્મ બ્રહ્મચર્યવ્રત ઉચ્ચારનાર અને પૂ. મુનિશ્રી સૂર્યોદયવિજયજી પાસે બાર મહિનામાં દીક્ષા ન લેવાય તો લુખું ભોજન કરવાની પ્રતિજ્ઞા ગ્રહણ કરનાર મુમુક્ષુ ચીમનલાલ વંદનાર્થે અહીં આવતાં. પૂજ્યશ્રીની નિશ્રામાં શ્રીસંઘે તેમને અભિનંદન આપ્યાં હતાં.

શ્રી જિનશાસનમાં આયંબિલની મુખ્યતાવાળાં નાનાં મોટા અનેક તપો દર્શાવવામાં આવ્યાં છે, તેમાં શ્રી વર્ધમાન આયંબિલ તપની મહત્તા વિશેષ છે, કારણ કે તેનાથી દિન-પ્રતિદિન આયંબિલનો અભ્યાસ વધતો જાય છે. અને વિષય-વાસના પર પૂરો કાબૂ મેળવી શકાય છે. શ્રી ચંદ્રકેવળી પૂર્વ-ભવમાં આ વર્ધમાન આયંબિલ તપની આરાધના કરવાથી અત્યંત રિદ્ધિસિદ્ધિ પામ્યા હતા અને પ્રાંતે મોક્ષ લક્ષ્મીને વર્યા હતા.

શ્રી વર્ધમાન આયંબિલ તપની આવી મહત્તા હોવાથી આજે મોટાં શહેરોમાં શ્રી વર્ધમાન આયંબિલ તપ ખાતાની સ્થાપના થાય છે અને ઘણા ભાઈબહેનો તેનો લાભ લે છે. ડહેલાવાળા પૂજ્ય મુનિરાજ શ્રી ભુવનવિજયજી મહારજની પ્રેરણાથી

સં. ૨૦૧૮ના મહા સુદિ ૧૩ના રોજ અહીં શ્રી વર્ધમાન આયંબિલ તપ ખાતાની સ્થાપના થઈ હતી, તેને સંગીન પાયે મૂકવા માટે પૂજ્યશ્રીએ શ્રી સંઘને વારંવાર પ્રેરણા કરતાં તેને રૂા. ૭૫૦૦૦ જેટલી સહાય મળી હતી અને સંસ્થાનું પોતાનું ત્રણ માળનું મકાન, રત્નભુવન તૈયાર થઈ ગયું હતું. તેનું ઉદ્ઘાટન પણ પૂજ્યશ્રીની નિશ્રામાં થયું હતું.

## પર્યુષણપર્વની અપ્રતિમ આરાધના

પૂજ્યશ્રીની પુણ્ય નિશ્રામાં પર્યુષણપર્વની આરાધના અપ્રતિમ થઈ હતી. મુનિશ્રી નયનચંદ્રવિજયજીએ આઠ, મુનિશ્રી જગતચંદ્રવિજયજીએ અગિયાર અને શ્રીમતી સૂરજબહેન ફૂલની-ચરવાળાએ એક મહિનાના ઉપવાસ કર્યા હતા. આ ઉપરાંત ૧૨૫ લગભગ ભાઈબહેનોએ આઠથી માંડી સત્તર સુધીના ઉપવાસો કર્યા હતા અને ૫૦૦ જેટલા ભાઈબહેનોએ ત્રણ ઉપવાસોથી માંડીને સાત ઉપવાસો સુધીની તપશ્ચર્યા કરી હતી. ચોસઠ પહોરી પૌષધ કરનારાઓની સંખ્યા એક શતક વટાવીને બીજા શતકના અર્ધભાગે પહોંચી હતી.

પર્યુષણમાં પૂજા, આંગી, ભાવના વગેરેનો ઠાઠ અનેરો રહ્યો હતો અને શ્રીફળની પ્રભાવનાઓ વારંવાર થઈ હતી. કલ્પસૂત્ર, પારણું તથા બારસાસૂત્ર પોતાને ત્યાં લઈ જનાર મહાનુભાવોએ ઘણી ધામધુમ કરી હતી.

ગાંધીનગરમાં પર્યુષણ પર્વની આરાધના કરવા માટે

મુનિશ્રી કીર્તિચંદ્રવિજયજી આદિ મુનિરાજોને મોકલવામાં આવ્યા હતા, ત્યાં પણ પર્યુષણની આરાધનાનો ઠાઠ અનેરો રહ્યો હતો.

ચીકપેટ અને ગાંધીનગર બંને સ્થળે મળીને બોલી વગેરેની ઉપજ રૂા. ૨૨૦૦૦ લગભગ થઈ હતી. બહારગામોનાં ફંડોમાં શ્રીસંઘ તરફથી રૂપિયા પચીશ હજારની સુંદર રકમ ભરવામાં આવી હતી. ગાંધીનગરમાં ઉપાશ્રય બંધાવવા માટે પૂજ્યશ્રીની ઉપદેશ ધારા રેલાતાં દાનનો પ્રવાહ ૨૪૦૦૦ સુધી પહોંચ્યો હતો. તપસ્વીઓના વરઘોડા ઘણા ઠાઠથી નીકળ્યા હતા અને તે જનતાને મૂક ઉદ્બોધન કરતા હતા કે—

'મનુષ્યોનું શરીર જે આજ કે કાલ અવશ્ય વિનાશ પામવાનું છે. તેનું મોટું ફલ એજ છે કે તેના વડે બને તેટલું સકામનિર્જરાવાળું તપ કરી લેવું.'

## શ્રી સિદ્ધચક્ર-મહાપૂજા

શ્રી જૈનસંઘના અનેક ભાવિકોનાં મુખમાં આજે નીચેની પંક્તિઓ રમે છે :

શ્રી સિદ્ધચક્રની કરો ભવિ સેવના રે,
મન ધરી નિર્મળભાવ;
ભાવની વૃદ્ધિએ ભવભય સવિ ટળે રે,
પ્રગટે શુદ્ધ સ્વભાવ. શ્રી. સિદ્ધચક્ર

આ પરથી શ્રી સિદ્ધચક્રજીનો મહિમા જિનશાસનમાં કેટલો છે, તે સમજી શકાશે.

પૂજ્યશ્રીની પ્રેરણાથી આ સિદ્ધચક્રજીનું મહાપૂજન ઘણા ઉલ્લાસપૂર્વક થયું હતું રંગરંગેગી ફૂલો અને ધ્વજાપતાકાથી શોભતા દેવભુવનસમા જિનમંદિરમાં તરણતારણ પરમ પાવન શ્રી આદિનાથ ભગવાનની સન્મુખ પ. પૂ સમર્થ વ્યાખ્યાનકાર પંન્યાસપ્રવર શ્રી યશોભદ્રવિજયજી ગણિવર્ય આદિની પુણ્ય નિશ્રામાં શા. સાંકળચંદજી બાબુલાલજી તરફથી મહામંગલકારી શ્રી સિદ્ધચક્રજી મહાપૂજન હજારો ભાઈબહેનોની હાજરીમાં ઘણા ઉલ્લાપૂર્વક થયું હતું. શેઠ ચીનુભાઈ અમદાવાદવાળાએ ક્રિયા કરાવી હતી અને સાત સાત સંગીતકારોએ સંગીતના સૂરો રેલાવી ખૂબ રંગ જમાવ્યો હતો. અંતે સહુ તે દિવસને ધન્ય માનતા શ્રીફળની પ્રભાવના લઈ વિખરાયા હતા.

## અઢાર અભિષેકની ક્રિયા

આ મહાપૂજનના બીજા જ દિવસે શ્રીસંઘ તરફથી અઢાર અભિષેકની ક્રિયા પણ ઘણા ઉલ્લાસ અને ઘણા ઠાઠથી થઇ હતી.

## નવપદજીની ઓળીનું સુંદર આરાધન

છ વર્ષ પહેલા અમુક મતભેદો ઉત્પન્ન થતાં સંઘની એકતામાં ભંગાણ થડયું હતું અને તે ધાર્મિક પ્રસંગોએ ખૂબ નડતું હતું. આ ભંગાણ કોઇ રીતે સંધાતું ન હતું. તેથી અનેક આત્માઓને દુઃખ થતું હતું. પરંતુ પૂજ્યશ્રીએ ચાર માસ સુધી સતત પ્રયત્ન કરીને આ ભંગાણ સાંધી દીધું અને જૈનસંઘમાં પુનઃ એકતાની સ્થાપના થઈ.

## વિશાળ અને સુશોભિત તીર્થપટો

આસો માસમાં શ્રી નવપદજીની ઓળીનો પ્રસંગ પ્રાપ્ત થતાં પૂજ્યશ્રીની નિશ્રામાં સુંદર આરાધના થઈ હતી અને તેમાં ૨૫૦ જેટલા ભાઇબહેનો જોડાયા હતા. ૫૦ ભાવિકોએ શ્રી વર્ધમાન આયંબિલ તપના પાયા નાખ્યા હતા, આને અમે આધ્યાત્મિક પ્રગતિની દિશામાં થઇ રહેલી પ્રગતિનું એક પ્રશસ્ત પગથિયું સમજીએ છીએ.

અહીં પૂજ્યશ્રીના સદુપદેશથી શ્રી સમેતશિખરજી તથા શ્રી સિદ્ધાચલજીના વિશાળ સુશોભિત પટો તૈયાર થતાં તેની બોલી બોલાઇ હતી. એ બોલીમાં શ્રી સમેતશિખરજીના પટનો આદેશ રૂા. ૬૨૦૧ની બોલીથી શા. માનમલ રાજાજીની કંપનીને અપાયો હતો અને શ્રી સિદ્ધાચલજીના પટનો આદેશ રૂા. ૫૨૦૧ની બોલીથી શા. ગણેશમલ તેજરાજની કંપનીને અપાયો હતો.

## ઉપાશ્રયમાં તૈલચિત્રો

અહીં એ વસ્તુની પણ નોંધ કરવી જોઈએ કે પ. પૂ. સૂરિસમ્રાટ, પ. પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયકસ્તુરસુરીશ્વરજી મહારાજ, પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી યશોભદ્રવિજયજી ગણિવર્ય તથા પ. પૂ પંન્યાસપ્રવર શ્રી શુભંકરવિજયજી ગણિવર્યના તૈલચિત્રો

શા. દેવીચંદજી. જેઠમલજી, શા. સ્વરૂપચંદજી સાંકલચંદજી, શા. મોહનલાલજી મીઠાલાલજી, શા. દેવીચંદ મિશ્રીમલજી તથા શા. હીરાચંદજી કુલચંદજી તરફથી ઉપાશ્રયમાં મૂકાયાં હતાં. જે ઉપકારી ગુરૂદેવોનું સ્મરણ કરાવતા હતા અને તેઓશ્રીએ આપેલા ઉપદેશની ફરી ફરીને યાદ આપતા હતા.

## ચાતુર્માસ પરિવર્તન આદિ

કાર્તિકી પૂર્ણિમાના દિવસે પૂજ્યશ્રી આદિ મુનિમહારાજો સકલસંઘ સાથે વાજતે ગાજતે દાદાવાડી તીર્થપટની યાત્રા કરવા માટે પધાર્યા હતા. અને શા. દેવીચંદજી જેઠમલજીની આગ્રહભરી વિનંતિથી તેમને ત્યાં ધામધુમથી ચાતુર્માસ–પરિવર્તન કર્યું હતું. ત્યાં બે દિવસની સ્થિરતામાં ચીફ મિનિસ્ટર શ્રી જટ્ટી વગેરે વ્યાખ્યાનમાં આવ્યા હતા અને તેમણે પૂજ્યશ્રીનાં વ્યાખ્યાનથી ખૂબ પ્રભાવિત થઈને તેઓશ્રીના આશીર્વાદ લીધા હતા. વ્યાખ્યાનમાં બંને દિવસ શા. દેવીચંદજી જેઠમલજી તરફથી લાડુની પ્રભાવના થઈ હતી.

આ રીતે સં. ૨૦૧૪નું બેંગ્લોરનું ચાતુર્માસ અત્યંત યશસ્વી નીવડયું હતું.

## વિશેષ સ્થિરતા કરવાની શ્રી સંઘની વિનંતિ

હવે પૂજ્યશ્રીએ વિહારની ભાવના દર્શાવતાં સકલસંઘે ફાગણ સુદિ ૧૫ સુધી સ્થિરતા કરવાની આગ્રહભરી વિનંતિ કરી તેથી લાભાલાભનો વિચાર કરી પૂજ્યશ્રીએ એ વિનંતિનો સ્વીકાર કર્યો. આથી શ્રીસંઘમાં હર્ષનું વાતાવરણ સર્જાયું અને

શાસનદેવકી જય તથા સૂરિસમ્રાટકી જયના ઘેરા નાદથી ઉપાશ્રય ગાજી ઉઠયો.

## મહામંગલકારી ઉપધાન તપની આરાધના

મૌન એકાદશીનાં પ્રતિક્રમણ સમયે પૂજ્યશ્રીના ઉપદેશથી શ્રી સંઘે મહામંગલકારી ઉપધાન તપ કરાવવાનું નક્કી કર્યું અને તરત જ હજારોની રકમ ભરાઇ ગઈ તથા નીવી અને આયંબિલની ઓળીઓ નોંધાઇ ગઈ. એજ વખતે આ કાર્યનું સફલ સંચાલન કરવા માટે એક સમિતિ નીમવામાં આવી અને તેણે આ કાર્યને ખૂબ ઝડપથી આગળ વધાર્યું. તેણે સુંદર રીતે છપાયેલી વિશાળ પત્રિકા દ્વારા સ્થળે સ્થળના શ્રીસંઘોને આ તપમાં જોડાવા માટે આમંત્રણો મોકલ્યાં. પરિણામે મદ્રાસ, રોબર્ટસન પેંઠ, બંગારપેઠ, મ્હૈસુર, કોઇમ્બતુર, હુબલી, ચિત્તલ-દુર્ગ, તુમકુર, મંડિયા, હૈદરાબાદ, વેલુર વગેરે સ્થળેથી ભાવિકો તપ માટે આવવા લાગ્યા.

તરણતારણ શ્રી આદિનાથ ભગવાનની પુનિત છાયામાં અને પરમ શાંતમૂર્તિ પૂજ્યપાદ વયોવૃદ્ધ આચાર્યશ્રી વિજય-વિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજય-કસ્તુરસૂરીશ્વરજી મહારાજની શુભ આજ્ઞાનુસાર પૂજ્ય પંન્યાસજીએ સં. ૨૦૧૫ ના પોષ વદિ ૧ અને ૩ ના રોજ ૧૯૨ ભાઈબહેનોને ઉપધાન તપની શરૂઆત કરાવી.

આરાધના ખૂબ ઉત્સાહપૂર્વક થવા લાગ્યું, કારણ કે પૂજ્યશ્રી રોજ પ્રવચનમાં જ્ઞાન અને ક્રિયાનો મહિમા પ્રકાશતા

તથા ભાવધર્મનું મહત્ત્વ સમજાવતા. તેઓશ્રી સૂર્યનું દૃષ્ટાંત આગળ ધરીને કહેતા કે જેમ નાનકડો સૂર્ય અંધકારના સમૂહનો નાશ કરે છે, તેમ થોડું પણ ભાવવિશુદ્ધિવાળું અનુષ્ઠાન સકલ કર્મસમૂહનો નાશ કરે છે.

પૂજ્યશ્રીનાં વિદ્વાન શિષ્યરત્ન પંન્યાસપ્રવર શ્રી શુભંકરવિજયજી મહારાજ, મુનિશ્રી કીર્તિચંદ્રવિજયજી તપસ્વીઓને ક્રિયા કરાવતા અને પ્રસંગોપાત તેનું રહસ્ય પણ સમજાવતા તેથી આરાધકોને અતિ આનંદ આવતો.

ઉપધાન તપની પૂર્ણાહુતિ નિમિત્તે માહ વદિ ૧૧થી મહોત્સવનાં મંડાણ થયાં હતાં અને તપસ્વીઓનાં સગાં, સંબંધીઓ, મિત્રો વગેરે તથા અન્ય ભાવિકો બેંગલોરમાં આવવા લાગ્યા હતા. દરરોજ વિધવિધ પૂજાઓ ભણાતી, નવી નવી આંગીઓ રચાતી અને હજારો ભાઈબહેનોની સાધર્મિક–ભક્તિ થતી. સંગીતકાર ઘનશ્યામભાઈ ખંભાતવાલાએ સુંદર સ્વર લહરીઓ છોડીને પૂજા તથા ભાવનામાં અનેરો રંગ જમાવ્યો હતો.

ફાગણ સુદિ પાંચમનાં પ્રશસ્ત પ્રભાતમાં પૂજ્યશ્રીએ પ્રવચન-પીઠ પરથી માલારોપણ અંગે પ્રકાશ પાડતાં જણાવ્યું કે–

'મહાનુભાવો ! ઉપધાનમાં જે માળા પહેરાવવામાં આવે છે, તેને સામાન્ય કે સાધારણ ન સમજશો. એ તો મુક્તિ-રૂપી કન્યાની વરમાળા જેવી છે, અર્થાત્ તેના વડે મુક્તિને વરી શકાય છે.'

આ વચનોએ શ્રોતાસમૂહના હૃદય પર વિદ્યુત જેવી અસર ઉપજાવી હતી અને માલાના ચડાવા અજબ ઉત્સાહથી બોલાવા લાગ્યા હતા. માળવાળા ભાઈ બહેનો ૧૨૦ હતા, તેમાં ઉપજ રૂા. ૪૨૦૦૦ની થઈ હતી. અન્ય ઉપજ પણ આશરે રૂા. ૮૦૦૦ની થઈ હતી.

તપસ્વીઓને પ્રભાવના આપવા માટે ધર્મશ્રદ્ધાળુ સજ્જન-સન્નારીઓનાં દિલમાં ઉત્સાહની અજબ ભરતી આવી હતી, પરિણામે એક એક તપસ્વીને સો સો પ્રભાવના મળી હતી. જેનું મૂલ્ય આશરે રૂપિયા ૨૦૦ થવા જતું હતું. સામુદાયિક પ્રભાવના ગરમ ધાબળાની થઈ હતી.

આટલી બધી ઉપજ અને પ્રભાવનાની વાતો સાંભળી ઘર ઘરમાં હર્ષની છોળો ઉછળવા લાગી હતી અને પૂજ્યશ્રીની અજબ પ્રતિભા સહુની પ્રશંસા પામી હતી.

બપોરે આ મહોત્સવના ઉપલક્ષમાં ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. તેમાં ચાંદીના યાંત્રિક ઘોડાયુક્ત રથમાં પ્રભુજીને બિરાજ-માન કરવામાં આવ્યા હતા. પૂજ્યશ્રી આદિ મુનિમંડળ, હજારોની માનવમેદની, ત્રણ બેંડ અને એકસો લગભગ સાંબેલા સહુનું ધ્યાન ખેંચી રહ્યા હતા અને મુખમાંથી ધન્ય ધન્યના ઉદ્ગારો કઢાવતા હતા. આ વરઘોડો લગભગ અઢી કલાક સુધી રાજમાર્ગ પર ફરી ચીકપેટ શ્રી આદિનાથ જિનમંદિરે ઉતર્યો હતો.

ફાગણ સુદિ છઠ્ઠનાં મંગલ પ્રભાતે પૂજ્યશ્રી પોતાના શિષ્ય સમુદાય, તથા ઉપધાનતપવાળા ભાઈબહેનો, તેમજ સકલ

સંઘ સાથે ડોડાણા હોલની બહારનાં વિશાળ પટાંગણમાં તૈયાર થયેલ ભવ્ય મંડપમાં પધારતાં પ્રચંડ જયનાદો થયા હતા. આ વખતે ઉપસ્થિત થયેલી માનવમેદનીની ચોક્કસ સંખ્યા તો કોણ ગણી શકે ? પણ બહુ સંભાળભર્યા અંદાજ પ્રમાણે એની સંખ્યા લગભગ દશ હજાર જેટલી હતી.

આજના ઉત્સવમાં આનંદનો વધારો કરે એવી એક વસ્તુ એ હતી કે પૂજ્યપાદ આચાર્ય શ્રીમદ્ વિજયવિજ્ઞાન-સૂરીશ્વરજી મહારાજની શુભ આજ્ઞાનુસાર પૂજ્યપાદ આચાર્ય શ્રીમદ્ વિજયકસ્તુરસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન વિદ્વાન મુનિરાજ શ્રી કીર્તિચંદ્રવિજયજી ગણિને પંન્યાસપદ અર્પણ કરવાનું હતું. વ્યાખ્યાન પીઠ પર વિરાજીને પૂજ્યશ્રીએ પંન્યાસ-પદ તથા માલારોપણનો વિધિ કરાવ્યો, બાદ કેટલીક ક્રિયા પૂ. પં. શ્રી શુભંકરવિજયજી કરવાના હતા. તેજ સમયે શ્રી સંઘે આપણા ચરિત્રનાયકને આચાર્યપદ સ્વીકારવા ખૂબ ખૂબ આગ્રહ કર્યો અને એ વાત શ્રી પોખરાજજીએ ધ્વનિવર્ધક યંત્ર પર વહેતી મૂકી આથી હજારો માનવી તાલીઓના ગડગડાટપૂર્વક એકી અવાજે બોલવા લાગ્યા કે 'ગુરૂદેવ અમારી પ્રાર્થના સાંભળો અને આચાર્યપદ સ્વીકારી દક્ષિણમાં જૈન શાસનનો ડંકો વગાડો.' પરંતુ ચારિત્રનાયક થોડો સમય મૌન રહી યોગ્ય શબ્દો દ્વારા તેનો ઉત્તર આપ્યો, એટલે સહુ શાંત થયા. ખરેખર ! એ વખત દૃશ્ય અનોખું હતું.

આ પ્રસંગે શ્રીસંઘ તરફથી બાર હજાર લગભગ શ્રાવક-શ્રાવિકાઓનું નવકારશી જમણ થયું હતું તથા અનાથ, અપંગ અને ગરીબોને મિષ્ટ ભોજન આપવામાં આવ્યું હતું. તેમાં શ્રી સંઘના આગેવાનો તથા સેવાભાવી યુવકોએ ખૂબ ખૂબ સેવા બજાવી હતી.

બપોરે વિજય મુહુર્તે નવા પન્યાસજી તથા મુનિરાજ શ્રી સૂર્યોદયવિજયજી તથા મુંબઇથી ક્રિયા માટે પધારેલા શ્રી જીવણભાઈ તથા શ્રી હીરાભાઈએ શાંતિસ્નાત્રની ક્રિયા શરૂ કરાવી હતી.

આ રીતે માલારોપણ તથા પંન્યાસપદાર્પણ મહોત્સવ ખૂબ શાંતિથી સુંદર રીતે ઉજવાયો હતો અને બેંગલોરના ઇતિહાસમાં યાદગાર બની ગયો હતો.

પૂજ્યશ્રી બેંગલોર પધાર્યા ત્યારથી માંડીને અત્યાર સુધીમાં શ્રીસંઘે રૂ। ૩૫૦૦૦૦ ત્રણ લાખ પચાસ હજારનો સદ્વ્યય કર્યો હતો, જે પૂજ્યશ્રીના અજબ પ્રભાવની પ્રતીતિ કરાવે છે.

## મદ્રાસ ભણી

બેંગલોરમાં અપૂર્વ યશભરી જિનશાસનની જયપતાકા ફરકાવીને પૂજ્યશ્રીએ શિષ્ય–શિષ્યાદિ સાથે મદ્રાસ ભણી વિહાર કર્યો, ત્યારે માનવમહેરામણ ઉછળવા લાગ્યો હતો અને તેણે પૂજ્યશ્રીને અતિ ભાવભર્યું વિદાય સન્માન આપ્યું હતું. વિદાય વખતે આવો મોટો માનવસમુદાય એકત્ર થવો એને અમે પ્રાપ્ત થયેલી ભારે પ્રતિષ્ઠાનું એક પ્રાણવાન પ્રતિક લેખીએ છીએ.

ઘણા ભાવિકો મ્હેસુર બેંક આગળ આવેલી કોલેજ સુધી સાથે ચાલ્યા હતા. ત્યાં પૂજ્યશ્રીએ મંગળપ્રવચન સંભળાવી ધર્મકરણીમાં સહુને ઉજમાળ રહેવાનો અનુરોધ કર્યો હતો. છૂટા પડતાં અનેક આંખો અશ્રુભીની બની ગઈ. હતી 'પૂજ્યશ્રી ફરી ક્યારે પધારશો ?' એજ પ્રશ્ન સહુનાં અંતરમાંથી ઉઠી રહ્યો હતો.

વિહારમાં કેટલીકવાર સપાટ મેદાનોમાં ચાલવું પડતું તો કેટલીક વાર ઊંચીનીચી ભૂમિને ઓળંગવી પડતી અને કેટલીક વાર વન–અરણ્ય–જંગલમાંથી પણ પસાર થવું પડતું. વળી મુલક અજાણ્યો હતો, ભાષા નવી હતી. પરંતુ સાથે આ પ્રદેશના જાણીતા થોડા માણસો રહેવાથી ખાસ મુશ્કેલી પડતી નહિ. સામાન્ય રીતે વિહાર રોજ આઠથી દશ માઈલનો થતો. ત્યાંથી વેલુર પધાર્યા ત્યાં મહાવીર જન્મકલ્યાણક ખૂબ ઉત્સાહપૂર્વક ઉજવ્યું.

## મદ્રાસની સમીપે

વેલુરથી ગ્રામાનુગ્રામ વિહાર કરતાં અને ધર્મોપદેશ આપતા પૂજ્યશ્રી જ્યારે પરમત્તુર પધાર્યા, ત્યારે મદ્રાસથી ૧૦૦ જેટલાં સ્ત્રીપુરૂષો વંદનાર્થે આવ્યાં હતાં. 'પ્રથમ અસર એ શ્રેષ્ઠ અસર' એ ઉક્તિને આપણે માન્ય રાખીએ તો આ દર્શનાર્થીઓ પૂજ્યશ્રીનાં પ્રતિભાવંત વ્યક્તિત્વની શ્રેષ્ઠ અસર પોતાની સાથે લઇ ગયા હતા અને તેમણે બીજા અનેકને પૂજ્યશ્રીનાં દર્શન માટે ઉત્સુક કર્યા હતા. પૂનમલ્લીમાં આ વસ્તુ પ્રત્યક્ષ થઈ હતી

ત્યાં મદ્રાસથી દર્શન કરવા આવનારની સંખ્યા ઘણી મોટી હતી. દાદાવાડીમાં તો દર્શનાર્થીઓનો દરોડો જ પડયો હતો, એમ કહીએ તો પણ અત્યુક્તિ નથી.

## ભવ્ય નગરપ્રવેશ

સોળ લાખની વસ્તી ધરાવતા મદ્રાસ શહેરમાં હજારો જૈનો વસે છે. તેમના હ્રદયમાં પૂજ્યશ્રીની પધરામણીએ નવી જ ઉષ્મા પ્રગટાવી હતી, અપૂર્વ ભાવસરિતા રેલાવી હતી. સહુ અહિંસાની આલબેલ પુકારનાર આ મહાન મહાત્માનું ભાવભીનું સ્વાગત કરવા તૈયાર થઈ ગયા હતા. પરિણામે પૂજ્યશ્રીનો નગરપ્રવેશ યાદગાર બની ગયો હતો. એ વખતે સ્થંભો, કમાનો કે દુકાનોનાં દ્વાર પર લટકેલી ધ્વજા પતાકાઓની ગણના થઈ શકે એમ ન હતી. ગહુંલીઓ એક પછી એક દશકો ઝડપથી વટાવ્યે જતી હતી અને તે શતકની સમીપે પહોંચી ગઈ હતી. વાજિંત્રો વિવિધ સ્વરે વાગી રહ્યાં હતાં અને વાતાવરણમાં એક પ્રકારની ઉત્તેજના લાવી રહ્યાં હતાં. પરિણામે હજારો મનુષ્યો પોતાનો કામધંધો છોડીને રસ્તાની બંને બાજુ ઊભા રહી ગયા હતા, દુકાનના ઓટલે ચડયા હતા, છજા કે અગાશીમાં ગોઠવાઈ ગયા હતા કે વૃક્ષો પર ચડીને તેની શાખાને વળગી રહ્યા હતા.

## ચાતુર્માસની વિનંતિ અને તેનો સ્વીકાર

પૂજ્યશ્રીનાં પધારવાથી શ્રી સંઘમા અપૂર્વ ઉત્સાહ ફેલાયો હતો અને તેઓશ્રીનું અહીં ચાતુર્માસ થાય એવી ભાવના

પ્રબળ બની હતી. આથી સમસ્ત શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘે એકત્ર થઈને પૂજ્યશ્રીને મદ્રાસમાં ચાતુર્માસ કરવાની વિનંતિ કરી અને પૂજ્યશ્રીએ મુંબઈમાં બિરાજતા પૂજ્યપાદ ગુરૂદેવોની આજ્ઞા મળશે તો અમે અહીં ચાતુર્માસ કરીશું એવો ઉત્તર આપ્યો. આ ઉત્તરથી સકલ સંઘ ખૂબજ હર્ષિત થયો અને વાતાવરણ જયનાદથી ગાજી ઉઠયું. તે માટે યથા સમયે પૂજ્ય ગુરૂદેવોની આજ્ઞા મળી જતાં મદ્રાસનું ચાતુર્માસ નિર્ણિત થઈ ગયું.

## આજુબાજુનાં સ્થાનોને અપાયેલો લાભ

હજી ચાતુર્માસનો પ્રારંભ થવાને ત્રીસ—પાંત્રીસ દિવસની વાર હતી, એટલે પૂજ્યશ્રીએ આજુબાજુનાં સ્થાનોને લાભ આપવાનો નિર્ણય કર્યો અને તે અનુસાર કેશરવાડી થઈ શૂલા-વેપેરી પધાર્યા. ત્યાં શ્રી સંઘને સચોટ ઉપદેશ આપતાં ઉપાશ્રય બંધાવવાનું નક્કી થયું. ઉપાશ્રયએ શ્રાવકસમુદાયને ધર્મકરણી કરવાનું મુખ્ય સ્થાન છે અને સમય પરત્વે સાધુ—મુનિરાજો પણ તેનો ઉપયોગ કરી શકે છે. આથી જ્યાં જૈનોની વસ્તી હોય ત્યાં ઉપાશ્રય હોવો આવશ્યક છે.

ત્યાંથી ચિત્તાદારી પેઠને ધર્મ જાગૃત્તિનો સંદેશો આપી પૂજ્યશ્રી શયદાપેઠ પધાર્યા અને ત્યાં સ્થાનિક જિનમંદિરની જરૂર જણાતાં તેઓશ્રીએ શ્રાવક વર્ગને જણાવ્યું કે 'મહાનુભાવો! 'દેવપૂજા, ગુરુની ઉપાસના, સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન એ છ ગૃહસ્થોનાં દૈનિક કર્મો છે.'

પરંતુ નજીકમાં જિનમંદિર ન હોય તો જિનપૂજા નિત્ય નિયમિત થાય શી રીતે ? માટે એ તરફ લક્ષ આપો અને અહીં એક સુંદર જિનમંદિર બનાવો.'

પૂજ્યશ્રીનો આવો સચોટ ઉપદેશ સાંભળી શ્રાવકસંઘે એ વાત મન પર લીધી હતી અને તે અંગેની વિચારણા ગતિમાન થઈ હતી.

આ રીતે આજુબાજુનાં સ્થાનોને સારી રીતે જાગૃત કર્યા પછી પૂજ્યશ્રીએ ચાતુર્માસાર્થે ગોલવાડી ઉપાશ્રયે સુસ્વાગત પ્રવેશ કર્યો હતો અને સહુનાં હૈયાં હરખાયાં હતાં.

### વ્યાખ્યાન-વાણી

સંઘને-સમાજને જાગૃત કરવાનો મુખ્ય ઉપાય વ્યાખ્યાન વાણીનો વિસ્તાર છે અને એ કલા પર પૂજ્યશ્રીનું પૂરું પ્રભુત્વ જામ્યું હતું, એટલે તેઓશ્રીનાં થોડાં વ્યાખ્યાનો થતાં જ મદ્રાસની જૈન જનતામાં જાગૃતિનું એક અપૂર્વ મોજું ફરી વળ્યું. રોજ વ્યાખ્યાનમાં બારસોથી પંદરસો સ્ત્રીપુરૂષોની હાજરી રહેતી હતી અને રવિવારે તો સાધારણ ભુવનનો વિશાળ હોલ ખૂબ સાંકડો પડતો હતો. પૂજ્યશ્રી પોતાનાં વ્યાખ્યાનોમાં દાન, શીલ, તપ અને ભાવ એ ચતુર્વિધ ધર્મનો મહિમા સુંદર છટાથી પ્રકાશતા હતા અને તેની અસર લોકોનાં જીવન પર બહુ ભારે થતી હતી. દાન વૃત્તિ ત્યારે જ ખીલે કે જ્યારે કૃપણતા—કંજૂસાઈનો નાશ થાય અને ઉદારતા આવે. શીલની સુગંધ ત્યારે જ પ્રકટે કે જ્યારે અવિરતિ—અસંયમની ભાવના દૂર

થાય અને આત્મનિગ્રહનું યથાર્થ મૂલ્ય સમજાય; તપની ભાવના ત્યારે જ તેજ થાય કે જ્યારે શરીર પરનું મમત્વ ઘટે અને આત્મકલ્યાણની અભિલાષા ઉત્કટ બને; તેમ જ ભાવવિશુદ્ધિ ત્યારે જ થાય કે જ્યારે શ્રદ્ધા તથા જ્ઞાનનું બળ વધવા પામે અને હૃદય નિર્મળ થાય.

## વિવિધ અનુષ્ઠાનો

દાન, શીલ, તપ અને ભાવ એ ચારે વસ્તુને સક્રિય બનવાનું સુંદર સાધન વિવિધ પ્રકારનાં અનુષ્ઠાનો છે તેથી પૂજ્યશ્રી અનુષ્ઠાનોનાં આયોજનમાં વિશેષ રસ લેતા. અહીં પણ એ રીતે વિવિધ અનુષ્ઠાનોનું અયોજન થયું અને તેમાં ભાવિક વર્ગ અનુપમ ઉત્સાહથી ભાગ લેવા લાગ્યો. આ અનુષ્ઠાનોમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીના અઠ્ઠમ, ચંદનબાળાના અઠ્ઠમ, નવકાર મંત્રનો તપ, સ્વર્ગસ્વસ્તિક તપ, નવલાખ નવકાર મંત્રનો જાપ, શ્રી ગૌતમ ગણધરનો જાપ વગેરે મુખ્ય હતા.

મુનિશ્રી નયનચંદ્રવિજયજીને વર્ષી તપ ચાલુ હતો. તેમાં આઠ ઉપવાસ કર્યા હતા. અન્ય ભાઈબહેનોએ પણ આઠ, નવ, અગિયાર ઉપવાસની તપશ્ચર્યાઓ કરી હતી.

તારાગણમાં ચંદ્ર, સુરવરોમાં ઇન્દ્ર, સતીઓમાં સીતા અને વૃક્ષોમાં કલ્પતરુ જે સ્થાન ધરાવે છે, તેજ સ્થાન પર્વોમાં પર્યુષણ ધરાવે છે. આ દિવસોમાં મોહમાયા અને મમતા છોડવાની હોય છે તથા દિલમાં સમતાનો ભાવ ઠાંસી ઠાંસીને ભરવાનો હોય છે. વળી તપશ્ચર્યાનું આરાધન પણ અવશ્ય

કરવાનું હોય છે. ઉપરાંત સદ્ગુરુનાં મુખેથી કલ્પસૂત્ર સાંભળી કર્ણ તથા ચિત્તને પવિત્ર કરવાનાં હોય છે.

આ મહામંગલકારી પર્યુષણ પર્વની આરાધના સાધારણ ભુવન તથા ગુજરાતી વાડીમાં ઘણી સુંદર થવા પામી હતી. એક મહિનાથી માંડીને આઠ ઉપવાસ સુધીની તપશ્ચર્યા ૨૨૦ ભાઈબહેનોએ કરી હતી. અઠ્ઠમ તપની આરાધનાનો લાભ ૭૨૦ સ્ત્રીપુરૂષોએ લીધો હતો. આનાથી નાની તપશ્ચર્યાઓની સંખ્યા ગણવાનું કામ અશકય નહિ, તો મુશ્કેલ જરૂર હતું.

કુલ ઉપજ રૂા. ૩૫૦૦૦ પાંત્રીશ હજારની થઈ હતી.

વિશેષ નોંધપાત્ર બીના તો એ હતી કે પૂજ્યશ્રીના ઉપદેશથી આ દિવસોમાં શ્રી સંઘે ઉપધાન તપ કરાવવાનો નિર્ણય લીધો હતો અને તે માટે રૂા. ૬૦૦૦૦ની રકમ એકત્ર કરી હતી. નીવી તથા આયંબિલની ટોળીઓ પણ આ જ વખતે નોંધાઈ ગઈ હતી.

## શુલાવેપેરીમાં ઉપાશ્રયનું ખાતમુહુર્ત

શૂલાવેપેરીમાં ઉપાશ્રય બંધાવવાની તૈયારીઓ થતાં પૂજ્ય શ્રી તથા શ્રી સંઘની હાજરીમાં શેઠ લાલચંદજી ઢઢાના વરદ હસ્તે ખાતમુહુર્ત થયું હતું.

શયદાપેઠમાં જિનમંદિર બંધાવવા માટે જે ઉપદેશ અપાયો હતો, તે પણ સફળ થયો હતો અને ત્યાં જિનમંદિર બંધાવા લાગ્યું હતું.

## ચાતુર્માસની પૂર્ણાહુતિ

આસો ગયો અને કારતક માસ આવ્યો. તે પણ પોતાની લીલા વિસ્તારતો ચાલવા લાગ્યો, પૂજ્યશ્રી આ બધો વખત પ્રવૃત્તિશીલ જ હતા. આળસ કે આરામ લેવાની વૃત્તિ તેમને કદી સ્પર્શી ન હતી. જેને ધર્મનો પ્રચાર કરવો છે, શાસનની પુનિત પ્રભાવના કરવી છે, અથવા કોઈપણ મહત્ત્વનું કાર્ય કરવું છે, તેને આળસુ થવું કે આરામ લેવો કેમ પરવડે ?

## પટદર્શન અને ચાતુર્માસ પરિવર્તન

ચાતુર્માસ પરિવર્તન માટેની વિનંતિ એક માસ અગાઉ થી સાઉથ ઇન્ડિયન ફ્લોર મીલ્સવાળા શેઠ પુનમચંદ રૂપચંદ કચ્છ–ભુજવાળાએ કરી હતી. વળી વાંકાનેરવાળા શ્રી સી. જે. શેઠે પણ કરી હતી. પરંતુ પંન્યાસજી આદિ શ્રી ભંવરલાલજી શેઠિયાને લાભ આપી સકળ સંઘ સાથે દાદાવાડી પધાર્યા હતા અને ત્યાં તેઓશ્રીએ તીર્થાધિરાજ શત્રુંજયનાં પટદર્શન કર્યાં હતા. ૭૦૦૦ થી ૮૦૦૦ માણસોએ આ ચાતુર્માસ–પરિવર્તન–સમારોહમાં ભાગ લીધો હતો અને તેમને બુંદીના લાડુ તથા સેવનું ભાતું આપવામાં આવ્યું હતું.

ત્યાંથી પૂજ્યશ્રી દાદાવાડી પધાર્યા હતા કે જ્યાં આગામી ઉપધાન તપ અંગે તડામાર તૈયારીઓ ચાલી રહી હતી.

## ઉપધાન તપનું અપૂર્વ આરાધન

દાદાવાડીના વિશાળ પટાંગણમાં બંધાયેલ ભવ્ય મંડપમાં

સં. ૨૦૧૬ના કારતક વદિ ૧૨ને શુક્રવાર તથા માગસર સુદિ ૨ ને મંગળવારના રોજ પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં મહામંગલકારી ઉપધાન તપની શરૂઆત થઈ હતી અને તેમાં ગામ–પરગામના મળી ૩૩૫ આરાધકો જોડાયા હતા, જેમાંના ૧૬૫ માળવાળા હતા.

ઉલ્લાસ અને ક્રિયા શુદ્ધિ બંને દૃષ્ટિએ આ આરાધન અપૂર્વ હતું. તેમાંની પ્રથમ અસર પૂજ્યશ્રીના સરલ, સચોટ અને સુબોધ વ્યાખ્યાનોએ પૂરી પાડી હતી અને બીજી અસર પૂ. પં. શ્રી શુભંકર વિજયજી ગણિ તથા પૂ. પં. શ્રી કીર્તિચંદ્રવિજયજી ગણિની પ્રબળ પ્રેરણાએ પૂરી પાડી હતી.

તપસ્વીઓમાંથી ૧૫૦ લગભગ ભાવિકોએ ત્રણ, પાંચ અને આઠ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યાપૂર્વક આ આરાધન પૂર્ણ કર્યું હતું.

મોટી મારવાડ, નાની મારવાડ તથા ગુજરાતી સમાજે અને ઉપધાન તપ સમિતિએ તપસ્વીઓની સુંદર સેવા બજાવી હતી.

પૂજ્યશ્રીના સદુપદેશથી અહીંના શ્રી સંઘે માલારોપણ મહોત્સવની સાથે અંજનશલાકા મહોત્સવ કરવાનું નક્કી કર્યું હતું. અને તેથી સુવર્ણમાં સુગંધ ભળવા જેવું થયું હતું. જ્યાં એક જ મહોત્સવ મહા આનંદનું કારણ બને તેમ હોય, ત્યાં બે સંયુક્ત મહોત્સવ શું ન કરે? તાત્પર્ય કે આ યોજનાથી સકળ સંઘમાં અતિશય આનંદ વ્યાપ્યો હતો.

અવની પર પોષ સુદિ તેરશનું આગમન થાય તે પહેલાં

દાદાવાડી ધ્વજા, પતાકા, વીજળીની રોશની અને સુંદર સુભાષિતોયુક્ત બોર્ડો વગેરેથી ખૂબ રમણીય બની હતી.

પોષ સુદિ તેરશથી મહોત્સવની શરૂઆત થતાં જુદાં જુદાં ગૃહસ્થો તરફથી પૂજાઓ ભણાવવામાં આવતી હતી અને પ્રભુજીને નિત્ય નૂતન અંગરચનાઓ થતી હતી, જે જોઈને ભાવિકજનો હર્ષઘેલા બની જતા હતા અને અન્ય સ્ત્રીપુરૂષોનું પણ ભારે આકર્ષણ થતું હતું.

વિધિવિધાન માટેના મંડપમાં નવીન પ્રતિમાજીઓ પધરાવવામાં આવ્યા હતા. અંજન માટેના પ્રતિમાજીઓ મુદ્દેબિહાલ, સુરાપુર, યાદગીરી, બેંગલોર, ઢોંક, બાલાપુર, ચીક બાલાપુર વગેરે દૂર–સુદૂરનાં સ્થળેથી આવ્યા હતા.

અંજનશલાકા સંબંધી પાંચ કલ્યાણકનાં વિધાનો પંન્યાસ પ્રવરશ્રીની દેખરેખ નીચે મુનિશ્રી સૂર્યોદયવિજયજી મહારાજ તથા અમદાવાદથી પધારેલા વયોવૃદ્ધ ક્રિયાકારક શ્રી ફુલચંદભાઈ, તથા તેમના યુવાન ઉત્સાહી પુત્રશ્રી ભુરાલાલભાઈ અને અહીંના શ્રી ચંપાલાલજી કરાવતા હતા. શ્રી શાંતિલાલ પી. મહેતા સૌધર્મેન્દ્ર બન્યા હતા, અન્ય ભાઈએ અન્ય ઇંદ્ર બન્યા હતા. શ્રી નગરાજજી અને તેમનાં ધર્મપત્ની પ્રભુના માતપિતા બન્યા હતા અને શ્રી શેષમલજી તથા તેમનાં ધર્મપત્નીએ સાસુસસરા બનવાનો લ્હાવો લીધો હતો. છપ્પન દિક્કુમારિકનો મહોત્સવ તથા મેરુ પર્વત પર પ્રભુજીનો અભિષેક ઘણા ઠાઠથી થયો હતો.

માળાનો વરઘોડો શાહુકારપેઠના જૂના મંદિરેથી નીકળી શહેરનાં મુખ્ય લતાઓમાં ફરી ચાર કલાકે દાદાવાડી પહોંચ્યો હતો. આ વરઘોડામાં ઈન્દ્રધ્વજ, બે હાથી, ઘોડા, ઊંટ, સવાસો જેટલી મોટરો, બે નૃત્ય મંડળીઓ, બે રથ, બેંડો, પૂજ્યશ્રી આદિ મુનિમંડળ અને શેઠ લાલચંદજી ઢઢ્ઢા, શેઠ પુનમચંદભાઈ, તથા બહારગામથી આવેલા અનેક સજ્જનો હતા. વળી નારીવૃંદના કોમળ કંઠમાંથી ગીતોનો અસ્ખલિત પ્રવાહ વહી રહ્યો હતો, એટલે આ વરઘોડાને અમે ભવ્ય કે અતિ ભવ્ય કહીએ તો અત્યુક્ત નથી.

મોક્ષમાલાની ઉછામણી થતાં પહેલી માળ શેઠ રતનચંદ કપુરચંદ મદ્રાસ (મારવાડમાં બાબાગામ)વાળાએ રૂ. ૧૧૨૦૧ માં, માળાની કુલ ઉપજ રૂપિયા ૫૧૦૦૦ એકાવન હજારની થઈ હતી. તેમ અન્ય ઉપજ પણ ઠીક થઈ હતી. એકંદર આ મહોત્સવમાં શ્રીસંઘે ચાર લાખ રૂપિયાનો સદ્વ્યય કર્યો હતો. તપસ્વીઓને પ્રભાવના રૂ. ૮૫૦૦૦ની થઈ હતી. આ બંને અસાધારણ આંકડાઓ પૂજ્યશ્રીની પ્રાણવાન પ્રતિભાને આભારી હતા.

શ્રીસંઘ તથા શેઠ ડાયાલાલ છગનલાલ જૂના ડીસાવાળા તરફથી એમ બે નવકારશીઓ થઈ હતી. બંને દિવસમાં કુલ ૩૦૦૦૦ ત્રીશ હજાર માણસો જમ્યા હતા. ઉપરાંત દયા સદનમાં આશ્રમોમાં ગરીબોને પણ ભોજન અપાયું હતું.

પ. પૂ. આ. શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજ પ. પૂ. આ. શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. આ. શ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ, પ, પૂ. આ. શ્રી વિજયકસ્તુરસૂરીશ્વરજી મહારાજા આદિના કૃપાભર્યા આશીર્વાદથી અને આપણા ચરિત્રનાયક પૂજ્ય પંન્યાજીના પુનિત સાંનિધ્યને લીધે આ મહોત્સવ ખૂબ શાનદાર ઉજવાયો હતો. આજે પણ મદ્રાસની જનતા તેને ખૂબ ખૂબ યાદ કરે છે અને તેના માટે પ્રશંસાનાં પુષ્કળ પુષ્પો વેરે છે.

## કેશરવાડીનો સંઘ

શેઠ શેષમલજી ચિત્તાદરી પેઠવાળા તરફથી કેશરવાડી (પુલાબ તીર્થ)નો સંઘ નીકળતાં પૂજ્યશ્રી આદિ મુનિવરોએ તેને પોતાનાં સાનિધ્યનો લાભ આપ્યો હતો. ત્યાં આઠ હજાર માણસોનું જમણ થયું હતું, તેમજ પૂજા, આંગી વગેરે શુભ કાર્યો થયાં હતાં.

## ધ્વજદંડ મહોત્સવ

પૂજ્ય મહારાજશ્રીના ઉપદેશથી શ્રીસંઘે નવજાણની સમિતિ નક્કી કરી કેશરવાડીના જિનમંદિર પર ધ્વજ, દંડ, કલશ વગેરે ચડાવવાનો નિર્ણય કરતાં માહ સુદિ ૩થી સુદ ૧૦ સુધી આઠ દિવસનો મહોત્સવ ખૂબ આનંદપૂર્વક ઉજવાયો હતો.

માહ સુદિ દશમનાં મંગલ પ્રભાતે અને મંગલ મુહૂર્તે ધ્વજા–શા. ડાહ્યાજી નથમલજી, દંડ–શા. મગાજી અચલદાસજી અને કલશ–શા. ભાનમલજી સોહનમલજી તરફથી ચડાવવામાં

આવ્યા હતા. પૂજ્યશ્રીએ મંત્રોચ્ચારપૂર્વક વાસક્ષેપવિધિ કરી હતી.

શા. જગરૂપજી શંકરલાલજી તરફથી નવકારશીનું જમણ થયું હતું.

## જ્ઞાનપંચમી તપનું ઉદ્યાપન

જૈન-શાસ્ત્રોમાં કહ્યું છે કે તપશ્ચર્યા પૂરી થયા પછી ઉદ્યાપન કરવું તે નવા બનાવેલા જિનમંદિરે કલશ ચઢાવવા સમાન છે, ચોખાથી ભરેલાં પાત્ર ઉપર ફળ મૂકવા સમાન છે અથવા ભોજન કરી રહ્યા પછી તાંબૂલ આપવા સમાન છે.' અત્રે શેઠ રૂપચંદ છબીલદાસ કચ્છ ભુજવાલાના પુત્રવધુ અ. સૌ. ચંદન બહેને તથા પૌત્રી મધુરીબહેને જ્ઞાનપંચમી તપ પૂરો કરતાં તેમના તરફથી ઉદ્યાપન મહોત્સવ ઉજવવાની તૈયારીઓ થઈ હતી અને તે મહોત્સવ તેમની સમુદ્રકિનારે આવેલ ધી સાઉથ ઈંડિયન ફ્લોર મીલમાં માહ સુદિ ૧૧થી પૂજ્યશ્રીની પુણ્ય નિશ્રામાં ઉજવાયો હતો.

## ગૃહમંદિરમાં પ્રભુજીની પધરામણી

આ મહોત્સવ પૂર્ણ થયા બાદ કેસરવાડીમાં એક મંગલ પ્રસંગ ઉપસ્થિત થયો. હતો. શા. ભભૂતમલજી સૂરજમલજી લોઢાના સુપુત્રોએ નવીન ગૃહમંદિર તૈયાર કરાવ્યું હતું અને તેમાં શ્રી સંભવનાથ ભગવાનને બિરાજમાન કરવાના હતા. માહ વદિ ૬ ના રોજ શુભ લગ્ને પૂજ્યશ્રીની નિશ્રામાં આ વિધિ ઘણી ધામધુમપૂર્વક કરવામાં આવ્યો હતો.

## અનેક મંગલ કાર્યો

ફાગણ વદિ ૩ના રોજ પૂજ્યશ્રીની અહીંથી વિહાર કરવાની ભાવના હતી, પણ શ્રી સંઘની આગ્રહભરી વિનંતિ થતાં તેઓશ્રીએ વૈશાખ સુદિ ૩ સુધીની સ્થિરતા ફરમાવી હતી. આ સમય દરમિયાન પણ અનેક મંગળ કાર્યો થયાં હતાં.

વૈશાખ સુદિ પાંચમના રોજ પૂજ્યશ્રીએ પોતાના શિષ્ય પ્રશિષ્યાદિ મુનિમંડળ સાથે બેંગલોર જવા વિહાર કર્યો હતો. તે વખતે લગભગ બે હજાર ભાવિકો દાદાવાડી સુધી સાથે ચાલ્યા હતા. ત્યાં પૂજ્યશ્રીએ માંગલિક સંભળાવ્યું હતું. બાદ સર્વેની ભક્તિ ઇન્ડો-મલાયા કંપનીવાળા શ્રી પોપટભાઈ તરફથી કરવામાં આવી હતી.

## પુનઃ બેંગલોરમાં

ઉપકારની અનન્ય વર્ષા કરનાર પૂજ્ય ગુરૂદેવ સાધુ–સમુદાય સાથે બેંગલોરની સમીપે આવતાં શ્રાવક-શ્રાવિકાઓનાં વૃંદ સામે આવવા લાગ્યાં અને દર્શન–સમાગમથી કૃતાર્થ થયાં. પૂજ્યશ્રીએ તેમને ધર્મલાભ આપ્યો અને તેમના કલ્યાણની કામના કરી. આ વખતે વાતાવરણમાં ભાવનાની જે ભવ્ય સુગંધ પ્રસરી હતી તેનું વર્ણન કોણ કરી શકે ?

બેંગલોરના શ્રી સંઘે પૂજ્યશ્રીને ચાતુર્માસ માટે આગ્રહભરી વિનંતિ કરી હતી અને પુજ્યશ્રીએ સર્વ સંયોગોનો વિચાર કરી તેનો સ્વીકાર કર્યો હતો. હવે તેઓશ્રીનું આગમન થતાં શ્રીસંઘે તેમના સ્વાગતની તૈયારીઓ કરી.

અહીં અમે એમ કહીએ કે મેઘના આગમનથી મયૂર-વૃંદની જે અવસ્થા થાય છે અથવા સૂર્યના ઉદયથી પદ્મપાંખ-ડીઓની જે સ્થિતિ થાય છે તેજ સ્થિતિ ભક્તવૃંદની થઈ હતી, તો તે અનુચિત નહિ જ લખાય. સં. ૨૦૧૪નું ચાતુર્માસ સહુની નજર સામે તરતું હતું. તે વખતે પૂજ્યશ્રી આદિ મુનિ-મંડળીએ ભક્તજનોના હૃદયમાં ધર્મભાવનાનું જે બીજા-રોપણ કર્યું હતું, તે નવપલ્લવિત થયું હતું અને તેથીજ આજે સહુના મુખ પર ગુરુભક્તિની અનેરી આભા ઝળહળી રહી હતી. સામાન્ય મનુષ્યો પણ ગુરુદેવના આગમનથી આનંદ અને ઉત્સાહનો અનુભવ કરવા લાગ્યા હતા. શ્રી તીર્થંકર દેવોમાં અપાયાપગમ નામનો એક વિશિષ્ટ અતિશય હોય છે, તેનો કેટલોક અંશ તેમના પ્રતિનિધિરૂપ સાધુ સમુદાયમાં પણ અવશ્ય હોય છે, તેથી જ જ્યાં જ્યાં તેઓશ્રીનાં પગલાં થાય છે, ત્યાં ત્યાં આનંદ-મંગલ વર્તે છે.

અષાડ સુદિ ૩ના દિવસે શ્રી સંઘે કરેલા ભવ્ય સામૈયા-પૂર્વક પૂજ્યશ્રીનો બેંગલોરમાં પ્રવેશ થયો, તે દિવસથી માંડીને વિહારના દિનસુધી ધાર્મિક પ્રવૃત્તિઓની એકસરખી પરંપરા ચાલી. તેનું આછું-પાતળું દિગ્દર્શન હવે પછીની પંક્તિઓમાં કરાવવામાં આવ્યું છે.

## જૈન પાઠશાળાનો રજતજયંતિ મહોત્સવ

પાઠશાળા એ ધાર્મિક જ્ઞાનની પરબ છે તેની સ્થાપના, સ્થિરતા અને પ્રગતિ શાસનને માટે શોભારૂપ છે. તેથી જ

પૂજ્યશ્રી પાઠશાળાઓની પ્રગતિમાં રસ લેતા આવ્યા છે અને જ્યારે પણ પ્રસંગ મળે, ત્યારે પ્રેરણા-પ્રવચનાદિ દ્વારા તેના પાયા મજબૂત કરવાનું ચૂકતા નથી.

અત્રેની શેઠ તારાચંદ ગાંડાલાલ જૈન પાઠશાળાને પચીસ વર્ષ પૂરાં થતાં તેનો રજતજયંતિ મહોત્સવ ઉજવવાનો નિર્ણય થયો અને તેના કાર્યવાહકોએ પૂજ્યશ્રીને તેમની પવિત્ર નિશ્રા આપવા માટે વિનંતિ કરી. પૂજ્યશ્રીએ તેનો સોલ્લાસ સ્વીકાર કર્યો.

અષાઢ વદિ ૨, તા. ૧૦-૭-૬૦ના રોજ અત્રેના પુટ્ટના ચેટ્ટી ટાઉન હોલમાં પૂજ્યશ્રી આદિ સાધુ મુનિવરોની નિશ્રામાં રજતજયંતિ મહોત્સવની ભવ્ય ઉજવણી થઈ. આ વખતે કાર્યવાહકોના આમંત્રણને માન આપી ભાવનગરના મહારાજા તથા મહારાણી, ગોંડળના મહારાજા ઠાકોર સાહેબ, તેમજ મુંબઈથી શેઠ મોહનલાલ તારાચંદ, શેઠ પ્રાગજીભાઈ ઝવેરચંદ, શેઠ દલીચંદ પરસોતમ તથા મદ્રાસથી શેઠ લવજીભાઈ તથા નાગરદાસભાઈ વગેરે પધાર્યા હતા.

વિવિધ કાર્યક્રમ પાછળ પૂજ્યશ્રીએ પોતાની અનોખી શૈલીથી 'ધાર્મિક જ્ઞાનની મહત્તા' ઉપર મંગલ પ્રવચન કર્યું હતું. પૂ. પં. શ્રી શુભંકરવિજયજી મહારાજે પણ પ્રસંગોચિત બે બોલ કહ્યા હતા. ત્યારબાદ ત્રણેય રાજવીઓએ પૂજ્ય ગુરુદેવ આગળ આવી આશીર્વાદ માગ્યા હતા અને પૂજ્ય ગુરુદેવે આશીર્વાદ આપ્યા હતા. શ્રી સંઘે આ ત્રણેય રાજવીઓનું સન્માન કર્યું હતું. છેવટે લાડુની પ્રભાવના થઈ હતી.

બપોરે ગાંધીનગર જૈન મંદિરમાં ભારે ઠાઠથી પૂજા ભણાવાઈ હતી. આ ઉત્સવના કાર્યક્રમમાં શ્રી નાનચંદભાઈ, શ્રી ચુનીભાઈ, શ્રી હીરાલાલભાઈ, શ્રી નટવરભાઈ તથા શ્રી છોટુભાઈ માસ્તરે સુંદર સેવા બજાવી હતી.

## વિવિધ તપશ્ચર્યા

પૂજ્યશ્રીની પીયૂષવાણીનું સિંચન થતાં અહીં તપશ્ચર્યારૂપી બગીચો પુરબહારમાં ખીલી ઉઠયો હતો તેમાં ચૌદપૂર્વનો તપ, પચરંગી તપ, ચંદનબાળાના અઠ્ઠમ, સિદ્ધિતપ વગેરે મુખ્ય હતા. ઘણા ભાવિક ભાઈ બહેનોએ તેનો લાભ લીધો હતો.

## યક્ષ–યક્ષિણી પ્રતિષ્ઠા–મહોત્સવ

શ્રી તીર્થંકર દેવની પ્રતિમાનો પ્રતિષ્ઠા–મહોત્સવ થાય છે, તેમ તેમના શાસનની રક્ષા કરનાર યક્ષ-યક્ષિણીની પ્રતિષ્ઠાનો પણ મહોત્સવ થાય છે. આવો જ એક મહોત્સવ કરવાની ભાવના બેંગલોર કેન્ટોમેન્ટના શ્રીસંઘને થઈ હતી. આ સંઘ પ્રમાણમાં નાનો એટલે કે માત્ર ૩૬ ઘરનો જ હતો, પણ ભાવના પ્રબળ હોય ત્યાં નાની વસ્તુ પણ મોટી બની જાય છે. તેણે પૂજ્યશ્રીને આ મહોત્સવ અંગે નિશ્રા આપવા આગ્રહભરી વિનંતિ કરી અને પૂજ્યશ્રી તેનો સ્વીકાર કરીને કેન્ટોન્મેન્ટમાં પધાર્યા.

આ પ્રતિષ્ઠા–મહોત્સવ આઠ દિવસ ચાલ્યો અને તે ભાવિકોના મનને ભાવનાથી ભરપૂર કરનાર નીવડયો. અહીં

એ નોંધ કરવી પણ ઉચિત જ ગણાશે કે આ આઠેય દિવસ સાધર્મિક વત્સલ્યો રૂડી રીતે થયાં હતાં અને યક્ષ-યક્ષિણીની સ્થાપનાની બોલી શા. નારમલજી સોનીના સુપુત્રો તથા બસ્તીમલજી પોરવાડ તરફથી થઇ હતી.

આ મંગલ પ્રસંગે પૂજ્યશ્રી તરફથી ઉપાશ્રય અંગે પ્રેરણા થતાં તરત જ રૂા. ૩૦૦૦૦ની ટીપ થઈ હતી! કેવો પ્રભાવ! કેવી ભક્તિ!

## મહાપર્વની સુંદર આરાધના

વૃક્ષોમાં જે સ્થાન કલ્પતરુનું છે, ઔષધિમાં જે સ્થાન અમૃતનું છે અને મંત્રોમાં જે સ્થાન નવકારનું છે, તેજ સ્થાન પર્વોમાં પર્યુષણનું છે. અથવા તારાઓમાં જે સ્થાન ચંદ્રનું છે, દેવતાઓમાં જે સ્થાન ઇન્દ્રનું છે અને સતીઓમાં જે સ્થાન સીતાજીનું છે, તેજ સ્થાન પર્વોમાં પર્યૂષણનું હોઇ તેને મહા પર્વની સંજ્ઞા પ્રાપ્ત થયેલી છે.

જો સદ્‌ગુરુનો યોગ હોય તો આ આરાધના રૂડી રીતે થાય છે અને તે ભવભયનું ભંજન કરનારી નીવડે છે. બેંગલોર સીટી, ગાંધીનગર તથા કેન્ટોન્મેન્ટ શ્રીસંઘનું પુણ્ય પ્રબળ હતું કે તેને પર્યુષણા મહાપર્વની આરાધના કરાવવા માટે પૂજ્યશ્રી, પં. શ્રી શુભંકરવિજયજી ગણિ તથા પૂ. મુ. શ્રી સૂર્યોદયવિજયજી મહારાજ આદિની પવિત્ર નિશ્રા મળી હતી.

ત્રિભુવન તારક તીર્થંકર દેવોએ ધર્મના ચાર અંગો કહ્યા છે: (૧) દાન, (૨) શીલ. (૩) તપ અને (૪) ભાવ. આ

ચારેય અંગો પર્યુષણ પર્વની આરાધના દરમિયાન સારી રીતે વિકાસ પામ્યાં હતાં, તેમજ પર્યુષણ પર્વની ખાસ આરાધના તરીકે ગણાતા, પૂજા, પ્રભાવના, જીવદયા, સાધર્મિક વાત્સલ્ય આદિ કાર્યો પણ ખૂબજ રૂડી રીતે થયાં હતાં.

બાગમલજી જરીવાલાએ માસક્ષમણ, ૧૫ ભાવિકોએ સિદ્ધિતપ, ૧૦૦ જેટલા ભાવિકોએ અઠ્ઠાઈ તપ અને લગભગ ૭૦૦ ભાવિકોએ ૩થી માંડીને ૭ ઉપવાસ કર્યા હતા. ૧૦૦થી વધારે ચોસઠ પહોરી પૌષધ થયા હતા. શા. ભુરમલજી કુલચંદજી તરફથી તપસ્વીઓને પારણાં કરાવવામાં આવ્યાં હતાં.

પ્રભુજીના પારણાની પધરામણી સીટીમાં શા. દેવીચંદ મિશ્રીમલજીને ત્યાં, ગાંધીનગરમાં શા. કે. લવજીભાઈને ત્યાં તથા કેન્ટોન્મેન્ટમાં શા. અનરાજજી ગોલેચ્છાને ત્યાં થઈ હતી. કુલ ઉપજ રૂા. ૨૩૦૦૦ની થઈ હતી. આ વખતે સાધર્મિક ફંડ પણ થયું હતું અને જૈન ઉદ્યોગ કેન્દ્રની સ્થાપના કરવાનો નિર્ણય લેવાયો હતો.

## વિશિષ્ટ તપ આદિ

આ ચાતુર્માસમાં પૂ. પં. શ્રી શુભંકરવિજયજી ગણિવર્ય તથા પૂ. મુનિશ્રી શીલચંદ્રવિજયજીએ શ્રી વર્ધમાન તપની આરાધના કરી હતી અને પૂ. મુનિશ્રી નયનચંદ્રવિજયજીએ ચોમાસી તપ કર્યો હતો. ઉપરાંત ઘણા ભાઈ–બહેનોએ શ્રી વર્ધમાન આયંબિલ તપના પાયા નાખ્યા હતા, તેમજ નવપદજીની શાશ્વતી ઓળીની આરાધના કરી હતી.

## શ્રી સિદ્ધચક્ર મહાપૂજન

આસો સુદિ ૧૨ તથા આસો વદિ ૬ના રોજ પૂજ્યશ્રીની નિશ્રામાં શ્રી સિદ્ધચક્રજી મહાપૂજન ઘણી ધામધૂમથી થયું હતું. હજારો માનવીઓએ દર્શનભક્તિનો લાભ લીધો હતો. શ્રીફળની પ્રભાવનાઓ થઈ હતી. ક્રિયાવિધિ અમદાવાદવાળા શ્રી ચીનુભાઈ તથા મદ્રાસવાળા શ્રી ચંપાલાલજીએ કરાવી હતી.

## વ્યાખ્યાન હોલ

અહીંના ઉપાશ્રયનો વ્યાખ્યાન હોલ આઠ વર્ષ ઉપર દેવદ્રવ્યથી બંધાયો હતો. તે માટે પૂજ્યશ્રીએ આગેવાન વર્ગનું ધ્યાન ખેચ્યું અને ઋણમુક્ત થવાનો અનુરોધ કર્યો. શ્રીસંઘના આગેવાનોએ પૂજ્યશ્રીના આ અનુરોધને માન્ય રાખી એ રકમ દેવદ્રવ્યમાં તરત જ ભરપાઈ કરી દીધી અને ઋણમુક્તિ પ્રાપ્ત કરી દેવદ્રવ્યની રક્ષા એ શ્રીસંઘનું પરમકર્તવ્ય છે અને તે કોઈ પણ ભોગે બજાવવું જ જોઈએ. જેઓ શેહ કે શરમમાં આવી એ તરફ ઉપેક્ષા કરે છે, તેઓ શાસનના અપરાધી બને છે અને ભવભ્રમણમાં ભયંકર વધારો કરે છે.

## પાઠશાળાનું નવું મકાન

અહીંની શેઠ તારાચંદ ગાંડાલાલ જૈન પાઠશાળાનો ઉલ્લેખ ઉપર આવી ગયો છે. આ પાઠશાળા ધાર્મિક અને વ્યાવહારિક જ્ઞાન આપવાનું મહત્વનું કાર્ય કરતી હોઈ તેને સ્વતંત્ર મકાનની જરૂર હતી. આ વસ્તુ પૂજ્યશ્રીના લક્ષ્યાંકમાં

આવી અને તેમણે શ્રાવકવર્ગને ઉપદેશ આપ્યો અને તે માટે સારૂં ફંડ ઊભું કરી આપ્યું.

આ રીતે પૂજ્યશ્રી એક પછી એક પ્રશસ્ત પ્રવૃત્તિ હાથ ધરતા ગયા અને તે દરેકમાં સફલતા મેળવતા ગયા. તે પરથી એમ કહીએ કે તેઓશ્રીએ ધાર્મિક ક્ષેત્રમાં જેટલી નિપુણતા મેળવી હતી, તેટલી જ બલ્કે તેથી પણ અધિક નિપુણતા વ્યાવહારિક ક્ષેત્રમાં પણ મેળવી હતી અને તેથી જ તેઓ ધારેલ કામ કઇ રીતે સફલતાપૂર્વક પાર પડી શકે ? તેનો યથાર્થ નિર્ણય કરી શકતા હતા.

## તળાજા તીર્થનો જીર્ણોધ્ધાર

તીર્થ એ તરવાનું સાધન હોઈને તેની સુરક્ષા માટે સાધુપુરુષો સદા સચિંત રહે છે. સૌરાષ્ટ્રમાં શ્રી શત્રુંજય તીર્થથી થોડે દૂર આવેલ તળાજા તીર્થની દહેરીઓ જીર્ણ થઈ જતાં તેનો ઉદ્ધાર કરવા માટે પૂજ્યશ્રીએ સચે.ટ ઉપદેશ આપ્યો. પરિણામે તમામ દહેરીઓ લખાઈ ગઈ.

ઉપરાંત તળાજા તીર્થ ઉપર ગુરુમંદિરનો જીર્ણોદ્ધાર કરાવવાનો ઉપદેશ આપતાં બેંગલોર તથા મદ્રાસના શ્રી સંઘોએ રૂા. ૫૦૦૧) ભરી આપ્યા હતા. આ રીતે પ્રાપ્ત થયેલા દ્રવ્ય સહાયથી સં. ૨૦૧૭ની સાલમાં તળાજાતીર્થની દહેરીઓનો જીર્ણોદ્ધાર થયો હતો તથા ગુરુમંદિરનો જીર્ણોદ્ધાર થયો હતો.

## ઉપધાન તપની આરાધના

પૂજ્યશ્રીના ઉપદેશથી શ્રી સંઘ તરફથી મહામંગલકારી

ઉપધાન તપની આરાધના કરાવવામાં આવી હતી. તેનું પ્રથમ મુહૂર્ત માગસર સુદિ ૯ અને બીજું મુહૂર્ત ૧૧નું અપાયું હતું. ૧૦૮ જેટલા ભાવિકો આ આરાધનામાં જોડાયા હતા, તેમાં દશથી બાર વર્ષના પાંચ બાલક-બાલિકાઓ પણ હતા.

## દીક્ષાદાન

માગસર વદિ ૧ના રોજ ભાઇશ્રી રાયચંદ ખીમજી કચ્છ-તેરાવાળાને તેમના કુટુંબની અનુમતિપૂર્વક પૂજ્યશ્રીના વરદ હસ્તે ખૂબ ધામધુમપૂર્વક દીક્ષાદાન થયું હતું અને તેમનું નામ પૂજ્ય પંન્યાસજીના શિષ્ય મુનિશ્રી દેવચંદ્રવિજયજીના શિષ્ય તરીકે મુનિશ્રી તીર્થચંદ્રવિજયજી રાખવામાં આવ્યું હતું.

## ઉપધાનની પૂર્ણાહુતિ અંગે ભવ્ય મહોત્સવ

ઉપધાનની પૂર્ણાહુતિ નજીક આવતાં શ્રીસંઘ તરફથી જિન-ભક્તિ મહોત્સવ ખૂબ ઠાઠપૂર્વક ઉજવાયો હતો. આઠેય દિવસ જૂદા જુદા ભાઈઓ તરફથી પૂજા, આંગી તથા બહારગામથી આવનારની ભક્તિ થઈ હતી. જાણીતા જૈન સંગીતકાર શ્રી શાંતિલાલ શાહે પોતાની અનોખી શૈલિથી હજારો માનવીઓનાં હૈયાં ડોલાવ્યાં હતાં. માળ તથા જળયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો. માહ સુદિ ૬ના રોજ ગવર્નમેન્ટ ઈન્ટર કોલેજના વિશાળ કંપાઉન્ડમાં હજારોની મેદની સમક્ષ પંન્યાસજીએ માળ પહેરાવવાનો વિધિ કરાવ્યો હતો તથા પૂ. મુનિશ્રી તીર્થચંદ્ર વિજયજીને વડી દીક્ષાની વિધિ કરાવી હતી.

પહેલી માળ શેઠ દેવીચંદજી મિશ્રીમલજીની હતી. કુલ ૫૫ માળવાળા હતા. તેની ઉપજ આશરે રૂપિયા ૧૭૦૦૦) થઈ હતી.

બપોરે શા. સ્વરૂપચંદજી સાંકળચંદજી તરફથી શાંતિ-સ્નાત્ર મહાપૂજા ભણાવાઈ હતી અને જીવદયાની ટીપ થઈ હતી. તપસ્વીઓ તરફથી દશેક હજારની પ્રભાવના થઈ હતી. આ ઉપધાન તપની આરાધના ગામ પૂરતી હોઈ ખૂબ શાંતિ અને સાદાઈથી થઈ હતી. વિધિ-વિધાન શા. નથમલજી તથા ચંપા-લાલજીએ કરાવ્યાં હતાં.

## ઉજમણું

શ્રીમતી મુક્તાબહેન ચીમનલાલ ભાવનગરવાળા તથા શા. ચુનીલાલ પુખરાજ વગેરેએ જ્ઞાન-દર્શન-ચારિત્રનાં ઉપકરણો મૂકી તપનું ઉજમણું કર્યું હતું.

## સંસ્કૃત કોલેજમાં જૈન દર્શનના અભ્યાસનો પ્રારંભ

અત્રેની ચામરાજેંદ્ર સંસ્કૃત કોલેજમાં નમસ્કાર મહામંત્ર પર પૂજ્યશ્રીનું પ્રભાવશાળી પ્રવચન થયું હતું. ત્યારબાદ જૈનદર્શનના અભ્યાસનો પ્રારંભ થયો હતો.

આ રીતે પૂજ્યશ્રીનાં બેંગલોરના બીજા ચાતુર્માસમાં ધાર્મિક પ્રવૃત્તિઓની પરંપરા ચાલી હતી અને તેથી જૈન સમાજમાં ખૂબ જાગૃતિ આવી હતી.

## વિહાર

ગદગ જૈન સંઘના ભાઈઓ ચોમાસાની વિનંતિ કરવા

અત્રે આવ્યા હતા. પરંતુ પૂજ્યશ્રીએ જેવી ક્ષેત્ર સ્પર્શનાનો જવાબ આપ્યો હતો. ત્યારબાદ શિમોગામાં દેવ–દેવીઓ આદિની પ્રતિષ્ઠાનો પ્રસંગ પ્રાપ્ત થતાં અને તે માટે ત્યાંના શ્રી સંઘની આગ્રહભરી વિનંતિ થતાં પૂજ્યશ્રીએ શિમોગા ભણી વિહાર કર્યો હતો. આ વખતે સેંકડો આંખો અશ્રુભીની બની હતી અને શ્રાવક–શ્રાવિકાનો વિશાળ સમુદાય દૂર સુધી વળાવવા ગયો હતો. પૂજ્યશ્રીએ સહુના હૃદયમાં એવું સ્થાન જમાવ્યું હતું કે વિદાય આપવાની કોઈની હિમ્મત ચાલતી નહિ. હજી પણ તેઓ બેંગલોરમાં જ રહે અને વિશેષ ધર્મારાધન કરાવે એ સહુની હાર્દિક ભાવના હતી, પરંતુ સંયોગોને માન આપવું જ પડે છે, એટલે સહુંએ પૂજ્યશ્રીનાં મુખેથી મંગલાચરણ સાંભળ્યું, છેવટનો ઉપદેશ ગ્રહણ કર્યો અને ભારે હૈયે વિદાય આપી. અહા’ કેવું હતું એ હૃદય સ્પર્શી દૃશ્ય !

## શિમોગા

ભદ્રાવતી, નેંદીગે થઈ પૂજ્યશ્રી શિમોગા પધાર્યા કે જે મલૈનાડનું મહાદ્વાર ગણાય છે અને ૪૦૦૦૦ ઉપરની વસ્તી ધરાવે છે. આ શહેર જિલ્લાનું મથક છે અને વ્યાપાર–ઉદ્યોગનું કેન્દ્ર છે. ખાસ કરીને અહીંથી સોપારીની મોટા પ્રમાણમાં નિકાસ થાય છે.

## મલૈનાડ અંગે કેટલુંક

અહીં મલૈનાડ શબ્દ વિષે પણ થોડો ખુલાસો કરી લઈએ. મલૈ એટલે પર્વત, નાડ એટલે પ્રદેશ. તાત્પર્ય કે જે પ્રદેશમાં

ઘણા પર્વતો આવેલા છે, જે પ્રદેશ પર્વતમય છે, તે મલેનાડ. ઉત્તરમાં રત્નાગિરિથી દક્ષિણમાં કન્યાકુમારી સુધી સહ્યાદ્રિ પર્વતની હારમાળા પ્રસરેલી છે, તેનો જ આ એક વિભાગ છે અને તે પૂર્વ-પશ્ચિમ પચાસ માઇલના અંતરમાં આવેલો છે. પ્રસિદ્ધ તુંગભદ્રા નદી આ પ્રદેશમાંથી નીકળે છે અને રમણીય પર્વતો તથા ગાઢ જંગલોને પસાર કરતી આગળ વધે છે. તાત્પર્ય કે અહીંની પ્રાકૃતિક રચના ઘણી સુંદર છે.

વિશેષમાં આ પ્રદેશ યોગસાધના તેમજ મંત્રસાધના માટે ઘણો અનુકુળ છે, અનેક સાધકોએ અહીં રહીને સિદ્ધિ મેળવેલી છે.

શ્રી પદ્માવતી* શ્રી જ્વાલામુખી તથા શ્રી શારદાદેવીના અતિ પ્રાચીન તીર્થસ્થાનો આ પ્રદેશમાં આવેલાં છે અને તે આજે પણ ચમત્કાર બતાવે છે. શ્રી મચ્છંકરાચાર્યનો પ્રસિદ્ધ શૃંગેરી મઠ પણ આ જ પ્રદેશને શોભાવી રહેલો છે.

અહીંના સ્થાનિક જૈનો મોટા ભાગે દિગમ્બર આમ્નાયને માનનારા છે, પરંતુ રાજસ્થાનમાંથી ધંધાર્થે આવેલા અને અત્રે સ્થિર થયેલા આશરે ૨૫ ઘરો શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયના છે અને તે દેવ-ગુરૂમાં અનન્ય શ્રદ્ધા રાખનારા છે.

સં. ૨૦૧૧ની સાલમાં અહીં ભવ્ય પ્રતિષ્ઠા મહોત્સવ થયો હતો અને મૂળનાયક શ્રી ઋષભદેવ ભગવાન આદિને

* શ્રી પદ્માવતીજીનું આ સ્થાન શિમોગાથી ૪૦ માઇલના અંતરે આવેલું છે.

બિરાજમાન કરવામાં આવ્યા હતા. હવે અહીંના શ્રીસંઘને શાસનરક્ષક દેવ–દેવીઓની તથા ચાર મહાતીર્થના પટોની પ્રતિષ્ઠા કરવાની ભાવના થઇ હતી અને તે માટે તેમણે પૂજ્યશ્રી આદિ સાધુસમુદાયને શિમોગા પધારવાની વિનંતિ કરી હતી. આ પ્રદેશનો વિહાર એક રીતે કઠિન ગણાય, કારણ કે વચ્ચે જૈન વસ્તીવાળાં ગામો બહુ જ ઓછાં આવે, આહાર–પાણીની મુશ્કેલી પડે અને ભાષા કન્નડ હોવાથી દુભાષિયા વિના કામ ચાલે નહિ; પણ પરોપકાર–પરાયણ મહાત્માઓ આવી કઠિનાઈઓનો વિચાર કરતા નથી. તેમનું લક્ષ્ય તો કાર્યસિદ્ધિ તરફ જ હોય છે અને તે માટે તેઓ ગમે તેવી કઠિનાઈઓને હસતાં મુખડે બરદાસ કરી લે છે.

શ્રીસંઘે ભવ્ય સામૈયું કર્યું, વાયુમંડળમાં જૈન ધર્મનો જયનાદ ઉઠ્યો અને સહુના અંતરમાં આનંદની અવર્ણનીય લહરી છવાઈ ગઈ. પૂજ્યશ્રીએ મંગળ પ્રવચનમાં માનવજીવનની મહત્તા સમજાવી, ધર્મનું મંગલમય સ્વરૂપ પ્રકાશ્યું અને દેવ–ગુરુમાં અનન્ય શ્રદ્ધાવાન બનવાનો અનુરોધ કર્યો. શ્રાવક–સમુદાયે આ પ્રવચન સાંભળી કૃતાર્થતા અનુભવી અને શ્રીફળની લ્હાણી કરી પ્રભાવનાનો લાભ લીધો.

## પ્રતિષ્ઠા–મહોત્સવ

પ્રતિષ્ઠાના દિવસો નજીક આવતાં આઠ દિવસનો ઉત્સવ મંડાયો અને તેણે સહુના હૃદયને આનંદથી છલકાવી દીધાં. બેંગલોર, ચિતલદુર્ગ, સાગર, ભદ્રાવતી, શિકારપુર, કડુર–

અરસીકેરી, ચીક મેંગલોર, મ્હેસુર આદિ અને ગામોથી ભાવિકો સારા પ્રમાણમાં આવી પહોંચ્યા. ક્રિયા માટે મુંબઈથી જીવણ-ભાઈ તથા હીરાભાઈનું ખાસ આગમન થયું.

## ચાતુર્માસ

ત્યારબાદ ચાતુર્માસ માટે શ્રીસંઘની આગ્રહભરી વિનંતિ થતાં પૂજ્યશ્રીએ તેનો સ્વીકાર કર્યો. આ રીતે સં. ૨૦૧૭ના ચાતુર્માસનો લાભ શિમોગાને મળ્યો. બેલારી શ્રીસંઘની આગ્રહ-ભરી વિનંતિ થવાથી પૂ. પં. શ્રી શુભંકરવિજયજી ગણિવર્ય આદિને બેલારી ચાતુર્માસ કરવાનો આદેશ અપાયો હતો.

## શ્રમણ એટલે તપસ્વી

જૈન સાધુઓ તથા બૌદ્ધ સાધુઓને માટે શ્રમણ શબ્દનો પ્રયોગ થાય છે, પણ શ્રમણ શબ્દનો અર્થ તપસ્વી કરીએ તો એ અર્થને જૈનસાધુઓ જ ચરિતાર્થ કરે છે. તેઓ સદા નાની-મોટી તપશ્ચર્યાઓ કરતા હોય છે અને ચાતુર્માસમાં તેનું વિશિષ્ટ આરાધન કરે છે.

પૂજ્ય મુનિરાજશ્રી તીર્થચંદ્રવિજયજીએ પર્યુષણ પર્વના આંગમન પહેલાં પક્ષ-ક્ષમણ એટલે પંદર દિવસના ઉપવાસની તપશ્ચર્યા આરંભી અને તેણે વાતાવરણમાં એક પ્રકારની ઉષ્મા આણી દીધી.

શ્રાવણ વદિ ૯ના રોજ તેમને સુખરૂપ પારણું થયું અને શ્રીસંઘને અતિ આનંદ થયો. તેણે આ તપશ્ચર્યાની મંગલ

ઉજવણી નિમિત્તે પૂજા-પ્રભાવના-રાત્રિજાગરણ આદિ કાર્યો ખૂબ ઉલ્લાસથી કર્યાં અને શાસનની પ્રભાવના કરનારો સુંદર વરઘોડો પણ કાઢ્યો. ત્યારબાદ પૂજ્યશ્રીની નિશ્રામાં જાહેરસભા થતાં જૈન-જૈનેતર વિદ્વાનોએ તપશ્ચર્યાની મહત્તા પર સુંદર પ્રવચનો કર્યાં. આ રીતે આ પ્રસંગ તપશ્ચર્યાની તથા શાસનની સુંદર પ્રભાવના કરનાર નીવડ્યો.

પૂજ્યશ્રી આદિ મુનિમંડળની નિશ્રામાં પર્યુષણ પર્વની ભવ્ય આરાધના થઈ હતી.

## પ્રવચનાદિ

પૂજ્યશ્રીનાં પ્રવચનો ચોમાસાના ચારેય માસ નિયમિત ચાલુ રહ્યાં હતાં અને તેણે સમાજમાં ખૂબ જ જાગૃતિ આણી હતી. ઘણા ભાઈ બહેનોએ વિવિધ પ્રકારના વ્રત-નિયમો ધારણ કર્યા હતા અને આત્માની ઉન્નતિ સાધવાનો અદમ્ય પુરૂષાર્થ આદર્યો હતો.

દર રવિવારે શ્રીસંઘ તરફથી પૂજા-પ્રભાવનાનો કાર્યક્રમ રખાતો અને તેનો લોકો તરફથી સારા પ્રમાણમાં લાભ લેવાતો.

## દર્શનનો લાભ

આ ચાતુર્માસમાં પૂજ્યશ્રીના દર્શન-સમાગમનો લાભ આજુબાજુના ઘણા ગામના લોકોએ લીધો હતો અને બેંગલોરના શ્રાવક-શ્રાવિકાઓ તો અવારનવાર નાના-મોટા જૂથમાં આવી ઉત્સવ જેવું વાતાવરણ જમાવતા હતા,

## શિમોગાથી વિહાર

ચાતુર્માસની પૂર્ણાહૂતિ થતાં પૂજ્યશ્રીએ વિહારની તૈયારીઓ કરી અને એક મંગલ પ્રભાતે સાધુ-સમુદાય સાથે હરિહર ભણી વિહાર કર્યો. આ વખતે ભાવિકો દૂર સુધી સાથે ચાલ્યાં હતા અને વિહારના વિચારે ગમગીન બની ગયા હતા. પૂજ્યશ્રીએ તેમને માંગલિક સંભળાવ્યું હતું. અને ધર્મકરણીમાં ઉજમાળ રહેવાનો ઉપદેશ આપ્યો હતો. આખરે તો ધર્મકરણી જ સંસારમાંથી તારનારી છે ને?

## કેટલાક મંગલ પ્રસંગો

પૂજ્યશ્રી પોતાના પટ્ટધર પ. પૂ. પં. શ્રી શુભંકરવિજયજી ગણિ આદિ ૧૧ મુનિવરો સહિત છેલ્લા પાંચ વર્ષથી દક્ષિણ ભારતમાં વિચરી રહ્યા હતા અને ઉપદેશ આપી રહ્યા હતા. તેમના ઉપદેશથી ઘણા શ્રાવક-શ્રાવિકાઓએ વ્રત નિયમ અંગીકાર કર્યા હતા અને જૈનેતર વર્ગે માંસ-મદિરા, જુગાર આદિ મહાવ્યસનોના ત્યાગપૂર્વક જીવન-સુધારણા કરી હતી. વળી તેઓશ્રીની છત્રછાયામાં બંગારપેંઠ, બેંગલોર સીટી, બેંગલોર ગાંધીનગર તથા કેન્ટોન્મેન્ટ, મદ્રાસ સીટી અને મદ્રાસના શુલાંવેપેર, શુલાપટાલં, શયદાપેંઠ, વેશરવાડી, દાદાવાડી, કેશરવાડી, સાઉથ ઈન્ડિયા ફ્લોર મીલ તથા ચિત્તલદુર્ગ અને શિમોગા વગેરે સ્થાનોમાં અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવો ઉજવાયા હતા, તેમજ તીર્થજીર્ણોદ્ધાર, નૂતન જિનમંદિર, નૂતન ઉપાશ્રય, વર્ધમાન તપ આયંબિલ ખાતા, સાધર્મિક સહાય,

સાહિત્ય-પ્રકાશન, પાઠશાળા તથા અન્ય ફંડફાળાપૂર્વક શાસન પ્રભાવનાનાં કાર્યો થયાં હતાં.

## હરિહર

શિમોગાથી હરિહર લગભગ ૫૫ માઈલ થાય છે. રસ્તો પાકી સડકનો છે. તેમાં થોડા થોડા અંતરે ગામો આવે છે અને વચ્ચે એક નાનકડો પર્વત ઓળંગવો પડે છે. એકંદર પ્રદેશ રળિયામણો છે. હરિહર એ પૂના-બેંગલોર રેલ્વે લાઈન પર આવેલું એક ઔદ્યોગિક શહેર છે, પણ ત્યાં શ્રાવકોનાં ઘર તો ચાર કે પાંચ જ છે.

## રાણી બેન્નુર

ત્યાંથી પૂજ્યશ્રી રેલ્વે લાઈને વિહાર કરતાં રાણી બેન્નુર પધાર્યા કે જ્યાં એક જિનમંદિર શોભી રહેલું છે તથા શ્રાવકોની ૧૫ ઘરની વસ્તી છે. રાણી બેન્નુરના શ્રીસંઘે તેમનું ભાવભીનું સ્વાગત કર્યું તથા મંગળ પ્રવચન સાંભળી પૂજા-પ્રભાવનાદિનો લાભ લીધો.

## હાવેરીમાં દીક્ષાદાન

ત્યાંથી રેલ્વે લાઈન પર આગળ વધતાં પૂજ્યશ્રી અનુક્રમે હાવેરી પધાર્યા કે જ્યાં શ્રાવકોનાં ૧૦ ઘર તથા ૧ જિનમંદિર છે. અહીં દીક્ષાદાનનો એક પુનિત પ્રસંગ ઉપસ્થિત થયો, તેનાથી અમે પાઠકોને પરિચિત કરવા ઈચ્છીએ છીએ. મૂળ ભાવનગરના રહીશ પણ હાલ બેંગલોર નિવાસી શ્રી શરદકુમાર બાબુલાલ વીરચંદ છેલ્લાં ત્રણ વર્ષથી પૂજ્યશ્રી પાસે ધાર્મિક

અભ્યાસ કરતા રહ્યા હતા. તેમને ચારિત્ર લેવાની ભાવના થતાં અને માતા-પિતાની અનુમતિ મળતાં માગસર સુદિ ૩ના દિવસે અહીં દીક્ષા આપવાનું નક્કી થયું. આથી હાવેરીના શ્રીસંઘને અતિ આનંદ થયો.

એક આત્મા સંસારનો ત્યાગ કરી વિરતિના પુનિત પંથે વિચરે, એ પવિત્ર ઘટના છે અને લાખો-કરોડો જીવને અભયદાન દેનારી છે, એટલે દેવ-ગુરુ-ધર્મારાધક શ્રીસંઘને અતિ આનંદ થાય એ સ્વાભાવિક છે. તેણે આ પવિત્ર પ્રસંગ નિમિત્તે પૂજા-પ્રભાવનાદિ સત્કાર્યો કર્યાં અને ચારિત્રનાં ઉપકરણોનો ચડાવો બોલી લાભ લીધો. આ પુનિત પ્રસંગમાં ભાગ લેવા માટે હુબલી, શિમોગા, બેડગી, રાણી બેન્નુર, આવનુર, બંકાપુર વગેરે સ્થળેથી ઘણા ભાવિકો આવ્યા હતા. નવદીક્ષિત મુનિશ્રીનું નામ પૂ. મુનિશ્રી સૂર્યોદયવિજયજીના શિષ્ય તરીકે મુનિશ્રી શીલચંદ્રવિજયજી રાખવામાં આવ્યું હતું.

અહીં થોડા દિવસની સ્થિરતામાં ધર્મનો ઉદ્યોત ઘણો સારો થયો હતો. વ્યાખ્યાન-વાણીનો લાભ જૈન-જૈનેતર પ્રજાએ સારા પ્રમાણમાં લીધો હતો.

## હુબલીમાં પ્રવેશ

હાવેરીથી વિહાર કરી પૂજ્યશ્રી આદિ સાધુ સમુદાય અનુક્રમે હુબલી પધારતાં શ્રીસંઘને અતિહર્ષ થયો હતો અને તેણે ગુરૂભક્તિનો લ્હાવો લીધો હતો. અને સુંદર જિનભક્તિ મહોત્સવ ઉજવ્યો હતો.

પૂજા-ભાવના માટે મુંબઈથી સંગીતકાર શ્રી શાંતિલાલ શાહ આવવાથી અનેરો રંગ જામ્યો હતો.

## ચાતુર્માસ માટેની વિનંતિઓ

આ અવસરે હુબલીના સંઘે, તેમજ બીજાપુરના શ્રીસંઘે ચાતુર્માસ માટે જોરદાર વિનંતિ કરી હતી, પણ પૂજ્યશ્રીની ભાવના મુંબઈ તરફ વિહાર કરવાની હોઈ 'જેવી ક્ષેત્ર સ્પર્શના'નો જવાબ અપાયો હતો.

## ગદગ ભણી

ત્યારબાદ ગદગના શ્રીસંઘે પોતાનું આંગણું પાવન કરવા માટે પૂજ્યશ્રીને આગ્રહભરી વિનંતિ કરતાં તેઓશ્રી સાધુ સમુદાય સાથે ગદગભણી વિહાર કરી ગયા હતા.

આ બાજુ બેલારીના ચાતુર્માસમાં ઉપધાન તપ, ધ્વજદંડ મહોત્સવ આદિ શાસન શોભાનાં કાર્યો કરી પૂ. પં. શ્રી શુભંકર-વિજયજી ગણિવર્ય ગદગ પધારેલા હતા અને શ્રાવક-શ્રાવિકા સમુદાયને ઉપદેશામૃતનાં પાન કરાવતા હતા.

## ગદગમાં પધરામણી

મંગલ મુહૂર્તે પૂજ્યશ્રી આદિ સાધુસમુદાયનો ભવ્ય સ્વાગતપૂર્વક ગદગમાં પ્રવેશ થયો અને સમસ્ત વાતાવરણ આનંદમય બની ગયું.

## રાજસ્થાન સંઘમાં એકતાની સ્થાપના

આ વખતે પૂજ્યશ્રીની તબિયત કંઈક અસ્વસ્થ હતી, છતાં તેઓ નિત્ય વિશાળ શ્રોતાસમુદાયને વીતરાગની વાણીનું

પાન કરાવતા હતા અને સંપ-સંગઠનનું મહત્ત્વ સમજાવતા હતા. તેઓશ્રીના બે મહિનાના સતત પ્રયાસ પછી અહીંના રાજસ્થાન સંઘમાં પડેલી ફૂટ સંધાઈ હતી અને તેથી ખૂબ જ આનંદભર્યું વાતાવરણ સર્જાયું હતું.

## સ્થાનિક પરિસ્થિતિ

ગદગમાં રાજસ્થાન, કચ્છ, કાઠિયાવાડ વગેરેનાં મળી ૧૬૦ લગભગ શ્રાવકોનાં ઘર છે. તેમાં કચ્છી જૈનોએ બંધાવેલું શ્રી પાર્શ્વનાથ ભગવાનનું મંદિર ઘણું સુંદર છે. તેની સાથે ઉપાશ્રય, વાડી, શાળા વગેરે પણ પોતાની શોભા વિસ્તારી રહેલ છે.

અહીં રાજસ્થાન સંઘે એક વિશાળ જમીનનો પ્લોટ લીધા બાદ ગૃહ જિનમંદિરની વ્યવસ્થા રાખી હતી, ત્યારબાદ શ્રીસંઘને જિનમંદિર બંધાવવાની ભાવના થતાં પરમપૂજ્ય જ્યોતિષ માર્તંડ આચાર્ય શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજે મોકલાવેલ મુહૂર્ત અનુસાર શ્રીસંઘે વિ. સં. ૨૦૧૪માં જિનમંદિર બનાવવાનું કાર્ય સોમપુરા હજારીમલ હરજીવાળા હસ્તક ચાલુ કરાવ્યું હતું અને તે શ્રી રાજસ્થાન જૈન સંઘના જ દોઢેક લાખ રૂપિયાના ખર્ચે સં. ૨૦૧૭માં પૂરું થયું હતું.

આ મંદિર ઘણું દેદીપ્યમાન અને સુંદર બન્યું હતું. પરંતુ તેની પ્રતિષ્ઠાનો પુનિત પ્રસંગ ઉપસ્થિત થાય તે પહેલાં સંઘમાં મતભેદ ઊભો થયો હતો અને તેથી વાતાવરણ ડહોળાઇ રહ્યું હતું. પરંતુ પૂજ્યશ્રીના સ્તુત્ય અને સબળ પ્રયાસથી એ

મતભેદનું નિવારણ થઈ ગયું હતું અને વાતાવરણમાં આનંદ-ઉત્સાહનો સંચાર થયો હતો. આ મંદિરની પ્રતિષ્ઠા માટે પ. પૂ. આ. શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજ તરફથી જેઠ સુદિ ૧૩નું મંગલ મુહૂર્ત પ્રાપ્ત થયુ હતું.

## અંજનશલાકા-પ્રતિષ્ઠા મહોત્સવનો નિર્ણય

રાજસ્થાન શ્રીસંઘે આ મુહૂર્તે પૂજ્યશ્રી આદિ મુનિ-મંડળની નિશ્રામાં પ્રતિષ્ઠા કરાવવાનો તથા તેની સાથે અંજન-શલાકા મહોત્સવ ઉજવવાનો નિર્ણય કર્યો અને તે માટે કાર્ય-વાહક સમિતિની રચના કરતાં શ્રી નેમિચંદજી, શ્રી હીરાચંદજી, શ્રી રાજમલજી, શ્રી વસ્તીચંદજી, શ્રી માંગીલાલજી, શ્રી મિશ્રીમલજી, શ્રી સોહનરાજજી, શ્રી નરસીંગજી, શ્રી થાનમલજી, શ્રી ચંપાલાલજી, શ્રી ગેમરાજજી, શ્રી ધનરાજજી, શ્રી સરેમલજી, શ્રી રાનમલજી આદિ મહાનુભાવોએ સહર્ષ સાથ આપ્યો. ત્યાર બાદ આગામી પવિત્ર પ્રસંગની તડામાર તૈયારીઓ થવા લાગી.

## વડી દીક્ષા આદિ

અહીં પૂ ગુરૂવર્યે બાલમુનિશ્રી શીલચંદ્રવિજયજીને વડી દીક્ષા આપી તથા પોતાના પટ્ટધર પૂ પં. શ્રી શુભંકરવિજયજી ગણિવર્યને ગદગમાં સ્થિરતા કરવાની આજ્ઞા આપી પોતે છ સાધુઓ સાથે હુબલી પધાર્યા. ત્યાં એક મહિનાની સ્થિરતામાં ચૈત્ર માસની શાશ્વતી ઓળીનું આરાધન કરાવ્યું તથા બીજાં પણ માંગલિક કાર્યો માટે શ્રાવકસંઘને પ્રેરણા કરી. ત્યાંથી પાછા

ગદગ પધારતાં શ્રીસંઘે અનન્ય ભક્તિથી સુંદર સામૈયું કર્યું અને સર્વત્ર આનંદ-મંગલ વર્તાયા.

## મહોત્સવ અંગે ભવ્ય મંડપ

અંજનશલાકા–પ્રતિષ્ઠા મહોત્સવ ખૂબ સારી રીતે ઉજવવાની શ્રીસંઘની ભાવના હોવાથી જિનમંદિર સન્મુખ ભવ્ય મંડપ બાંધવામાં આવ્યો અને તેને કલામય દ્વારો તથા કમાનોથી સુશોભિત કરવામાં આવ્યો. તેની અંદર વિવિધ વર્ણની સંખ્યાબંધ પતાકાઓ યથાસ્થાને બાંધવામાં આવી તથા વીજળીની રોશની પુરબહારમાં કરવામાં આવી. આથી તે અલબેલી અમરાપુરીનો જ એક ભાગ હોય તેવો જણાવા લાગ્યો,

## રમણીય રચનાઓ

આ ભવ્ય મંડપમાં ભગવાન પાર્શ્વનાથના દશ ભવો, મેરૂપર્વત, ઈલાચીકુમાર, અમરકુમાર, નાગદત્ત શેઠ વગેરેની હાલતી ચાલતી સુંદર રચનાઓ કરવામાં આવી કે જે પ્રેક્ષકોના મનનું અદ્ભુત આકર્ષણ કરી શકે અને તેને ધર્મના રંગે રંગી શકે. શબ્દ કરતાં આકૃતિની અસર મનુષ્યના મન પર ઘણી ઝડપથી અને ઘણી વધારે થાય છે, તેથી જ પ્રચારને ઇચ્છનારા સહુ કોઈ દર્શન-પ્રદર્શનની યોજના કરે છે અને તેમાં જરૂર સફળતા મેળવે છે. જૈન ધર્મના મહોત્સવોમાં આવી રચનાઓ ઘણા કાળથી થતી આવી છે અને આજે પણ તે ભાવિકોના મનને ભવ્ય ભાવોથી ભાવિત કરે છે.

## મંગળ મહોત્સવની ભવ્ય ઉજવણી

જેઠ સુદિ ૬થી મંગલ મહોત્સવનો પ્રારંભ થયો હતો અને સાતમના રોજ કુંભસ્થાપના થઈ હતી. ત્યારબાદ દરરોજ હજારો માનવીઓની હાજરીમાં વિવિધ પ્રકારનાં મંગલકારી વિધાનો થતાં હતાં અને પંચકલ્યાણકના વરઘોડા નીકળ્યા હતા. બે હાથી, સાત ઘોડા, બે ઊંટ, ચાંદીનો રથ, ઇન્દ્રધ્વજ, બેલગામ તથા ગદગનાં પ્રસિદ્ધ બેન્ડો, આશરે પંદર હજારની માનવમેદની તથા પૂજ્ય મુનિવરોનું અગ્રેસરપણું સહુના ચિત્ત પર અનેરો પ્રભાવ પાડતું હતું.

વિધિ માટે છાણીથી શ્રી સોમચંદભાઈ તથા ચંદુભાઈ વગેરે પધાર્યા હતા અને પૂજ્યશ્રીની નિશ્રામાં મુનિશ્રી સૂર્યોદય-વિજયજી તથા શ્રી સોમચંદભાઈ ઉલ્લાસપૂર્વક ક્રિયાઓ કરાવતા હતા. પૂજા અને ભાવનામાં સંગીતકાર શ્રી રસિકભાઈએ અનેરી રંગત જમાવી હતી. કચ્છી ભાઈ–બહેનોના દાંડિયા રાસ પણ સહુનાં દિલ જીતી ગયા હતા.

## જૈનેતરોને જમણ

આ મહોત્સવની એક વિશેષતા એ હતી કે પ્રારંભના જ દિવસે રાજસ્થાન જૈન સંઘ તરફથી જૈનેતરોને મિષ્ટ ભોજન અપાયું હતું અને તેમની સંખ્યા લગભગ ૩૦૦૦૦ ત્રીશ હજારની હતી. આથી સર્વ લોકો જૈન સમાજની મુક્ત કંઠે પ્રશંસા કરવા લાગ્યા હતા.

## પોણા બસો પ્રતિમાજીનું અંજનવિધાન

પરમતારક શ્રી જિનેશ્વર ભગવંતનાં પાષાણનાં વિશાલકાય પંચોતેર લગભગ પ્રતિમાજી અને ચોવીશી, પંચતીર્થી તથા પંચ ધાતુના પ્રતિમાજી તથા શ્રી સિદ્ધચક્રજી વગેરે એકસો મળી કુલ પોણાબસો પ્રતિમાજીનું અંજન વિધાન થયું હતું.

## અન્ય હકીકતો

શ્રીસંઘ આમંત્રણ પત્રિકા જે ખૂબ સુંદર સ્વરૂપે ૨૩"× ૩૯"ના કદમાં આર્ટપેપર પર પ્રકટ થઈ હતી, તેમાં દસ્તક કરવાનો લાભ શા. સાગરમલજી ફોજાજી કુલમોથાએ લીધો હતો-

બહારગામથી લગભગ સાત હજાર ભાવિકોનું આગમન થયું હતું. જમવાના સ્થાને જવા માટે ગાડીઓની વ્યવસ્થા રખાઈ હતી. વર્તમાનપત્રોએ આ મંગળ મહોત્સવના સમાચારો અવારનવાર તસ્વીરો સાથે છાપ્યા હતા, તેથી સર્વ લોકોને તેની જાણ થઈ હતી. એકંદર એક લાખ માણસોએ આ મહોત્સવના દર્શનાદિ લાભ લીધો હતો.

પોલીસનો બંદોબસ્ત સારો હતો. કત્લખાનાં બે દિવસ બંધ રહ્યાં હતાં.

શ્રી રાજસ્થાન જૈન મંડળ–ગદગ, શ્રી કચ્છી જૈન મંડળ ગદગ. શ્રી બેલારી જૈન મંડળ, શ્રી હુબલી જૈન મંડળ વગેરેએ ખૂબ ખૂબ સેવા બજાવી હતી.

પ. પૂ. આચાર્યશ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજ પ. પૂ.

આચાર્ય શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. આચાર્ય શ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ તથા પ. પૂ. આચાર્ય શ્રી વિજયકસ્તૂરસૂરીશ્વરજી મહારાજની પરમ કૃપાથી અને પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી યશોભદ્રવિજયજી મહારાજની સતત દેખરેખથી આ અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ કોઈ પણ જાતના વિઘ્ન વિના શાંતિપૂર્વક ઉજવાયો હતો અને તેણે જૈન શાસનની ખૂબજ પ્રભાવના કરી હતી. કુલ ઉપજ રૂપિયા સવા ત્રણ લાખની થઇ હતી.

## હુબલીમાં છ માસની સ્થિરતા

ગદગના ચિરસ્મરણીય મહોત્સવ દરમિયાન હુબલીના શ્રીસંઘે પૂજ્યશ્રીને ચાતુર્માસ માટે પુનઃ આગ્રહભરી વિનંતિ કરી હતી અને પૂજ્યશ્રીએ સર્વે સંયોગો ધ્યાનમાં લઈ તેનો સ્વીકાર કર્યો હતો, એટલે મહોત્સવની મંગલ પૂર્ણાહુતિ બાદ તેમણે શિષ્ય-સમુદાય સાથે હુબલીભણી વિહાર કર્યો. તેમને વિદાય આપવા માટે ગદગનો શ્રાવક–શ્રાવિકા–સમુદાય દૂર સુધી સાથે ચાલ્યો, પણ વિયોગના વિચારે ગળગળો બની ગયો. 'પૂજ્યશ્રી' પુનઃ ક્યારે પધારશો ? એ પ્રશ્ન પૂછતાં અનેક આંખો અશ્રુભીની બની ગઈ. પૂજ્યશ્રીએ તેમને 'સંયોગ ત્યાં વિયોગ'નો સિદ્ધાંત સમજાવી ધર્મારાધનમાં વિશેષ ઉજમાળ રહેવા જણાવ્યું તથા છેવટે સર્વે વિઘ્નોનો વિનાશ કરનારું માંગલિક સંભળાવી વિદાય લીધી.

વિ. સં. ૨૦૧૮ના અષાડ સુદિ ૧૦ના શુભ દિવસે પૂજ્ય-

શ્રીનો હુબલીમાં પ્રવેશ થયો ત્યારે ધ્વજા–પતાકાઓ ફરકી હતી. બેન્ડવાજા વાગ્યાં હતાં તથા શ્રી સંઘના હૃદયમાં આનંદની અપૂર્વ ભરતી આવી હતી. વળી ગગનમંડળ લાંબા સમય સુધી જયનાદો વડે ગાજતું રહ્યું હતું. અમે તે ગામ–નગર–પુર–પાટણને ધન્ય માનીએ છીએ કે જ્યાં પવિત્ર આચારવાળા ત્યાગી મુનિવરોનાં પગલાં થાય છે અને તેમની મંગલમય વાણી નિરાબાધપણે વિસ્તાર પામે છે.

અહીં પૂજ્યશ્રીનાં પ્રવચનોએ થોડા દિવસમાં જ શ્રોતાઓની વિશાળ સંખ્યાનું આકર્ષણ કર્યું. જેઓ પર્યુષણના દિવસો સિવાય ભાગ્યે જ ઉપાશ્રયે આવતા, તેઓ પ્રવચન સમયે નિયમિત હાજરી આપવા લાગ્યા તથા શિક્ષિત અને અધિકારી કે જે અહીં ભાગ્યે જ ડોકાતો તે પણ પ્રવચન વ્યાખ્યાન શ્રવણ કરવા આવતા.

આ વખતે પૂજ્યશ્રી સાથે પૂ. મુનિરાજશ્રી સૂર્યોદયવિજયજી મહારાજ, પૂ. મુનિરાજશ્રી શીલચંદ્રવિજયજી મહારાજ, પૂ. મુનિરાજશ્રી નયનચંદ્રવિજયજી મહારાજ, પૂ. મુનિરાજ શ્રી હીરવિજયજી મહારાજ, પૂ. મુનિરાજ શ્રી શ્રેયાંસવિજયજી મહારાજ, પૂ. મુનિરાજ શ્રી જગતચંદ્રવિજયજી મહારાજ, પૂ. મુનિરાજશ્રી તીર્થચંદ્રવિજયજી મહારાજ તથા પૂ બાલમુનિશ્રી શીલચંદ્રવિજયજી મહારાજ હતા. તે બધા નિયત શાસ્ત્રાભ્યાસ કરતા યથાશક્તિ તપને આરાધતા હતા તથા સમાગમમાં આવનારને

ધર્મનું રહસ્ય સમજાવી વ્રત–નિયમોથી ભાવિત કરતા હતા.

શ્રમણ સમુદાયના આ સંયુક્ત પ્રયાસથી વાતાવરણમાં ધર્મનો અજબ રંગ પૂરાયો હતો. અન્ય શબ્દોમાં કહીએ તો અહીંનો શ્રાવક વર્ગ કે જે મોટા ભાગે વ્યાપાર અને વ્યવહારમાં મશગુલ રહેતો હતો, તે હવે ધર્મની આરાધના તરફ ઢળ્યો હતો અને દાન, શીલ તપ તથા ભાવની યથાશક્તિ આરાધના કરવા લાગ્યો હતો.

હુબલીના આ ધર્મરંગની અસર આસપાસના પ્રદેશ ઉપર પણ બહુસારી પડી હતી અને તેથી ઘણા લોકો પૂજ્યશ્રી તથા અન્ય સાધુઓના દર્શન સમાગમ નિમિત્તે હુબલી આવતા હતા. અહીં દર્શનાર્થીઓ માટે શ્રીસંઘ તરફથી રસોડાની ખાસ સગવડ રાખવામાં આવી હતી.

## પર્વાધિરાજ પર્યુષણાની ઉજવણી

અનુક્રમે પર્વાધિરાજ પર્યુષણના દિવસો આવ્યા. એ વખતના ઉત્સાહ અને આનંદનું તો પૂછવું જ શું ? સહુએ બને તેટલું વધારે ધર્મારાધન કરવા માટે કમર કસી હતી અને પૂજ્યશ્રીનાં પ્રવચનો તેમાં પ્રાણ પૂરી રહ્યાં હતાં.

આ પર્વાધિરાજની ઉત્તમ ઉજવણી કરવા માટે ૫૦૦ જેટલાં ભાવિક સ્ત્રીપુરૂષો બહારગામથી આવ્યાં હતાં. તેમની સર્વ સગવડ શ્રીસંઘ તરફથી કરવામાં આવી હતી.

અહીંનો ઉપાશ્રય જે અન્ય દિવસોમાં વિશાળ લાગતો હતો, તે પર્વાધિરાજના દિવસોમાં ખૂબ સાંકડો પડે તેમ હતો,

તેથી એક ખાસ હોલ ભાડે રાખવામાં આવ્યો હતો.

જીવદયા પાળવી અને પળાવવી, સાધર્મિક-વાત્સલ્ય કરવું, પરસ્પર ક્ષમાપના કરવી, અઠ્ઠમનો તપ કરવો તથા ચૈત્યપરિપાટી કરવી, એ પર્વાધિરાજ પર્યુષણાનાં પાંચ વિશેષ કર્તવ્યો મનાય છે. તે અહીં રૂડી રીતે થયાં અને બોલીઓ પણ સારા પ્રમાણમાં થવા પામી. અઠ્ઠાઈ વગેરે તપશ્ચર્યા પણ વિપુલ સંખ્યામાં થઈ,

પૂ. મુનિશ્રી તીર્થચંદ્રવિજયજીએ ૧ મહિનાના ઉપવાસ કર્યા હતા. તેમને પારણું કરાવવાનો લાભ રૂપિયા ૧૦૦૦નો ચઢાવો બોલવાપૂર્વક મે. તારાચંદ શંકરલાલ એન્ડ કંપનીના કાર્યવાહકોએ લીધો.

## મહામંગલમય ઉપધાન તપની આરાધના

ધર્મભાવનાની વૃદ્ધિ થતાં અહીં મહામંગલમય ઉપધાન તપની આરાધના કરાવવાનું નક્કી થયું. તેનું પ્રથમ મુહુર્ત આસો સુદિ ૧૦, તા. ૯-૧૦-૬૨નું અને બીજું મુહુર્ત આસો સુદિ ૧૫, તા. ૧૩-૧૦-૬૨નું આપવામાં આવ્યું. તે અંગે સર્વ વ્યવસ્થા સ્ટેશનરોડ પર શેઠ અરજણ ખીમજી પ્રેસીંગ ફૅક્ટરીના વિશાળ કંપાઉન્ડમાં કરવામાં આવી.

## માળારોપણ નિમિત્તે અષ્ટાહ્નિકા મહોત્સવ

ઉપધાન તપની આરાધના નિર્વિઘ્ને આગળ વધતાં માળારોપણનો પ્રસંગ નજીક આવ્યો, એટલે તે નિમિત્તે કારતક વદિ ૧૩થી શ્રી શાંતિનાથજી તથા શ્રી અજિતનાથજીનાં મંદિરોએ અષ્ટાહ્નિકા મહોત્સવની શરૂઆત કરવામાં આવી.

માગશર સુદિ ૪ના દિવસે બપોરે જલજાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો અને તે જ દિવસે સવારના વ્યાખ્યાનમાં માલારોપણનો ચઢાવો બોલાયો. માગસર સુદિ ૫ ના દિવસે સવારમાં તપસ્વીઓને ચઢાવાના ક્રમ અનુસાર માલારોપણ કરવામાં આવ્યું, પણ તે વખતે સમગ્ર દેશમાં લડાઇનું વાતાવરણ વ્યાપેલું હતું એટલે બધી ક્રિયાઓ બને તેટલી સાદાઈથી કરવામાં આવી. બપોરે શાંતિસ્નાત્ર ખૂબ ભાવથી ભણાવામાં આવ્યું. ક્રિયાવિધાન માટે છાણીથી શ્રી સોમચંદભાઈ તથા શ્રી ચંદુલાલભાઇ વગેરે આવ્યા હતા.

## પ્રતિષ્ઠાદિ મંગલ કાર્યો

ઉપધાન તપની આરાધના દરમિયાન અંજનશલાકા તથા પ્રતિષ્ઠા મહોત્સવનું નક્કી થતાં કચ્છીભાઈઓના શ્રી અજિતનાથ સ્વામીના મંદિરમાં શ્રી ગૌતમસ્વામી અને સુધર્માસ્વામીની મૂર્તિઓની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા કરવામાં આવી હતી તથા રાજસ્થાની ભાઈઓના શ્રી શાંતિનાથ જૈન મંદિરમાં પાષાણના તીર્થપટો વિધિપૂર્વક સ્થાપવામાં આવ્યા હતા.

## શસ્ત્ર–ચિકિત્સા

અહીં પૂજ્યશ્રીની આંખે ઝામરાની અસર જણાતાં શસ્ત્ર-ચિકિત્સા કરાવવામાં આવી હતી અને તે સફળ નીવડી હતી.

## ઉપસંહાર

આ પ્રકરણ સમાપ્ત કરતાં પહેલાં એટલું જણાવીશું કે હુબલીની છ માસની સ્થિરતામાં અનેક ધાર્મિક કાર્યો થયાં હતાં અને તે સમસ્ત કર્ણાટકમાં પ્રભાવ પાડનારાં નીવડચાં હતાં.

## પ્રશસ્ત પ્રવૃત્તિઓની પરંપરા

શસ્ત્રચિકિત્સા પછી આરામની જરૂર જણાતાં પૂજ્યશ્રી કેશવપુરા પધાર્યા કે જે હુબલીથી માઇલ દોઢ માઇલના અંતરે આવેલું એક શાંત સુંદર ગામડું છે. અહીં એક મહિનાની સ્થિરતામાં તેમના શરીર તથા મનને ઠીક ઠીક આરામ મળ્યો.

## હાવેરીમાં પ્રતિષ્ઠા મહોત્સવ

અહીંથી પૂજ્યશ્રીનાં પગલાં હાવેરી ભણી મંડાયાં કે જ્યાં ગત વર્ષે તેઓશ્રીના વરદ હસ્તે એક મુમુક્ષુને દીક્ષાદાન થયું હતું. અહીં વિ. સં. ૨૦૧૧ની સાલમાં પ. પૂ. શાંતમૂર્તિ મુનિરાજશ્રી ભુવનવિજયજી મહારાજ (ડહેલાવાળા) પધાર્યા હતા અને તેઓશ્રીના સદુપદેશથી જિનમંદિર બાંધવાનો નિર્ણય લેવાયો હતો. એ નિર્ણય અનુસાર જિનમંદિર તૈયાર થઈ ગયું હતું, પણ હજી સુધી પ્રતિષ્ઠા થઈ ન હતી. આ કાર્ય કોઇ ત્યાગી મહાપુરુષની નિશ્રામાં થાય, એવી સકલ સંઘની ઇચ્છા હતી, તેથી તેણે પૂજ્યશ્રીને હાવેરી પધારવાની વિનંતિ કરી હતી. આમ તો પૂજ્યશ્રી મુંબઈ ભણી વિહાર કરવાની ભાવના-વાળા હતા, પણ કલ્યાણનું કારણ જાણીને તેમણે હાવેરીના શ્રીસંઘની વિનંતિનો સ્વીકાર કર્યો હતો અને તે અનુસાર હાવેરી ભણી પગલાં માંડ્યાં હતાં.

શ્રદ્ધા, ભક્તિ, સદ્વિચાર અને સદાચારને પોષણ આપતી પ્રવૃત્તિઓ પ્રશસ્ત ગણાય છે અને તે સાધુપુરૂષો માટે વિહિત

છે તેથી જ પૂજ્યશ્રીનો પ્રયાસ એ દિશામાં વધારે ગતિમાન રહ્યો હતો. અન્ય શબ્દોમાં કહીએ તો તેઓ દક્ષિણમાં પધાર્યા ત્યારથી જ પ્રશસ્ત પ્રવૃત્તિઓની પરંપરા ચલાવી રહ્યા હતા અને હજી સુધી તેમાં જરાયે ઓટ આવી ન હતી.

અનુક્રમે તેઓશ્રી શિષ્ય સમુદાય સાથે હાવેરી પધાર્યા, શ્રીસંઘે ભવ્ય સ્વાગત કર્યું અને પ્રતિષ્ઠા–મહોત્સવ અંગે તડામાર તૈયારીઓ થવા લાગી. જૈન મહર્ષિઓએ કહ્યું છે કે જે સમય પ્રશસ્ત પ્રવૃત્તિઓની પાછળ જાય છે. તેને જ સાર્થક સમજવો. તે સિવાય થતો સમયક્ષેપ નિરર્થક છે, એટલું જ નહિ પણ ભવભ્રમણને વધારનારો હોઇ ભયંકર દુઃખોને આમંત્રણ આપનારો છે. આ વસ્તુ લક્ષ્યમાં રાખીને આપણી પ્રવૃત્તિઓની ચકાસણી કરવી ઘટે, એટલે કે તેમાંથી અપ્રશસ્ત પ્રવૃત્તિઓને છોડવી ઘટે અને પ્રશસ્તનો પૂર્ણ ઉલ્લાસથી આદર કરવો ઘટે.

માહ સુદિ ૨ અને રવિવારના પ્રાતઃકાળથી પ્રતિષ્ઠા–મહોત્સવની શરૂઆત થઇ. તેમાં ભાગ લેવા માટે ઘણા ભાવિકો બહારગામથી આવ્યા હતા. શ્રીસંઘે તેમના ઉતારા તથા ભોજનની સુંદર સગવડ કરી હતી. માહ સુદિ ૭થી સવારસાંજના સાધર્મિક વાત્સલ્યો શરૂ થયાં હતાં અને તે માહ સુદિ ૧૦ની સાંજ સુધી ચાલુ રહ્યાં હતાં. તેનો લાભ જુદા જુદા પુણ્યશાળી આત્માઓ તરફથી લેવાયો હતો.

પ્રતિદિન વિવિધ રાગ–રાગિણીઓમાં જુદી જુદી પૂજાઓ ભણાવી હતી; શ્રીફળ, સાકર, પતાસાં વગેરેની પ્રભાવનાઓ

થતી હતી, અને પ્રભુજીને નિત્ય નવી અંગરચના કરવામાં આવતી હતી. પૂજ્યશ્રીનાં પ્રવચનો આ મહોત્સવનું અનેરું આકર્ષણ બન્યાં હતાં.

માહ સુદિ ૧૦ને રવિવારના રોજ પ્રાતઃકાલમાં શુભ મુહૂર્તે 'ૐ પુણ્યાહં પુણ્યાહં'ના મંત્રોચ્ચારપૂર્વક શ્રી આદીનાથ ભગવાન તથા અન્ય જિનબિંબોને ગાદીનશીન કરવામાં આવ્યા હતાં તથા યક્ષ-યક્ષિણીઓની સ્થાપના કરવામાં આવી હતી. વિશેષમાં આ જ દિવસે મંદિર પર ધ્વજદંડ ચડયો હતો અને કલશારોપણ થયું હતું. બપોરે શ્રી અષ્ટોત્તરી બૃહત્ શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું. ક્રિયા કરાવવા માટે છાણીથી શ્રી સોમચંદભાઈ આદિની મંડળી આવી હતી.

આ મહોત્સવ સાનંદ સંપન્ન થતાં સારાયે કર્ણાટકમાં ધર્મની સુવાસ પ્રસરી હતી.

## બાગલકોટમાં પ્રતિષ્ઠા-મહોત્સવ

આવો જ બીજો મંગલ પ્રસંગ કર્ણાટકની ભૂમિ પર આવેલા બાગલકોટ નગરમાં ઉપસ્થિત થયો હતો. અહીંના શ્રીસંઘે જિનમંદિરમાં મૂળનાયક શ્રી વિમલનાથ ભગવંતની બંને બાજુ શ્રી શાંતિનાથ ભગવંત તથા શ્રી પાર્શ્વનાથ ભગવંતની પ્રતિષ્ઠા કરાવવાનો નિર્ણય કર્યો હતો અને તે માટે ચાતુર્માસ રહેલ પૂજ્યશ્રીના શિષ્યરત્ન પંન્યાસપ્રવર શ્રી શુભંકરવિજયજી ગણિવર્યને બાગલકોટ પધારવાની વિનંતિ કરી હતી.

પૂજ્ય પંન્યાસશ્રી એ વિનંતિનો સ્વીકાર કરી પૂ. મુનિરાજશ્રી રાજચંદ્રવિજયજી મહારાજ સાથે બાગલકોટ પધાર્યા હતા.

અહીં પ્રતિષ્ઠા નિમિત્તે પાંચ દિવસનો મંગલ મહોત્સવ યોજાયો હતો.

માહ સુદિ ૧૦ને રવિવારે સવારના ૧૦–૦૫ વાગતાં વાજતે ગાજતે બંને પ્રભુજીને ગાદીનશીન કરવામાં આવ્યા હતા. બપોરે વિજયમુહૂર્તે અષ્ટોત્તરી સ્નાત્ર ભણવાયું હતું. સાંજના શા. પદમશી વેલજી સુથરીવાલા તરફથી સાધર્મિક–વાત્સલ્યનો લાભ લેવાયો હતો.

આ બધા દિવસોએ પ્રભુજીને સુંદર અંગરચના થઇ હતી અને રાત્રિએ સંગીતમય ભાવના બેસતાં જિનભક્તિનો અપૂર્વ રંગ જામ્યો હતો.

## હુબલીમાં પુનરાગમન

ગત વર્ષે પૂજ્યશ્રીનાં પગલાં રાણી બેન્નુરમાં પણ થયાં હતાં અને તે આનંદ તથા મંગલની વૃદ્ધિ કરનાર નીવડયાં હતાં. અહીંના શ્રી સંઘને શ્રી સુવિધિનાથ આદિ જિનબિંબોની તેમજ દેવદેવીઓની પ્રતિષ્ઠા કરાવવાની ભાવના થતાં ન્યાય-વિશારદ જ્યોતિષમાર્તંડ પરમપૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજયનંદન-સૂરીશ્વરજી મહારાજ પાસે મુહૂર્ત જોવડાવ્યું હતું, તેમાં વૈશાખ સુદિ ૬નો દિવસ વિશેષ મંગલકારી જણાયો હતો. આ પ્રસંગ પૂજ્ય પંન્યાસજી આદિ મુનિમંડળની નિશ્રામાં ઉજવાય તે માટે રાણી બેન્નુરના શ્રી સંઘે પૂજ્યશ્રીને વિનંતિ કરી હતી

અને પૂજ્યશ્રીએ તેનો સ્વીકાર કર્યો હતો, પણ તે પ્રસંગને હજી ત્રણ માસની વાર હતી, એટલે પૂજ્યશ્રીએ હુબલી ભણી વિહાર કર્યો. વિશેષ કલ્યાણનું કારણ જણાય ત્યાં જ સાધુ પુરૂષોની ગતિ અને સ્થિરતા હોય છે.

હુબલીનો શ્રાવકસમુદાય ભાવિક હતો, એટલે તેણે પૂજ્યશ્રીનાં પ્રવચનોનો લેવાય તેટલો લાભ લીધો અને વ્રત–નિયમો પણ સારા પ્રમાણમાં ગ્રહણ કર્યાં.

અનુક્રમે પૂજ્યશ્રીએ પ. પૂ. મુનિરાજશ્રી સૂર્યોદયવિજયજી મહારાજ આદિ ઠાણાને મુંબઈ ભણી વિહાર કરાવ્યો અને પોતે રાણી બેન્નુર તરફ પગલાં માંડયાં, લગભગ બે અઠવાડિયાના વિહાર પછી તેઓશ્રી રાણીબેન્નુર પધાર્યા, શ્રીસંઘે ભાવભીનું સ્વાગત કર્યું અને પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારીઓ આગળ વધવા લાગી.

## રાણીબેન્નુરમાં પ્રતિષ્ઠા–મહોત્સવ

અહીં ઉત્સાહ ઘણો હતો અને સહુએ સ્વોપાર્જિત લક્ષ્મીનો સદ્વ્યય કરવાની ભાવના રાખી હતી, એટલે દશ દિવસનો ભવ્ય કાર્યક્રમ ઘડવામાં આવ્યો. પૂજ્યશ્રીની પ્રેરણા તેમાં નિમિત્ત બની.

ત્યારબાદ શ્રીસંઘ આમંત્રણ પત્રિકા સુંદર સ્વરૂપે પ્રકટ કરવામાં આવી અને તે નજીક તથા દૂરનાં અનેક સ્થળોએ મોકલવામાં આવી. પરિણામે મહોત્સવના આગલા દિવસે રાણીબેન્નુરની શેરીઓ માણસોથી ઉભરાવા લાગી.

ચૈત્ર વદિ ૧૧થી મંગળ મહોત્સવનો પ્રારંભ થયો અને તે ક્રમે ક્રમે આગળ વધતો ગયો. રોજ પૂજા, પ્રભાવના અંગરચના, સંગીતમય સ્તવનો તથા વિવિધ પ્રકારની ક્રિયાઓને લીધે વાતાવરણમાં ધાર્મિકતાનો રંગ પૂરાતો ગયો અને છેલ્લા દિવસે વૈશાખ સુદિ છઠ્ઠના દિવસે તે ચરમસીમાએ પહોંચ્યો, પ્રાતઃકાળમાં શુભ મુહૂર્તે મૂળનાયક શ્રી સુવિધિનાથ ભગવાનને ગાદીનશીન કરવામાં આવ્યા અને તેજ સમયે અન્ય જિનબિંબો તથા દેવ–દેવીઓની પ્રતિમાની પ્રતિષ્ઠા કરવામાં આવી. ધ્વજદંડ કલશારોપણ પણ તેજ સમયે થયું અને વિજય મુહૂર્તે અષ્ટોત્તરી સ્નાત્ર ખૂબ ઠાઠથી ભણાવવામાં આવ્યું. સવાર-સાંજની નવકાશી છેલ્લા ત્રણ દિવસથી ચાલુ હતી. સર્વ ક્રિયાવિધાન પૂનાવાળા યતિશ્રી નેમવિજયજી તથા અમદાવાદથી પધારેલ સુજ્ઞ શ્રાવકોએ કરાવ્યું હતું. વિશેષમાં મુંબઈના જૈન સંયુક્ત મંડળે ત્રણ દિવસ સુધી પૂજા તથા ભાવનામાં અનેરો રંગ જમાવ્યો હતો.

નિર્ધારિત કાર્ય સાનંદ સંપન્ન થયું અને તેમાં કોઈ વિઘ્ન આવ્યું નહિ, એટલે સહુનો ઉત્સાહ છેવટ સુધી એવો ને એવો ટકી રહ્યો. વધારે સ્પષ્ટ કહીએ તો ઉત્સાહમાં અનેકગણી વૃદ્ધિ થઈ અને રાણીબેન્નુરનો પ્રતિષ્ઠા મહોત્સવ શાસનના ચોપડે સુવર્ણાક્ષરે લખાયો. ઉપજનો આંકડો ૫૦૦૦૦ ઉપર પહોંચ્યો હતો.

## ચાતુર્માસની વિનંતિઓ

અહીં પૂજ્યશ્રીને ગદગ, પૂના, વીલેપાર્લે તથા માટુંગાના શ્રીસંઘ તરફથી ચાતુર્માસની વિનંતિઓ થઈ હતી. તેમાંથી પૂજ્યશ્રીએ માટુંગા તપાગચ્છની વિનંતિનો સ્વીકાર કર્યો હતો. હવે વિહાર માટે દિવસો બહુ ટુંકા રહ્યા હતા, એટલે પૂજ્યશ્રીએ વૈશાખ સુદિ આઠમના દિવસે જ પ્રયાણ કર્યું.

## મુલુંદમાં પધાર્યા

તેઓશ્રી હુબલી, પૂના વગેરે સ્થળોએ થઈ અષાઢ સુદિ ૨ ના રોજ મુલુંદ પધાર્યા.

## માટુંગા–ચાતુર્માસ આદિ

અષાડ સુદિ ૯ના શુભ દિવસે પૂજ્યશ્રીએ શિષ્યસમુદાય સાથે માટુંગામાં પ્રવેશ કર્યો, ત્યારે શ્રીસંઘ દૂર સુધી સામો આવ્યો હતો અને ભવ્ય સામૈયું કરીને કૃતાર્થ થયો હતો. શ્રી જીવણલાલ અબજીભાઈ જ્ઞાનમંદિર કે જ્યાં પૂજ્યશ્રી ચાતુર્માસ અર્થે સ્થિરતા કરવાના હતા, તેણે આજે અનેરી શોભા ધારણા કરી હતી. વિવિધરંગી ધ્વજા-પતાકા તો ઠીક પણ ત્યાં જે આનંદ અને ઉત્સાહ ઉછળી રહ્યો હતો, તેણે સમસ્ત જ્ઞાનમંદિરની રોનક જ ફેરવી નાખી હતી. સુંદર સામૈયું થયું. દરરોજ વ્યાખ્યાન ચાલતું. સારી સંખ્યામાં ભાવિકો લાભ લેતા હતા.

અનુક્રમે પર્યુષણ પર્વ નજીક આવ્યા, એટલે જુદા જુદા સંઘો તરફથી સાધુ-મુનિરાજ માટે માગણી થઈ. તેને અનુલક્ષીને

પૂ. મુનિરાજ શ્રી સૂર્યોદયવિજયજી મહારાજ તથા પૂ. મુનિરાજ શ્રી શ્રેયાંસચંદ્રવિજયજી મહારાજને કુર્લા મોકલવામાં આવ્યા અને પૂ. મુનિરાજ શ્રી હીરવિજયજી મહારાજને ગુલાલવાડી—ગોડવાડ હાઉસમાં આરાધના કરાવવાનો આદેશ આપ્યો.

માટુંગા તથા અન્યત્ર પર્યુષણ પર્વની આરાધના ઉત્તમ રીતે થઈ અને અઠ્ઠાઈ વગેરેની તપશ્ચર્યાએ આગળના સર્વ આંકડા વટાવી દીધા. પૂજ્યશ્રીના શિષ્યરત્ન મુનિશ્રી તીર્થચંદ્રવિજયજી મહારાજે માસક્ષમણની તપશ્ચર્યા કરી અને 'શ્રમતીતિ શ્રમણઃ જે તપશ્ચર્યા કરે તે શ્રમણ' એ વ્યાખ્યા ચરિતાર્થ કરી. આ વખતે ચાલુ ટીપો ઉપરાંત ગોધરા જ્ઞાનમંદિર માટે બહુ સારો ફાળો એકત્ર થયો.

અનુક્રમે આસો માસ આવતાં શ્રીનવપદજીનું આરાધન કરાવવામાં આવ્યું અને આયંબિલાદિ તપશ્ચર્યા મોટા પ્રમાણમાં થઈ.

## વીલેપારલેમાં ઉપધાન તપની આરાધના

વીલેપારલે મુંબઈનું એક માતબર પરૂ ગણાય છે અને શાંતાક્રૂઝની માફક તે પણ જૈનોની સારી વસ્તી ધરાવે છે. ત્યાં ધર્મની સારી જાગ્રતિ આવી હતી અને શેઠ ઘેલાભાઈ કરમચંદ જૈન સેનેટોરિયમમાં ઉપધાન તપની આરાધના કરાવવાનું નક્કી થયું હતું. તેનું પ્રથમ મુહૂર્ત સં. ૨૦૨૦ના બીજા કાર્તક સુદિ ૧૧ ને બુધવારનું તથા બીજું મુહૂર્ત બીજા કાર્તિક વદિ ૧ ને રવિવારનું અપાયું હતું.

અહીં શિષ્યસમુદાય સાથે પૂજ્યશ્રીની પધરામણી થતાં શ્રીસંઘે ભાવભીનું સ્વાગત કર્યું હતું અને આરાધકોનો ઉત્સાહ વૃદ્ધિ પામ્યો હતો. કુલ ૧૦૧ ભાવિકો ઉપધાન તપની આરાધનામાં જોડાયા હતા. અત્રે ખાસ બંધાયેલા મંડપમાં પૂજ્યશ્રીનાં પ્રવચનો શરૂ થયાં જેથી લોકો વધુ ને વધુ ધર્મ માર્ગે જોડાયા શ્રીસંઘમાં નવચેતનાનો જુવાળ આવ્યો અને આરાધક આત્માઓને પણ સુંદર માર્ગદર્શન મળવા લાગ્યું.

## પ્રતિષ્ઠાનો નિર્ણય અને વિનંતિ

અહીં શ્રીસંઘ સંચાલિત શેઠશ્રી હીરાલાલ બકોરદાસ જિનમંદિરમાં મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ બિરાજમાન હતા. તેમના ભવ્ય બિંબને મૂળસ્થાને કાયમ રાખીને આ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવવાનું શ્રીસંઘે નક્કી કર્યું હતું. આ કાર્ય પરિપૂર્ણ થતાં સુંદર શિખરબંધ જિનમંદિર તૈયાર થયું હતું.

આ મંદિરમાં હુબલી, ગદગ અને પૂનાથી લાવેલ શ્રી મહાવીર સ્વામીજી, શ્રીપદ્મપ્રભુજી, શ્રી આદિનાથજી તથા શ્રી શાંતિનાથજી, એ ચાર જિનબિંબોની તથા નવીન ભરાવવામાં આવેલા કમલાસનારુઢ શ્રી ગૌતમસ્વામીજીની ભવ્ય પાષાણમય પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવવાની હતી. તે સાથે જ શ્રી પદ્માવતી દેવી, શ્રી ચક્રેશ્વરી દેવી આદિ મૂર્તિઓની તથા મૂળનાયક શ્રી ચિંતામણિ પાર્શ્વનાથના નવા તૈયાર થયેલ પરિકરની પ્રતિષ્ઠા કરાવવાનો પણ શ્રી સંઘે નિર્ણય કર્યો હતો અને તે માટે પૂજ્ય-

શ્રીને પધારવાની વિનંતિ કરી હતી. પૂજ્યશ્રીએ સર્વ સંયોગો ધ્યાનમાં લઈને એ વિનંતિનો સ્વીકાર કર્યો હતો અને પોતાના શિષ્યસમુદાય સાથે અહીં પધરામણી કરી હતી.

## શ્રી જિનેન્દ્ર ભક્તિમહોત્સવ

આ પવિત્ર પ્રસંગ નિમિત્તે ૧૧ દિવસનો શ્રી જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ યોજવામાં આવ્યો હતો અને તે માટે ઘણી સારી તૈયારીઓ કરવામાં આવી હતી.

પોષ વદિ ૧૨ને શનિવારના પ્રાતઃકાળથી આ મંગલ મહોત્સવની શરૂઆત થઇ હતી. આ મહોત્સવ દરમિયાન પૂજ્યશ્રીના વરદહસ્તે પૂ. શ્રેયાંસચંદ્રવિજયજી મ. ના શિષ્ય મુનિશ્રી પુષ્પચંદ્રવિજયને વડી દીક્ષા આપવામાં આવી હતી.

માહ સુદિ ૬ને સોમવારે સવારે શુભલગ્ને જિનબિંબોને ગાદીનશીન કરવામાં આવ્યાં હતાં. ત્યારબાદ માલારોપણનો વિધિ થયો હતો અને બપોરે વિજયમુહૂર્તે અષ્ટોત્તરી બૃહત્સ્નાત્ર તથા શ્રી વીલેપારલે મારવાડી જૈન સંઘ તરફથી સાધર્મિક વાત્સલ્ય થયું હતું અને તેની સર્વ વ્યવસ્થા નજીકમાં આવેલા મહેસાણા મેન્શનના પ્લોટમાં કરવામાં આવી હતી.

માહ સુદિ ૭ને મંગળવારે શુભ મુહૂર્તે દ્વારોદ્ઘાટનની ક્રિયા થઇ હતી અને બપોરે ખંભાતનિવાસી શેઠ મણિલાલ વાડીલાલ પરીખ તરફથી સત્તરભેદી પૂજા ભણાવવામાં આવી હતી.

આ મહોત્સવ દરમિયાન દરરોજ પ્રભુજીને સુંદર અંગરચના કરવામાં આવી હતી તથા સાયંકાળે રોશની પુરબહાર-

માં થતી હતી. વળી પ્રભાવના તથા ભાવનાનો લાભ પણ પ્રતિદિન લેવાતો હતો. વિશેષમાં આ પ્રસંગને અનુરૂપ પાંચ અદ્ભુત દૃશ્યોની રંગોલી રચના ડભોઈવાળા શ્રી રમણીકલાલ ચિત્રકાર પાસે કરાવવામાં આવી હતી; એટલે આકર્ષણમાં ઉમેરો થયો હતો. મુંબઈ શહેર, પરાં તથા બહારગામના હજારો ભાવિકોએ આ મહોત્સવમાં ભાગ લઈ કૃતાર્થતા અનુભવી હતી અહીં બિરાજમાન વિશાળ સાધુસમુદાયનાં દર્શન કરીને પોતાનાં નયન તથા મનને પવિત્ર કર્યાં હતાં. આજે પણ આ મહોત્સવને લોકો યાદ કરે છે અને તેના યોજકોને શતશત ધન્યવાદ આપે છે.

શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવની સફળ પૂર્ણાહુતિ બાદ પૂજ્યશ્રી શિષ્યસમુદાય સાથે માટુંગા જ્ઞાનમંદિરમાં પધાર્યા હતા.

## ખંડાલા ઉપધાન તપની આરાધના

ત્યારબાદ ખંડાલાનિવાસી શા. રતનલાલ અદેચંદ તથા શા. બાબુલાલ અદેચંદને પૂજ્યશ્રીની પવિત્ર નિશ્રામાં મંગલમય ઉપધાન તપની આરાધના કરાવવાની ભાવના થતાં પૂજ્યશ્રી ખંડાલા પધાર્યા હતા અને ઉપધાન તપની આરાધના કરાવી હતી. તેનું પ્રથમ મુહૂર્ત માહ વદિ ૧૧ ને રવિવાર તા. ૯–૨–૬૪નું તથા બીજું મુહૂર્ત માહ વદિ ૧૪ ને મંગળવાર તા. ૧૧–૨–૬૪નું અપાયું હતું.

ખંડાલામાં આવો પ્રસંગ પહેલો જ હતો અને ઉપધાન કરાવનાર પુણ્યાત્માઓના પરિણામખૂબ વૃદ્ધિ પામ્યા હતા. અહિં માલારોપણનો મહોત્સવ પણ ખૂબ સાનંદ સંપન્ન થયો હતો. ગુજરાત અને સૌરાષ્ટ્ર તરફ પધારવા ગુરૂમહારાજનો આદેશ થવાથી પૂજ્યશ્રીએ શિષ્યમંડળ સાથે સૌરાષ્ટ્ર તરફ વિહાર કર્યો.

## આચાર્યપદ પ્રદાન

સં. ૨૦૦૭ના કાર્તિક વદિ ૬ના રોજ ચરિત્રનાયકને બોટાદ મુકામે ચતુર્વિધ સંઘ સમક્ષ ગણિપદ અર્પણ થયું હતું અને એજ વર્ષના વૈશાખ સુદિ ૩ના દિવસે રાજનગરમાં હજારો માણસોની હાજરીમાં પંન્યાસ પદથી વિભૂષિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમણે સાધુધર્મની સુંદર આરાધના કરવા સાથે જુદા જુદા પ્રદેશોમાં વિચરીને જિનશાસનની સુંદર પ્રભાવના કરી હતી. તેમાં દક્ષિણ દેશના દીર્ઘ વિહારે એક ઉજ્જવલ ઇતિહાસ સર્જ્યો હતો અને તેથી ભાવિકોના મનમાં ભારે આદરની લાગણી પેદા થઈ હતી. વધારે સ્પષ્ટ કહીએ તો તેઓ એમ ઇચ્છતા હતા કે આવા સુયોગ્ય સાધુપુરૂષને આચાર્યપદે આરૂઢ કરવા જોઇએ, એટલે તેમણે પૂજ્ય ગુરૂવર્યોને તે માટે વિનંતિઓ કરી હતી. તેમાં અમદાવાદ, ખંભાત, સુરત, વલસાડ, પૂના, બેંગલોર, મદ્રાસ, હુબલી, ગદગ, મુંબઈ તથા તેના ઉપનગરોમાં વસતા કચ્છીભાઈઓ તરફથી સવિશેષ આગ્રહ થયો હતો. ટુંકમાં છેલ્લાં બે વર્ષથી ચરિત્રનાયકને આચાર્યપદ અર્પણ કરવા માટે વિશિષ્ટ વાતાવરણનું નિર્માણ થયું હતું.

સં. ૨૦૧૯ના ચૈત્ર માસમાં કદંબગિરિની છાયામાં પ. પૂ. આચાર્યશ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં પૂ. પંન્યાસશ્રી ચંદ્રોદયવિજયજી ગણિવર્ય શાશ્વતી ઓળીની આરાધના કરાવી રહ્યા હતા. તે વખતે શ્રીસંઘો તથા આગેવાનોની વિનંતિ પર વિચાર કરતાં પૂજ્ય આચાર્યશ્રીએ ચરિત્રનાયકને

આચાર્યપદ અર્પણા કરવા માટે પોતાની સંમતિ દર્શાવી હતી અને તે સાથે પ. પૂ. આચાર્યશ્રી વિજયઅમૃત-સૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન પૂજ્ય પન્યાસશ્રી દેવવિજયજી ગણિવર્યને પણ આચાર્યપદથી વિભૂષિત કરવાનો પોતાનો અભિપ્રાય પ્રકટ કર્યો હતો. પ. પૂ. આચાર્યશ્રી વિજયનંદન-સૂરીશ્વરજી મહારાજે તેમાં પૂર્ણ સંમતિ આપી હતી. આ રીતે ચરિત્રનાયકને વિ. સં. ૨૦૨૦ વૈશાખ વદિ અગિયારસે આચાર્ય-પદ અર્પણ કરવાનો નિર્ણય લેવાયો હતો.

આ નિર્ણયની જાણ થતાં જ જુદા જુદા સ્થળના શ્રી સંઘોએ આ મંગલ મહોત્સવ પોતાને ત્યાં ઉજવાય તે માટે વિધિસર વિનંતિઓ કરી હતી, તેમાં ભાવનગર ભાગ્યશાળી નીવડયું હતું. અહીં એટલી સ્પષ્ટતા ઉચિત ગણાશે કે શાસન-સમ્રાટ આચાર્યપ્રવર શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજનો ભાવનગર પર ઘણો ઉપકાર હતો, તેમજ તેમના શિષ્ય–પ્રશિષ્ય રત્નો અનેકવાર ભાવનગર પધારેલા હતા અને તેમની વિદ્વત્તા તથા શાસનસેવાની ધગશે અહીંના શ્રીસંઘને પ્રભાવિત કરેલો હતો. વળી છેલ્લાં બે ચાતુર્માસનો લાભ પણ તેમના સાધુ-સમુદાયે તેને આપેલો હતો અને તે દરમિયાન ધર્મભાવનાની સારા પ્રમાણમાં વૃદ્ધિ થવા પામી હતી, એટલે ભાવનગરના શ્રીસંઘને આ મંગલમહોત્સવ પોતાના આંગણે ઉજવવાનો ભાવો-લ્લાસ થયો હતો અને તેણે પૂજ્ય ગુરુવર્યો ને કદંબગિરિ તથા પાલીતાણા ખાતે આગ્રહભરી વિનંતિ કરી હતી. પૂજ્ય ગુરુવર્યોએ

દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવનો વિચાર કરી તેમની વિનંતિનો સ્વીકાર કર્યો હતો, એટલે તે ભાગ્યશાળી તો ખરૂં જ ને ?

વિનંતિનો સ્વીકાર થતાં સકલ સંઘમાં આનંદનું એક વિરાટ મોજું ફરી વળ્યું હતું અને આચાર્યપદ મંગલ મહોત્સવની અતિ ઉત્સુકતાપૂર્વક પ્રતીક્ષા થવા લાગી હતી.

શ્રી સંઘની વિનંતિ થતાં પ. પૂ. આચાર્યશ્રી વિજયમેરૂ-પ્રભસૂરીશ્વરજી મહારાજે ભાવનગરમાં સ્થિરતા કરી હતી, જ્યારે પ. પૂ. આચાર્યશ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. આચાર્યશ્રી વિજયકસ્તુરસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. પં. શ્રી ચંદ્રોદયવિજયજી ગણિવર્ય પાલીતાણામાં ઉપધાન તપની આરાધના કરાવી માહ માસમાં ભાવનગર પધાર્યા હતા અને પ પૂ. આ. શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહારાજે વૈશાખ માસના પ્રારંભમાં ભાવનગરને પાવન કર્યું હતું.

## આચાર્યોની ઉપસ્થિતિ

આચાર્યપદવીનો આવો પ્રસંગ વર્ષો બાદ ભાવનગરના આંગણે ઉજવવાનો હોવાથી સહુના મનમાં અનેરો ઉમંગ હતો અને તેના પરિણામ સ્વરૂપે શ્રી અષ્ટાહ્નિકા મહોત્સવ શાંતિ-સ્નાત્રાદિ શાસનપ્રભાવનાપૂર્વક ઉજવવાનો નિર્ણય થયો હતો. પૂજ્ય ચરિત્રનાયકના પૂર્વાવસ્થાના કુટુંબીઓ સુથરી તેરા (કચ્છ) વાળા, તેમજ કર્ણાટક, આંધ્ર, મહારાષ્ટ્ર વગેરે ગામના ભાવુકોને આ મહોત્સવ પ્રસંગે લાભ લેવાની ભાવનાવાળાઓને આદેશો આપ્યા હતા, જ્યારે મહોત્સવના પરમ અંગભૂતશ્રી

શાંતિસ્નાત્રનો લાભ શ્રીસંઘે પોતે લેવાનો નિર્ણય કર્યો હતો. અન્ય તૈયારીઓ પણ ઝડપથી આગળ વધી હતી.

ત્યારબાદ શ્રીસંઘ આમંત્રણ પત્રિકા સુંદર સ્વરૂપે તૈયાર કરી ભારતભરમાં મોકલી આપવામાં આવી હતી. આ આમંત્રણ પત્રિકાને માન આપી સેંકડો ભાવિકો સમયસર ભાવનગરના આંગણે આવી પહોંચ્યા હતા અને વાતાવરણમાં અનેરી ઝલક આવી હતી.

## અનેરા ઉમંગ અને તૈયારી સાથે મંગલ મહોત્સવનો પ્રારંભ

વૈશાખ વદિ ૩થી અહીંના દાદાસાહેબના ભવ્ય જિનાલયમાં મંગલમહોત્સવનો પ્રારંભ થયો હતો અને હજારો હૈયાં હરખાયાં હતાં. વદિ ૩ના શ્રી રતનભાઈ ભાણજી દેવજી તેરા (કચ્છ)વાળા, વદિ ૪ના શા. નરશીભાઈ ભોજરાજ સુથરી (કચ્છ)વાળા અને વદિ ૫ના શા, નારણજી શામજી વસાડિયા (કચ્છ)વાળા તરફથી જુદી જુદી પૂજાઓ ભણાવાઈ હતી અને ભાવનાદિનો લાભ લેવાયો હતો.

વૈશાખ વદિ ૬ના શ્રી ઝવેરબાઈ તથા શ્રી નવલબાઇ સુથરી (કચ્છ)વાળા તરફથી પૂજા તથા ભાવનાદિ થયા હતા, તેમ જ તેજ દિવસે ભાવનગરના સુશ્રાવક શ્રી હિંમતલાલ વિઠ્ઠલદાસના યુવાન પુત્ર શ્રી ચંદ્રકાંતભાઇને દીક્ષાદાન કરવામાં આવ્યું હતું. વર્ષીદાનનો વરઘોડો ઘણા ઠાઠથી નીકળ્યો હતો. નૂતન મુનિશ્રીને પ. પૂ. આ. શ્રી વિજયોદયસૂરીશ્વરજી મહા-

રાજના શિષ્ય **શ્રી ચંદ્રસેનવિજયજી** તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. વિશેષમાં પૂ. પં. શ્રી યશોભદ્રવિજયજી ગણિવર્ય તથા પૂ. પં. શ્રી દેવવિજયજી ગણિવર્યને આજે ઉપાધ્યાયપદથી વિભૂષિત કરવામાં આવ્યા હતા. આ રીતે રંગમાં રંગ ભળતાં મહોત્સવની શોભા અત્યંત વૃદ્ધિ પામી હતી અને તેણે જનતાનું અનેરું આકર્ષણ કર્યું હતું.

વદિ ૭ના શ્રી ગેલાભાઈ લીલાધર તથા શ્રી શામજી હંસરાજ સુથરી (કચ્છ)વાળાએ, વદિ ૮ના શ્રી દામજી જેઠાભાઈ તથા વેરશી ખોનાભાઈ સુથરી (કચ્છ)વાળાએ તથા વદિ ૯ના શા. ચત્રભુજ નરશી તથા નેણશી ખેતશી (સુથરી)વાળાએ પૂજા તથા ભાવનાદિનો લાભ લીધો હતો.


વદિ **૧૦ની** સવારે પ. પૂ. આચાર્યશ્રી વિજયનંદનસૂરીશ્વરજી મહારાજ પાલીતાણાથી ઉગ્ર વિહાર કરીને અહીં પધારતાં અપૂર્વ આનંદ છવાયો હતો. મહોત્સવ અંગે કુંભસ્થાપના, નવગ્રહપૂજન, દશદિક્પાલપૂજન તેમજ અષ્ટમંગલપૂજન મંગલમુહૂર્તે થયાં હતાં. તેનો લાભ ભાવનગરવાળા શાહ શાંતિલાલ પરસોતમ ગીગાભાઈએ લીધો હતો, જ્યારે પૂજા, ભાવનાદિનો લાભ સુથરી (કચ્છ)વાળા શ્રી રતનશી કેશવજી કાટાણી તથા ટોકરશી વેરશી તરફથી લેવાયો હતો.

## જૈન આગેવાનોની વિશાળ હાજરી


આ રીતે મંગલ મહોત્સવ આગળ વધતાં વૈશાખ વદિ



શાસનપ્રભાવક પૂ. આ. વિ. યશોભદ્રસૂરિજી મ. સા. ની
એક લાક્ષણિક તસ્વીર



પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોભદ્રસૂરીશ્વરજી મ. સા. ભાવનગરમાં વિ. સં. ૨૦૨૦ના વૈશાખ વદ ૧૧ શાસનસમ્રાટ્ના આચાર્યભગવંતોની શુભનિશ્રામાં થયેલ પૂ. આ. વિ. યશોભદ્રસૂરિજી મ. તથા પૂ. આ. વિ. દેવસૂરિજી મ. ની આચાર્યપદવી પછીનો ફોટો.




ઉપર પૂ. આ. વિ. નંદનસૂરિજી મ. સા., વચ્ચે પૂ. આ. વિ. ઉદયસૂરિજી મ. સા., પૂ આ. વિ. વિજ્ઞાનસૂરિજી મ. સા., નીચે પૂ આ. વિ. યશોભદ્રસૂરિજી મ. સા., પૂ. આ. વિ. કસ્તુરસૂરિજી મ. સા., પૂ. આ. વિ. મેરૂપ્રભસૂરીશ્વરજી મ. સા., પૂ આ. વિ. દેવસૂરિજી મ. સા.




સં. ૨૦૨૮ માં જામનગરમાં પૂ. આ. વિ. યશોભદ્રસૂરિજી
મ. સા. ઉપધાન તપના આરાધકો સાથે.




સં. ૨૦૨૯ માં પાંજરાપોળેથી નીકળેલ રથયાત્રાનું દશ્ય. જેમાં પૂ. આ. વિ. કસ્તૂરસૂરિજી મ. સા., પૂ. આ. વિ. મોતિપ્રભસૂરિજી મ. સા., પૂ. આ. વિ. યશોભદ્રસૂરિજી મ. સા., પૂ. આ. વિ. કુમુદચંદ્રસૂરિજી મ. સા., પૂ. આ. ચંદ્રોદયસૂરિજી મ. સા. આદિ.



સં. ૨૦૩૦ માં અષાડ સુદ ૧૧ પૂ. આ. વિ. નંદનસૂરિજી મ. સા. ની શુભ નિશ્રામાં થયેલ શાસનસમ્રાટ્ ગ્રંથની પ્રકાશન વિધિનું એક દશ્ય જ્યોતિષમાર્તંડ પૂ. આ. વિ. નંદનસૂરિજી મ સાહેબ વ્યાખ્યાન આપે છે.



સં. ૨૦૩૧ માં મહા સુદ ૬ નવરંગપુરામાં થયેલ અંજનશલાકામાં પૂ. આ. વિ. યશોભદ્રસૂરિજી મ. સા. તથા પૂ. આ. વિ. સૂર્યોદયસૂરિજી મ. સા. અંજનશલાકાની ક્રિયા કરાવે છે.



સં. ૨૦૩૩ કારતક વદમાં કૃષ્ણનગરમાં પૂ. આ. વિ. યશોભદ્ર-સૂરિજી મ. સા. તથા પૂ. આ. વિ. કીર્તિચંદ્રસૂરિજી મ. સા. ના દર્શનાર્થે પધારેલ એસ. આર. પી. ગ્રુપના વડા ચાવડા તથા ચીનુભાઈ અમૃતલાલને પૂ. આ. મ. જિનમંદિર તથા જિનેશ્વર ભગવાન અંગે સમજાવતાનું દૃશ્ય.

૧૧, તા. ૬–૬–૬૪, શનિવારનો દિવસ આવી પહોંચ્યો હતો અને તે સાથે જ ભાવનગરમાં—

જૈન આગેવાનોની વિશાળ હાજરી દૃષ્ટિગોચર થતી હતી. મદ્રાસથી શેઠશ્રી મોહનલાલ ટોલીઆ, હુબલીથી શ્રી દેવશી નેણશી મોમાયા, શ્રી દામજી જાદવજી, પૂનાથી હીરાલાલ ડાહ્યાલાલ, લોણાવલાથી શ્રી રસિકલાલ મોહનલાલ, મુંબઈથી શ્રી રમણલાલ નગીનદાસ પરીખ, શ્રી બાવચંદ રામચંદ દૂધવાલા, શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી, શ્રી મણિલાલ ચત્રભુજ ગાંધી, શ્રી મોહનલાલ તારાચંદ, શ્રી દલીચંદ પરસોતમ, શ્રી હરગોવિંદદાસ રામજી, શ્રી નટવરલાલ નેમચંદ, શ્રી નટવરલાલ સોમચંદ, શ્રી શનાલાલ દલસુખભાઈ, પાદરાવાળા ભાઈઓ શ્રી નટવરલાલ છોટાલાલ, શ્રી કાંતિલાલ મણિલાલ પરીખ, શ્રી ધનકુમાર સ્વરૂપચંદ, શ્રી સેવંતીલાલ નગીનદાસ કરમચંદ, શ્રી દેવચંદ ગુલાબચંદ, શ્રી ઉમરશી નરશી, શ્રી પ્રવીણચંદ્રભાઈ, વલસાડથી શ્રી રાયચંદ હરખચંદ, શ્રી ચંદ્રકાંત કપૂરચંદ, શ્રી ધનસુખલાલ શાંતિલાલ કોઠારી, સુરતથી શ્રી શાંતિલાલ સંઘવી, શ્રી નેમચંદભાઈ લાકડાવાળા, શ્રી કાંતિલાલ દલપતભાઈ શ્રી ચીમનલાલ કણિયા, શ્રી તલકચંદભાઈ ઝવેરી, અમદાવાદથી શ્રી બકુભાઈ ભગુભાઈ, શ્રી ફુલચંદ છગનલાલ સલોત, શ્રી સકરચંદ મણિલાલ, શ્રી હીરાભાઈ મશરૂવાળા, શ્રી પોપટલાલ મગનલાલ, શ્રી ધનસુખભાઈ હીરાભાઈ, સુરેન્દ્રનગરથી શ્રી

બાપાલાલ મનસુખલાલ, પાલીતાણાથી ડૉ. ભાઈલાલ બાવીશી, શ્રી વીરચંદભાઈ વકીલ, શ્રી શામજીભાઈ માસ્તર, આગમમંદિરના વ્યવસ્થાપક શ્રી બુલાખીદાસભાઈ જેસરથી શ્રી અમરચંદ કામદાર, શ્રી ભગવાનભાઈ, તથા મેવાડ-સલુંબરથી શ્રી લાલજીભાઈ, પધાર્યા હતા, તેમજ લીંબડી, બોટાદ, બરવાળા, વલ્લભીપુર, શીહોર, વરતેજ, સાવરકુંડલા, મહુવા, જશાપરા; હૈદરાબાદ સિકંદરાબાદ, નાંદેડ, સેલૂ, આકોલા તથા મધ્ય પ્રદેશના અન્ય ભાવુકો પણ સહુનું ધ્યાન ખેંચતા હતા. જ્યાં ભક્તિ અને ભાવની છોળો ઉછળતી હોય ત્યાં અનુપમ દૃશ્યો ખડાં થાય, એમાં કોઈ આશ્ચર્ય નથી.

## પદપ્રદાનની મંગલક્રિયા

દાદાસાહેબના વિશાળ પ્લોટમાં તૈયાર થયેલા ભવ્ય મંડપમાં સવારના ૭–૪૫ વાગતાં પૂ. આચાર્યો, ૭૫ મુનિઓ તથા ૧૦૦ ઉપરાંત સાધ્વીઓની હાજરીમાં પદપ્રદાનની મંગલક્રિયા શરૂ થઈ હતી. અહા! કેવું હતું એ અનુપમ દૃશ્ય!

સમસ્ત શ્રી સંઘને શ્રી નંદીસૂત્રનું શ્રવણ કરાવ્યા બાદ શ્રી સંઘના મંત્રી શ્રી જગુભાઈએ આ પ્રસંગની મહત્તા સમજાવી હતી તથા તે અંગે શ્રી સંઘે કરેલી કાર્યવાહીનો ખ્યાલ આપતાં જણાવ્યું હતું કે આ પ્રસંગ સંઘના ચોપડે એક ઐતિહાસિક ઘટનારૂપે નોંધાઈ રહેશે. ત્યારબાદ શ્રી સંઘના પ્રમુખ શ્રી ભોગીલાલ મગનલાલે મનનીય વક્તવ્ય રજૂ કર્યું હતું,

## સંદેશા વાચન

ત્યારબાદ આ પવિત્ર પ્રસંગને અંતરના ઉમળકાથી વધાવી લેતા તથા તેની સંપૂર્ણ સફલતા ઈચ્છતા તાર અને ટપાલ દ્વારા આવેલા સંદેશાનું વાંચન થયું હતું. જેમાં પ. પૂ. આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ. પ. પૂ. આ. શ્રી વિજયપદ્મસૂરીશ્વરજી મ. પ. પૂ. આ. શ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મ. પ. પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ. પ. પૂ. આ. શ્રી વિજયચંદ્રસૂરીશ્વરજી મ. પ. પૂ. આ. શ્રી વિજયદક્ષસૂરીશ્વરજી મ. પૂ. ઉ. શ્રી કૈલાસસાગરજી મ. પૂ. મુનિરાજશ્રી કાંતિસાગરજી મ. આદિના સંદેશાઓ મુખ્ય હતા. ત્યારબાદ તપગચ્છ, પાયચંદગચ્છ, અચળગચ્છ, ખરતરગચ્છ વગેરેના શ્રમણ-શ્રમણીઓના ૫૦થી ૬૦ જેટલા સંદેશાઓ આવ્યાની જાહેરાત કરાઈ હતી.

શ્રી સંઘના આગેવાનોમાં મુંબઈથી શ્રી માણેકલાલ ચુનીલાલ, શ્રી જીવતલાલ પ્રતાપશી, શ્રી રતિલાલ નાણાવટી, શ્રી લક્ષ્મીચંદ લાલજી રામજી, અરજણ ખીમજી કંપનીવાળા શ્રી કબુશેઠ, શ્રી રતનબહેન ભવાનજીભાઈ, શ્રી કલ્યાણજીભાઈ,શ્રીપ્રાગજી ઝવેરભાઈ, શ્રી ધરમદાસ ત્રિકમદાસ કપુરવાળા,મદ્રાસથી શ્રી જીવણચંદ્ર સમદડીયા, શ્રી નેમિચંદજી ઝાબક, શ્રી માણેકચંદજી બેતાલા, શ્રી પુનમચંદ મેલાપચંદ, શ્રી ભંવરલાલજી શેઠિયા, બેંગલોરથી શ્રી સૂરજમલ મગરાજ, શ્રી દેવીચંદ મિશ્રીમલ, ખંભાતથી શ્રી કેશવલાલ બુલાખીદાસ, સ્તંભનતીર્થ જૈન સંઘ હ. શેઠ હીરાલાલ

પરસોતમદાસ, પં. છબીલદાસ કેશરીચંદ, ગદગથી શ્રી જૈનસંઘ તથા શ્રી માંગીલાલજી, શ્રી વક્તાવરમલ નેનમલ, શ્રી દલીચંદજી વસ્તીચંદજી, શ્રી રાજમલજી કુંદનમલજી, શ્રી રણમલ મુલતાનમલજી, શ્રી શાંતિલાલ હરખચંદ, વેલજી મુળજી, શ્રી લખમશી લધાભાઈ, શ્રી વીરચંદ કાનજી, શ્રી હીરાચંદ સોનમલ, હુબલીથી શ્રી સંઘ તથા તારાચંદ શંકરલાલ શ્રી મુલતાનમલજી બાફણા, કચ્છી શ્રી સંઘ, શ્રી ધનજીભાઈ રાયચંદ, શ્રી નારાયણજીભાઈ, શ્રી મોતીચંદભાઈ, શ્રી હીરજીભાઈ, પૂનાથી શ્રી સંઘ તથા શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન ટેમ્પલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, ગોટીવાલા પંચસમસ્ત, શ્રી કાંતિલાલ ગગલભાઈ, શ્રી કેશવલાલ મણિલાલ, શ્રી કેશરીચંદ લલવાણી, શ્રી સૂરજમલ સંઘવી, શ્રી મોતીલાલ મેઘાજી, શ્રી તારાચંદ કપુરચંદ વગેરેના સંદેશા ઉપરાંત અમદાવાદ, સુરત, નવસારી, બીલીમોરા, અમલસાર, વલસાડ, દોલતનગર, વિલેપારલેના શ્રી સંઘો, માટુંગા તપગચ્છ સંઘ, અચલગચ્છ સંઘ, શ્રી ગોડીજી વિજયદેવસૂર સંઘ તેમજ માંડવી, સાંગલી, કોલ્હાપુર, ઇસ્લામપુર, શીમોગા, કોઇમ્બતુર, કલકત્તા અને મારવાડ માળવાના અનેક સંઘોના મળી ૨૫૦ જેટલા સંદેશા આવ્યા હતા.

## વંદનવિધિ

પાંચ આચાર્યવરોની નિશ્રામાં બંને ઉપાધ્યાયોને ક્રિયાઓ કરાવી, લોકોના ઉલ્લાસિત વાતાવરણ વચ્ચે અને શ્રી શાસન દેવની જયઘોષણા સાથે આચાર્યપદવી અર્પણ કરવામાં આવી

હતી. ત્યારબાદ અભિનવાચાર્ય શ્રી વિજયયશોભદ્રસૂરિજી તથા શ્રી વિજયદેવસૂરિજી મહારાજને મુખ્ય સ્થાને બેસાડી પાંચેય આચાર્યો તેમજ વિશાળ મુનિસંખ્યાએ વંદનાવિધિ કર્યો હતો. લોકોત્તર શાસનની આ રીતિ જોઈને હજારો ભાવુકોનાં હૈયાં ડોલી ઉઠયા હતાં

## કામળ વહોરાવવાની ક્રિયા

ભાવનગરના શ્રીસંઘ તરફથી શ્રી ભોગીલાલ મગનલાલે નૂતન આચાર્યોને પ્રથમ કામળો ઓઢાડી હતી. ત્યારબાદ આચાર્યશ્રી વિજયયશોભદ્રસૂરિજીના સંસારી સંબંધીઓ શ્રી રતનશીભાઈ, શ્રી નરશીભાઈ, શ્રી શામજીભાઇ, શ્રી મેઘજીભાઈ, શ્રી લક્ષ્મીચંદભાઈ વગેરેએ કામળીઓ ઓઢાડી હતી. કચ્છ વરાડીઆવાળા શ્રી નારણજી શામજી તરફથી ભક્તિનિમિત્તે વિશાળ સંખ્યામાં કામળીઓ આવી હતી.

## ગુરૂપૂજન આદિ

આ પ્રસંગે ગુરૂપૂજનનો લાભ શ્રી વાડીલાલ ચત્રભૂજ ગાંધીએ લીધો હતો. છેવટે શ્રી ચત્રભૂજ ગાંધીના સુપુત્રો શ્રી વાડીલાલભાઇ, શ્રી મણિલાલભાઈ તથા શ્રી તુલસીભાઈ તરફથી શ્રીફળની પ્રભાવના થઇ હતી. બપોરે શ્રી સંઘ તરફથી શાંતિ-સ્નાત્ર શુદ્ધ મંત્રોચ્ચારપૂર્વક ભણાવવામાં આવ્યું હતું.

આ મહોત્સવ અંગે દાદાસાહેબ જિનાલયમાં ખાસ મંડપ ઊભો કરવામાં આવ્યો હતો, તેમજ પદવીપ્રદાન અંગે બીજો ભવ્ય મંડપ જિનાલયની બાજુમાં ઊભો કરવામાં આવ્યો હતો. દાદા-

સાહેબ જૈન બોર્ડીંગમાં પૂજ્ય મુનિરાજો તેમજ અતિથિઓને ઉતરવાની સગવડ કરવામાં આવી હતી. અહીંના શ્રીસંઘે ખાસ રસોડું ખોલીને અતિથિઓ તથા સાધર્મિકોનું વાત્સલ્ય કરવાનો લાભ લીધો હતો.

## મહોત્સવ અંગે કેટલુંક

આ મહોત્સવ અંગે શ્રી શત્રુંજયગિરિરાજની રચના કરવામાં આવી હતી, તેમજ સમવસરણ ગોઠવવામાં આવ્યું હતું. વૈશાખ વદિ ૩થી ૧૧ સુધીના નવ દિવસો દરમિયાન પૂજા–ભાવનામાં શ્રી શાંતિલાલ શાહ આવેલ હોવાથી અપૂર્વ રમઝટ જામતી હતી અને તેનો લાભ હજારો જૈન–જૈનેતરો લેતા હતા. વિધિવિધાન માટે પાલીતાણાથી માસ્તર કુંવરજી દામજી તથા ફુલચંદ ઘડિયાળી પધાર્યા હતા.

છેવટે વૈશાખ વદિ ૧૨ના મહોત્સવની પૂર્તિ નિમિત્તે શ્રી પાશુભાઈ હીરજીના સુપુત્રો શ્રી રતનશીભાઈ તથા શ્રી નરશીભાઈ સુથરી (કચ્છ)વાળા તરફથી સત્તરભેદી પૂજા ભણાવાઈ હતી આમ સુંદર શાસનપ્રભાવના પૂર્વક આ મંગલ મહોત્સવ પૂરો થયો હતો અને તેણે ભાવનગરના શ્રી સંઘના ઇતિહાસમાં સુવર્ણાક્ષરે પંક્તિઓ લખાવી હતી.

આ પદપ્રદાન પછી ચરિત્રનાયક શ્રી વિજયયશોભદ્રસૂરિજીના નામથી વિખ્યાત થયા આજે તો એ નામ હજારો હોઠોએ ચડીને અતિ લોકપ્રિય બની ગયું છે અને ભક્તો વડે ભાવપૂર્વક સ્મરાય છે.

## ધર્મપ્રચારક મહાપુરુષ

આચાર્યપદ જેટલું મહાન છે, તેટલું જ જવાબદારી-ભર્યું છે. અન્ય શબ્દોમાં કહીએ તો વીતરાગ પ્રભુએ જે શાસન સ્થાપ્યું તેને યથાર્થપણે ચલાવવાની સર્વ જવાબદારી તેમના શિર ઉપર છે. તેમણે શાસ્ત્રાભ્યાસ તથા ગુરૂપરંપરા દ્વારા જે જ્ઞાન મેળવ્યું હોય, તેનો શિષ્યસમુદાયમાં યોગ્યરીતે વિનિયોગ કરવા ઉપરાંત તેમને વિહિત માર્ગે પ્રવર્તાવવા પડે છે અને તેમાં કંઈ શિથિલતા કે ત્રુટિ દેખાય તો તેને દૂર કરવા માટે પૂરા પ્રયત્નશીલ રહેવું પડે છે. વિશેષમાં શાસનની સામે કોઇ વિકટ પ્રશ્નો ખડા થાય તો તેનું નિરાકરણ કરવા માટે ઝઝુમવું પડે છે અને શાસનની સુંદર પ્રભાવના થાય તે માટે સતત ચિંતન-ક્રિયાશીલ રહેવું પડે છે.

પૂજ્યશ્રીએ આચાર્યપદની આ જવાબદારી બરાબર સમજી લીધી હતી અને તે અનુસાર પ્રવૃત્તિનું મંડાણ કર્યું હતું. ખાસ કરીને તેઓ હાલના વિદ્યાર્થીઓ તથા યુવકોને સહૃદયતા-ભરી સમજાવટથી ધર્માભિમુખ કરતા હતા અને તેમને ધર્મનું રહસ્ય સમજાવવા માટે વિવિધ ઉપાયો કામે લગાડતા હતા. તેમની આ પ્રવૃત્તિનું પ્રતિબિમ્બ જૈન સાપ્તાહિકના તા. ૨૭-૩-૬૫ના અંકમાં આ પ્રમાણે આવેલ છે.

'સ્વ. આચાર્ય મહારાજશ્રી નેમિસૂરીશ્વરજી મહારાજના સમુદાયના આચાર્યશ્રી વિજયયશોભદ્રસૂરિજી મહારાજ સમતા કેળવીને અને મમતાનો રસ વહાવીને સામાના દિલને જીતી

લઈને એમાં ધર્મભાવનાના બીજનું વમન કરવાની કળાના જાણકાર એક ધર્મપ્રચારક મહાપુરૂષ છે.

ગયે વર્ષે ઉનાળામાં આ. શ્રી વિજયયશોભદ્રસૂરિજી ભાવનગર-દાદાસાહેબની બોર્ડીંગમાં કેટલોક વખત રહ્યા હતા, અને પછી તો એમણે ચોમાસું પણ ત્યાં જ કર્યું હત. આ વખતે બોર્ડીંગના વિદ્યાર્થીઓ પ્રત્યે સમતા અને મમતાભર્યું વર્તન રાખીને એમણે એમનામાં જે રીતે ધર્મભાવના જાગ્રત કરી એને લીધે આજે પણ ત્યાંના વિદ્યાર્થીઓ એમને સંભારતા રહે છે, એટલું જ નહીં આવા માયાળુ, મમતાળુ અને સમભાવી આચાર્યશ્રીએ એમના જીવનને ધીમે ધીમે જે રીતે ધર્માભિમુખ કર્યું, એમનામાં ધર્મકરણી પ્રત્યેની રુચિ જાગ્રત કરી, એ માટે તેઓ એમનો ઉપકાર માને છે.

બે-એક મહિના પહેલાં અમારા તા. ૨૩-૧-૬૫ના અંકમાં આવો લાભ મેળવનાર એક વિદ્યાર્થીભાઈએ 'સંતનો સમાગમ' એ નામે એક નાનો લેખ લખીને આ અંગે પોતાની આભાર અને આનંદની લાગણી વ્યક્ત કરી હતી, તેની અમે અમારા વાચકોને યાદ આપીએ છીએ. પોતાની આવી લાગણી ભાવભીની ભાષામાં વ્યક્ત કરતાં એ ભાઈ કહે છે કે–

"આજના જમાનાની નાડના પારખું એવા આચાર્યશ્રી ક્રમે ક્રમે અમારા અભ્યાસ તથા સ્થિતિ-સંજોગો, દિનચર્યા તરફ નજર રાખતા રહ્યા અને ક્રમેક્રમે અમોને સફલતાપૂર્વક માર્ગ-દર્શન આપતા રહ્યા. એક જૈન તરીકે દિવસ દરમિયાનના ધર્મ-

કાર્યો પ્રત્યે અમારાં મનને કેન્દ્રિત કર્યું. અભ્યાસ સાથે આવા ધર્મ કાર્યોમાં દોરવવામાં એમની જે કાળજી હતી, તે જોઇ અમોને મુનિવર્યોના સમાગમનો અણગમો દૂર થયો. અને જ્યારે જ્યારે સમય મળતો તેવા સમયે વિદ્યાર્થીઓ તેમની પાસે જઈ માર્ગદર્શન માગતા રહ્યા. કોઈ વિદ્યાર્થીને સ્થિતિ-સંજોગોને લઈ પડતી મુશ્કેલી નિવારવામાં પણ તેમણે અમુક અંશે ધ્યાન આપ્યું. આમ તેઓશ્રીની પ્રેરણાને મોટા અંશે જીવનમાં ઉતારીને શક્તિ પ્રમાણે અનુષ્ઠાનો કરવા લાગ્યા.

ચાતુર્માસ પૂર્ણ થયું- વિહારનો સમય થયો. આચાર્ય-શ્રીએ સૌને પોતાના ગણી અમારામાં જે ઉત્સાહ પ્રેર્યો. તેથી તેમના વિહારથી અમારા મનને ઘણું દુઃખ થાય, પરંતુ સ્વ-પર-કલ્યાણના અર્થે નીકળેલ મહાન વિભૂતિઓ વિહાર કરતા કરતા અનેક ભવ્ય જીવોનો ઉદ્ધાર કરે તેવી વિશાલ દૃષ્ટિ રાખી અધેવાડા મુકામે અમોએ જમણ ગોઠવી ભાવભીની વિદાય આપી.

વળામણા સમયે આચાર્યશ્રીએ જે વિચારો રજૂ કર્યા, તે આગેવાનોને વિચારણીય હોઈ અત્રે રજૂ કરું છું. અભ્યાસ કરી રહેલાં બાળકોને પોતાના જ બાળકો ગણીને રાખવાની ભાવના રાખશો. આનાથી તેઓ ધર્મમાર્ગે જરૂર જોડાશે કોલે-જિયનો (એટલે નાસ્તિક) કહેવાનું રાખશો તો એકબીજાનું અંતર વધશે અને તેનું પરિણામ પણ સારૂં નહિ જ આવે. પૂ. મુનિવરો પણ ઉચ્ચ કેળવણી લેતા અભ્યાસકોને પોતાના

ગણી રુચિકર-યોગ્ય ઉપદેશ આપતા રહે તો પરિણામ જરૂર સુંદર આવે તેમ માનું છું.

"આવા સરળ, આનંદી સંતના સમાગમથી મન કૃતજ્ઞતાપૂર્વક બોલી ઉઠે છે કે-આપે અત્રે પધારી અમારામાં જે ધર્મજાગૃત્તિ લાવી, ધર્મસંસ્કારનું સિંચન કરી જીવનવાડીને મઘમઘતી બનાવી જે ઉપકાર કર્યો છે, તે બદલ બે શબ્દો લખવાની ઈચ્છા થઈ.

"ઇશ્વરના ગેબીનાદનો ગુંજારવ કરનાર, ઊંઘતાને ઉદ્બોધન કરવામાં ઉત્સુક, શાંત, સમભાવી આપે મોહનિદ્રાને ઉડાડવા જે પરિશ્રમ ઉઠાવ્યો છે, તે ચિરસ્મરણીય રહેશે. આપના ઉપદેશ પ્રવાહમાં જ્ઞાન-ક્રિયા ઉભયની જરૂરિયાત સ્પષ્ટ ભાષામાં સમજાવી, રગેરગ ઉતરી જાય તેવી માધુર્યભરી ભાષામાં ઉદાહરણો આપી દીન તરફની જે શ્રદ્ધા કરાવી છે, તેનો ઉપકાર કદી ભૂલી શકાશે નહીં. અમારી આ શુષ્ક વાટિકાને આપશ્રીએ જ્ઞાનામૃત છાંટી નવપલ્લવિત કરી નંદનવન બનાવા છે. આ વાટિકા તેમજ રહેવા પામે તે માટે અવારનવાર આ ખૂણાના શહેરને સ્મરણપટમાં રાખી લાભ આપતા રહેશો. કયારે ય પણ આશાતના થઈ હોય તો તે બદલ હૃદયપૂર્વક ક્ષમા માગું છું."

આ વિદ્યાર્થીએ પોતાના ઉપકારી આચાર્યશ્રી અંગે કેવું હૃદયસ્પર્શી બ્યાન ઉપર રજૂ કર્યું છે!

બાકી આજની કેળવણીને, ઉછરતી પેઢીને કે અત્યારની પરિસ્થિતિને નિંદવી એ પોતાની જવાબદારીમાંથી છટકવા

માટેની એક છટકબારીરૂપ ફેશન બની ગઇ છે. પણ ખરીરીતે એ આપણી જાતને જ નિંદવારૂપ અકાર્ય છે! ધર્મ પમાડવાનો સાચો માર્ગ આ. વિજયયશોભદ્રસૂરિજીએ અપનાવ્યો એ સમતાથી શોભતો મમતાનો માર્ગ છે.'

આચાર્યપદ પર આરૂઢ થયા પછી પૂજ્યશ્રીએ કેટલોક વખત ભાવનગરમાં સ્થિરતા કરી હતી અને શ્રીસંઘની આગ્રહભરી વિનંતિથી ૨૦૨૦ની સાલનું ચાતુર્માસ પણ ત્યાં કર્યું હતું. તે દરમિયાન તેમણે કેવી પ્રવૃત્તિઓ કરી હતી અને તેનું કેવું પરિણામ આવ્યું હતું, તે ઉપરની નોંધ વાંચતાં સ્પષ્ટ સમજાય છે.

પૂજ્યશ્રીમાં ધર્મપ્રચારક મહાપુરૂષની યોગ્યતા ખૂબજ ખીલી હતી એટલે તેઓશ્રી જ્યાં જાય ત્યાં ટુંક સમયમાં જ નાના-મોટા સહુને ધર્મનો રંગ લગાડી દેતા અને વિશેષ નોંધપાત્ર બીના તો એ છે કે જૈનેતરો પણ તેમનાથી અતિ પ્રભાવિત થતા. અને તેઓશ્રીના સદુપદેશથી શ્રી નમસ્કાર મહામંત્રની ગણના તથા જિનદર્શન કરવા લાગી જતા.

## કચ્છની ભૂમિ પાવન થઈ

આચાર્યપદપ્રદાન-પ્રસંગે કચ્છની ભૂમિને પાવન કરવા માટે અનેક આગ્રહભરી વિનંતિઓ થઈ હતી અને પૂજ્યશ્રીએ તેનો સ્વીકાર કર્યો હતો, એટલે ચાતુર્માસની પૂર્ણાહૂતિ થતાં તેઓશ્રીએ એક મંગલપ્રભાતે ભેટ બાંધી અને ૯ ઠાણાં સાથે ભાવનગરથી વિહાર કર્યો. એ વખતનું દૃશ્ય ખરેખર! હૃદયસ્પર્શી હતું. અનેક આંખો અશ્રુભીની બની ગઈ હતી.

અહીંથી પૂજ્યશ્રી તલાજા પધાર્યા અને ત્યાંથી મહુવાની પુણ્યભૂમિને સ્પર્શી પાલીતાણા પધારતાં શ્રી શત્રુંજયગિરિરાજની યાત્રા કરી ઘણા વર્ષે દાદાના દર્શન થયાં.

પાલીતાણાથી રાજકોટ મોરબી કચ્છનું રણ વટાવી પૂજ્યશ્રી કટારીયા પધાર્યા. કટારીયામાં સુંદર સામૈયું થયું. ત્યાં થોડા દિવસ સ્થિરતા કરી.

અંજાર, ભુવડ થઈને માહ સુદિ ૫ ના પૂજ્યશ્રી ભદ્રેશ્વરજી (વસઈ તીર્થ) પધાર્યા હતા. ત્યાં આંગી પૂજા, પ્રભાવના આદિ કાર્યો જુદી જુદી વ્યક્તિઓ તરફથી થયાં હતાં. મુનીમ શ્રી નેમચંદભાઈ તથા મુનિમ શ્રી શશિકાંતભાઈએ સર્વ વ્યવસ્થા કરવામાં ભારે ઉત્સાહ દાખવ્યો હતો. પૂજ્યશ્રીના સંસારી બહેન પૂ. સાધ્વીજીશ્રી વિદ્યુતપ્રભાશ્રીજી મ. પૂજ્યશ્રીનાં દર્શન કરવા માટે માંડવીથી વિહાર કરીને અહીં બે દિવસ અગાઉ આવી ગયા હતા.

આ તીર્થનું સૂક્ષ્મ નિરીક્ષણ કરી પૂજ્યશ્રીએ આનંદ અને સંતોષ વ્યક્ત કર્યો હતો. અહીં પૂજ્યશ્રીને વંદન કરવા માટે અનેક મહાનુભાવો આવી પહોંચ્યા હતા, જેમાં મુંબઈથી પધારેલ સુથરીવાલા શ્રી શામજીભાઈ હંસરાજ (ભૂધુ શેઠ), શ્રી લક્ષ્મીચંદભાઈ દોસત, શ્રી નરશીભાઈ પાશુ તથા ભુજપુરથી પધારેલ પંડિત આણંદજીભાઈ દેવશી, તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી મગનલાલ વેલજી વગેરે મુખ્ય હતા.

ત્યાંથી દેશલપુર, મોટી ખાખર, નાની ખાખર, બીદડા, તલવાણા અને કોડાય થઈ માંડવી જૈન આશ્રમમાં પધાર્યા હતા. ત્યાં બે દિવસની સ્થિરતામાં આજુબાજુનાં કેટલાંક ગામોને સારો લાભ અપાયો હતો.

ત્યાંથી માંડવી શહેરમાં પધારતાં અતિ ઉષ્માભર્યું. શાનદાર સ્વાગત થયું હતું.

અહીં માંડવીના શેઠ હીરાલાલ ભૂલાણી તેમના ધર્મપત્ની મણિબાઈએ પોતાની વાડી 'પ્રેમ કુટિર'માં, તેમજ નરશી નાથા ધર્મશાળાના મુનિમ શ્રી ઉમરશીભાઈ દેવશીએ પોતાને ત્યાં પગલાં કરાવી કૃતાર્થતા અનુભવી હતી.

વિશેષમાં અહીં જૈન યુવક સેવા સમાજના ઉપક્રમે જાહેર પ્રવચન યોજાતાં જંગી માનવમેદની ઉપસ્થિત થતી હતી. પ્રવચનનો વિષય હતો 'હાર કે જીત ?'

'પ્રવચનમાં તેમણે એ સ્પષ્ટતા કરી હતી કે બાહ્ય જીવનમાં ઓતપ્રોત થઈને કામ, ક્રોધ, કપટ, લોભ તથા માનનું સેવન કરવું એ જીવનની મોટી હાર છે અને અધ્યાત્મ તરફ દૃષ્ટિ રાખી દાન, શીલ. તપ તથા ભાવનું સેવન કરવું એ જીવનની જ્વલંત જીત છે, તેથી દરેક સુજ્ઞ મનુષ્યે દાનાદિ ગુણોનું સેવન કરવામાં તત્પર રહેવું જોઈએ.'

ત્યાંથી ગોધરા, લાયજા થઈ સંસારપક્ષના મોસાળ તથા ફુઈના ગામ બાયડ પધારતાં ખૂબજ ઉત્સાહ નજરે પડ્યો હતો

ત્યાં ઘરે ઘરે પગલાં કરાવ્યાં હતાં અને સહુએ અંતરના ઊંડા ઉમળકાથી પૂજ્યશ્રીને વધાવ્યા હતા.

ત્યાંથી દેઢિયા, સાભરાઈ, હાલાપુર થઈ ડુમરા પધારતાં બેન્ડ-વાજાંથી ભવ્ય સ્વાગત થયું હતું.

ત્યાંથી પૂજ્યશ્રી ફાગણ સુદિ ૧ તા. ૪–૩–૬૫ના રોજ સુથરી પધાર્યા હતા.

## સુથરીમાં પ્રવેશ

આજે સુથરીના આંગણે સોનાનો સૂરજ ઉગ્યો હતો અને અમૃતનો મેહ વરસ્યો હતો. સહુના અંતરમાં આનંદની ભરતી થઇ રહી હતી અને તે એક સરખો ઉલ્લાસ પામી રહી હતી. વર્ષોના ઇતિહાસમાં જે દૃશ્ય જોવા મળ્યું ન હતું તે આજે સાક્ષાત્ થઈ રહ્યું હતું. સુથરીનો એક સપુત ત્યાગી વિરાગી મહાત્મા બનીને અહિંસાની આલબેલ પોકારતો ભારતના ભિન્ન ભિન્ન ભાગોમાં સંચર્યો હતો અને લાખો લોકોના હૃદયનું આકર્ષણ કરી આચાર્યપદ પર આરોહણ કરવા પૂર્વક આજે માભોમમાં પધારી રહ્યો હતો. અન્ય શબ્દોમાં કહીએ તો પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજયકસ્તુરસૂરીશ્વરજી મહારાજના પટ્ટપ્રભાવક કવિરત્ન સમર્થ વ્યાખ્યાનકાર પૂજ્યપાદ આચાર્ય શ્રીમદ્ વિજયયશોભદ્રસૂરિજી મહારાજ સુથરીના શ્રીસંઘની આગ્રહભરી વિનંતિનો સ્વીકાર કરી આજે સુથરી પધારી રહ્યા હતા અને તેમનું ભવ્ય સ્વાગત કરવાની તડામાર તૈયારીઓ ચાલી રહી હતી.

તેઓશ્રી સુથરીની નજીક આવતાં સેંકડો માણસો સામા ગયા હતા અને તેમને ભક્તિભાવથી વંદન કરીને કૃતાર્થ થયા હતા. વળી એ વખતે જયનાદનો જબ્બર ધ્વનિ વાતાવરણમાં ગુંજી ઉઠયો હતો અને તેના પડઘા દૂર દૂર સુધી પડયા હતા.

આખા ગામને ધ્વજા-પતાકાથી શણગારવામાં આવ્યું હતું અને ગામના પ્રવેશમાર્ગ પર શેઠ દામજી જેઠાભાઈના બંગલા પાસે સુંદર પ્રવેશદ્વાર તૈયાર કરવામાં આવ્યું હતું. ત્યાં સૂરિજી પધારતાં વિવિધ રંગોના અક્ષતથી તેમજ સોના-રૂપાનાં ફુલોથી તેમનાં વધામણાં થયાં હતાં. હમણાં તેઓશ્રીએ સત્તાવનમાં વર્ષમાં પ્રવેશ કરેલો હોવાથી ત્યાં ૫૭ ગહુંલીઓની રચના થઈ હતી. જેમાં પાવલીઓ તથા સોના-ચાંદીનાં ફુલોની ગહુંલીઓ મુખ્ય હતી. તેના પર સોનાની ગીનીઓ મૂકવામાં આવી હતી.

પૂજ્યશ્રીને નિહાળવા માનવમહેરામણ ઉમટયો હતો અને ચૌટે ચૌટે તથા શેરીએ શેરીએ ભાવભીનાં વધામણાં થયાં હતાં. ભક્તિરસ જાણે મૂર્તિમંત થઈ ને સુંદર સરિતા રૂપે વહી રહ્યો હતો. તેનું વર્ણન અમે શું કરીએ? આ વખતે સાધુ-સાધ્વીઓના વિશાળ વૃંદ ઉપરાંત અંચલગચ્છીય પ. પૂ. આચાર્ય શ્રી ગુણસાગરજી મહારાજ પણ સાથે જ હતા, એટલે એક સાથે બે આચાર્યોનો પ્રવેશ થયો હતો અને તેણે આનંદને બમણો બનાવી દીધો હતો.

સૂરિજી સહુથી પ્રથમ મુનિવૃંદ સાથે શ્રી ઘૃતકલ્લોલપાર્શ્વનાથ ભગવંતના દર્શને ગયા હતા અને સંયમ ગ્રહણ કર્યા

પછીનું આ પ્રથમ દર્શન હોઈ ભાવથી ગદ્ગદિત બની ગયા હતા.

પૂજ્ય આચાર્યદેવ સુથરી પધારવાના છે, એ જાણીને ખાનદેશ, મુંબઈ અને મલબાર જેવા દૂરના પ્રદેશથી કેટલાક મહાશયો પોતાના લાખોના વેપાર અને કિંમતી રોકાણોને છોડી સુથરી આવ્યા હતા અને સુથરીના આંગણે સુંદર મહોત્સવનું સર્જન થાય તે માટે તૈયારી કરવા કામે લાગી ગયા હતા. સુથરીના ઠાકોર સાહેબ જાડેજા સરદારસીંગજી અને ઇન્દુભાની હાજરી પ્રસંગને ભવ્ય બનાવતી હતી. શેઠ આણંદજી-ભાઈ માલશી, મેઘજીભાઈ માલશીનાં ધર્મપત્ની વેલબાઈ, ઝવેરીલાલભાઈનાં ધર્મપત્ની લીલાવતી બહેન, જામનગરવાસી શેઠ મથુરદાસભાઈ ધુલિયાથી શેઠ ચત્રભુજ નરસી મોટરવાલા, વિગેરે સુથરી આવ્યા હતા અને તેઓએ તન, મન અને ધનથી જૈન શાસનની સેવા કરવાનો અનુપમ લાભ મેળવ્યો હતો.

સુથરીમાં માહ વદિ ૧૩ ને સોમવાર તા. ૧-૩-૬૫ થી અષ્ટાહ્નિકા મહોત્સવની શરૂઆત થઈ હતી. આ દિવસે પૂજ્ય-શ્રીનો સુથરીમાં પ્રવેશ થશે એવી પાકી ગણતરી હતી, પણ સંયોગોવશાત્ રસ્તામાં ત્રણ દિવસનું વધારે રોકાણ થયું હતું. એટલે પૂજ્યશ્રી આ મહોત્સવના ચોથા દિવસે સુથરીમાં પધાર્યા હતા. આજ દિવસે તેરાવાલા શેઠ ભાણજી દેવજી (કબૂ શેઠ)ના ધર્મપત્ની રતનબહેને આચાર્યશ્રીની નિશ્રામાં 'આનંદ સાધના મંદિર'

નામથી નૂતન ઉપાયશ્રનું ઉદ્‌ઘાટન કર્યું હતું અને પૂજ્ય આચાર્યશ્રીએ ચતુર્વિધ સંઘશ્રી સાથે તેમાં પ્રવેશ કર્યો હતો. આ વખતે સુથરીના શેઠ આણંદજી માલશીનાં સુપુત્ર ઝવેરીલાલનાં ધર્મપત્ની અ. સૌ. મીઠીબહેન ઉર્ફે લીલાવતી બહેને હૃદયની ઉર્મિઓ વડે ભક્તિભર્યાં ગીતો ગાઇને ભક્તિનું વાતાવરણ જમાવ્યું હતું. તથા શ્રી સંઘે નીચેનું સ્વાગતમ્ વાંચી સંભળાવ્યું હતું. ભલે પધાર્યા ભલે પધાર્યા પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્‌વિજયયશોભદ્રસૂરીશ્વરજી સમર્થ વ્યાખ્યાનકાર કવિવર્યને અંજલિબદ્ધ વંદના સાથે અર્પણ.

આપશ્રીએ અમારી આગ્રહભરી વિનંતિ સ્વીકારી પાંત્રીસ વર્ષના લાંબા ગાળા પછી અમારા ઉપર ઉપકાર કરવા પધાર્યા તે માટે આપશ્રીના ઋણી છીએ અને કચ્છ સુથરીના જૈનેતરો આપ સૌનું બહુમાન સહિત સપ્રેમ સ્વાગત કરીએ છીએ.

આપશ્રી કચ્છના અબડાસા તાલુકાના સુથરી નામે આ ગામમાં શ્રી કચ્છી દશા શામજીભાઈ ઉકેડાના સંસારી પુત્ર હતા. આપશ્રીનો જન્મ આપશ્રીના સંસારી માતુશ્રીના ધન્ય કૂખે સંવત ૧૯૬૪ના આસો સુદ ૧૩ના રોજ થયો હતો. બાળવય લાડકોડથી ઉછરી ભણીગણી યુવાનવયે સુખીભર્યા સંસારને ત્યાગી સંવંત ૧૯૮૭ના મહાસુદ ૬ ના દિવસે શાસનસમ્રાટ આચાર્ય દેવ શ્રીમદ્‌વિજયનેમિસૂરીશ્વરજીના પટ્ટાલંકાર પૂજ્યપાદ આચાર્ય દેવ શ્રીમદ્‌વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજશ્રીના પટ્ટધર પૂજ્યપાદ

આચાર્યદેવ શ્રીમદ્‌વિજયકસ્તુરસૂરીશ્વરજી મહારાજશ્રીના પટ્ટશિષ્ય તરીકે કલોલ પાસે છત્રાલ ગામે ભગવતી દીક્ષા લઈ મુનિશ્રી યશોભદ્રવિજયજી થયા, અને ચાણસ્મા ગામે વડી દીક્ષા થઈ. આપશ્રી સંયમ સાધનામાં આગળ વધવા માટે સદ્‌ગુરૂઓની સમીપે વસી તેમની અનન્ય મને સેવા કરી અગિયાર વર્ષ સુધી ગુરૂકુલવાસ સેવી; ત્યારબાદ પૂજ્ય ગુરૂઓની સંમતિથી સ્વતંત્ર ચાતુર્માસ કરવા લાગ્યા.

સંવત ૨૦૦૭ના કારતક વદ ૬ના દિવસે પૂજ્ય ગુરુવર્યોએ બોટાદના શ્રીસંઘ સમક્ષ આપશ્રીને ગણિપદથી વિભૂષિત કર્યા, અને તેજ વર્ષના વૈશાખ સુદ ૩ના મંગલ દિવસે અમદાવાદમાં દશ હજારની માનવમેદની વચ્ચે પન્યાસપદ અર્પણ કર્યું.

આપશ્રી સંવત ૨૦૨૦ના વૈશાખ વદિ ૧૧ના આચાર્યપદ મેળવી નમસ્કાર મહામંત્રના ત્રીજા પદમાં બિરાજમાન થયા.

આપશ્રીને કાવ્ય પ્રત્યે ઊંડો પ્રેમ હોઈ સ્વયં રચના કરી શકો છો. આપશ્રીનાં રચેલાં સ્તવનો, સજ્ઝાયો આજે ભક્ત-વર્ગમાં બહુ ચાહનાથી ગવાય છે. આપશ્રીએ રચેલી શ્રી મહાવીર પંચકલ્યાણક પૂજા ઘણી લોકપ્રિય નીવડી છે. આપશ્રી સંસ્કૃત–પ્રાકૃત ભાષાના સારા અભ્યાસી છો. અને ધનપાલ કહા, આરામશોભાકહા, મહોપાધ્યાય શ્રી ભાનુચંદ્રગણિચરિત્ર, સુર્ય-સહસ્રનામમાળા અને શ્રી સ્થંભનપાર્શ્વનાથ મહાત્મ્યના સંપાદનમાં આપની વિદ્વત્તાનો પરિચય આપી ચૂકયા છો.

આપશ્રીએ સૌરાષ્ટ્ર, ગુજરાત, મહારાષ્ટ્ર, આંધ્ર, કર્ણાટક, તામિલનાડ વગેરે દેશોમાં વિહાર કરી અનેક પ્રકારની કઠિનાઈઓ સહી જનતાને ભગવાન મહાવીરનો સંદેશો પહોંચાડ્યો છે. ઉપરાંત આપશ્રીની નિશ્રામાં ઉપધાન, ઊજમણાં, પ્રતિષ્ઠા અને અંજનશલાકા મહોત્સવો તથા અન્ય ધાર્મિક અનુષ્ઠાનો ઘણાં થયાં છે. એ રીતે આપે શાસનની પ્રભાવના ખૂબ કરી છે.

આજે સત્તાવન વર્ષની ઉંમરે આપશ્રી નવયુવાન જેવો ઉત્સાહ ધરાવો છો. શાસનસેવા આપશ્રીના દિલમાં ઠાંસી ઠાંસીને ભરેલી છે, આપશ્રી સ્વભાવે નમ્ર અને માયાળુ છો અને ગમે તેવી મુશ્કેલીઓ કે પ્રતિકુળતાઓનો સામનો કરી સફળતા મેળવી શકો છો.

આપશ્રી એક સમર્થ વ્યાખ્યાનકાર છો અને અનેક વિષય ઉપર કલાકો સુધી વાણીનો ધોધ વહાવી શકો છો. સરળતા અને સચોટતા એ આપશ્રીની પ્રવચન શકિતની અસાધારણ વિશેષતા છે.

અમારા ગ્રામવાસીઓ આપશ્રીને અને આપશ્રીના વિશાળ મુનિ સમુદાયને કરોડો વંદના સાથે આપની સંયમયાત્રા સફળ થવા તંદુરસ્તી અને લાંબુ આયુષ્ય ઇચ્છે છે.

સ્થળ : લિ.

કચ્છ–સુથરી આપશ્રીના દર્શનાભિલાષી

તાલુકો અબડાસા શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન

કચ્છ સુથરી સંઘ

મિતિ : અને
સંવત ૨૦૨૧ના ફાગણ શ્રી સુથરી ગ્રામવાસીઓની
સુદ ૧ ને ગુરૂવાર કોટિ કોટિ વંદના
તારીખ :
તા. ૪–૩ ૧૯૬૫

આ પ્રસંગે મંગલ પ્રવચન કરતાં પૂજ્યશ્રીએ જણાવ્યું હતું કે માનવજીવનનો ઉદ્ધાર ધર્મમય જીવનથી થનાર છે, માટે જીવન ધર્મમય બનાવો અને આર્યસંસ્કૃતિને પુનર્જીવિત કરો.

શેઠ દામજી જેઠાભાઇના ધર્મપત્ની સુશીલાબહેને પ્રભુજીને અનુપમ અંગ રચના કરવામાં ઉત્સાહપૂર્ણ ભાગ લીધો હતો. પૂજા, ભાવના આદિ કાર્યક્રમ પણ બહુ સારી રીતે થયો હતો.

બીજા દિવસે મહાજનવાડીમાં જાહેર પ્રવચન થયું તેમાં શેઠ આણંદજી માલશીએ કરાવેલ નૂતન ઉપાશ્રય શ્રીસંઘને અર્પણ કરવાનો વિધિ થયો હતો અને શ્રીસંઘે તેમનો જાહેર સત્કાર કર્યો હતો. શ્રીસંઘ તરફથી આણંદજીભાઈએ પૂ. આચાર્યદેવોને કામલીઓ વહોરાવવાનો લાભ લીધો હતો. આ વખતે આસો અને ચૈત્ર માસમાં કાયમી આયંબિલ થાય તે માટે રૂપિયા ૧૫૦૦૦ જાહેર કરવામાં આવ્યા હતા. તેમાં ૫૦૦૦ શેઠ આણંદજીભાઇ માલશીએ રૂા. ૫૦૦૦ શેઠ મેઘજીભાઇ માલશીએ તથા રૂા. ૫૦૦૦ શેઠ નરશીભાઈ ભોજરાજ હા. ભવાનજીભાઇ કલ્યાણજીભાઈએ નોંધાવ્યા હતા.

પ્રભુજીને અઢાર અભિષેકની ક્રિયાવિધિ અમદાવાદવાળા શેઠ ચીનુભાઈ લલ્લુભાઇએ કરાવી હતી. રથયાત્રા, ઘીની ઉછામણી વગેરે શાસનપ્રભાવનાનાં સુંદર કાર્યો થયાં હતાં.

ફાગણ સુદિ ૪ને રાવવારે ગામોગામથી પધારેલ મહેમાનો અને સુથરીની સમગ્ર જનતામાં આનંદ અને ઉત્સાહનું વાતાવરણ સર્જવતું મહામાંગલ્યકારી શ્રીસિદ્ધચક્રપૂજન સવારે સ્ટા.ટા. ૧૦-૩૦ વાગતાં શરૂ કરવામાં આવ્યું હતું, જે સાંજના સ્ટા. ટા. ૪-૩૦ સુધી ચાલુ રહ્યું હતું. છ કલાક એક સરખી અખંડવિધિ ચાલી હતી, તેની સર્વ ક્રિયા અમદાવાદવાળા શેઠ ચિનુભાઈ લલ્લુભાઈએ કરાવી હતી. આ પ્રસંગ પૂ. પં. શ્રી કુમદચંદ્રવિજયજી મહારાજ આદિ, પૂ. મુનિરાજશ્રી જંબૂવિજયજી મહારાજ આદિ તથા પૂજ્ય સાધ્વી સમુદાય ઠાણા ૩૯ની હાજરીથી અતિ દેદીપ્યમાન બન્યો હતો.

છેલ્લે દિવસે શ્રીસંઘ તરફથી ધુમાબંધ આખા ગામને સવાશેર ગોળની લાણી કરવામાં આવી હતી. બહારગામના અતિથિઓની પ્રતિદિન ભક્તિ થતી હતી.

અહીં એ વાતની નોંધ લેતાં સવિશેષ આનંદ થાય છે કે આ સર્વ કાર્યોમાં વિદુષી સાધ્વી શ્રી વિદ્યુતપ્રભાશ્રીજી મહારાજે સુંદર માર્ગદર્શન આપ્યું હતું. વળી તેમણે મુંબઈના દરેક સુથરીવાસીને તથા કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિના આગેવાનોને

છ મહિના પહેલાં પત્ર લખીને પૂજ્યશ્રીનું યોગ્ય સ્વાગત કરવા માટે પ્રબળ પ્રેરણા કરી હતી.

અહીં અમે એમ કહીએ છીએ કે પૂજ્યશ્રીને ધર્મપ્રચારની અદ્ભુત શકિત વરેલી હતી. તેમ સાધ્વી શ્રી વિદ્યુતપ્રભાશ્રીજી મહારાજને વ્યવસ્થાની અજબ શકિત વરેલી હતી, તો તે અતિશયોક્તિ નહિ જ લેખાય. ભાઈના કેટલાક ગુણો બહેનમાં પણ હોય એમાં આશ્ચર્ય શું ?

## અનુપમ યાત્રાવિહાર

સુથરીમાં પૂજ્ય આચાર્યશ્રીનું આગમન અને તેઓશ્રીની નિશ્રામાં ઉજવાયેલ મહોત્સવ એક ચિરસ્મરણીય ઘટના બની ગઈ હતી. મુંબઈ તથા અન્ય સ્થળેથી આવેલા ભાઈ–બહેનો મહોત્સવની પૂર્ણાહુતિ થતાં ક્રમે ક્રમે વિદાય થયા હતા. હવે પૂજ્યશ્રીએ અબડાસાની પંચતીર્થી પૂરી કરવા માટે પ્રયાણ કર્યું.

પૂજ્યશ્રી સાયરા થઇ કોઠારા પધાર્યા. ત્યાં પણ ૨૨ ગહુંલીયુકત ભવ્ય સામૈયું થયું અને જાહેર પ્રવચન યોજાતાં અબાણી કુટુંબ તરફથી સાટાની તથા શેઠ કાનજી પાલાણી તરફથી પેંડાની પ્રભાવના થઈ. શેઠ ચાંપશીભાઈ ખોખાવાળાએ સાધર્મિક વાત્સલ્યનો લાભ લીધો.

ત્યાંનું ભવ્ય જિનાલય સં. ૧૯૧૮માં સોળ લાખ કોરીના ખર્ચે શેઠ કેશવજી નાયક અને શેઠ વેલજી મલ્લુએ બંધાવેલું છે. આટલું વિશાળ મંદિર આખા કચ્છમાં શોધ્યું જડે તેમ નથી. તેની લંબાઈ ૭૮ ફીટ પહોળાઇ ૬૪ ફીટ અને ઊંચાઇ

૭૫ ફીટ છે. તે સુંદર શિલ્પવાળાં ૧૨ શિખરોથી સુશોભિત છે અને જાણે કોઇ ગરવો ગિરિરાજ ઊભો હોય તેવી છટા ધારણા કરે છે. આ જિનાલયને જુહારતાં પૂજ્યશ્રીને અવર્ણનીય આનંદ થયો.

પૂજ્યશ્રીકોઠારાથી લાલા થઈ જખૌ પધાર્યા હતા. આ દરેક ગામમાં ભવ્ય સત્કાર થયો હતો તથા ભાવિકો તરફથી સાટા, પેંડા વગેરેની પ્રભાવના કરવામાં આવી હતી.

જખૌમાં સરપંચશ્રી ઝવેરચંદ કુંવરજીના આગ્રહથી બે દિવસ રોકાણ થયું હતું. તે દરમિયાન ત્યાંના આઠેય મંદિરોને જુહારવામાં આવ્યાં હતાં અને તેમાં વિવિધ પ્રકારની અંગ-રચનાઓ કરવાપૂર્વક પૂજાઓ ભણાવવામાં આવી હતી. રાત્રે ભાવનાના કાર્યક્રમ પ્રસંગે દાંડિયારાસ તથા ઢોલની રમતે અનેરો રંગ જમાવ્યો હતો. ત્યાં સાધર્મિક વાત્સલ્ય થયું હતું તથા પ્રવચનનો કાર્યક્રમ પણ ઘણો સુંદર રહ્યો હતો.

ત્યાંથી નલિયા પધારતાં ભારે સ્વાગત થયું હતું. પ્રવેશ માટે ધ્વજા–પતાકા તથા અન્ય શણગારથી યુકત ખાસ દ્વાર ઊભું કરવામાં આવ્યું હતું.

પૂજ્યશ્રીએ ત્યાંના ચારેય મંદિરનાં દર્શન કર્યાં. હતાં અને પ્રવનચાદિનો લાભ આપ્યો હતો. તેમની પ્રેરકવાણીનું પાન કરવા માટે લોકોની જબ્બર મેદની જામી હતી. શેઠ નરશી નાથા બાલાશ્રમમાં પણ ખાસ પ્રવચન થયું હતું. આંગી, પૂજા, પ્રભાવનાદિ કાર્યો ઉત્તમ પ્રકારે થયાં હતાં.

ત્યાંથી તેરા પધારતાં મંગલ કલશયુકત ગહુંલીઓથી ભવ્ય સ્વાગત થયું હતું. શેઠ અરજણ ખીમજી કંપનીવાળા કબુશેઠ તરફથી સાધર્મિક વાત્સલ્યનો લાભ લેવાયો હતો અને શ્રી કલ્યાણજીભાઈ તથા શિવજીભાઈ દેવજીભાઈના આગ્રહથી બે દિવસનું રોકાણ થયું હતું. ત્યાં એક જિનાલયમાં શ્રી જીરાવલા પાર્શ્વનાથના તથા બીજા જિનાલયમાં શ્રી શામળા પાર્શ્વનાથનાં દર્શન કરતાં અપૂર્વ ભાવોલ્લાસ થયો હતો. બંને મંદિરોની ભવ્યતા તથા સુંદરતા બેનમૂન છે.

આ રીતે પૂજ્યશ્રીએ પંચતીર્થી પૂરી કરી હતી અને અનેક ગામોને પાદસ્પર્શાદિનો લાભ આપી અનેરી ધર્મચેતના જગાડી હતી.

તેરાથી પૂજ્ય આચાર્યદેવ ફરી નલિયા પધાર્યા, કારણ કે બોના વેલજી જેવતને ત્યાં મુંબઈથી આવેલા પ્રભુજીને પધરાવવાના હતા અને તેના ઉપલક્ષમાં કેટલોક ધાર્મિક વિધિ કરવાનો હતો. જો ધર્મભાવનાની વૃદ્ધિ થતી હોય તો મહાપુરૂષો તે માટે ગમે તેવો પરિશ્રમ કરવામાં પાછા પડતા નથી, નલિયામાં રથયાત્રાનો વરગોડો બહુ સુંદર નીકળ્યો હતો તથા પૂજા-ભાવનાદિ ક્રિયાઓ ઉત્તમ પ્રકારે થઈ હતી.

કોઠારાથી વરાડીઆ પધાર્યા. ત્યાં પૂજ્યશ્રીના સ્વાગત માટે ૭ નાકાં ( પ્રવેશ દ્વારો ) તૈયાર કરવામાં આવ્યાં હતાં. આંબાના તોરણો અને ધ્વજા-પતાકાથી આખા ગામને શણગાર્યું હતું. દહેરાસરમાં પ્રભુજીને ભારે અંગરચના કરવામાં આવી

હતી. બ્હેનોએ વિવિધરંગી અક્ષિતોથી સુંદર ગહુંલીઓ રચી હતી અને મસ્તક પર મંગલકલશો ધારણ કર્યા હતા. ધર્મપ્રેમી યુવાન કાર્યકર શેઠ કુલીનકાંતભાઇ નારણજીની પ્રબલ ધર્મભાવના અને હોંશ સર્વત્ર નજરે પડતા હતા. અહીં શ્રીસંઘના આગ્રહથી બે દિવસ રોકાણ થયું હતું શેઠશ્રી જેઠાભાઈ જેવત તરફથી સાટાની પ્રભાવના થઇ હતી.

ત્યાંથી મોથાળા, સણોસરા, મંજલ અને પાનકુવા થઈ કચ્છના પાટનગર ભુજમાં પધારતાં બેન્ડવાજા સાથે ભવ્ય સામૈયું થયું હતું અને સંખ્યાબંધ ગંહુલીઓ રચાઈ હતી. દર્શન માટે માનવમહેરામણ ઉમટયો હતો. તપગચ્છ ઉપાશ્રયે સ્થિરતા કરી હતી. બીજા દિવસે પરમતારક ત્રિલોકનાથ શાસનનાયક શ્રી મહાવીરપ્રભુજીનો જન્મકલ્યાણક દિન હોઈ આ માંગલિક પ્રસંગ એકતા તથા ગૌરવથી ઉજવાય તે માટે તેઓશ્રીએ મંગલપ્રવચનમાં ખૂબ ભાર મૂકયો હતો.

બીજા દિવસે તેઓશ્રીની પવિત્ર નિશ્રામાં શ્રી મહાવીર જન્મ કલ્યાણનો દિવસ ખૂબ સારી રીતે ઉજવાયો હતો. શ્રી જિનશાસનની સુંદર પ્રભાવના થઈ હતી.

ત્યાં જૈન જ્ઞાતિના વંડામાં તેઓશ્રીના પ્રવચનની વ્યવસ્થા થઈ હતી. તેનો લાભ જૈન-જૈનેતર પ્રજાએ બહુ સારા પ્રમાણમાં લીધો હતો. ઘેર બેઠા ગંગા આવે અને તેનો લાભ લેવાનું મન ન થાય તો સમજવું કે હજી ભાગ્યનો ઉદય થવાને ઘણી વાર છે. સુજ્ઞ-સમજુ જનો તો આવી તક કદી ચૂકતા જ નથી.

પંદર દિવસ સુધી પ્રવચનામૃતનું પાન કરાવ્યા બાદ પૂજ્ય-શ્રીએ ભુજથી વિહાર કર્યો અને ભદ્રેશ્વર તીર્થની પુનઃ યાત્રા કરી.

પૂજ્યશ્રીએ પ્રયાણ કર્યું અને કોઠારાની દિશા પકડી. ત્યાંના શ્રીસંઘે જિનમંદિરની શતાબ્દી અંગે અષ્ટાહ્નિકા મહોત્સવની યોજના કરી હતી અને તેમાં નિશ્રા આપવા માટે પૂજ્યશ્રીને આગ્રહભરી વિનંતિ કરી હતી. પૂજ્યશ્રીએ તેનો સ્વીકાર કર્યો હતો, એટલે તેમનું કોઠારા પધારવું અનિવાર્ય હતું.

આ પવિત્ર યાદગાર પ્રસંગમાં ભાગ લેવા માટે પ. પૂ. આ. શ્રી ગુણસાગરજી મહારાજ પણ પધાર્યા હતા, એટલે ઉત્સાહ દ્વિગુણિત થયો હતો.

ત્યાંથી વિહાર કરી વરાડિયા પધાર્યા અને ત્યાં થોડી સ્થિરતા કર્યા બાદ સુથરીની સમીપે આવ્યા કે જ્યાં વિશાળ ભક્તસમુદાય તેમના આગમનની ઉત્સુકતાભરી પ્રતીક્ષા કરી રહ્યો હતો.

## ચાતુર્માસની ચારૂ પ્રવૃત્તિ

સ્થળે સ્થળે જય જયકાર વર્તાવીને ચાતુર્માસ નિમિત્તે પૂજ્યશ્રી સુથરી પધારતાં સુંદર સામૈયું થયું હતું અને તે આખા ગામમાં ફર્યું હતું. ઠેર ઠેર ગહુંલીઓની રચના થઈ હતી. મંગલ પ્રવચનમાં આગામી કર્તવ્યોનો નિર્દેશ થયો હતો અને તે માટે શ્રદ્ધા તથા સમજણપૂર્વકનો પુરૂષાર્થ કરવા પર ભાર મૂકયો હતો.

દરરોજ પ્રવચન થતું હતું. તેનો લાભ શ્રોતાગણ સારી સંખ્યામાં લેતો હતો વધારે સ્પષ્ટ કહીએ તો સુથરીમાં આ પહેલો જ પ્રસંગ હતો કે જ્યારે સર્વ કોઈ જૈન, હિંદુ, મુસલમાન વગેરે સર્વ કોમના મનુષ્યોએ આટલી મોટી સંખ્યામાં શ્રવણનો લાભ લીધો હોય. આ ઘટનાની નોંધ લેતાં એક સામયિકે જણાવ્યું હતું કે 'પૂ. આચાર્યશ્રીના પ્રાસંગિક સામયોચિત માનવધર્મને લગતાં પ્રવચનો લાક્ષણિક ઢબે અને વિશિષ્ટ લઢણીથી સમજાવવાની રીતો શ્રોતા સંખ્યામાં વધારો થવાનું ખાસ કારણ હતું.'

## વરાડિયાનો જિનાલયનો હીરક મહોત્સવ

આ અવસરે વરાડિયા ગામે શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જિનમંદિરમાં શ્રી જિનેન્દ્ર પ્રતિષ્ઠા, શ્રી શાસન દેવીઓની પુનઃ પ્રતિષ્ઠા, ધ્વજદંડોની પુનઃ સ્થાપના તથા શ્રી જિનાલયનો હીરક મહોત્સવ ઉજવવા નિમિત્તે અષ્ટોત્તરી શાંતિસ્નાત્ર સહિત દશ દિવસનો શ્રાવણ સુદિ ૧૩ તા. ૯–૮–૬૫થી શ્રાવણ વદિ ૬ તા. ૧૮–૮–૬૫નો મહોત્સવ યોજાયો. આ શુભ કાર્ય નિમિત્તે શ્રી વરાડિયા જૈન સંઘના આમંત્રણનો સ્વીકાર કરી પૂજ્યશ્રી સાધુસમુદાય તથા ૩૦૦ જેટલા શ્રાવક–શ્રાવિકા સમુદાય વરાડિયા પધાર્યા. ત્યાં આનંદ આનંદ છવાયો અને દરેક કોમે તેમના પ્રવચનનો લાભ લીધો. કેટલાકે જીવનભર જુગાર નહિ રમવાની તથા દારૂ નહિ પીવાની પ્રતિજ્ઞા સ્વેચ્છાએ લીધી.

## પર્યુષણ પર્વની ઉત્સાહભરી આરાધના

પર્યુષણ પર્વની શરૂઆત થતાં તેની ઉજવણીમાં જૈન અને જૈનેતરોએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો. આશરે ૧૨૫ ભાઈબહેનો મુંબઈ અને દેશાવરથી પર્વની આરાધના નિમિત્તે સુથરી આવ્યાં હતાં.

કલ્પસૂત્રની પોથી ૨૩૫ મણ જેવા સારા ચડાવાથી શેઠ શ્રી આણંદજી માલશી કોચીનવાલા તરફથી પધરાવવામાં આવી હતી. રાત્રિ જાગરણ અને પ્રભાવના ખૂબ ભાવપૂર્વક થયાં હતાં.

પર્યુષણાપર્વ નિમિત્તે બે પંદર ઉપવાસવાળા તથા છવ્વીશ અઠ્ઠાઈવાળા એમ કુલ ૨૮ મોટી તપશ્ચર્યાઓ થઈ હતી. નાની તપશ્ચર્યાઓનો પાર ન હતો. દરેક તપસ્વી ભાઈ-બહેનોને મહાજનવાડીમાં પારણાં કરાવવામાં આવ્યાં હતાં.

શેઠ ટોકરશી કાનજી નીમચવાળા તરફથી સાધર્મિક-વાત્સલ્યનો લાભ લેવાયો હતો અને જૈનો સિવાય પણ આખા ગામમાં કુટુંબ દીઠ ચાર ચાર લાડુની પ્રસાદી આપીને સહુનું મોઢું મીઠું કરાવ્યું હતું.

## ચાતુર્માસ પરિવર્તન

અનુક્રમે ચાતુર્માસ પૂર્ણ થતાં પૂજ્યશ્રી આદિ મુનિવરો શ્રી રતનશી પાસુભાઈ શાહની વિનંતિ સ્વીકારી સુસ્વાગત તેમને ત્યાં પધાર્યા હતા. આ વખતે હાજર રહેવા શ્રી નરશી પાસુભાઈ શાહ સહકુટુંબ મુંબઈથી આવી પહોંચ્યા હતા.

'હવે પૂજ્યશ્રી થોડા દિવસ બાદ વિહાર કરશે અને ગુજરાત ભણી સીધાવશે' એ ખ્યાલથી અનેકનાં અંતર અસ્વસ્થ બન્યાં હતાં અને તેઓ પ્રથમ કરતાં પણ પૂજ્યશ્રીની વિશેષ ભક્તિ કરવા લાગ્યા હતા.

## ગુજરાતમાં ગુરૂદર્શન આદિ

માગશર સુદિ ૩, તા. ૧૬–૧૧–૬૫ના રોજ સવારના ૮–૩૦ વાગતાં પૂજ્યશ્રીએ સાધુસમુદાય સાથે સુથરીથી વિહાર કર્યો. આ વખતે ૪૫૦થી વધુ ભાવિકો સાથે ચાલ્યા. સામૈયામાં લગભગ દોઢેક હજારની સંખ્યામાં સામેલ થઈ લોકોએ ભવ્ય વિદાયમાન આપ્યું.

સુથરીની સ્થિરતા દરમિયાન પૂજ્યશ્રીએ પોતાના મિલનસાર સ્વભાવ તથા સુંદર ઉપદેશ દ્વારા જૈન અને જૈનેતરોનો ઘણો મોટો ભાવિક વર્ગ ઊભો કર્યો હતો.

પૂજ્યશ્રી ભદ્રેશ્વર થઈ અનુક્રમે ગુજરાતમાં દાખલ થયા અને રાધનપુરને પાવન કર્યું. ત્યાં સ્વાગતાદિ સર્વ ક્રિયાઓ ઉત્તમ પ્રકારે થઈ. ભાવિકોએ દર્શન–સમાગમ અને પ્રવચનનો સારો લાભ લીધો.

ત્યાંથી શંખેશ્વર, ભોયણી તથા શેરીસાની યાત્રા કરી અમદાવાદ પધાર્યા કે જ્યાં પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજયો-દયસૂરીશ્વરજી મહારાજ, પૂજ્યપાદ આચાર્યશ્રી વિજયપદ્મસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયદક્ષસૂરીશ્વરજી

મહારાજ બિરાજમાન હતા. તેમનાં દર્શન કરી પૂજ્યશ્રી કૃતાર્થ થયા. વડીલોનો વિનય એ જૈન ધર્મની મહાન શિક્ષા છે અને તે આધ્યાત્મિક વિકાસનો મૂળ પાયો છે, જેણે વિનયાદિ વડે ગુરૂની કૃપા પ્રાપ્ત કરી નથી, તેને કોઈ પણ વિદ્યા ફળતી નથી.

ત્યાં ચાર દિવસની સ્થિરતામાં ઘણા ભાવિકોએ દર્શન-સમાગમ આદિનો લાભ લીધો અને કચ્છમાં થયેલા ધર્મના જય જયકાર અંગે પોતાનો હર્ષ પ્રકટ કર્યો. પૂજ્યશ્રીએ જણાવ્યું કે 'એ બધો શ્રી જિનેશ્વર દેવના શાસનનો પ્રતાપ છે અને ગુરૂકૃપાનું ફળ છે. હું તો માત્ર નિમિત્ત બન્યો છું.' કેવી નમ્રતા ! કેવી સરલતા ! !

ત્યાંથી પૂજ્યશ્રી ખંભાત પધાર્યા કે જ્યાં પૂજ્યપાદ આચાર્ય દેવશ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્ય-પાદ આચાર્ય દેવશ્રી વિજયકસ્તુરસૂરીશ્વરજી મહારાજનો પુણ્ય-પ્રભાવ વિસ્તરી રહ્યો હતો. આ ગુરૂવર્યોના દર્શનથી પૂજ્યશ્રીને અતિ આહ્લાદ થયો અને તેમને પંચાંગ પ્રણિપાત કરી કૃતાર્થતા અનુભવી. પૂજ્ય ગુરુવર્યોએ તેમની યશસ્વી કચ્છયાત્રાની પ્રશંસા કરી અને ભવિષ્યમાં તેઓશ્રીના હાથે અનેક યશસ્વી કર્યો થાય એવા આશીર્વાદ આપ્યા.

ત્યાંથી પૂજ્યશ્રી સાધુસમુદાય સાથે સુસ્વાગત ગોધરા પધાર્યા. ત્યાં પૂ. પં. શ્રી શુભંકરવિજયજી ગણિવર્ય આદિ, પૂ. સાધ્વીજીશ્રી રાજેન્દ્રશ્રીજી મ. આદિ, પૂ. સાધ્વીજીશ્રી પ્રવિણાશ્રીજી મ. આદિ તથા પૂ. સાધ્વીજીશ્રી જશવંતશ્રીજી મ. આદિ બિરા-

જમાન હતા. તેમણે ગોધરાના શ્રાવક-શ્રાવિકા-સમુદાયમાં ચેતનની ચિનગારી પ્રકટાવી હતી, તેથી ધાર્મિક પ્રવૃત્તિઓ સારા પ્રમાણમાં થઈ રહી હતી. આ અવસરે શ્રી યશોભદ્રશુભંકર જ્ઞાન શાળાનું ભવ્ય મકાન તૈયાર થઈ જતાં શ્રી જિનેન્દ્રભક્તિ મહોત્સવ પૂર્વક ધર્મપ્રેમી શેઠશ્રી મણિલાલ પાનાચંદ દોશીના હાથે તેનું ઉદ્‌ઘાટન કરાવવામાં આવ્યું.

પૂજ્યશ્રી ગોધરાથી વેજલપુર થઈ વડોદરા કોઠી પોળના ઉપાશ્રયે પધાર્યા.ત્યાં ખંભાત મુકામે પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીવિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજ કાલધર્મ પામ્યાના સમાચાર આવતાં પૂજ્યશ્રી આદિ મુનિમંડળે તથા પૂ. સાધ્વીજી શ્રી પ્રવિણાશ્રીજી મ. આદિએ ઘણો આઘાત અનુભવ્યો. ત્યાં સકલ સંઘ સાથે દેવવંદન કર્યાં અને તે નિમિત્તે પૂજા, આંગી તથા જીવદયાનાં કાર્યો થયાં.

## અનુક્રમે મહાનગરી મુંબઈમાં

વડોદરાથી વિહાર કરી પૂજ્યશ્રી સુસ્વાગત સુરત પધાર્યા ત્યાં તેઓશ્રીની નિશ્રામાં ગોપીપુરા—મોહનલાલજી મહારાજના ઉપાશ્રયની સામે જીર્ણોદ્ધાર થયેલ જિનમંદિરમાં મૂલનાયક શ્રી સંભવનાથ આદિ જિનબિંબો, દેવ-દેવીઓ તથા પૂજ્યપાદ આચાર્યદેવશ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજની ચરણપાદુકાની પ્રતિષ્ઠા વૈશાખ સુદિ ૫ ના રોજ અપૂર્વ શાસનપ્રભાવનાપૂર્વક

કરવામાં આવી. દેવદ્રવ્ય તથા સાધારણ ખાતાની ઉપજ રૂપિયા પોણા બે લાખ લગભગ થઈ હતી. નોકરશી જમણ પણ થયું હતું.

ત્યાંથી ઉગ્ર વિહાર કરી સસ્વાગત નૌગામા (નવસારી પાસે) પધાર્યા કે જ્યાં પૂ. પં. શ્રી શુભંકરવિજયજી ગણિવર્ય આદિની પવિત્ર નિશ્રામાં પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાઈ રહ્યો હતો. વૈશાખ સુદિ ૮ના રોજ નવીન મંદિરમાં મૂલનાયક શ્રી સુમતિનાથ ભગવાન આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા પૂજ્યશ્રીના વરદ હસ્તે થઈ. ગામ નાનું, છતાં ઉત્સાહ બહુ સારો હતો. સારી ઉપજ થઈ હતી. દરરોજ સાધર્મિક વાત્સલ્ય કરવામાં આવ્યું હતું.

પૂજ્યશ્રી પુનઃ સુરત પધાર્યા હતા. ત્યાં પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગવાસ નિમિત્તે શ્રી સૂરજમંડન પાર્શ્વનાથ જિનમંદિરમાં શ્રી ઋષિમંડલ પૂજન સહિત પાંચ દિવસનો જિનભક્તિ મહોત્સવ તેઓશ્રીની નિશ્રામાં અનેરા ભાવોલ્લાસપૂર્વક ઉજવાયો હતો. આ પ્રસંગે સદ્ગત આચાર્યશ્રીના જીવન પ્રસંગોને આલેખતી રંગોળીની રમ્ય રચના ભાવનગરના સુપ્રસિદ્ધ કલાકાર શ્રી મોતીલાલ પાસે કરાવવામાં આવી હતી, તેણે પણ જનતાનું ઘણું આકર્ષણ કર્યું હતું.

ત્યાંથી વિહાર કરતાં સુસ્વાગત વલસાડ પધાર્યા.

ત્યાંથી વાપી પધારતાં શ્રીસંઘે સુંદર સ્વાગત કર્યું અને પ્રવચનાદિનો લાભ લીધો.

જીવન જોબન રાજમદ, અવિચલ રહા ન કોય;
જો દિન જાય સત્સંગમેં, જીવનકા ફળ સોય.

'જીવન, જુવાની અને રાજવૈભવ આદિ કોઈ અવિચલ રહ્યું નથી. જે દિવસ સત્સંગમાં જાય તેને જ જીવનનું સાચું ફળ માનવું.

ત્યાંથી વિહાર કરતાં અગાશીતીર્થે પધાર્યા કે જે મહાનગરી મુંબઈનું પ્રવેશદ્વાર મનાય છે. ત્યાં ગોડીજી ઉપાશ્રયેથી પણ ઘણા ભાવિકોનું અહીં દર્શનાર્થે આગમન થયું હતું તથા ગોડીજીના આગેવાનોએ પૂજા, પ્રભાવના તથા સાધર્મિક વાત્સલ્યનો લાભ લીધો હતો.

## ચાતુર્માસ અર્થે ગોડીજી ઉપાશ્રયમાં પ્રવેશ

ત્યાંથી વિહાર કરી બોરીવલી–દોલતનગર પધાર્યા હતા કે જ્યાં પ. પૂ. આચાર્યશ્રી વિજયમેરૂપ્રભસૂરીશ્વરજી મહારાજ બિરાજમાન હતા. ત્યાં તેઓશ્રીને વંદના કરી એક દિવસની સ્થિરતા કરી હતી. એક જ સમુદાયના મનમેળવાળા બે આચાર્યોનું મિલન થાય ત્યાં સમુદાય અને શાસનના અનેકવિધ પ્રશ્નોની ચર્ચા–વિચારણા થાય એ સ્વાભાવિક છે.

ત્યાં માટુંગા કચ્છી જૈન સંઘના આગેવાનો માટુંગા પધારવા માટે વિનંતિ કરવા આવ્યા હતા અને તેનો સ્વીકાર કરી પૂજ્યશ્રી માટુંગા પધાર્યા હતા.

ત્યાંથી વિહાર કરી (સં. ૨૦૨૦)ના જેઠ સુદિ ૧૦ તા. ૧૩-૬-૬૬ બુધવારના મંગલ પ્રભાતે પૂ. પં. શ્રી શુભંકરવિજયજી ગણિવર્ય આદિ મુનિમંડળ સાથે પૂજ્યશ્રીએ ગોડીજી જૈન ઉપાશ્રયમાં ચાતુર્માસ સુઅર્થે સ્વાગત પ્રવેશ કર્યો હતો અને શ્રી ગોડીપાર્શ્વનાથ આદિ જિન ભગવંતોને જુહારી કૃતાર્થતા અનુભવી હતી.

## અનેક પ્રકારની આરાધનાઓ

અહીં પૂજ્યશ્રીની નિશ્રામાં અનેક પ્રકારની આરાધનાઓ થવા પામી હતી. સૌ પ્રથમ પૂ. મુનિરાજશ્રી તીર્થચંદ્રવિજયજી મહારાજે ૨૧ ઉપવાસની તપશ્ચર્યા કરી હતી. અને તે નિમિત્તે સુંદર જિનભક્તિ મહોત્સવ ઉજવાયો હતો. બાદ ૮૧ કુમારિકાઓએ આયંબિલ તપ કર્યું હતું. આયંબિલ કરાવવાનો લાભ એક ગૃહસ્થે લીધો હતો અને તેણે રૂપિયાની પ્રભાવના કરી હતી. બાદ સામુદાયિક નવકારમંત્રના જાપપૂર્વક ૧૧૦૦ જેટલા ભાવિકોએ આયંબિલ કર્યાં હતાં. આ આયંબિલો કરાવવાનો લાભ શ્રી રતિલાલ તીજોરીવાલા તરફથી લેવાયો હતો.

પ્રથમ શ્રાવણ સુદ ૭ના રોજ મહેતા ખીમચંદ મુલચંદ અમરેલીવાળા તરફથી શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ઘણા ઠાઠથી થયું હતું. ક્રિયા માટે સંઘવી બાબુભાઈ કડીવાળા આવ્યા હતા. રૂા. ૩૦૦૦ જીવદયાની ટીપમાં લખાયા હતા. શ્રી ગૌતમસ્વામીના છઠ્ઠની આરાધના ૪૦૦ ભાઈબહેનોએ કરી હતી.

શ્રી સિદ્ધિ તપની આરાધનાનો લાભ ૭૫ જેટલી બહેનોએ લીધો હતો.

પૂજ્યપાદ આચાર્ય દેવશ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગવાસ નિમિત્તે ઘણા ઠાઠથી જિનભક્તિ મહોત્સવ ઉજવાયો હતો. આઠેય દિવસ જુદા જુદા ભાવિકો તરફથી પૂજા, આંગી તથા પ્રભાવનાઓ થઈ હતી. શાંતિસ્નાત્ર મહાપૂજનનો લાભ શ્રી ગોડીજી જૈન મિત્રમંડળ તરફથી લેવાયો હતો. દરેક ઉપાશ્રયેથી પૂ. આચાર્યદેવો, મુનિરાજો આદિ પધાર્યા હતા.

## ધર્મસ્થાનો પરત્વે ખાસ લક્ષ્ય

આરાધનાની આ પરંપરા ઉપરાંત પૂજ્યશ્રીએ ધર્મસ્થાનના નિર્માણ પરત્વે પણ ખાસ લક્ષ્ય આપ્યું હતું. તેઓશ્રીના સદુપદેશથી મોડાસા જૈન ઉપાશ્રય તથા ગોધરા જ્ઞાનશાળા માટે સારી રકમો નોંધાઈ હતી તથા શ્રી ગોડીજી જૈન ઉપાશ્રય જીર્ણોદ્ધાર ખાતાને રૂા. ૧૫૧૧૧ની માતબર રકમ પ્રાપ્ત થઈ હતી.

## પર્યુષણાપર્વની ઉત્તમ આરાધના

એમ કરતાં ભાવિકોના મનને ભવ્ય ભાવનાથી ભરી દેતાં પર્યુષણાપર્વ આવ્યાં. તેની આરાધના પૂજ્યશ્રી આદિ મુનિવરોની નિશ્રામાં ઉત્તમ પ્રકારે થઈ. હજારો ભાઈબહેનોએ તેનો લાભ લીધો. પર્યુષણપર્વની મહત્તા અંગે સુંદર શૈલીમાં પ્રવચનો થયાં. શ્રી કલ્પસૂત્રનાં વ્યાખ્યાનોએ પણ અનેરું આકર્ષણ જમાવ્યું. આઠ ઉપવાસથી માંડીને પીસ્તાલીશ ઉપવાસ સુધીની

તપશ્ચર્યા સેંકડોની સંખ્યામાં થઈ. છઠ્ઠ–અઠ્ઠમનો આંકડો હજારો પર પહોંચ્યો. વિશાળ ઉપાશ્રયના પાંચ માળમાં ભાવિકોએ સાંવત્સરિક પ્રતિક્રમણ ઘણી શાંતિથી કર્યું.

પૂજ્યશ્રીના ઉપદેશથી પીવાના ઉકળેલા પાણીની બારે માસની કાયમી તિથિઓ નોંધાતાં રૂા. ૪૦૦૦૦ લગભગ ફંડ થયું. સુપન આદિની ઉપજ રૂા. ૩૯૦૦૦ થઈ. ૬૦૦૦ આરાધકો પારણામાં જમ્યા. તપસ્વીઓનો વરઘોડો ખૂબ સુંદર, ભવ્ય અને વિશાળ જનસંખ્યા પૂર્વક નીકળ્યો. શ્રીસંઘે લગભગ સવા લાખ રૂપિયાનો લાભ લીધો. ગોડીજી જેવું પ્રથમ પંક્તિનું સ્થળ પૂજ્યશ્રી જેવા પ્રેરણા કરનારા, એટલે શેની મણા રહે?

પૂ. પં. શ્રી શુભંકરવિજયજી ગણિવર્યે લુહારચાલ–દેવકરણ મેન્શનમાં પર્યુષણપર્વની આરાધના રૂડી રીતે કરાવી. ત્યાં પણ ભાવિકોએ અઠ્ઠાઈ આદિ નાનાં મોટાં તપો સારા પ્રમાણમાં કર્યાં અને ઉપજ પણ સારી થઈ. તપસ્વીઓનાં પારણાં અપૂર્વ ભક્તિભાવથી કરાવવામાં આવ્યાં અને વરઘોડો પણ સુંદર ચડયો.

પૂ. મુનિરાજ શ્રી જિનચંદ્રવિજયજી મહારાજ તથા પૂ. મુનિરાજશ્રી જશવિજયજી મહારાજની નિશ્રામાં આદીશ્વરજી ધર્મશાળામાં પર્વારાધના થઇ. રાજસ્થાની સમાજે ઉદાર બોલી બોલતાં સ્વપ્નની ઉપજનો આંકડો રૂપિયા ૯૦૦૦૦ (નેવું હજાર) સુધી પહોંચ્યો.

## શ્રી સિદ્ધચક્ર મહાપૂજન

આસો સુદિ ૩ના રોજ ઉપાશ્રયના વિશાળ હોલમાં સુરતનિવાસી હાલ મુંબઈવાળા શ્રી બાબુભાઈ સી. જરીવાલા તરફથી શ્રી સિદ્ધચક્રજી મહાપૂજન ઘણા ઠાઠથી ભણાવાયું હતું અને લાડુની પ્રભાવના થઈ હતી. ક્રિયા માટે બાબુભાઈ કડીવાળા તથા સંગીત માટે નવસારીથી સંગીતકાર શ્રી નટવરલાલ પોતાની ખાસ મંડળી સાથે આવ્યા હતા.

## નવપદજીની આરાધના

બાદ ઓળીના દિવસો આવતાં નવપદજીની આરાધના અતિ ભાવોલ્લાસપૂર્વક થઈ હતી. આયંબિલની સંખ્યા ઘણી મોટી હતી.

## ચાતુર્માસ–પરિવર્તન

ચાતુર્માસ–પરિવર્તન અંગે ઘણી વિનંતિઓ થઈ હતી પણ પૂજ્યશ્રી દેવકરણ મેન્શનની વિનંતિ સ્વીકારી ત્યાં પધાર્યા હતા. ત્યાં શ્રીસંઘ તરફથી ભવ્ય મંડપ બંધાયો હતો અને પૂજ્યશ્રીના મંગલ પ્રવચન પછી લાડુની પ્રભાવના થઈ હતી. ત્યાંથી પૂજ્યશ્રી વાજતે ગાજતે સાધુ સમુદાય તથા શ્રાવક–શ્રાવિકાઓ સાથે ભાયખલા શ્રી શત્રુંજયગિરિરાજના પટદર્શન માટે પધાર્યા હતા. બીજા દિવસે પૂજ્યશ્રી ગોડીજી પધાર્યા હતા.

## મલાડમાં ઉપધાન તપની આરાધના તથા અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ

મલાડના શ્રીસંઘે ઉપધાન તપની મંગલ આરાધના કરાવવાનું નક્કી કર્યું. તેનું પ્રથમ મુહૂર્ત કારતક વદિ ૮ને સોમ-

વારનું તથા બીજું મુહૂર્ત કારતક વદિ ૧૧નું અપાયું હતું.

ત્યાંના શ્રીસંઘે પૂજ્ય આચાર્યશ્રીને નિશ્રા માટે વિનંતિ કરતાં તેઓશ્રી પૂ. પં. શ્રી શુભંકરવિજયજી ગણિવર્ય, પૂ. મુનિરાજશ્રી સુશીલચંદ્રવિજયજી મ. પૂ. મુનિરાજશ્રી જિનચંદ્રવિજયજી મ., પૂ. મુનિરાજશ્રી શ્રેયાંસચંદ્રવિજયજી મ., પૂ. મુનિરાજ શ્રી પુષ્પચંદ્રવિજયજી મ., પૂ. મુનિરાજ શ્રી વિદ્યાચંદ્રવિજયજી મ. આદિ વિશાળ પરિવાર સહિત કારતક વદિ ૭ ને રવિવારે સુસ્વાગત મલાડ પધાર્યા હતા.

આ ઉપધાન તપમાં બધા મળીને ૩૦૫ આરાધક આત્માઓ જોડાયા હતા, જેમાં ૨૧૨ને માળ પહેરાવાની હતી. શેઠ દેવકરણ મૂળજીની વાડીમાં આરાધના અંગે સર્વ વ્યવસ્થા થઈ હતી.

પૂજ્યશ્રીની પુનિત નિશ્રામાં આ મંગલ આરાધના નિર્વિઘ્ને આગળ વધી હતી. માલારોપણનો દિવસ નજીક આવતાં અનેક મંગલ પ્રસંગોથી ભરપુર એવો આઠ દિવસનો મહા મહોત્સવ યોજવામાં આવ્યો હતો. વધુમાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેને લઈ ભગવાનના પાંચ કલ્યાણકના પાંચ વરઘોડા ભવ્યરીતે થયા હતા. મહોત્સવના આઠમા દિવસે પોષ સુદિ ૧૫ તા. ૨૬-૧ ૬૭ના પ્રાતઃકાળ સમયે ઘોડબંદર રોડ પર આવેલ શેઠ એન. એમ. હાઈસ્કુલના કંપાઉન્ડમાં જબ્બર માનવમેદની જમા થઈ હતી. તેની હાજરીમાં પૂજ્યશ્રીના વરદ હસ્તે લગભગ સો જેટલી મૂર્તિઓની અંજન શલાકા તથા એ મૂર્તિઓની પ્રતિષ્ઠા થઈ.

બાદ પૂ પં. શ્રી શુભંકરવિજયજી ગણિવર્યને વિધિપૂર્વક ઉપાધ્યાય પદ અર્પણ કરવામાં આવ્યું. તે પછી હજારો હૈયાંની પ્રબળ ઉત્સુકતા વચ્ચે માલારોપણનું મંગલ વિધાન શરૂ થયું હતુ. બસો તપસ્વીઓને માળા પહેરાવવાનું કાર્ય સરલ તો ન જ હતું, પરંતુ શાસનદેવની કૃપાથી કોઈપણ અનિચ્છનીય બનાવ વિના એ કાર્ય પાર પડયું હતું.

૨૫૦૦૦ માણસો નોકારશીમાં જમ્યા હતા. દેવદ્રવ્ય આદિની આવક રૂપિયા દોઢ લાખ પર પહોંચી હતી. પહેલી માળની બોલી રૂા. ૨૧૦૦૦માં થઈ હતી. આ પ્રસંગે ૧૧ છોડનું ઉજમણું પણ થયું હતું. ઉપાશ્રય ફંડમાં રૂા. ૧૩ હજાર ભરાયા હતા. દવાખાના તથા ઉદ્યોગ મંદિરમાં પણ સારી રકમો મળી હતી.

વિધિ માટે જીવણભાઈ ડભોઈવાળા તથા સંગીત માટે ગજાનંદભાઈ અમદાવાદવાળા આવ્યા હતા. તેમણે પૂજા-ભાવના-માં ખૂબ રંગ જમાવ્યો હતો. પૂજ્યશ્રીનાં પ્રેરક પ્રવચનોએ પણ આરાધક આત્માઓ તથા અન્ય શ્રોતાઓમાં ધર્મની પ્રબળ ભાવના ઉત્પન્ન કરી હતી. એકંદર આ મહોત્સવ યાદગાર બની ગયો હતો.

## કોલાબામાં પ્રતિષ્ઠા મહોત્સવ

ત્યાંથી ગોડીજી ઉપાશ્રયમાં પધારતાં ભાવિકોને ઘણો આનંદ થયો હતો.

શ્રી આદીશ્વર મહારાજ જૈન ચેરીટીઝ ટ્રસ્ટ પાયધુની મુંબઈ હસ્તકના શ્રી શાંતિનાથ મહારાજ જૈન દહેરાસરનો જીર્ણોદ્ધાર થયો હતો અને શ્રીસંઘે તેની પ્રતિષ્ઠા ભવ્ય મહોત્સવપૂર્વક કરાવવાનો નિર્ણય કર્યો હતો. તે અંગે આ. શ્રી વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મહારાજ તથા પ. પૂ. આ. શ્રી વિજયયશોભદ્રસૂરીશ્વરજી મહારાજ તથા પ. પૂ. ઉ. શ્રી પ્રિયંકરવિજયજી મહારાજ આદિને પધારવા વિનંતિ કરી હતી, તેથી પૂજ્યશ્રી પોતાના શિષ્ય સમુદાય સાથે કોલાબા પધાર્યા હતા.

ત્યાં મહા સુદિ ૩ તા. ૧૨–૨–૬૭ રવિવારથી મહોત્સવનો પ્રારંભ થયો હતો અને માહ સુદિ ૧૦ તા. ૨૦–૨–૬૭ સોમવારના રોજ જિનબિંબોની પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. બપોરના વિજયમુહૂર્તે કોલાબા શ્રીસંઘ તરફથી શ્રી શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું હતું.

માહ સુદિ ૧૧ના રોજ આ મહોત્સવ પૂરો થયો હતો. પૂજા, પ્રભાવના, ભાવના આદિ અનેકવિધ મંગળ કાર્યો થયાં હતાં.

## જિનમંદિરની પચાસ વર્ષની ઉજવણી

લેવકરણ મેન્શનમાં આવેલા શેઠ મૂળચંદ બુલાખીદાસ જિનમંદિરને ૫૦ વર્ષ પૂરા થતાં તેની ઉજવણી નિમિત્તે શેઠ મૂળચંદ બુલાખીદાસના ધર્મપત્ની શ્રી જશીબહેન તથા સુપુત્રો શ્રી રતિલાલ, શ્રી પ્રવિણભાઈ તથા શ્રી હસમુખભાઈ તરફથી ફાગણ સુદિ ૧૧થી ફાગણ સુદિ ૧૫ સુધીનો પાંચ દિવસનો ઉત્સવ પૂજ્યશ્રીની નિશ્રામાં યોજવામાં આવ્યો હતો આ પાંચેય

દિવસ પૂજ્યશ્રીનાં પ્રભાવશાળી પ્રવચનો થયાં હતાં અને આંગી પૂજા, પ્રભાવના તથા ભાવનાદિ મંગલ કાર્યોનો ચડતા પરિણામે લાભ લેવાયો હતો. છેલ્લા દિવસે અષ્ટોત્તરી બૃહત્સ્નાત્ર ઘણા ઠાઠથી ભણાવાયું હતું.

આ રીતે પૂજ્યશ્રીની મુંબઈની સ્થિરતામાં શાસનપ્રભાવનાનાં અનેકવિધ કાર્યો થયાં હતાં અને મંગલમાલા ઉત્તરોત્તર વિસ્તરતી રહી હતી.

## માટુંગામાં ચાતુર્માસ

ગોડીજીમાં ફાગણ ચાતુર્માસ કર્યા બાદ પૂજ્યશ્રીએ સુરત કલ્યાણ પાર્શ્વનાથના મંદિરની પ્રતિષ્ઠા હોવાથી ત્યાંના ટ્રસ્ટીઓનો આગ્રહ થવાથી સુરત તરફ વિહાર કર્યો. પરંતુ માટુંગા સંઘની આગ્રહભરી ચાતુર્માસ માટે વિનંતિ હોવાથી તે સ્વીકારી વચગાળાના સમયમાં પૂજ્યશ્રી સુરત વડાચૌટા પધાર્યા.

અહીં વૈશાખ સુદિ ૬ના ખૂબજ ધામધૂમપૂર્વક પ્રતિષ્ઠા થઈ. પરંતું ચોમાસાની વિનંતિ માટુંગાની સ્વીકારી હોવાથી પૂજ્યશ્રીએ ફરી મુંબઈ તરફ વિહાર કર્યો અને અષાડ સુદ ૯ ના ચાતુર્માસ માટે માટુંગામાં પ્રવેશ કર્યો.

આ ચોમાસામાં માટુંગામાં અનેકવિધ શાસન પ્રભાવનાના કાર્યો થયાં. ચોમાસાનું પરિવર્તન વડાલામાં કચ્છી ખજૂરવાલાને ત્યાં ખૂબ ધામધુમથી થયું. પરંતુ તે દરમિયાન પૂજ્યશ્રીએ સહસ્રફણા પાર્શ્વનાથ મંદિર માટે તેમજ સોપારા સોફાળા વિગેરે માટે સારો ફાળો કરાવી આપ્યો.

## પૂનામાં આચાર્યપદ પ્રદાન તથા ચાતુર્માસ

ચોમાસા બાદ પૂ. આ. શ્રી નંદનસુરીશ્વરજી મ.ની આજ્ઞાથી ઉપા. પ્રિયંકરવિજયજી મ. ઉપા. શુભંકરવિજયજી મ. તથા પન્યાસ મહિમાવિજયજી મ.ને પદવીપ્રદાન માટે પૂજ્યશ્રી પૂના પધાર્યા. પૂનામાં વિ. સં. ૨૦૨૪ પોષ વદ–૬ના દિવસે બન્ને ઉપાધ્યાયોને આચાર્યપદ પ્રદાન અને પન્યાસશ્રી માહમાવિજયજી ગણિને ઉપા. પદપ્રદાન પૂજ્યશ્રીના વરદહસ્તે ખૂબજ ધામધુમ અને અને મહોત્સવપૂર્વક થયું.

પૂનામાં અપૂર્વ શાસન પ્રભાવના કરી પૂજ્યશ્રી લોનાવાલા પધાર્યા. અહીં તેઓશ્રીની નિશ્રામાં ચૈત્રીની ઓળી ખૂબ ઉત્સાહપૂર્વક થઈ. ત્યાં તલેગામ દાભડાના સંઘની પ્રતિષ્ઠા માટે વિનંતિ થતાં સામૈયાપૂર્વક પૂજ્યશ્રી તલેગામ દાભડા પધાર્યા અહીં મહોત્સવપૂર્વક વૈશાખ સુદિ ૬ની પ્રતિષ્ઠા કરાવી. તે દરમિયાન પૂનામાં ચાતુર્માસ માટે આગ્રહભરી વિનંતિ થતાં વિ. સં. ૨૦૨૪ના ચાતુર્માસની વિનંતિ સ્વીકારી.

પૂનામાં વિ. સં. ૨૦૨૪ના ચાતુર્માસમાં અનેકવિધ ધર્મકાર્યો તો ઘણાં થયાં પણ સૌથી વિશિષ્ટ કાર્ય પૂનામાં જૈન ભોજનશાળાની સ્થાપના થઈ.

ધામધૂમપૂર્વક ચાતુર્માસ પરાવર્તન બાદ શ્રી ચોકના સંઘની પ્રતિષ્ઠા માટેની આગ્રહભરી વિનંતિ થવાથી પૂજ્યશ્રી ચોક પધાર્યા. ત્યાં વિ. સં. ૨૦૨૪ના ફાગણ માસમાં ધામધુમપૂર્વક પ્રતિષ્ઠા કરી ચૈત્રી ઓળી થાણામાં પૂજ્યશ્રીની નિશ્રામાં થઈ.

## વ્યારામાં ચાતુર્માસ

આ પછી પૂજ્યશ્રીએ ગુજરાત તરફ વિહાર કર્યો. વૈશાખ વદમાં કિમમાં પ્રતિષ્ઠા અને ચાતુર્માસાર્થે વ્યારામાં ભવ્ય સામૈયા પૂર્વક પ્રવેશ કર્યો. વિ. સં. ૨૦૨૫નું ચોમાસું પૂજ્યશ્રીએ વ્યારામાં કર્યું. ચોમાસા દરમિયાન પર્યુષણમાં ખૂબ સુંદર આરાધના અને પર્યુષણ બાદ ભવ્ય વરઘોડો શ્રી સિદ્ધચક્ર પૂજન આદિ ઘણાં ધાર્મિક પ્રભાવક કાર્યો થયાં.

## અમદાવાદમાં ચાતુર્માસ

ચાતુર્માસ પૂર્ણ થયા બાદ પૂજ્યશ્રી ગોધરા થઈ સાઠંબા પધાર્યા ત્યાં ઉપાશ્રયનો જિર્ણોદ્ધાર અને સાઠંબાથી કેસરીયાજીની યાત્રા કરી પૂ. આ. વિજયનંદનસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં વિ. સં. ૨૦૨૬નું ચાતુર્માસ પાંજરાપોળે કર્યું. પૂજ્યશ્રીની પ્રેરણાથી હઠીભાઈની વાડી, લાલાભાઇની પોળ. કૃષ્ણનગર, નગરશેઠના વંડા વિગેરેના ઉપાશ્રય માટે સારી રકમ થઇ.

ચાતુર્માસ બાદ ખંભાત માતર આદિ વિવિધ સ્થાનોમાં વિહાર અને ધર્મોપદેશ આપતા પૂજ્યશ્રીએ પુનઃ બીજુ વિ. સં. ૨૦૨૬નું ચાતુર્માસ પણ પ. પૂ. આ. દેવ વિજયનંદનસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં કર્યું.

વિ. સં. ૨૦૨૭ દરમિયાન ભાભા પાર્શ્વનાથ ડોશીવાડાની પોળની પ્રતિષ્ઠા આદિ વિવિધ કાર્યો કરી બોટાદમાં વડીલોની નિશ્રામાં પ્રતિષ્ઠા પ્રસંગ ઉપર ઉપસ્થિત રહી પૂજ્યશ્રી પાલીતાણા યાત્રા કરી ડેમની પ્રતિષ્ઠા પ્રસંગ ઉપર પધાર્યા.

## જામનગરમાં ચાતુર્માસ

અહીં જામનગરની વિનંતિ થવાથી વિ. સ. ૨૦૨૮નું ચાતુર્માસ જામનગર કર્યું. ચોમાસામાં વિવિધ ધર્માનુષ્ઠાન સાથે ઉપધાન તપ અને પૂજ્ય સૂરિસમ્રાટનો શતાબ્દિ મહોત્સવ ઉજવી પૂજ્યશ્રી ચોમાસા બાદ ગિરનાર તરફ વિહાર કરતાં જામકંડારણા પધાર્યા. અહીં પોષ દસમની સુંદર આરાધના કરાવી ધોરાજી થઇ ગિરનાર પધાર્યા. પરમાત્મા દેવાધિદેવ નેમિનાથ ભગવાનની યાત્રા કરી. આ દરમિયાન જામકંડોરણાના શ્રી પ્રભુદાસભાઈએ પોતાના પિતાજીના શ્રેયાર્થે મહોત્સવ કરવા ધારેલ તે મહોત્સવ પૂજ્યશ્રીની નિશ્રામાં ઉજવાય તેવી તેમની ભાવના થવાથી તેમનો અતિઆગ્રહ થતાં જામકંડોરણા પધાર્યા. અહીં પંચાહ્નિકા મહોત્સવમાં રંગ જમાવી પૂજ્યશ્રી જેતપુર પધાર્યા. ત્યાં મહા સુદ-૬ના પુંડરિક સ્વામિ વિ. મૂર્તિઓની પ્રતિષ્ઠા કરાવી ફાગણ સુદ ૧૩ની છ ગાઉની ગિરિરાજની સ્પર્શના કરી બોટાદમાં ચૈત્રી ઓળી કરાવી. તેવામાં નાગજી ભુદરની પોળ અમદાવાદની ચાતુર્માસની વિનંતિ થતાં પૂજ્યશ્રી અમદાવાદ નાગજી ભુદરની પોળના ઉપાશ્રયે સામૈયાપૂર્વક પધાર્યા.

## અમદાવાદ નાગજી ભુદરની પોળ તથા નવરંગપૂરાનું ચાતુર્માસ

આ ચાતુર્માસમાં વિવિધ તપો ઓચ્છવ મહોત્સવ થયા. તદુપરાંત કૃષ્ણનગરના ઉપાશ્રય માટે સારી રકમનો ફાળો થયો. આ ચોમાસામાં પાર્શ્વનાથચરિત્રના પ્રકાશન માટે પણ સારી

રકમ થઈ. આમ વિ. સં. ૨૦૨૯નું ચાતુર્માસ પૂજ્યશ્રીનું ખૂબ ધર્મપ્રભાવનાપૂર્ણ થયું.

ચાતુર્માસ બાદ પૂજ્યશ્રીની નિશ્રામાં ચાણસ્મા ભેરાળુ તારંગાદિની યાત્રા દરમિયાન ઠેક ઠેકાણે ઉત્સવ મહોત્સવ થયા.

વિ. સં. ૨૦૩૦નું ચાતુર્માસ માટે નવરંગપુરા જૈન ઉપાશ્રયની જય બોલાવેલી હોવાથી તેઓ ફરી રાજનગર અમદાવાદ પધાર્યા અને વિ. સં. ૨૦૩૦નું ચાતુર્માસ નવરંગપુરા ઉપાશ્રયે કર્યું. અહીં પણ પૂજ્યશ્રીની નિશ્રામાં ઓચ્છવ મહોત્સવ તથા તપશ્ચર્યાની વિશિષ્ટ સારી આરાધનાઓ થઈ. ચાતુર્માસ પરિવર્તન શ્રી વિમળદાસ નગીનદાસના ત્યાં ખૂબ ધામધુમપૂર્વક થયું.

પૂજ્યશ્રીની નિશ્રામાં નવરંગપુરા શ્રીસંઘે અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવાનો નિર્ધાર કર્યો. અગિયાર દિવસનો કાર્યક્રમ રાખ્યો. સવાસો જેટલી પ્રતિમાજી ભગવંતોની અંજનશલાકાવિધિ પૂજ્યશ્રીની નિશ્રામાં થઈ અને ખૂબ ધામધૂમપૂર્વક મહા સુદ ૬ના દિવસે પ્રતિષ્ઠાદિન ઉજવાયો.

આમ વિક્રમ સંવત ૨૦૩૦નું ચાતુર્માસ નવરંગપુરા ઉપાશ્રયે કર્યું. અને નવરંગપુરા શ્રી સંઘમાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવનો યાદગાર પ્રસંગ ઉજવી પૂજ્યશ્રીએ રાજકોટ તરફ વિહાર કર્યો.

રાજકોટમાં જાગનાથ પ્લોટના મંદિરમાં વૈશાખ સુદિ ૧ ની પ્રતિષ્ઠા કરાવી. આ પ્રતિષ્ઠામાં રાજકોટના વતનીઓ ઉપરાંત

નવરંગપુરા-અમદાવાદના ભાઈઓએ પણ સારો લાભ લીધો હતો.

## ઓપેરા સોસાયટીમાં ચાતુર્માસ તથા સામુદાયિક પારણા

પૂજ્યશ્રીને ચાતુર્માસ માટે ઓપેરા જૈન ઉપાશ્રયની આગ્રહભરી વિનંતિ હોવાથી તેઓ રાજકોટથી થોડા દિવસ જામનગરના જિનમંદિરોની યાત્રા કરી ઓપેરા સોસાયટી ઉપાશ્રયે ધામધુમપૂર્વક ચાતુમાસાર્થે પધાર્યા વિ. સં. ૨૦૩૧નું ચાતુર્માસ. ઓપેરા સોસાયટીમાં થયું. આ ઉપાશ્રય બંધાયા પછી પૂજ્યશ્રીનું પ્રથમ ચાતુર્માસાર્થે હતું. જેને લીધે સંઘમાં ખૂબ ઉત્સાહ અને ધર્મભાવના હતી. આ ચાતુર્માસમાં ખેરાળુના ઉપાશ્રય માટે સારી રકમનો ફાળો થયો તદુપરાંત વિવિધ તપશ્ચર્યાઓ થઈ અને પાલડી વિસ્તારમાં અઠ્ઠાઈ અને તે ઉપરાંત તપશ્ચર્યા કરનારના સામુહિક પારણાં થયાં. તથા પંચાહ્નિકા મહોત્સવ ઉજવાયો.

ચાતુર્માસ પરિવર્તન બાદ વિ. સં. ૨૦૩૨ના માગશર સુદિ ૧૦ના અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ સાબરમતીમાં પૂ. આ. શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મ. સા. તથા પૂ. આ. કસ્તુરસૂરીશ્વરજી મ સા.ની શુભનિશ્રામાં ઉજવાતો હોવાથી ત્યાં પધાર્યા.

## પેટલાદમાં પ્રતિષ્ઠા

અહીં પૂજ્યશ્રીને બાપુનગરના શ્રીસંઘે દહેરાસરની શિલાસ્થાપન મુહૂર્ત પ્રસંગે આગ્રહભરી વિનંતિ થવાથી તેઓશ્રી બાપુનગર પધાર્યા. આ કાર્ય પૂર્ણ થાય ત્યાં તો તેમને પેટલાદ

શ્રીસંઘની મનમોહન પાર્શ્વનાથ ભગવાનના દહેરાસરની મહા સુદ ૬ની પ્રતિષ્ઠા માટે આગ્રહ થયો તેથી તેઓશ્રી અત્યુત્તમ કાર્યપ્રસંગે પેટલાદ પધાર્યા. અહીં તેઓશ્રીની નિશ્રામાં ખૂબજ મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠાનું કાર્ય સુસંપન્ન થયું.

પેટલાદમાં પૂજ્યશ્રી પ્રતિષ્ઠા પ્રસંગે છે. તે જાણી શ્રી ખંભાતના ભાઈઓએ ખંભાત પધારવા પૂજ્યશ્રીને વિનંતિ કરી જેથી પૂજ્યશ્રી ખંભાત પધાર્યા અને અહીં ફાગણ સુદ–૫ના ધામધુમપૂર્વક પ્રતિષ્ઠા કરાવી.

## પૂજ્ય વડીલ ગુરૂવર્યોના કાળધર્મ નિમિત્તોના મહોત્સવમાં હાજરી

પ. પૂ. જ્યોતિર્વિશારદ આ. દેવ વિજયનંદનસૂરીશ્વરજી મ. તથા પ. પૂ. પ્રાકૃતવિશારદ ગુરૂદેવ વિજયકસ્તુરસૂરીશ્વરજી મ. ના સ્વર્ગવાસ નિમિત્તે જેઠ વદ–૧૦થી અષાડ સુદ–૭ સુધીનો તેર દિવસનો મહોત્સવ પાંજરાપોળના ઉપાશ્રયે ઉજવવાનો હોવાથી પૂજ્યશ્રી ખંભાતથી અમદાવાદ પધાર્યા આ મહોત્સવ પૂજ્યશ્રી ઉપરાંત પૂ. આ. ધર્મધુરંધરસૂરિજી; પૂ. આ. પ્રિયંકર-સૂરિજી, પૂ. આ. પરમપ્રભસૂરિજી, પૂ. આ. ચંદ્રોદયસૂરિજી, પૂ. આ. કીર્તિચંદ્રસૂરિજી મ. નિશ્રામાં ઉજવાયો હતો.

ઉત્સવ બાદ પૂજ્યશ્રીને સૌજપુર કૃષ્ણનગર નરોડાની ૨૦૩૨ના ચાતુર્માસાર્થે વિનંતિ હોવાથી તેઓ કૃષ્ણનગર પધાર્યા. અહીં પર્યુષણાદિમાં વિશિષ્ટ ધર્મકાર્યો થયાં. તદુપરાંત ઉપધાન તપ પ્રારંભ આસો સુદ–૧૦મે થયો. ચાતુર્માસ પરિવર્તન સૌજ-

પુર ફદેલીમાં ખૂબ શાનદાર રીતે થયું. ઉપધાન માલારોપણ માગશર સુદ–૩ના રોજ મહોત્સવપૂર્વક થયું. તથા શાંતિનાથ ચરિત્રનું પ્રકાશન થયું.


## કૃષ્ણનગરમાં ધર્મભાવના

કૃષ્ણનગરમાં ધાર્મિકપ્રભાવક કાર્યો કરી પૂજ્યશ્રી નગરશેઠના વંડામાં શાસનસમ્રાટશ્રીના આચાર્યોની નિશ્રામાં શાનદાર ઉજવાતા ઉપધાન મહોત્સવમાં હાજર રહ્યા બાદ સોજીત્રામાં ફાગણ સુદ–૩ના પૂજ્ય ગુરૂમહારાજની પાદુકાના પ્રતિષ્ઠા મહોત્સવમાં પધાર્યા.


## સોજીત્રામાં ગુરૂપાદુકા પ્રતિષ્ઠા મહોત્સવ

સોજીત્રામાં પૂજ્ય ગુરૂદેવ આ. શ્રી કસ્તુરસૂરીશ્વરજી મ. કાળધર્મ પામ્યા હોવાથી ત્યાં ગુરૂપાદુકા બનાવવામાં આવી હતી. પાદુકાનો પ્રતિષ્ઠા મહોત્સવ શાસનસમ્રાટના આચાર્ય ભગવંતોની નિશ્રામાં ખૂબજ શાનદારરીતે ઉજવાયો હતો. અહીં ગુરૂભગવંતની પાદુકાની પ્રતિષ્ઠાસંપન્ન કરી પૂજ્યશ્રી અમદાવાદ. વિતરાગ સોસાયટી–પરમાનંદ જૈન સંઘના ઉપાશ્રય ચાતુર્માસાર્થે પધાર્યા. આ ચોમાસામાં વિવિધ તપશ્ચર્યાઓ ઉપરાંત શ્રીસંઘના કેટલાક ખાતાઓમાં તોટો હતો તે તેમના ઉપદેશથી પૂર્ણ કર્યો અને સાધારણ ખાતામાં બાવીસ હજાર જેવી સારી રકમ તેમના ઉપદેશથી કરાવી આપવામાં આવી.

ચાતુર્માસ પરિવર્તન નવીન સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝવાળા છોટાલાલ મોહનલાલ ત્યાં ધર્મેન્દ્ર સોસાયટીમાં ખૂબ ધામધુમ પૂર્વક કર્યું.




સં. ૨૦૩૦ અષાઢ સુદ ૧૦ ના પાંજરાપોળ ઉપાશ્રયે પૂ. આ.
વિ. નંદનસૂરિજી મ. સા. તથા પૂ. આ. વિ. યશોભદ્રસૂરિજી
મ. સા. ઉપાધ્યાય સૂર્યોદયવિજયજી મ. સાહેબને આચાર્ય
પદની ક્રિયા કરાવે છે તે પ્રસંગનું એક દૃશ્ય.



પૂ. આ. વિ. નંદનસૂરિજી મ. સા. પૂ. આ. વિ. યશોભદ્રસૂરિજી મ. સા. પૂ. આ. વિ. પ્રિયંકરસૂરિજી મ. સા. પૂ. આ. વિ. કીર્તિચંદ્રસૂરિજી મ. સા. પૂ. આ. વિ. સૂર્યોદયસૂરિજી મ. સા. આદિઠાણા કેશુભાઇ વકીલને ત્યાં પગલા કરવા પધારે છે તે વખતનું એક દૃશ્ય.



જામનગરના ઉપધાન મંડપમાં પ્રવેશ કરતા પૂ. ચરિત્રનાયક
સં. ૨૦૨૮ આસો સુદ ૧૦



સં. ૨૦૧૩ વૈ. સુદ ૫ બેંગલોરથી ચરિત્રનાયકનો એલ્ગુન્ડ
પાલીયમ તરફ વિહાર



સં. ૨૦૩૩ માં કૃષ્ણનગરમાં માગશર સુદ ૩ના માળારોપણનું દૃશ્ય. જેમાં પૂ. આ. વિ. યશોભદ્રસૂરિજી મ. તથા પૂ. આ. વિ. ધર્મધુરંધરસૂરિજી મ. સા. તથા પહેલી માળારોપણ પહેરનાર સુધાબહેન છનાલાલ શાહ



વિ. સં. ૨૦૩૪ માં ચાતુર્માસ પરિવર્તન પ્રસંગે વિતરાગ સોસાયટી નજીક આવેલ ધર્મેન્દ્ર સોસાયટીમાં નવીન ફરનીચરવાળા શ્રી છોટાલાલભાઇ તથા પૂ. આ. વિ. યશોભદ્રસૂરિજી મ. સા.



મહાવીર જૈન સોસાયટી-ગોધરામાં આવેલ
શ્રી યશોભદ્રશુભંકર જ્ઞાનશાળા



જમણીબાજુથી તારાચંદ શામજી ધરમશી, (કચ્છસુથરી) પૂ. આ. વિ. યશોભદ્રસૂરિજી મ., પૂ. ગણિ. શ્રેયાંસવિજયજી મ., જયંતકુમાર તારાચંદ ધરમશી, હિતેશ રમણીકલાલ શાહ, વી આઈ. પટેલ (નાયબ ઇજનેર) પાછળ પૂ. મુનિ વિદ્યાચંદ્રવિજયજી મ., સોનબાઈ શીવજી, નિર્મળાબેન તારાચંદ ધરમશી

## બોરસદમાં અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવ

આ પછી પૂજ્યશ્રી વિશ્વનંદીકર સંઘના ઉપાશ્રયે ભગવાન-નગરના ટેકરે પધાર્યા. અહીં મુનિશ્રી શ્રેયાંસવિજયજી મ. તથા પૂ. આ. શ્રી કીર્તિચંદ્રસૂરીશ્વરજીના શિષ્ય મુનિશ્રી જયકીર્તિવિજયજી મ.ને ભગવતીસૂત્રના યોગમાં પ્રવેશ કરાવ્યો.

બોરસદમાં વૈશાખ સુદ-૩ના અંજનશલાકા તથા પ્રતિષ્ઠા ભવ્ય મહોત્સવ ઉજવવાનો હોઈ પૂજ્યશ્રીને આગ્રહભરી વિનંતિ થઈ તેથી તેઓશ્રી બોરસદ પધાર્યા. આ મહોત્સવમાં પૂજ્યશ્રીની સાથે પૂ. આ. શ્રી વિજયદેવસૂરીશ્વરજીમ.ના પૂ.આ. શુભંકરસૂરિજી, પૂ. આ. કીર્તિચંદ્રસૂરિજી પૂ. આ. સૂર્યોદયસૂરિજી આદિ હતા. આ ઉત્સવ દરમિયાન મુનિશ્રી શ્રેયાંસવિજયજી તથા મુનિશ્રી જયકીર્તિવિજયજીને ગણિપદથી વિભૂષિત કરવામાં આવ્યા હતા. વધુમાં બે બહેનોની દીક્ષા પણ ખૂબ ધામધૂમ પૂર્વક થઈ હતી.

ત્યારબાદ અમદાવાદ પધારતાં પૂ. આ. ધુરંધરસૂરિજી મ.ના સ્વર્ગવાસ નિમિત્તે ભવ્ય મહોત્સવ પાંજરાપોળના ઉપાશ્રયે ઉજવાયો ત્યાં પધાર્યા.

## ગોધરામાં વિવિધ ધર્મભાવના

ચાતુર્માસની વિનંતિ ગોધરા શ્રીસંઘની હોવાથી ઉત્સવની પૂર્ણાહુતિ બાદ પૂ. આ. શુભંકરસૂરિજી મ. આદિની સાથે ગોધરા ચાતુર્માસાર્થે પધાર્યા. આ ચાતુર્માસમાં વિવિધ તપોની આરાધના,

પાંચ દિવસના બે મહોત્સવો, સંઘપૂજા, સ્વામિવાત્સલ્યો, બાળકોની શિબિર, ઉપદેશપ્રાસાદ ભાગ-૧નું પ્રકાશન આદિ વિવિધ ધર્મકાર્યો થયાં.

ચાતુર્માસ બાદ પરોલી તીર્થની યાત્રા અને યાત્રા પછી પૂનઃ ગોધરા આવી મૌનએકાદશીની આરાધના તથા માગસર વદ-૧ની દહેરાસરની સાલગિરિ ઉજવી બાલાસિનોર સાઠંબા દહેગામ થઇ અમદાવાદ પધાર્યા.

## ખાનપુરમાં ચાતુર્માસ તથા ગણિપદપ્રદાન

અમદાવાદમાં કીકાભટની પોળે ફાગણ સુદ-૨ના પ્રતિષ્ઠા લુણસાવાડે ચૈત્ર વદ-૧૩ની પ્રતિષ્ઠા આદિ કાર્ય સંપન્ન કરી પૂજ્યશ્રી મુનિશ્રી વિદ્યાચંદ્રવિજયજીના પારણા પ્રસંગે કૃષ્ણનગર પધાર્યા. અહીં ત્રણ દિવસની સ્થિરતા બાદ મોડાસા જેઠ સુદ-૬ ના પ્રતિષ્ઠા પ્રસંગે પધાર્યા. અહીં ચાર ભગવાનની ખૂબજ મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા સંપન્ન કરી ખાનપુર સંઘની વિનંતિથી ચાતુર્માસાર્થે માકુભાઈ શેઠના બંગલે પધાર્યા. આ ચાતુર્માસ દરમિયાન પૂ. મુનિશ્રી પાર્શ્વચંદ્રવિજયજી મ. પૂ. મુનિશ્રી મહાબલવિજયજી મ. તથા પૂ. મુનિશ્રી રત્નપ્રભવિજયજી મ.ને મહાનિશીથસૂત્રના યોગોદ્વહન કરાવી ૨૦૩૬ના માગસર વદ-૨ના બન્ને મુનિઓને ગણિપદથી વિભૂષિત કર્યા.

## આયંબિલ ભવનનું ઉદ્ઘાટન

ચોમાસા બાદ પાંજરાપોળના ઉપાશ્રયે થોડો વખત સ્થિરતા કરી પાલીતાણા તરફ પધાર્યા ત્યાં યાત્રા કરી વૈશાખ

વદમાં ભાવનગરમાં આયંબિલભવનનું ઉદ્ઘાટન હોવાથી ત્યાં પધાર્યા. અહીં પૂ. શાસનસમ્રાટશ્રીના આચાર્ય ભગવંતોની નિશ્રામાં ભવ્યસમારોહપૂર્વક ઉદ્ઘાટન થયું આ પ્રસંગે અર્હદ મહાપૂજન આદિ વિવિધ પૂજનો થયાં.

## અમદાવાદ વિજયનગરમાં ઉત્સવ

પૂજ્યશ્રી આયંબિલભુવન ઉદ્ઘાટનવિધિ સમારોહ પૂર્ણ થયા બાદ અમદાવાદ પધાર્યા. જેઠ સુદ-૧ના વિજયનગર દહેરાસરની સાલગિરિ નિમિત્તે પાંચ દિવસનો ઉત્સવ પૂજ્યશ્રીની નિશ્રામાં ઉજવાયો.

## પાંજરાપોળમાં છેલ્લું ચાતુર્માસ

જેઠ વદ-૧૦ના રોજ સામૈયાપૂર્વક ચાતુર્માસાર્થે પાંજરા પોળે પૂજ્યશ્રી પધાર્યા. આ તેમના જીવનનું છેલ્લું ચાતુર્માસ નિર્માયું હતું. તેઓશ્રીની પ્રેરણાથી નગરશેઠના વંડાનો ઉપાશ્રય, હઠીભાઈની વાડીનો ઉપાશ્રય વિ. સ્થળોએ દેવદ્રવ્ય વિગેરેની સારી ઉપજ થઈ હતી. ઉપદેશ તરંગિણી ભાષાંતરનું પ્રકાશન અને ધાર્મિક શિક્ષણ શિબિર પણ દીવાળીના વેકેશન દરમિયાન યોજાઈ હતી.

ચાતુર્માસ પરિવર્તન પંચાહ્નિકા મહોત્સવપૂર્વક આંબલી પોળના ઉપાશ્રયે થયું હતું.

પોષ વદ-૧ના રોજ દેવા મુકામે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ભણાવવાપૂર્વક નૂતન ઉપાશ્રયનું ઉદ્ઘાટન પૂજ્યશ્રીની નિશ્રામાં સારી રીતે થયું હતું.

## ખેડામાં સિદ્ધચક્રપૂજન નિમિત્તે વિહાર અને અકસ્માત્

ખેડા વર્તમાનના તંત્રી બાબુભાઈ મણીલાલ શેઠે ખેડામાં શ્રી સિદ્ધચક્રપૂજન આદિ તેમની નિશ્રામાં ભણાવવાની કુંમકુંમ પત્રિકા કાઢી હતી. પૂજ્યશ્રીએ સિદ્ધચક્રનું ધ્યાન ધરતા મહા સુદ ૧૨ના વિહાર કર્યો. તેરસે બારેજા પધાર્યા. ચૌદસે સવારે બારેજાથી ખેડા જવા વિહાર કર્યો. સ્કુટરસવાર પૂજ્યશ્રીને અથડાયો. અકસ્માત્ થયો. અકસ્માત્ કરનાર સ્કુટરચાલકને લોકોએ પકડયો પરંતુ પૂજ્યશ્રીએ ભાનમાં હોવાથી તેને હેરાન નહિ કરવાનું કહ્યું અને તેને છોડી દીધો. તે પૂજ્યશ્રીને પગે લાગ્યો. પૂજ્યશ્રીએ તેને ક્ષમા આપી તે ગળગળો બની પૂજ્યશ્રીને પગે લાગી તેમની કરૂણાને બિરદાવતો ચાલ્યો ગયો. પણ આચાર્ય મહારાજ બેભાન બની ગયા. વાડીલાલ સારાભાઈ હોસ્પીટલમાં લાવવામાં આવ્યા. સમાચાર વીજળીવેગે સારા અમદાવાદમાં પ્રસર્યા. શહેરમાંથી અને પરામાંથી ભાવિકો ઉપરાંત પૂ. આ. દેવેન્દ્રસાગરસૂરિજી, પૂ. આ. પ્રિયંકર-સૂરિજી પૂ. આ. ભાનુચંદ્રસૂરિજી મ. પૂ. આ. મહિમાપ્રભસૂરિજી મ. આદિ આચાર્યપુંગવો મુનિઓ સાધ્વીજી મહારાજો જેમણે સમાચાર સાંભળ્યા તે બધા હોસ્પીટલમાં એમની સુખશાતા પુછવા આવ્યા.

## ગુરૂભગવાનનું અંતિમ દર્શન

અકસ્માત્‌ના સમાચાર સાંભળતાં જ પૂ. ગણિવર્ય શ્રેયાંસ-ચંદ્ર વિજયજી, પૂ. મુનિરાજ રત્નપ્રભવિજયજી, પૂ. મુનિરાજ ચંદ્રગુપ્તવિજયજી પૂ. મુનિરાજ પ્રકાશચંદ્રવિજયજી આદિ તો પરિચર્યામાં હાજર થઈ ગયા હતા. હઠીસીંગ કેસરીસીંગ ટ્રસ્ટના

ટ્રસ્ટીઓ પંકજભાઇ વિ. કુલચંદભાઈ સલોત, છોટાલાલભાઈ નેમાણી, અજીતભાઈ, બાબુભાઈ ટમટમ, કાંતીભાઇ, પ્રફુલભાઇ, અવનીશભાઈ ફડીયા વિગેરે ગૃહસ્થો પણ સતત હોસ્પીટલમાં પૂજ્ય આચાર્ય ભગવંતની સેવામાં ઉપસ્થિત રહ્યા.

## પૂ. આ. મહારાજનું નિર્વાણ અને નિહરણ યાત્રા

'તુટી તેની બુટી નહિ' બરાબર સાંજના ૫–૧૦ મિનિટે પૂ. આ. ભગવંતે સંઘને નિરાધાર મૂકી સિદ્ધચક્ર પૂજનના ઉત્સવમાં જતા હતા તે ધ્યાનમાં ખોવાઈ આ નશ્વર દેહને નશ્વર જગત્‌માં છોડી સ્વર્ગે સંચર્યા. તેમના દેહને પાંજરાપોળે લાવવામાં આવ્યો. જરીયાન સુંદર પાલખી બનાવવામાં આવી અને મહા સુદ-૧૫ના દિવસે જે ટાઈમે સિદ્ધચક્રપૂજન ભણાવવાનું હતું તે ટાઇમે તેમની 'જય જય નંદા જય જય ભદ્દા'ની ઉદ્‌ઘોષણા કરતી હજારો મનુષ્યોની નિહરણ યાત્રા નીકળી રાજનગર અમદાવાદના મોટા પહોળા માર્ગો પણ ભક્તવર્ગની અવરજવર માટે સાંકડા બન્યા. લશ્કરી બેન્ડના અવાજો એ જૈનેતરોને પણ તે પૂજ્યપુરૂષના દર્શન કરી કૃતાર્થ બનતા બનાવ્યા. સ્મશાન માનવમેદનીથી ઉભરાયું. તેમના કાકાના પિત્રાઈ ભાઈ લખમશી ઘેલાભાઈએ 'જય જય નંદા જય જય ભદ્દા'ના અવાજો વચ્ચે અગ્નિદાહ દીધો.

## ચતુર્વિધસંઘનું દેવવંદન

પાંજરાપોળના ઉપાશ્રયે દેવવંદન થયું. પૂ. આ. પ્રિયંકરસૂરિજી, પૂ. આ. મહિમાપ્રભસૂરિજી, પૂ. આ. ભદ્રંકરસૂરિજી,

પૂ. આ. ભુવનભાનુસૂરિજી આદિએ તેમના ગુણાનુવાદ કર્યા.

## ગુણાનુવાદ સભા

મહા વદી ૭ના રોજ સકળસંઘની સભા પાંજરાપોળના ઉપાશ્રયે યોજાઇ. આ સભામાં પૂ. આ. દેવેન્દ્રસાગરસૂરિજી, પૂ. આ. પ્રિયંકરસૂરિજી, પૂ. આ. મહિમાપ્રભસૂરિજી, પૂ. આ. કીર્તિચંદ્રસૂરિજી પૂ. પ. હેમપ્રભવિજયજી, પૂ. ગણિવર્ય શ્રેયાંસ-વિજયજી, પૂ. મુનિ રત્નપ્રભવિજયજી મ. મફતલાલ પંડિત. શેઠશ્રી શ્રેણિકભાઈ, રમણલાલ સકરચંદ, કૃષ્ણનગરના ભાઇઓ ભીખાભાઇ તથા નવીનભાઇ વિગેરેએ ગુણાનુવાદ કર્યા.

ચતુર્વિધ સંઘની સભામાં ગુણાનુવાદ ઠરાવ થયો.

## કાળધર્મ નિમિત્તે મહોત્સવ

પૂજ્યશ્રીના કાળધર્મ નિમિત્તે ૨૪–૫–૮૧ વૈશાખ વદ-૫ રવિવારથી ૯ દિવસનો સિદ્ધચક્રપૂજન અને શાંતિસ્નાત્ર સહિત મહોત્સવ રાખવામાં આવ્યો. પૂજાઓ જુદા જુદા ભાઈઓ તરફથી રાખવામાં આવી. સિદ્ધચક્ર પૂજન અને શાંતિસ્નાત્ર ઘેલાભાઈ લીલાધરના કુટુંબ તરફથી રાખવામાં આવ્યું હતું. રોજ પ્રભાવના અને ભારે આંગી થતી હતી આ મહોત્સવ પૂ. આ. મોતીપ્રભસૂરિજી મ. પૂ. આ. પ્રિયંકરસૂરિજી મ. પૂ. આ. મહિમાપ્રભસૂરિજી મ. પૂ. આ. કીર્તિચંદ્રસૂરિજી મ. પૂ. આ. નીતિપ્રભસૂરિજી મ. આદિની નિશ્રામાં સંપન્ન થયો

પૂ. ગણિવર્ય શ્રયાંસચંદ્રવિજયજી તથા પૂ. મુનિવર્ય રત્નપ્રભવિજયજીની પ્રેરણા તેમાં મુખ્ય હતી.

કાંતિભાઈ ગાંડાલાલ તથા કાંતિભાઈ પાલણપુરવાળાની જહેમત અનુમોદનીય હતી.

પૂજ્ય આ. મ. તો ગયા પણ તેમનો નિરીહસ્વભાવ-સ્પષ્ટ વકતૃત્વપણું, ગુણાનુરાગ અને લોકોપકારતા આદિ ગુણો જેના જેના પરિચયમાં આવ્યા તે બધા કંઈ કાળસુધી સંભાર્યા કરશે અને તેમણે તેમના પવિત્ર સંયમ જીવન દરમિયાન કરાવેલા પ્રતિષ્ઠા, ઉપાશ્રયો અને અનેકવિધ ધાર્મિક કાર્યો તેમને તેવાને તેવા જીવંત રાખશે. આજે તેમનો પાર્થિવ દેહ નથી પણ તેમની જીવનની કૃતિઓ વર્ષોના વર્ષો સુધી તેમને જીવંત રાખશે.

વંદન હો તે પૂ. આ. ભગવંત યશોભદ્રસૂરિને.

## પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રી યશોભદ્રસૂરિશ્વરજી મ. સા. ના કાળધર્મ અંગે આવેલા શોકસંદેશા

### ૧–૫. પૂ. આચાર્ય મહારાજ મોતીપ્રભસૂરિ મહારાજ

ગોડીજી જૈન ઉપાશ્રય, ભાવનગર
મહા સુદ-૧૫

દિલગિરિ સાથે જણાવવાનું કે આચાર્ય યશોભદ્રસૂરિજી મહારાજને કાંઈક અકસ્માત્ થતાં તેઓની તબિયત ગંભીર થતાં વી. એસમાં દાખલ કરેલ ને સાંજના સમાધિપૂર્વક કાળધર્મ પામ્યાના સમાચાર એકાએક જાણીને ખૂબ જ દિલગીર થયા

છીએ. તેમના જવાથી આપણા સમુદાય તથા શાસનને ખોટ પડી છે. શાસનદેવ તેમના આત્માને શાંતિ આપે.

આચાર્યવિજય મોતિપ્રભસૂરિ મ. તથા
આચાર્યવિજય નયપ્રભસૂરિ મ આદિ ઠાણા-૪

૧-પૂ. આ. શુભંકરસૂરિજી મ. પૂ. આ. સૂર્યોદયસૂરિ મ. આદિ

ગોડીજી જૈન ઉપાશ્રય ૧૨, પાયધુની મુંબઈ-૩

તા. ૧૯-૨-૮૧

પૂજ્ય આચાર્ય મહારાજશ્રી યશોભદ્રસૂરીશ્વરજીનાં અકસ્માત્‌થી થયેલ કાળધર્મનાં સમાચાર જાણી ઘણો ઊંડો આઘાત લાગેલ છે.

ગોડીજી ભાયખલા તથા અન્ય સ્થળે દેવવંદન આદિ કરેલ છે. ને મહોત્સવ થશે.

ગોડીજીમાં મહા વદ ૧૦ના ગુણાનુરાગની સભા રાખેલ છે. ત્યાં પણ ગુણાનુરાગની સભા સારી રીતે થાય તેવું કરશો.

પૂજ્યશ્રીના કાળધર્મથી આપણને સૌને આઘાત લાગેજ. પણ શું થાય. આ પ્રસંગ જ એવો છે.

પૂજ્યશ્રીમાં જે સરળતા નિખાલસતા ઉદારતા ગુણગ્રાહિતા આદિ અનેક ગુણો હતા. કોઈનું પણ કરી છુટવાની ભાવના શાસન માટે તેમજ નાના મોટા સ્થાનો માટે જે લાગણી હતી તે બહુ જ અનુમોદનીય અને અનુકરણીય હતી તેમાંના થોડા પણ ગુણ

આપણામાં આવે. તેઓશ્રી જ્યાં હોય ત્યાંથી આપણને આશિ-
ર્વાદ આપે.

વિજય શુભંકરસુરિ
વિજય સૂર્યોદયસુરિ
મુનિ શિલચંદ્રવિજય આદિ

## ૩–પૂ. આ. ચંદ્રોદયસૂરિ મહારાજ

કોસંબા, મહા વદ–૩ શનિ

ભાવિમિથ્યા કોઈ કરી શકતું નથી. પરંતુ એકાએક આ રીતની પરિસ્થિતિથી દુઃખ થાય. પૂજ્ય વિજ્ઞાનસૂરિજીના પરિવારમાં અમો પરસ્પર હકિકતોને સમજી શકતા. પણ મારે હવે તે વ્યક્તિની ખોટ પડી.

વિ. ચંદ્રોદયસૂરિ

## ૪–પૂ. આ. કૈલાસસાગરસૂરિ મહારાજ

આચાર્યશ્રી વિજય યશોભદ્રસૂરિજી મ. કાળધર્મ પામ્યાના સમાચારથી અમોને દિલગિરિ થયેલ છે. તેઓશ્રીએ લાંબો દીક્ષાપર્યાય પાળી અનેક દેશોમાં શાસન પ્રભાવના કરી છે.

કૈલાસસાગરસૂરિ

## ૫–પૂ. આ. પદ્મસાગરસૂરિ મહારાજ

બેલારી (કર્ણાટક) તા. ૯-૩–૮૧

પૂજ્ય આચાર્ય દેવ યશોભદ્રસૂરીશ્વરજી મ. સા. શાસન પ્રભાવક હતા. અમારા માટે તથા શાસન માટે અત્યંત દુઃખદાયક છે. જેની ખોટ શાસનમાં પુરાય તેમ નથી.

આચાર્ય પદ્મસાગરસૂરિ

## ૬—પૂ. આ. કીર્તિચંદ્રસૂરિ મહારાજ

પેટલાદ

પરમપૂજ્ય આચાર્યશ્રી વિજય યશોભદ્રસૂરીશ્વરજી મ. સા. વિહાર કરીને ખેડાના પ્રસંગ નિમિત્તે જતાં બારેજા પાસે સ્કુટર મારફત એકસીડન્ટ થતાં કાળધર્મ પામ્યા છે. તેવા સમાચાર મળતાં ઘણો જ આઘાત લાગ્યો. અને તેના કરતાં પણ તમોને ઘણો આઘાત લાગે છતાં તેમાં આપણો કોઇ ઉપાય નથી. આપણા સમુદાયના એક વડિલ અને મહા પ્રભાવિક આચાર્ય ભગવંત જવાથી આપણને બધાને મહાન ખોટ પડી છે. તે પુરાય તેમ નથી. આચાર્ય કીર્તિચંદ્રસૂરિ

## ૭—પૂ.આ. અશોકચંદ્રસૂરિ મ. પૂ. આ.જયચંદ્રસૂરિ મ.

પાર્લા (ઇસ્ટ) મુંબઈ—૫૭

મહા વદ–૧

ચૌદસના સંધ્યા સમયે ભાયખલાથી સમાચાર આવ્યા કે આપણે આપણું શિરછત્ર ગુમાવ્યું. જાણી ઘણો આઘાત થયો.

તેઓ પોતાના જીવનમાં અંજનશલાકા પ્રતિષ્ઠા ઉપધાનાદિ ઘણા કાર્યો કરી ગયા.

આવતા રવિવારે ગુણાનુવાદ તથા શ્રી સિદ્ધચક્ર પૂજનાદિ રાખેલ છે. આચાર્ય વિજય અશોકચંદ્રસૂરિ

આચાર્ય વિજય જયચંદ્રસૂરિ

પંન્યાસશ્રી અજિતચંદ્રવિજયજી

ગણિવર્ય નરચંદ્રવિજયજી

## ૮–પૂ. ઉ. વિજયચંદ્રવિજયજી ગણિવર

કરચેલીયા (વાયા મહુવા)
મહા વદ-પ મંગળવાર

સ્વ. પૂજ્યપાદ યશોભદ્રસૂરિજી મ. સમાધિપૂર્વક કાળધર્મ પામતાં ભવ્ય સ્મશાન યાત્રા, શાસન પ્રભાવનાપૂર્વક નિકળી તે જાણી સંતોષ.

પૂજ્યશ્રી નિમિત્તે મહોત્સવ નક્કી થયો હશે. અત્રે સંઘમાં મહા સુદ ૧૫ સવારે દેવવંદન તથા રાત્રે શોકસભા ભરાઈ હતી. તેમાં સ્વર્ગસ્થના ગુણાનુવાદ કરી મહા વદ-૧૧ને સોમવારે ૮૧ આયંબિલ તથા સંઘ તરફથી ભવ્ય આંગી પૂજા ભણાવવાનું નક્કી થયું છે.

ઉપાધ્યાય વિજયચંદ્રવિજયજી ગણિ

## ૯–પૂ. ગણિવર શ્રી પ્રદ્યુમ્નવિજયજી મ.

કોઠ મહાવદ-૩

આજે અત્રે તમારો પત્ર મળ્યો. બહુ દુઃખદાયક બની ગયું. સાવ અચાનક જ થયું.

આપણા સમુદાયની આગલી બીજી હરોળ પણ હવે અસ્ત થવા માંડી. આપણે દિવસે દિવસે રંક બનતા જઈએ છીએ.

શાસનદેવને પ્રાર્થના છે કે આપણો સમુદાય સત્વરે

સમૃદ્ધ બને, અને સંખ્યાની કે સંપની આપણને ક્યારેય ખોટ ન પડે.

ગણિવર્ય પ્રદ્યુમ્નવિજય

## ૧૦–પૂ. ઉપા. ચંદ્રવિજયજી ગણિ તથા પૂ. મુનિ પાર્શ્વચંદ્રવિજયજી ગણિ

કરચેલીયા તા. ૧૯-૨-૮૧
(જી. સુરત)

આજરોજ સવારે ૮ વાગે ગુજરાત સમાચારમાં પૂજ્ય યશોભદ્રસૂરિજી મ. બારેજા રોડ ઉપર અકસ્માતથી કાળધર્મ પામ્યા શોક થયો છે. ભાવિભાવ થયા જ કરે છે. આજરોજ સવારે સંઘ સહિત દેવવંદન કરી શોકસભા રાખી છે. કરચોલીયા સંઘમાં તેમનો ઘણોજ ઉપકાર છે.

પૂજ્યશ્રીના કાળધર્મથી આપણા પૂ. વિજ્ઞાનસૂરિજી મ.ના સમુદાયમાં મહાન ખોટ પડી છે.

ઉપાધ્યાય ચંદ્રવિજયજી ગણિ
પાર્શ્વચંદ્રવિજયજી ગણિ

## ૧૧–પૂ. મુનિ દેવેન્દ્રવિજયજી ગણિ

અંબાજીનો ચોક
બોટાદ તા. ૧૯–૨–૮૧

પૂજ્યશ્રી યશોભદ્રસૂરીશ્વરજી મ. સાના કાળધર્મનાં સમાચાર જાણી અમોને ઘણો ઊંડો આઘાત લાગ્યો છે. ગુરૂદેવના

છેલ્લા દર્શન અમોએ ભાવનગરમાં કર્યા હતા. તેઓશ્રીની ભક્તિ તમોએ છેવટ સુધી કરી. અમારા કમભાગ્ય અમારાથી તેમની સેવા થઈ શકી નહિ. શાસનદેવ તેમનાં આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના.

મુનિ દેવચંદ્રવિજય ગણિવર્ય
મુનિ સુમતિચંદ્રવિજજી

## ૧૨–પૂ. અશોકસાગરજી ગણિ

નેમુભાઈની વાડી જૈન ઉપાશ્રય
ગોપીપુરા, સુરત તા. ૨૩–૨–૮૧

છાપા મારફત પૂજ્યપાદ શાસન શણગાર આચાર્ય ભગવંત શ્રી યશોભદ્રસૂરીશ્વરજી મ. શ્રીના અકસ્માત્‌થી કાળધર્મ પામ્યાના સમાચાર વાંચી અત્યંત ખેદ થયો.

તેઓશ્રીનો શાસન ઉપરનો રાગ અનહદ હતો. ગત સાલ મારી સાથે સાબરમતીમાં તેઓશ્રીએ આજે ચાલી રહેલા સંઘ વ્યવસ્થા અંગે મહત્ત્વની વાતો મને સમજાવેલ. ખરેખર તેઓશ્રી સાહસિક તથા શાસન દાઝ ધરાવતા હતા.

અશોકસાગર ગણિ

## ૧૩–પૂ. મુનિ મહોદયસાગરજી

વડોદરા તા. ૨૪–૨–૮૧

પ. પૂ. સ્વ. ગુરૂદેવ આચાર્યશ્રી કે સ્વર્ગગમનકા વિગતવાર અહેવાલ પત્ર મુઝે મિલા. ક્યા કરેં હમારી પુણ્યાઈ કમ હૈ. ૨૫ વર્ષ કા સમય નિકલ ગયા. દર્શન ભી નહિ કર સકે. ખરતરગચ્છાચાર્ય ઉદયસાગરજી મ.ના શિષ્ય મુનિ મહોદયસાગર.

## ૧૪–પૂ. મુનિ ચંદ્રોદયવિજયજી મ.

કોસંબા મહા સુદ–૧૫

આજરોજ સંદેશ પત્રમાં આપણા વડીલ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી યશોભદ્રસૂરીશ્વરજી મ.ને બારેજા જતાં સ્કુટરથી એક્સીડન્ટ થયો અને વી. એસ.માં કાળધર્મ પામ્યાના સમાચાર વાંચી પારાવાર દુઃખ થયું.

મુનિ ચંદ્રોદયવિજય

## ૧૫–પૂ. મુનિ નયકીર્તિવિજયજી મ.

ખંભાત મહા સુદ ૧૫

પૂજ્ય આચાર્ય મહારાજ યશોભદ્રસૂરીશ્વરજીના કાળધર્મના સમાચાર જાણી ખૂબ આઘાત થયો છે. આજરોજ ઓશવાલના ઉપાશ્રયે દેવવંદન કરેલ છે. તેઓએ શાસનના ઘણા કાર્યો કર્યાં છે. એમના જીવનમાં એમણે કરેલા સુકૃતોની અનુમોદના કરીએ

મુનિ નયકીર્તિવિજય

## ૧૬–પૂ. ઉપા. ચંદ્રવિજયજી મ.

સિરોહી તા. ૨૨–૨–૮૧

પરમપૂજ્ય આચાર્યશ્રી યશોભદ્રસૂરીશ્વરજી મ. અચાનક કાળધર્મ પામ્યાના સમાચાર જાણી ઘણું દુઃખ થયું છે.

સ્વર્ગસ્થ આત્મા શાસનના પ્રભાવક આચાર્ય હતા. અને શાસનસમ્રાટશ્રીની પાટને દીપાવનાર હતા. તેમના જવાથી શાસનને મોટી ખોટ પડી છે.

ઉપા. શ્રી ચંદનવિજયજી
મુનિ શાલિભદ્રવિજયજી

## ૧૭–પૂ મુનિ દાનવિજયજી મ

કેસરીયાજીનગર
પાલીતાણા

આજરોજ દૈનિક પત્ર દ્વારા સમાચાર જાણ્યા અને ખૂબ જ દુઃખ થયું. પૂજ્ય આચાર્યશ્રીના કાળધર્મથી આપણા સમુદાયમાં જ નહિ પરંતુ સમગ્ર શાસનને ખોટ પડી છે

મુનિ દાનવિજયજી

## ૧૮–પૂ. આ. ગુણસાગરસૂરિ મ.

મુંબઈ તા. ૨૪–૨-૮૧

આચાર્ય મહારાજશ્રી યશોભદ્રસૂરીશ્વરજી મ. સા.ના કાળધર્મના સમાચાર સાંભળી આઘાત અનુભવ્યો છે. તેઓશ્રીને શાશ્વત સુખ થાય એજ શુભેચ્છા.

આચાર્ય ગુણસાગરસૂરિ.

દાદાસાહેબ, ભાવનગર
મહા વદ ૨

પ. પૂ. આચાર્યદેવેશ યશોભદ્રસૂરીશ્વરજી મ. સાહેબના અણધાર્યા ઓચિંતા હૃદયને ગમગીન બનાવનાર કાળધર્મના દુઃખદ સમાચાર સાંભળ્યા, ચાલતી ટ્રેન જેમ અચાનક સ્ટેશન વગર વચમાં અટકી જાય અને અંદર બેઠેલા મુસાફરોની જે આંતરિક દશા થાય તેવી જ દશા અમારી થઈ.

પૂ. સ્વર્ગસ્થ આચાર્ય ભગવંતે પોતાની બુઝર્ગ વય હોવા છતાં શાસનસેવા હંમેશા બજાવી હતી.

સાધ્વીજી પ્રવિણાશ્રીજી
સૂર્યપ્રભાશ્રીજી, કલાવતીશ્રીજી
શેઠ નરશી નાથા જૈન ધર્મશાળા
પાલીતાણા તા. ૨૦-૨-૮૧

દુઃખદ સમાચારનો તાર મળ્યો. ખૂબજ આઘાત લાગ્યો દેવવંદન કર્યા.

સંસારીભાઇ તરીકે મારે મન એમનું સ્થાન પ્રથમ હતું. શાસનદેવ તેઓનાં આત્માને શાંતિ આપે.

સાધ્વીજી નરેન્દ્રશ્રીજી
,, વિદ્યુતપ્રભાશ્રીજી
પાલીતાણા તા. ૨૭-૨-૮૧

પૂજ્યપાદ ભાઇ મહારાજના કાળધર્મથી હૈયું હાથ ન રહે. ખૂબ લાગી આવેલ છે. પણ તુટીની બુટી જ નથી. તેઓ જન્મીને જીવી ગયા અને અમર બની ગયા.

બહારથી ભલે તેઓને અકસ્માત્ થયો. પરંતુ અંતરાત્મા શુદ્ધ નિર્મળ હતો. જરૂર સમતા સારી હશે. પાછળ શોભે તેવું વાતાવરણ થઈ ગયું. તેથી બહુજ સંતોષ થયો છે. સર્વે સંસારી સંબંધીઓએ પોતાની ફરજ અદા કરી લાભ લીધો. એની પણ અનુમોદના કરી છે.

સાધ્વીજી વિદ્યુતપ્રભાશ્રીજી

પૂ. આ. અશોકચંદ્રસૂરીશ્વરજી મ. તથા

પૂ. આ. જયચંદ્રસૂરિ મ.

પાર્લા મુંબઈ તા. ૨૦-૧-૮૧

પૂજ્ય આચાર્ય મહારાજ વિજય યશોભદ્રસૂરીશ્વરજી મહારાજના અચાનક કાળધર્મનાં સમાચાર પૂ. આચાર્ય મહારાજ પાસેથી જાણ્યા છે. તેથી ખૂબ જ દિલગિર થયા છીએ.

શાસનને તેમજ સમુદાયને આચાર્ય મહારાજની ખોટ પડી ગઈ છે. તેમની ઉદારતા કોઈ અનોખી હતી.

પૂજ્ય આચાર્ય વિજય અશોકચંદ્રસૂરીશ્વરજીની નિશ્રામાં પાર્લાનાં શ્રીસંઘે આચાર્ય વિજય અશોકચંદ્રસૂરીશ્વરજીની નિશ્રામાં પાર્લાનાં શ્રીસંઘે સામુદાયિક દેવવંદન કર્યા છે. તથા બીજી ત્રીજને રવિવારે પૂ. આચાર્ય ભગવંતના કાળધર્મ નિમિત્તે શ્રી સિદ્ધચક્ર મહાપૂજન રાખ્યું છે.

વિજય અશોકવિજયજી

જયચંદ્રસૂરીશ્વરજી વિગેરે

૯૩ જવાહરનગર

ગોરેગાંવ મુંબઈ તા. ૨૪-૧-૮૧

આપના તરફથી તાર મળ્યો. કમળ જેવા કોમળ હૃદયને બાળીને ભસ્મીભૂત બનાવે તેવો તાર મળ્યો. વાંચી હૃદય સ્તંભિત થઈ ગયું. ઇન્દ્રિયો અચેતન બની. એકાએક આ શું

થયું ? જૈન શાસનનું અણમોલ રત્ન છીનવાઈ ગયું. સાથે આપણા જૈન સમાજમાં મહાન શાસન રત્નની ખોટ પડી.

તેઓ પુણ્યવાન્ સરળ અને ભદ્રિક આત્મા હતા. ભવ્ય જીવોનો ઉદ્ધાર કરવામાં ઉત્સુકતાવાળા તે પુણ્યાત્મા પોતાના આત્માનું સાધી ગયા.

જૈન સમાજના ઇતિહાસમાં તેમનું નામ સુવર્ણાક્ષરે અંકિત રહેશે.

સાધ્વીજી રવીન્દ્રપ્રભાશ્રીજી
રત્નમાલાશ્રીજી આદિ.

શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ
હેમચંદ્રાચાર્ય માર્ગ, જૈન દેરાસરજી
ધંધુકા, તા. ૧૮–૨–૮૧

આજરોજ છાપા દ્વારા જાણવા મળ્યું કે પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ યશોભદ્રસૂરીશ્વરજી મહારાજા અકસ્માતથી કાળધર્મ પામ્યાના સમાચાર જાણી અત્રેનો શ્રીસંઘ દીલગીર થયો છે. શાસનદેવ સદ્ગતનાં આત્માને ચિરશાંતિ અર્પે.

પોપટલાલ પાનાચંદ ગાંધી
ચીમનલાલ ચત્રભુજ, ટ્રસ્ટીઓ

શ્રી ગોડીજી મહારાજ જૈન દેરાસર અને ધર્માદા ખાતાઓ
૧૨, પાયધુની મુંબઈ–૩. તા. ૧–૩–૮૧

પરમપૂજ્ય શાસનસમ્રાટ આચાર્ય મહારાજ શ્રી વિજય-નેમિસૂરીશ્વરજી મહારાજના પરિવારનાં પરમપૂજ્ય સમર્થ

વ્યાખ્યાનકાર કવિરત્ન શાસનપ્રભાવક આચાર્ય મહારાજશ્રી વિજય યશોભદ્રસૂરીશ્વરજી મહારાજનાં સંવત ૨૦૩૭નાં મહા સુદી ૧૪ મંગળવાર તા. ૧૭-૨-૧૯૮૧ના રોજ અમદાવાદ મુકામે થયેલ કાળધર્મથી શ્રી જૈન સંઘને મહાન ખોટ પડી છે.

સ્વ. પૂજ્ય આચાર્ય મહારાજ વર્ષો અગાઉ આપણે ત્યાં શ્રી ગોડીજી જૈન ઉપાશ્રયે (પાયધુની) સંવત ૨૦૨૨માં ચાતુર્માસ કર્યું હતું અને તે દરમ્યાન આપણા શ્રી વિજય દેવસૂર સંઘ ઉપર તેઓશ્રીએ અનેક ઉપકારો કર્યા હતા.

પરમપૂજ્ય આચાર્ય મહારાજશ્રી વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજના સાનિધ્યમાં સંવત ૨૦૩૭ના મહા વદિ ૧૦ રવિવાર તા. ૧-૩-૮૧ના રોજ શ્રી ગોડીજી જૈન ઉપાશ્રયમાં શ્રી વિજય દેવસૂર સંઘના ઉપક્રમે મળેલી ચતુર્વિધ શ્રી સંઘની જાહેરસભા, પૂજ્ય આચાર્ય મહારાજના સ્વર્ગવાસથી ભારે આઘાતની લાગણી અનુભવે છે. તથા સ્વ. પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના આત્માને શાંતિની પ્રાર્થના કરે છે.

અમરચંદ રતનચંદ ઝવેરી
મેનેજિંગ ટ્રસ્ટી

શ્રી જેતપુર જૈન શ્વેતામ્બર તપગચ્છ સંઘ
જેતપુર તા. ૨૭-૨-૮૧

પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય યશોભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ મહા સુદ ૧૪ મંગળવારે કાળધર્મ પામ્યાના

સમાચાર જાણી અમારા સકળ સંઘમાં દુઃખની લાગણી થયેલ છે. તેમનાં દેહાવસાનથી શ્રીસંઘને ન પુરાય તેવી ખોટ પડી ગણાય. તેઓશ્રી શેષાકાળમાં જેતપુર પધારેલા અને શ્રી સંઘને ધર્મ પરાયણ કરવામાં સારા એવા નિમિત્ત બન્યા હતા.

પરમકૃપાળુ શાસનદેવતા સ્વર્ગસ્થના આત્માને ચિર શાન્તિ અર્પો તેવી અમારા સકળ સંઘની પ્રાર્થના છે.

મનસુખલાલ ગુલાબચંદ શાહ
ઉપપ્રમુખ

શ્રી શ્વેતામ્બર મૂ. સંઘ
સાંગલી તા. ૩-૩-૮૧

પરમપૂજ્ય આચાર્યદેવશ્રી યશોભદ્રસૂરીશ્વરજી મ. સા.ના કાળધર્મના દુઃખદ સમાચાર જાણી અતિ દુઃખ થયું છે. તેમની ખોટ પુરાય તેવી નથી. કુદરતની ઇચ્છા.

શાસનદેવ તેમના આત્માને શાંતિ અર્પો.

રતનશી જેઠાભાઈ શાહ અને
સાંગલી જૈન શ્વે. સંઘ

શ્રી કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન,
હુબલી (કર્ણાટક) તા. ૨૮-૨-૮૧

આપનો પત્ર તા. ૧૮-૨-૮૧ને મહા સુદ ૧૫નો અત્રે તા. ૨૭-૨-૮૧ ના રોજ મળ્યો. પરમપૂજ્ય આચાર્યદેવશ્રી વિજયયશોભદ્રસૂરીશ્વરજી મહારાજ સમાધિપૂર્વક મહા સુદ ૧૪ મંગળવાર તા. ૧૭-૨-૮૧ ના રોજ સાંજે ૫-૧૦ મિનિટે કાળધર્મ પામ્યાનાં સમાચાર જાણી સંઘને અત્યંત દુઃખ થયું છે.

પૂજ્ય આચાર્યશ્રીએ અત્રે સંવત ૨૦૧૮ માં ખૂબ જ ધામ-ધુમપૂર્વક ચોમાસું કરાવેલ એ દૃશ્ય આંખ સામે ખડું થઈ ગયું. અશ્રુભીની આંખે સંઘે પરમપૂજ્ય આચાર્યશ્રીને યાદ કર્યા અને શાસનદેવને પ્રાર્થના કરી કે તેમના આત્માને ચિર શાંતિ આપે.

ચીમનલાલ નારણજી

કપડવંજ (જિ. ખેડા) તા. ૨૪–૨–૮૧

પૂજ્ય આચાર્ય દેવશ્રી વિજય યશોભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબનાં કાળધર્મનાં સમાચાર જાણી સંઘમાં દિલગીરી પ્રવર્તી છે.

તેઓશ્રી ખૂબ શાંત સ્વભાવી, શાસનનાં સાચા સેવક હતા. તેઓશ્રીના જવાથી શાસનમાં એક મોટી ખોટ સાલશે.

તેઓશ્રીના આત્માની શાંતિ ચાહીએ છીએ.

લી મીઠાભાઈ ગુલાબચંદ ઉપાશ્રયના

આરાધકો તરફથી

રમણલાલ જેચંદભાઈ

પેટલાદ જૈન સંઘ

તા. ૨૦–૨–૮૧

## શોક ઠરાવ

પ.પૂ. આચાર્યદેવ શ્રી વિજય યશોભદ્રસૂરીશ્વરજી મહારાજ કચ્છ–સુથરીની અંદર જન્મ પામી, માતા પિતાનાં સુંદર સંસ્કારોને પામી, જીવનને પવિત્ર બનાવવા માટે ભાગવતી

દીક્ષાને ભરયુવાન વયમાં આપે સ્વીકારેલ હતી.

ગુરુ ભગવંત શ્રી કસ્તુરસૂરીશ્વરજી મહારાજ સાહેબના પ્રથમ શિષ્ય થયા. ગુરુકૃપાથી ટુંક સમયમાં આગળ વધી શાસન પ્રભાવનાનાં સુંદરમાં સુંદર કાર્યો કર્યાં હતાં. આજદિન સુધીમાં લગભગ ૧૦૮ થી ઉપર સંઘોના જિનમંદિરો, ઉપાશ્રયો ઉપધાનતપ, ઉજમણાં, અંજનશલાકા, પ્રતિષ્ઠા વગેરેનાં કાર્યો મહા મહોત્સવપૂર્વક આપની નિશ્રામાં ઉજવાયાં હતાં.

સં. ૨૦૩૨ માં પેટલાદ મુકામે શ્રી મનમોહન પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરવા પધારેલ અને ખૂબજ ઉત્સાહ પૂર્વક તે પ્રસંગ ઉજવાયો હતો.

આપશ્રી મહાન ઉપકારી અને સંઘને સાચી સલાહ આપનાર હતા.

પૂજ્ય આચાર્ય કીર્તિચંદ્રસૂરીશ્વરજીના સાનિધ્યમાં શોક સભા ભરવામાં આવી હતી. તથા પૂજા ભણાવવામાં આવી હતી.

પેટલાદ જૈન સંઘ વતી
શા. ઉજમશીભાઈ લલ્લુભાઈ
શા. મણિલાલ પાનાચંદ આદિ.

શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ
મુ. સાધી (તા. પાદરા, જી વડોદરા)

તા. ૨૬–૨–૮૧

પરમપૂજ્ય આચાર્યદેવશ્રી યશોભદ્રસૂરીશ્વરજીના અકાળ અને અકસ્માતથી કાળધર્મ પામ્યાના સમાચાર વાંચી એક

આંચકો લાગ્યો છે. શ્રી સાધી જૈન સંઘ શોકમાં ગરકાવ થઈ ગયો છે. જૈન શાસનનું આકાશ આજે અંધકારમય બન્યું છે.

મહા સુદ ૧૪ નાં આ ગોઝારા દિવસે કાળ જીતી ગયો. મૃત્યુ પૂજ્ય ગુરુદેવને હડપ કરી ગયું, અને શ્રાવકો રડતા રહી ગયા.

પૂજ્યશ્રીની શાસનને જ્યારે ખૂબજ જરૂર હતી. ત્યારેજ દૈવે અમારી પાસેથી ચીલઝડપ કરીને અમને રઝળતા કરી મૂક્યા.

પૂજ્ય વિના ઠપકારીને શાસનના કાર્યોમાં જોડનાર, વિભૂતિ વિલિન થઈ ગઈ છે. કડવા લીંબડાની છાંય, મીઠી હોય તેમ કડક ભાષાની પાછળ મૃદુ હૃદય ધબકતું હતું. જેટલી કડક ભાષામાં ખબર લઈ નાખે તેના કરતાંય અદકેરા વાત્સલ્યથી ફરી પાછી કુશળતા પણ પુછતાં.

અમારા જેવા નાનાં અને સાધારણ સંઘોની સંભાળ લેનાર પૂજ્યશ્રી ગોપાલક સમ હતા.

આજે પૂજ્યશ્રીના કાળધર્મથી એક એવો અવકાશ સર્જાયો છે. જે પુરાવો અશક્ય છે, છતાંય પૂજ્યે પ્રબોધેલા માર્ગે ચાલીને આપણે પૂજ્યશ્રીના જવાથી પડેલા અવકાશને પૂરવા પ્રયત્નશીલ બનીએ, પૂજ્યશ્રીનો બોધ જીવનમાં ઉતારી સાચા સ્મારકની રચના કરી શકીએ એજ અભ્યર્થના.

શાહ કાન્તિલાલ મોતીલાલ
વહીવટદાર.

શ્રી તાલધ્વજ જૈન શ્વે. તીર્થ કમિટિ
તળાજા (સૌરાષ્ટ્ર) પીન-૩૬૪૧૪૦
તા. ૨૮-૨-૮૧

દિલગીરી સાથે જણાવવાનું જે પૂજ્ય આચાર્યદેવશ્રી યશોભદ્રસૂરીશ્વરજી મહારાજના કાળધર્મ પામ્યાના દુઃખદ સમાચાર જાણી અત્રે સંઘ સમસ્તને ખૂબજ આઘાત લાગ્યો છે. તેમની ચિર વિદાયથી જૈન શાસનને મોટી ખોટ આવેલ છે. જે કદી પુરાય તેમ નથી.

શાસનદેવ તેમના આત્માને ચિર શાંતિ આપે એવી અભ્યર્થના.

શ્રી તળાજા જૈન સંઘ
તથા શ્રી તાલધ્વજ જૈન શ્વે. તીર્થ કમિટી વતી
જમનાદાસ વાકાણી

શ્રી શાંતિચંદ્ર સેવા સમાજ
હાજાપટેલની પોળ, રીલીફરોડ,
અમદાવાદ, તા. ૧૯-૨-૮૧

પરમપૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય યશોભદ્રસૂરીશ્વરજી મહારાજા મહા સુદ ૧૪ નાં રોજ વિહાર કરતાં કાળધર્મ પામ્યાનાં દુઃખદાયી સમાચાર સાંભળી અમારી સંસ્થાના કાર્યકર્તાઓને અત્યંત દુઃખ થયું છે.

સ્વ. આચાર્ય મહારાજ સાહેબે અમારી સંસ્થાના વાર્ષિક

ઉત્સવ સમારંભમાં પધારી મંગલ પ્રવચન આપી અમોને સુંદર પ્રેરણા આપી હતી.

સ્વર્ગસ્થ આચાર્ય મહારાજ વ્યાખ્યાન વાચસ્પતિ શાસન પ્રભાવક ઉપદેશક અને ભદ્રિક હતા.

તેઓશ્રીએ સુંદર ચારિત્રધર્મની જે આરાધના કરી તેની અમો ઘણી ઘણી અનુમોદના કરીએ છીએ.

પરમપૂજ્ય શાસનસમ્રાટ શ્રી નેમિસૂરીશ્વરજીના સમુદાયને ઉત્તમ કોટિના આચાર્ય મહારાજની જે ખોટ પડી છે તેવી જ સકળ સંઘને પણ ખોટ પડી છે.

વિનોદચંદ્ર ચીમનલાલ શાહ
સહમંત્રી

શ્રી મહાવીર શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ
પ્લોટ-૧ વિજયનગર પાસે, નારણપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૩.

તા. ૪-૩-૮૧

શ્રી સંઘના તા. ૧-૩-૮૧ની શોકસભાના ઠરાવની

**અસલ નકલ**

આપણા શ્રી સંઘની આ સભા આપણા મહાન આર્ષ-દ્રષ્ટા, મહાન પરોપકારી, સત્યવક્તા, ઉપકારી એવા પ્રખર વ્યાખ્યાનકાર, શાસનપ્રભાવક વયોવૃદ્ધ આચાર્યદેવશ્રી યશો-ભદ્રસૂરીશ્વરજી મ. સા. જેવા સમર્થ આચાર્ય ભગવંતના

જવાથી આપણા જૈન શાસનને વણપૂરાય તેવી ખોટ પડી છે. આપણા શ્રી સંઘ ઉપર તેઓશ્રીએ મહાન ઉપકાર કરેલ છે. જે કદી ભૂલી શકાય તેમ નથી. તેઓશ્રી વયોવૃદ્ધ હોવા છતાં હંમેશા કંઇ કાર્ય કરી છુટવાની તેઓશ્રીની ધગશ ઉત્સાહ ખંત અને તમન્ના આજના યુવાનને શરમાવે તેવી હતી.

તેઓશ્રીના જીવનમાંથી તન–મન અને ધનથી શાસનના કાર્યો કરવાની સાચી પ્રેરણા લઈશું તોજ આપણે તેમને સાચી શ્રદ્ધાંજલિ આપી કહેવાશે.

સેવંતીલાલ સી. શાહ
સેક્રેટરી

શ્રી કૃષ્ણનગર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ
પોસ્ટ કૃષ્ણનગર, ૩૮૨૩૪૬,
અમદાવાદ, તા, ૩–૩–૮૧

## શોક પ્રદર્શિત ઠરાવ

"स जातो येन जातेन, वंशो याति समुन्नतिम्"

તેનુંજ જન્મ્યું અને જીવ્યું સાર્થક છે. કે જેનાથી કુળ–વંશને દેશ ઉન્નતિને પામે. આમ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય યશોભદ્રસૂરીશ્વરજી મહારાજ આ અસાર સંસારમાંથી વિદાય થયા પરંતુ તેમનો જન્મ આ શાસનને દીપાવનાર બની ગયો.

પૂજ્યપાદનો સ્વભાવ ભલે આખાબોલો અને તીક્ષ્ણ ધારદાર હતો, પરંતુ "કડવા હોયે લીંમડા શીતળ તેની છાંય" તેમ તેમનાં કડવા શબ્દોની પાછળ વાત્સલ્યનો વારિધિ ઘુઘવતો હતો.

અમારા શ્રી કૃષ્ણનગર જૈન સંઘને માથે તો જાણે આભ તૂટી પડયું છે. અમારી સાર સંભાળ લેનાર એક વડિલ વિદાય થયા છે. અમે ઘેઘુર વડલાની વિશાળ છાયા ગુમાવી છે.

આવું જ કેટકેટલાય સંઘો માટે બન્યું છે. પૂજ્યશ્રીએ કેટલીય સંસ્થાઓને તથા સંઘોને સદ્ધર પાયા પર મુકી આપ્યા હતા.

પૂજ્યશ્રીનો માયાળુ સ્વભાવ, વાત્સલ્યભર્યાં સૂચનો, દરેકના કલ્યાણની કારુણ્ય ભાવના અને વ્યવહાર દક્ષતા આમ અનેક ગુણોથી પૂજ્યશ્રી અલંકૃત હતા.

પૂજ્યશ્રીના કાળધર્મથી જિનશાસનનો એક ઝળહળતો સીતારો અસ્ત પામ્યો છે. શાસન આજે નોંધારૂં બન્યું છે. એક એવો અવકાશ સર્જાયો છે. જે પુરી શકવા આપણે અસમર્થ છીએ.

પૂજ્યશ્રીએ કૃષ્ણનગરમાં ચોમાસુ કરીને ઉપધાન તપની આરાધના કરાવી હતી. તેમનો સંઘ ઉપર મહાન ઉપકાર હતો.

જયંતિલાલ ચંદુલાલ શાહ
સેક્રેટરી

શ્રી કૃષ્ણનગર જૈન સંયુક્ત મંડળ
કૃષ્ણનગર, સૈજપુર, નરોડા રોડ,
અમદાવાદ–૩૮૨૩૪૬ તા. ૩–૩–૮૧

## શોક ઠરાવ

"સૂનાં રે પડયાં અમ અંતરના આંગણાં,
વિયોગ નહિ રે સહેવાય, ગુરુજી લેતાં વિદાય."

પરણ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય યશોભદ્રસૂરીશ્વરજી મ. સા. અકાળે કાળધર્મ પામવાથી જૈન શાસનનું આકાશ આજે અંધકારમય બન્યું છે.

અમારા જેવા સંગીત મંડળ પ્રત્યે ખૂબજ લાગણી રાખી અમારી પ્રગતિમાં દરેક રીતે સહાયભૂત થનાર અમને સલાહ તેમજ પ્રેરણા આપનાર એક "વત્સલ પિતામહ" અમોએ ગુમાવેલ છે.

પૂજ્યશ્રીની શિખામણો જીવનમાં ઉતારી તેમનું સાચું સ્મારક રચીએ.

પ્રમુખ દિનેશભાઇ બી. મહેતા
સેક્રેટરી ભીખુભાઇ એન. શાહ
ખજાનચી રમેશચંદ્ર સી. શાહ

શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ
શ્રી શાંતિનાથજી જૈન દેરાસર, પાયધુની મુંબઈ-૩
તા. ૧૯–૨–૮૧

પ.પૂ. આ. ભ. શ્રીમદ્ વિજય યશોભદ્રસૂરીશ્વરજી મ.સા.

નાં અકસ્માતથી થયેલ કાળધર્મના સમાચાર જાણી સાંભળીને અમોને ઘણોજ આઘાત થયેલ છે. તેમના અણધાર્યા અવસાનથી સમસ્ત ચતુર્વિધ જૈન સંઘને એક મહાન પ્રભાવક આચાર્યશ્રીની ન પૂરી શકાય તેવી બહુ ભારે ખોટ પડી છે.

પૂ. આ. મ. શ્રી યશોભદ્રસૂરીશ્વરજી મ.સા.ની સાથે મારો ઘણાં વર્ષોનો બહુજ નિકટનો પરિચય હતો. તેમને મારા પ્રત્યે ખૂબજ લાગણી અને સદ્‌ભાવ હતો. તેમનો સ્વભાવ ખૂબજ આનંદી અને મળતાવડો હતો.

શાસનદેવ તેમના આત્માને પરમ શાંતિ અર્પો.

ચીમનલાલ પાલીતાણાકર.

શ્રી જૈન સંઘ ખેરાળુ,

તા. ૧૯–૨–૮૧

પૂ. આચાર્યદેવશ્રી વિજય યશોભદ્રસૂરીશ્વરજી મ. સા. નાં દુઃખદ કાળધર્મનાં સમાચાર જાણી અમારા સંઘે વજ્રઘાત સમાન દુઃખની લાગણી અનુભવી છે. આ મહાપુરૂષની ખોટ સમગ્ર જૈન સમાજને સાલે છે.

તેઓશ્રીની શુભ પ્રેરણાથી અત્રે બનાવેલ પૌષધશાળા હોલ અમને તેમની સ્મૃતિ કાયમ કરાવે છે.

અંતમાં સકળ સંઘ પૂજ્યશ્રીના આત્માને ચિરશાંતિ મળે તેવી અંતઃકરણ પૂર્વક પ્રાર્થના કરે છે.

શ્રી ખેરાળુ જૈન સંઘ

શ્રી ખાંભડા જૈન શ્વે. મૂ. સંઘ
વાયા બરવાળા (ઘેલાશાહ)
ખાંભડા (તા. ધંધુકા જી. અમદાવાદ)
તા. ૨૬-૨-૮૧

પ. પૂ. આ. વિજય યશોભદ્રસૂરીશ્વરજી મ.સા ના કાળધર્મના સમાચાર જાણી અમો સંઘના સૌ માણસો ખુબજ દિલગીર થયા છીએ.

બીજું આપણા જૈન શાસનમાં આવા અમૂલ્ય તેજસ્વી રત્ન જેવા આચાર્યશ્રીના કાળધર્મથી ખૂબજ મોટી ખોટ પડી છે. આ ખોટ કદીપણ પૂરી શકાય તેવી નથી.

શ્રી ખાંભડા જૈન સંઘ

શ્રી જૈન સંઘ
વડાલી મહા વદ ૪

આપશ્રીનો મહા સુદ ૧૫ નો પ. પૂ. આચાર્યદેવશ્રી યશોભદ્રસૂરીશ્વરજી મ. સા. કાળધર્મ પામ્યાનો પત્ર મળ્યો. વાંચી ઘણાજ દિલગીર થયા છીએ.

તેઓશ્રી ખૂબ જ શાસન પ્રભાવક હતા. તેઓશ્રી તો પોતાનું આત્મકલ્યાણ સાધી ગયા. આપણને તેમની મહાન ખોટ પડી છે.

વડાલી જૈન સંઘ વતી
અમૃતલાલ શીવલાલ

શ્રી વિસનગર જૈન સંઘ
વિસનગર (જી. મહેસાણા)
તા. ૨૪-૨-૮૧

વિસનગર સમગ્ર જૈન સંઘની સભા તા. ૧૧-૨-૮૧ ના રોજ ૮-૩૦ વાગે જૈન ઉપાશ્રયમાં સંઘના પ્રમુખ શ્રી ડોક્ટર કાન્તિલાલ મણીલાલ શાહના પ્રમુખપદે મળેલી તેમાં નીચે પ્રમાણે શોક ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવેલ છે.

પ.પૂ. આચાર્ય ભગવંત શ્રી યશોભદ્રસૂરીશ્વરજી મ. સા. ના સ્કુટર દ્વારા એક્સીડન્ટ થવાથી થયેલ કાળધર્મથી સકલ જૈન સમાજને ન પૂરાય તેવી મહાન ખોટ પડી છે. આ દુઃખદ સમાચારથી શ્રી વિસનગર જૈન સંઘ ઉંડા આઘાતની લાગણી અનુભવે છે. તેઓશ્રી કચ્છ-સુથરી પ્રદેશના હતા. તેઓશ્રી અત્યંત વૈરાગ્યવંત બની ૫૦ વર્ષનો દીર્ઘ ચારિત્રપર્યાય પાળી ૭૪ વર્ષની ઉંમરે કાળધર્મ પામ્યા છે.

આ સભા આચાર્ય ભગવંતશ્રીના આત્માને પરમ શાંતિ મળે તેવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરે છે.

કાન્તીલાલ મણિલાલ શાહ
ડોંબીવલી તા. ૨૪-૨-૮૧

પૂજ્ય આચાર્યદેવશ્રી યશોભદ્રસૂરીશ્વરજી મ. સા. કાળધર્મ પામ્યાના સમાચાર વાંચી અમોને તથા અમારા કુટુંબને ઘણો આઘાત લાગ્યો છે. પ્રભુજી એમના આત્માને

ચિર શાંતિ આપે એવી અમો પ્રાર્થના કરીએ છીએ.

શા. પદમશી પુંજાભાઈ

"જૈન સંઘ" જામનગર તા. ૨૪–૨–૮૧

પરમ પૂજ્ય આચાર્ય યશોભદ્રસૂરીશ્વરજી મ. સા. ના આકસ્મિક કાળધર્મના સમાચારથી અમને બધાને ખુબજ દુઃખ થયું છે. તેઓશ્રીનો મિલનસાર, ઉદાર અને નિખાલસ સ્વભાવ ક્યારેય ભુલાય તેમ નથી. સમાજને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

પ્રવીણચંદ્ર તથા નવલચંદભાઈ

ધંધુકા તા. ૧૯–૨–૮૧

વયોવૃદ્ધ જૈનાચાર્ય શ્રી યશોભદ્રસૂરિજી મહારાજ સ્કુટર અકસ્માતથી કાળધર્મ પામ્યાના સમાચાર સાંભળીને ખૂબ જ દુઃખ થયું છે તે મહાન પુરૂષના જવાથી એક અમદાવાદને નહિ, પરંતુ ભારતભરનાં તમામ જૈન સંઘોને એક મહાન ખોટ પડી છે. જે શાસનદેવ વહેલી તકે પુરી કરે તેવી મારી પ્રાર્થના છે. તેઓશ્રી સ્વભાવે ખૂબ જ ભદ્રિક હતા.

શૈલેશકુમાર મણીલાલ બગડીયા

૬૪૦ દેરીરોડ, ભાવનગર

તા. ૧૯–૨–૮૧

પૂજ્ય આચાર્ય ભગવંતના અચાનક કાળધર્મથી ઉંડા શોકની લાગણી થઇ છે.

ધર્મ ઉપર અગાધ શ્રદ્ધા, કાર્ય કુશળતા, નવી વિચાર શ્રેણીને સમય અનુસાર અપનાવનાર, વ્યાખ્યાન વાચસ્પતિ એક શકિતનો દીપક બુજાયો. હવે આવી શકિત જોવા નહિ મળે. પરમાત્મા તેમના આત્માને શાંતિ પમાડે તેવી પ્રાર્થના.

મહાસુખરાય હીરાચંદ

કં. ડી. ઓ. જૈન સોસાયટી

મલકાપુર (મહારાષ્ટ્ર)

તા. ૧૯–૨–૮૧

આચાર્ય મહારાજશ્રી યશોભદ્રસૂરીશ્વરજી મહારાજ કાળધર્મ પામ્યા છે. તેવા સમાચાર પેપર દ્વારા જાણી મનને ઘણુંજ દુઃખ થાય છે. તેઓ અમારા સંસારી બનેવી થતા હતા. તેમની ઘણી ખોટ પડી છે.

વામજી પુંજાભાઈ

પ. પૂ. આચાર્ય મ. નંદનસૂરીશ્વરજી ધર્મારાધન ટ્રસ્ટ

મુ. તગડી તા. ૧૮–૨–૮૧

પ. પૂ. આચાર્ય દેવશ્રી યશોભદ્રસૂરીશ્વરજી મ. સા. નાં અચાનક કાળધર્મ પામ્યાના સમાચાર વાંચી અત્યંત આઘાત અને દુઃખની લાગણી અનુભવીએ છીએ.

પ. પૂ. આચાર્ય દેવના સંઘ ઉપર તથા અમારા ઉપર અનેક ઉપકાર હતા. શાસનદેવ તેમના આત્માને શાંતિ અર્પે.

નવીનચંદ્ર

દેસાઈ વીરચંદ હેમચંદ
કાપડના વેપારી, બજાર, બોટાદ
તા. ૨૦-૨-૮૧

પ. પૂ. આચાર્ય મ. સા. વિજય યશોભદ્રસૂરીશ્વરજી મ. સા. એકસીડન્ટથી કાળધર્મ પામ્યાના સમાચાર પેપરમાં વાંચીને અમો ખૂબજ દિલગિરિ થયેલ છે.

તેઓશ્રીને અમો ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પીએ છીએ. તેઓનો આત્મા ઉચ્ચગતિ પામે એજ અભ્યર્થના

રમેશચંદ્ર વીરચંદ દેસાઈ
પ્રવીણચંદ્ર વીરચંદ દેસાઈ

ઔરંગાબાદ તા. ૨૩-૨-૮૧

રાષ્ટ્રીય પત્ર મુંબઈ સમાચાર દ્વારા જાણવા મળ્યું કે પ. પૂ. આચાર્ય મહારાજશ્રી યશોભદ્રસૂરીશ્વરજી મ. સા. કાળ-ધર્મ પામ્યા છે. આ ખેદજનક સમાચાર વાંચી અમોને ભારે દુઃખ થયું છે.

તેઓશ્રીના કાળધર્મથી જૈન સમાજ સંઘ તેમજ શાસનને ભારે ખોટ પડી છે. તેમનો પરમ પવિત્ર આત્મા જ્યાં હોય ત્યાં ચિર શાંતિને પામો એમ ઇચ્છીએ છીએ.

તેમના જીવન અને કવનને આલેખતું કોઈ પ્રકાશન પ્રગટ થયું હોય તો અનુમોદનાર્થે અમોને અવશ્ય મોકલી આપશોજી.

હંસરાજભાઈ શાહ

મહાલક્ષ્મીનગર

ભાવનગર મહા સુદ ૧૫

પ. પૂ આચાર્ય ભગવંત શ્રી યશોભદ્રસૂરીશ્વરજી મ. સા. એકસીડન્ટથી કાળધર્મ પામ્યાના દુઃખદ આઘાતજનક સમાચાર જાણી ઘણું દુઃખ થયું છે. કર્મની ગતિ ન્યારી છે. અત્રે ૩–૪ વખત પધારેલા ત્યારે યથાશક્તિ સેવાનો લાભ આપેલ. તેઓશ્રી ખૂબજ શાસન પ્રભાવના કરી ગયા છે.

આપશ્રી જેવા તેમનાં શિષ્યરત્નો તેમની અધુરી રહેલી ભાવના મુજબ જૈન ધર્મનો અજોડ ડંકો વજડાવી તેમના શાશ્વત આત્માને ચિર શાંતિ બક્ષો.

શાસનદેવ તેમના આત્માને ચિર શાંતિ અર્પે. અને જૈન શાસનનો જયજયકાર થાય એવી નમ્ર પ્રાર્થના છે.

રમણીકલાલ ર. શાહ

મોડાસા તા. ૨૮–૨–૮૧

પૂજ્ય આચાર્ય મહારાજ સાહેબ યશોભદ્રસૂરીશ્વરજી મ. વિહાર કરતાં રસ્તામાં સ્કુટરના એકસીડન્ટથી પડી જવાથી કાળધર્મ પામ્યાના દુઃખદ સમાચાર જાણી ઘણોજ આઘાત થયો છે. તેઓશ્રીએ શાસનનાં ઘણાં કામો કરેલ છે. અને અમારા ઉપર તો તેઓશ્રીનો ઘણોજ ઉપકાર હતો.

પરમાત્મા તેમના આત્માને શાંતિ આપે. એજ

રમણીકલાલ સાકરચંદ

વડોદરા તા. ૧૮–૨–૮૧

મારા પરમ ઉપકારી શાસન પ્રભાવક ગુરૂદેવ પ. પૂ. જૈનાચાર્ય શ્રીમદ્ વિજય યશોભદ્રસૂરીશ્વરજી મ. સા. ના કાળ ધર્મના સમાચાર સાંભળી મને બહુજ દુઃખ થયું છે.

મને જીવનમાં ચારિત્ર ઉદય આવ્યું એ પૂજ્યશ્રીના પ્રતાપથી જ. તેઓશ્રીના આત્માને શાંતિ મળો એજ શાસનદેવ પ્રત્યે પ્રાર્થના છે,

મુનિ મહોદય સાગર

૭૬, ઉર્મિ સોસાયટી બ્લોક

બરોડા ૩૯૦૦૦૫ તા. ૧૮–૨–૮૧

આજે શ્રાવકવર્ગની પાસેથી, ચંદ્રની પેઠે શીતલ, સૂર્ય સમાન તેજસ્વી, સાગર જેવા ગંભીર એવા અનેકાનેક ગુણ-ગણાલંકૃત, પરમ ઉપકારી શાસન પ્રભાવક ગુરૂદેવશ્રી વિજય યશોભદ્રસૂરીશ્વરજી મ. સા. ના અચાનક થયેલા કાળધર્માનાં સમાચાર જાણી અમને બહુ જ દુઃખ થયું છે.

પૂજ્યશ્રી ગુરૂદેવના અમર આત્માને શાંતિ મળો એજ શાસનદેવ પ્રત્યે આ સેવકની પ્રાર્થના છે.

ધનજી દામજી મૈસેરી

卐

પૂ. આ. શ્રી કાળધર્મ પામ્યા તે નિમિત્તે જે જે સંઘોએ ઠરાવો પસાર કર્યા તેની યાદી :—

પાંજરા પોળ, અમદાવાદ.
વિજયનગર જૈન સંઘ નારણપુરા, અમદાવાદ.
કૃષ્ણનગર જૈન સંઘ (નરોડા) અમદાવાદ.
ગોડીજી જૈન સંઘ મુંબઇ
તીર્થ કમિટિ તળાજા
બરવાળા જૈન સંઘ બરવાળા
કચ્છી દશા ઓસવાલ જૈન સંઘ હુબલી
પેટલાદ જૈન સંઘ પેટલાદ
તપગચ્છ જૈન સંઘ જેતપુર (કાઠી)

પૂ. આ. શ્રી કાળધર્મ પામ્યા તે નિમિત્તે જે જે ગામોમાં ગુણાનુવાદ સભા યોજાયેલ તેની યાદી :—

પાંજરા પોળ અમદાવાદ.
ગોડીજી મુંબઈ
પાલડી ઈસ્ટ અમદાવાદ.
કૃષ્ણનગર (નરોડા રોડ)
બોટાદ
ખાંભડા (બરવાળા)
ખડચલીયા (સુરત)

પૂ. આ. શ્રી ના કાળધર્મ પામ્યાના નિમિત્તે મહોત્સવો જે જે સ્થળે યોજાયા તેની યાદી :—

પાંજરાપોળ અમદાવાદ
કૃષ્ણનગર (નરોડા રોડ)
ગોડીજી મુંબઇ
ભાયખલા મુંબઇ
પાર્લા–ઇસ્ટ મુંબઈ
પૂના (મહારાષ્ટ્ર)
બોટાદ
ડભોઇ

卐

## સ્વ. ચારિત્રકાર પૂ. આ. મ. ને અતિપ્રિય શ્લોક દૂહાદિ સંગ્રહ

ઐંદ્રીશ્રિયં નાભિસુતં સંદધાદધાપિ ધર્મસ્થિતિકલ્પવલ્લી
યેનાપ્તપૂર્વત્રિજગજ્જનાનાં નાનાંતરાનંદફલાન સૂતે ૧

સદોદયો હૃદગહનસ્થિતાનામપિ વ્યયં યસ્તમસાં વિધત્તે
જયત્યપૂર્વો મૃગલાંછનોઽસૌ શ્રી શાંતિનાથઃ શુચિપક્ષયુગ્મઃ ૨

ચાણુરજિદ્દર્પ મહાસમુદ્ર વ્યાલોડનસ્વગિરિબાહુવીર્યઃ
રાજીમતિ નેત્ર ચકોર ચંદ્રઃ શ્રી નેમિનાથ શિવતાતિરસ્તુ ૩

ય સપ્ત વિશ્વાધિપતિત્વસૂચાનુચાન ભોગીન્દ્ર ફણાતપત્રૈઃ
વિભાતિ દેવેંદ્રકૃતાંઘ્રિસેવૈઃ શ્રી પાર્શ્વનાથઃ સ શિવાય ભૂયાત્ ૪

આસ્વાદ્ય યદ્વાકચરસં બુધાનાં પીયૂષપાનેઽપિ ભવેત ઘૃણેવ
નમામિ તં વિશ્વજનીનવાચં વાચંયમેન્દ્રં જીનવર્ધમાનં ૫

### માંગલીક શ્લોકો તથા દુહાઓ

જયઇ જગ જીવ જોણી વિયાણુઓ જગગુરૂ જગાણંદો
જગનાહો જગબંધુ જયઈ જગપ્પિયામહો ભયવં ૧

જયઇ સુઆણં પભવો તિત્થયરાણં અપચ્છિમો જયઇ
જયઈ ગુરૂલોગાણં જયઈ મહપ્પા મહાવીરો ૨

ૐકાર બિંદુ સંયુક્તં નિત્યં ધ્યાયંતિ યોગિનઃ
કામદં મોક્ષદં ચૈવ ૐકારાય નમો નમઃ ૩

અજ્ઞાનતિમિરાંધાનાં જ્ઞાનાંજનશલાકયા
નેત્રમુન્મીલિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમઃ ૪

નમો દુર્વારરાગાદિ વૈરિવારનિવારિણે
અર્હતે યોગિનાથાય મહાવીરાય તાયિને

યસ્યાભિધાનં મુનયોઽપિ સર્વે ગૃહ્ણન્તિ ભિક્ષાભ્રમણસ્યકાલે
મિષ્ટાન્નપાનાંબરપૂર્ણકામાઃ સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ૬
અંગુઠે અમૃત વસે લબ્ધિતણા ભંડાર
શ્રી ગુરૂ ગૌતમ સમરીએ વંછિત ફલ દાતાર ૭
મંગલં ભગવાન વીરો મંગલં ગૌતમ પ્રભુ
મંગલં સ્થુલિભદ્રાદ્યા જૈન ધર્મોસ્તુ મંગલં ૮
ચત્તારિ પરમંગાણિ દુલ્લહાણીહ જંતુણો
માણુસત્તં સુઈ સદ્ધા સંજમંમિ ય વિરિયં ૯
બુદ્ધે ફલં તત્વવિચારણં ચ દેહસ્ય સારં વ્રતધારણં ચ
અર્થસ્ય સારં કિલ પાત્ર દાનં વાચઃ ફલં પ્રીતિકરં નરાણાં ૧૦
દિને દિને મંજુલ મંગલાવલિ સુસંપદ સૌખ્ય પરંપરા ચ
ઈષ્ટાર્થસિદ્ધિઃ બહુલા ચ બુદ્ધિઃ સર્વત્ર સિદ્ધિ સૃજતાં ચ ધર્મઃ ૧૧
અંગં ગલિતં પલિતં મુંડં દશનવિહીનં જાતં તુંડં
વૃદ્ધો યાતિ ગૃહિત્વા દંડં તદપિ ન મુંચત્યાશાપિંડં ૧૨
સાધૂનાં દર્શનં પુણ્યં તીર્થભૂતા હિ સાધવઃ
તીર્થં ફલતિ કાલેન સદ્ય સાધુસમાગમઃ ૧૩
શાસ્ત્રાણાં પઠનં જ્ઞાનં બોધનં સુકરં કિલ
દુષ્કરં તુ પરં નાથ ? જીવને સ્વે પ્રવેશનં ૧૪
દ્રષ્ટિપૂતં ન્યસેત્પાદં વસ્ત્રપૂતં જલં પિબેત્
સત્યપૂતં વદેદ્ વાણીં મનઃપૂતં સમાચરેત્ ૧૫
કૃતકર્મક્ષયો નાસ્તિ કલ્પકોટિશતૈરપિ
અવશ્યમેવ ભોક્તવ્યં કૃતકર્મ શુભાશુભં ૧૬

દાનં સુપાત્રે વિશદં ચ શીલં તપો વિચિત્રં શુભ ભાવના ચ
ભવાર્ણવોત્તારણયાનપાત્રં ધર્મંચતુર્ધા મુનયો વદંતિ ૧૭
કર્મણો હિ પ્રધાનત્વં કિં કુર્વન્તિ શુભા ગ્રહાઃ
વસિષ્ઠદત્તલગ્નોઽપિ રામઃ પ્રવ્રજીતો વને
અષ્ટાદશપુરાણેષુ વ્યાસસ્ય વચનદ્વયં,
પરોપકારઃ પુણ્યાય પાપાય પરપીડનં ૧૮
પૂર્વે વયસિ તત્કુર્યાત્ યેન વૃદ્ધો સુખં વસેત્
યાવજ્જીવેન તત્કુર્યાત્ યેન પ્રેત્ય સુખં વસેત્ ૧૯
મજ્જં વિસય કસાયા નિદ્દા વિકહા ય પંચમિ ભણિયા
એએ પંચ પમાયા જીવં પાડંતિ સંસારે ૨૦
અનિત્યાનિ શરીરાણિ વિભવો નૈવ શાશ્વતઃ
નિત્યં સંનિહિતો મૃત્યુઃ કર્ત્તવ્યો ધર્મસંગ્રહઃ
યેષાં ન વિદ્યા ન તપો ન દાનં જ્ઞાનં ન શીલં ગુણો ન ધર્મઃ
તે મૃત્યુ લોકે ભુવિ ભારભૂતા મનુષ્યરૂપેણ મૃગાશ્ચરંતિ ૨૨
આહાર નિદ્રાભય મૈથુનં ચ સામાન્યમેતત્ પશુભિર્નરાણાં
ધર્મો હિતે ષાં અધિકો વિશેષો ધર્મેણ હીના પશુભિઃ સમાના ૨૩
જિને ભક્તિ જિને ભક્તિ જિને ભક્તિ દિને દિને
સદા મેઽસ્તુ સદામેઽસ્તુ ભવે ભવે ૨૪
ચલા લક્ષ્મીશ્ચલાઃ પ્રાણાશ્ચલે સ્વજનમંદિરે
ચલાચલે ચ સંસારે ધર્મ એકો હિ નિશ્ચલઃ ૨૫
ભિક્ષુકા નૈવ ભિક્ષંતે બોધયંતિ ગૃહે ગૃહે

દીયતાં દીયતાં નિત્યં અદાતુરં ક્ષમીદશં ૨૬
અર્થનાશં મનસ્તાપં ગૃહે દુશ્ચરિતાનિ ચ
વચનં ચાપમાનં ચ મતિમાન્ન પ્રકાશયેત્ ૨૭
યત્નાનુસારિણી વિદ્યા લક્ષ્મીઃ પુણ્યાનુસારિણી
દાનાનુસારિણી કીર્તિ બુદ્ધિઃ કર્માનુસારિણી ૨૮
ભોગા ન ભુકતા વયમેવભુકતા તપો ન તપ્તં વયમેવ તપ્તા
કાલો ન યાતો વયમેવ યાતા તૃષ્ણા ન જીર્ણા વયમેવજીર્ણા ૨૯
ન કયં દિણુદ્ધરણં ન કયં સાહંમિઆણવચ્છલં
હિયયંમિ વિયરાઓ ન ધારિઓ હારિઓ જમ્મો ૩૦
નિંદંતુ નીતિનિપુણા યદિ વા સ્તુવંતુ
લક્ષ્મીઃ સમાવિશતુ ગચ્છતુ વા યથેષ્ઠં
અદ્યૈવ વા મરણમસ્તુ યુગાંતરે વા
ન્યાય્યાત્ પથઃ પ્રવિચલંતિ પદં ન ધીરાઃ ૩૧
ચત્વારો નરકદ્વારાઃ પ્રથમં રાત્રિભોજનં
પરસ્ત્રીગમનં ચૈવ સંધાનાંતકાયિકે ૩૨
નાગુણી ગુણિનં વેત્તિ ગુણી ગુણીષુ મત્સરી,
ગુણી ચ ગુણરાગી ચ વિરલઃ સરલો જનઃ ૩૩
લોકઃ પૃચ્છતિ મે વાર્તા શરીરે કુશલં તવ,
કુતઃ કુશલમસ્માકમાયુર્યાતિ દિને દિને ૩૪
મિથ્યાદ્રષ્ટિસહસ્રેષુ વરમેકો હ્યણુવતી
અણુવતીસહસ્રેષુ વરમેકો મહાવ્રતી
મહાવ્રતીસહસ્રેષુ વરમેકો હિ તાત્વિકઃ

તાત્વિકેન સમં પાત્રં ન ભૂતં ન ભવિષ્યતિ ૩૫
ભવબીજાંકુરજનના રાગાદ્યાઃ ક્ષયમુપાગતા યસ્ય
બ્રહ્મા વા વિષ્ણુર્વા હરો જીનો વા નમસ્તસ્મૈઃ
દેયં સ્તોકાદપિ સ્તોકં નવ્યપેક્ષામહોદયે,
ઈચ્છાનુસારિણી શકિતઃ કદા કસ્ય ભવિષ્યતિ ૩૭
આનંદાશ્રુણિ રોમાંચો બહુમાનં પ્રિયં વચઃ
તથાનુમોદના પાત્રે દાનભૂષણપંચકં ૩૮
અનાદરો વિલંબશ્ચ વૈમુખં વિપ્રિયં વચઃ
પશ્ચાતાપશ્ચ દાતુઃ સ્યાત્ દાનદૂષણપંચકં ૩૯
અપૂર્વજ્ઞાનગ્રહણં મહતી કર્મનિર્જરા
સમ્યગ્દર્શનનૈર્મલ્યાત્ કૃત્વા તત્વપ્રબોધતઃ ૪૦
શ્રદ્ધાનાં પાત્રભકતાનાં કાર્પણ્યદોષમુક્તયે,
દેશના દાનધર્મસ્ય દેયા તીર્થહિતેચ્છુભિઃ ૪૧
યઃ કુર્યાત્ કાર્તિકીરાકમંત્રાર્હદ્ધ્યાનતત્પરઃ
સ ભુક્ત્વા સર્વસૌખ્યાનિ નિવૃત્તિં લભતે તતઃ ૪૨
એકેનાપ્યુપવાસેન કાર્તિકયા વિમલાચલે,
ઋષિસ્ત્રીબાલહત્યાદિ પાતકાન્મુચ્યતે જનઃ ૪૩
કદા કિલ ભવિષ્યંતિ મદ્ગૃહાંગણભૂમયઃ
શ્રી સંઘચરણાંભોજરજોરાજીપવિત્રિતઃ ૪૪
ચઉહિં ઠાણેહિં નરયાઉઅં બજ્જંતિ જીવા
તં જહા મહારંભયાએ મહાપરિગ્ગહાએ
કુણિમાહારેણં, પંચિંદિઅ વહેણમિતિ ૪૫

દાનં ભોગો નાશસ્તિસ્રો ગતયો ભવંતિ વિત્તસ્ય
યો ન દદાતિ ન ભુંક્તે તસ્ય તૃતીયા ગતર્ભવતિ ૪૬

કારયંતિ નરા ધન્યા ભાવાત્ પૌષધશાલિકાં
સંસારસાગરં તીર્ત્વા તે લભંતે પરં પદં ૪૭

જિનોક્તઃ પૌષધીકશ્ચ જૈનાગમસુલેખનં,
સાધૌ સાધર્મિકે ભક્તિ કુર્વન્નલ્પભવો ભવેત્ ૪૮

દર્શનાદ્ દુરિતધ્વંસી વંદનાદ્વાંછિતપ્રદઃ
પૂજનાત્ પૂરકઃ શ્રીણાં જિનઃ સાક્ષાત્ સુરદ્રુમઃ ૪૯

દયા દીનેષુ વૈરાગ્યં વિધિવજ્જિનપૂજનં,
વિશુદ્ધા ન્યાયવૃત્તિશ્ચ પુણ્યં પુણ્યાનુબંધ્યતઃ ૫૦

ઉપસર્ગાઃ ક્ષયં યાંતિ છિદ્યન્તે વિઘ્નવલ્લયઃ,
મનઃ પ્રસન્નતામેતિ પૂજ્યમાને જિનેશ્વરે ૫૧

જબ તુમ આયે જગતમેં લોક હસત તુમ રોય
ઐસી કરણી અબ કરો તુમ હસત જગ રોય ૧
બડા બડાઈ ના કરે બડા ન બોલે બોલ
હિરા મુખ સે ના કહે લાખ હમારા મોલ ૨
શાસ્ત્રપંડિત બહુ ભણ્યો ભયો ન પંડિત કોય
દાઈ અક્ષર પ્રેમકા પઢે સો પંડિત હોય ૩
અગન પલિત રાજદંડ ચોર મુશલે જાય,
ઈતના દંડ દુનિયા સહે ધર્મ દંડો સહયો ન જાય ૪

ધર્મ વધતાં ધન વધે વધત વધત વધ જાય,
ધર્મ ઘટતાં ધન ઘટે ઘટત ઘટત ઘટ જાય ૫
તુલસી હાય ગરીબ કી કબુ ન ખાલી જાય,
મુએ ઢોર કે ચામ સે લોહા ભસ્મ હો જાય ૬
તુલસી ઈસ સંસારમેં ભાતભાત કે લોગ,
સબ સે હીલમીલ ચાલીયે નદી નાવ સંજોગ ૭
છપ્પન વખારો ને ભારો કુંચી,
વેપાર થોડો ને નજરો ઉંચી ૮
જનની જણજે ભકતજણ કાં દાતા કાં શૂર,
નહિ તો રહેજે વાંજણી મત ગુમાવીશ નૂર ૯
કાતર સમાન દુર્જન કહ્યા સજ્જન સોય સમાન,
કાતર કાપી દૂર કરે સોય કરે સંધાન ૧૦
વા ફરે વાદળ ફરે ફરે નદીના પૂર,
ઉત્તમ બોલ્યા નવ ફરે પશ્ચિમ ઉગે સૂર ૧૧
કથની કથે સહુ કોઈ રહેણી અતિ દુર્લભ હોય ૧૨
જ્ઞાની સે જ્ઞાની મીલે કરે જ્ઞાન કી બાત,
ગધ્ધે સે ગધ્ધા મીલે કરે લાતમ લાત ૧૩
આવ નહિ આદર નહિ નહિ નયનો મેં નેહ,
ઈસ ઘર કબુ ન જાઈએ કંચન વર્ષે મેહ ૧૪
દેખદેખ રંડી કા ચાલા શિર મુંડાયા મુહ ભી કાલા,
દેખદેખ મરદ કી ફેરી મા મેરી કે તેરી ૧૫
કાલ કરે સો આજ કર આજ કરે સો અબ,

અવસર બીત જાયગા ફીર કરેગા કબ ૧૬
જાત જાતનો વેરી જાત જાતને ખાય,
પંડાપંડિત કુતરા દેખદેખ ઘુરકાય ૧૭
જીભમેં અમૃત વસે વિષ ભી ઉનકે પાસ,
એક બોલે કોડીગુણ એકે કોડી વિનાશ ૧૮
જીવ વધંતા નરક ગઇ અવધતાં ગઈ સગ્ગ,
હું જાણુ દો વાટડી જીણે ભાવે તિણે લગ્ગ ૧૯
માગણુ છોરૂં મહિપતિ ચોથી ઘરની નાર,
છત અછત સમજે નહિ લાવલાવને લાવ ૨૦

# ચૈત્યવંદન

## ૧. શાંતિનાથ ભગવાનનું ચૈત્ય વંદન

વિપુલનિર્ભરકીર્તિભરાન્વિતો, જયતિ નિર્જરનાથનમસ્કૃતઃ
લઘુવિનર્જિતમોહધરાધિપો, જગતિ યઃ પ્રભુ શાંતિજિનાધિપઃ ૧
વિહિત શાંત સુધારસમજ્જનં, નિખિલદુર્જયદોષવિવર્જિતં,
પરમપુણ્યવતાં ભજનીયતાં, ગનમનંતગુણૈઃ સહિતં સતાં ૨
તમચિરાત્મજમીશમધીશ્વરં, ભવિકપદ્મવિબોધદિનેશ્વરં
મહિમધામ ભજામિ જગત્રયે, વરમનુત્તર સિદ્ધિસમૃદ્ધયે ૩

## ૨. પાર્શ્વનાથ ભગવાનનુ ચૈત્યવંદન

શ્રયામિ તં જિનં સદા મુદા પ્રમાદવર્જિતં
સ્વકીયવાગ્વિલાસતો જિતોરૂમેઘગર્જિતં
જગત્પ્રકામકામિતપ્રદાન દક્ષમક્ષતં
પદં દ્ધાનમુચ્ચકૈરકૈતવોપલક્ષિતં...૧

સતમાવઘભેદકં 'પ્રભૂત સંપદાં' પદં
વલક્ષપક્ષસંગતં જનેક્ષણક્ષણપ્રદં
સદૈવ યસ્ય દર્શનં વિશાંવિમર્દિતૈનસાં
નિહન્ત્ય શાતજાતમાત્મભક્તિરક્તચેતસાં...૨

અવાપ્ય યત્પ્રસાદમાદિતઃ પુરુશ્રિયો નરા
ભવન્તિ મુક્તિગામિનસ્તતઃ પ્રભાપ્રભાસ્વરાઃ
ભજેયમાશ્વસેનદેવદેવમેવ સત્પદં
તમુચ્ચમાનસેન શુદ્ધબોધવૃદ્ધિલાભદં...૩

(૩)

આશ પુરે પ્રભુ પાસજી ત્રોડે ભવપાસ
વામા માતા જનમીયા અહિ લંછન જાસ ૧

અશ્વસેન સુત સુખકરૂ, નવ હાથની કાય,
કાશી દેશ વાણારસી પુણ્યે પ્રભુ આયા ૨

એકસો વર્ષનુ આયખું એ પાળી પાર્શ્વકુમાર,
પદ્મ કહે મુગતે ગયા નમતાં સુખ નિરધાર ૩

ॐ નમઃ પાર્શ્વનાથાય, વિશ્વચિંતામણીયતે
હ્રીં ધરણેન્દ્ર વૈરોટયા પદ્માદેવી યુતાયતે ૧
શાંતિ તુષ્ટિ મહાપુષ્ટિ ધૃતિ કીર્તિ વિધાયિને
ॐ હ્રીં દ્વિડ્ વ્યાલ વૈતાલ સર્વાધિ વ્યાધિનાશિને ૨
જયાજીતાખ્યા વિજયાખ્યા પરાજીતયાન્વિતઃ
દિશાંપાલૈર્ગ્રહૈઃ યક્ષૈ ર્વિદ્યાદેવીભિરન્વિતઃ ૩
ॐ અસિઆઉસાય નમસ્તત્ર ત્રૈલોકયનાથતાં
ચતુઃષષ્ટિ સુરેન્દ્રાસ્તે ભાસન્તે છત્ર ચામરૈઃ ૪
શ્રી શંખેશ્વર મંડન! પાર્શ્વજિન પ્રણતકલ્પતરૂકલ્પ!
ચૂરય દુષ્ટવ્રાતં પૂરય મે વાંછિતં નાથ! ૫

## ૫. સિદ્ધચક્રજીનું ચૈત્યવંદન

જો ધુરિ સિરિ અરિહંત મૂલ દઢપિઢ પઇઠ્ઠિઓ
સિદ્ધ સૂરિ ઉવજ્ઝાયસાહુ ચિહું પાસ ગરિઠ્ઠિઓ ૧
દંસણ નાણ ચરિત્ત તવ પડિસાહ સુદરૂં
તત્તક્ખર સરવગ્ગલદ્ધિ ગુરૂ પયદલદુંબરૂ ૨
દિસિપાલ જક્ખજક્ખિણી પમુહસરકુસુમેહિં અલંકિયો
સો સિદ્ધચક્ક ગુરૂ કપ્પતરૂ અમ્હમનવંછિય ફલ દિયો ૩

## ૧. સિદ્ધાચલજીનુ સ્તવન

સિદ્ધાચલનો વાસી પ્યારો લાગે મોરા રાજીંદા
ઈણીરે ડુંગરીએ ઝીણી ઝીણી કોરણી ઉપર શિખર બિરાજે
મોરા રાજીંદા ..૧ સિ.
કાને કુંડલ માથે મુગટ બીરાજે બાહે બાજુ બંધ છાજે
મોરા રાજીંદા...૨ સિ.
ચૌમુખ બિંબ અનોપમ છાજે અદ્‌ભૂત દીઠે દુઃખ ભાંજે
મોરા રાજીંદા...૩ સિ
ચુવા ચુવા ચંદન ઓર અગરજા કેસર તિલક વિરાજે
મોરા રાજીંદા...૪ સિ.
ઇણ ગિરિ સાધુ અનંતા સિદ્ધા કહેતાં પાર ન આવે
મોરા રાજીંદા...૫ સિ.
જ્ઞાન વિમલ પ્રભુ એણી પેરે બોલે આ ભવ પાર ઉતારો
મોરા રાજીંદા...૬ સિ.

માતા મરૂદેવીના નંદ દેખી તાહરી મૂરતિ મારૂં
મન લોભાણુંજી કે મારૂં દિલ લોભાણુંજી ૧ માતા
કરૂણાનાગર કરૂણાસાગર કાયા કંચનવાન
ધોરી લંછન પાઉલે કાંઈ ધનુષ પાંચસે માન ૨ માતા
ત્રીગડે બેસી ધર્મ કહંતા સુણે પર્ષદા બાર
યોજન ગામિની વાણી મીઠી વરસંતી જલધાર ૩ માતા
ઉર્વશી રૂડી અપસ્છરાને રામા છે મનરંગ

પાયે નેપુર રણઝણે કાંઈ કરતી નાટારંભ ૪ માતા
તુંહિ બ્રહ્મા તુંહિ વિધાતા તું જગતારણહાર
તુજ સરીખો નહિ દેવ જગતમાં અરવડીયા આધાર ૫ માતા
તુંહિ ધાતા તુંહિ ત્રાતા તુંહિ જગતનો દેવ,
સુર નર કિન્નર વાસુદેવા કરતા તુજ પદ સેવ ૬ માતા
શ્રી સિદ્ધાચલ તીરથ કેરો રાજા ઋષભ જીણંદ,
કીર્તિ કરે માણેક મુનિ તાહરી ટાળો ભવ ભય ફંદ ૭ માતા

## ૩ સંભવનાથ જીન સ્તવન

સંભવ જીનવર વિનતિ અવધારો ગુણ જ્ઞાતારે,
ખામી નહિ મુજ ખીજમતે કહિય હોશો ફળ દાતારે–૧
કર જોડી ઉભો રહું રાત દિવસ તુમ ધ્યાને રે,
જો મનમાં આણો નહિ તો શું કહીએ છાને રે–૨
ખોટ ખજાને કો નહિ, દીજે વાંછિત દાનો રે,
કરૂણા નજર પ્રભુજી તણી વાધે સેવક વાનો રે ૩
કાળલબ્ધિ નહિ મતિ ગણો ભાવલબ્ધિ તુમ હાથે રે,
લડથડતું પણ ગજબચું ગાજે ગયવર સાથે રે ૪
દેશો તો તુમ હિ ભલા બીજા તો નવિ જાચું રે,
વાચક જશ કહે સાંઇશું ફળશે એ મુજ સાચું રે ૫

## ૪ સુવિધિનાથ જીન સ્તવન

મેં કીનો નહિ તુમ બીન ઔર શું રાગ
દિનદિન વાન વધત ગુણ તેરો જ્યું કંચન પર ભાત,
ઔર નમે હૈ કષાયકી કલીમા સો કયું સેવા લાગ. ૧ મેં કીનો
રાજહંસ તું માન સરોવર ઔર અશુચિ રૂચકાગ
વિષય ભુજંગમ ગરૂડ તું કહીયે ઔર વિષય વિષનાગ. ૨ મેં કીનો
ઔર દેવ જલ છિલ્લર સરીખે તું તો સમુદ્ર અથાગ,
તું સુરતરૂ મનવંછિત પુરણ ઔર તો સુકે સાગ. ૩ મેં કીનો
તું પુરૂષોત્તમ તુંહિ નિરંજન તું શંકર વડભાગ,
તું બ્રહ્મા તુ બુદ્ધ મહાબલ તુંહિજ દેવ વીતરાગ ૪ મેં કીનો
સુવિધિનાથ તુમ ગુણ કુલનકો મેરો દીલહે બાગ,
જશ કહે ભ્રમર રસીક હોઈ તાકો લીજે ભક્તિ પરાગ ૫ મેં કીનો

## ૫. અનંતનાથજીનું સ્તવન

ધાર તલવારની સોહલી દોહલી ચૌદમા જિનતણી ચરણસેવા,
ધાર પર નાચતા દેખ બાજીગરા સેવના ધાર પર રહે ન દેવા
૧ ધાર

એક કહે સેવીયે વિવિધ કીરિયા કરી ફલ અનેકાંત લોચન ન દેખે,
ફલ અનેકાંત કિરિયા કરી બાપડા રડવડે ચાર ગતિમાંહિ લેખે
૨ ધાર

ગચ્છના ભેદ બહુ નયણુ નિહાળતા તત્વની વાત કરતા ન લાજે,
ઉદર ભરણાદિ નિજ કાજ કરતા થકી મોહનડીયા કલિકાલ રાજે
૩ ધાર

વચન નિરપેક્ષ વ્યવહાર જુઠો કહ્યો વચન સાપેક્ષ વ્યવહાર સાચો,
વચન નિરપેક્ષ વ્યવહાર સંસાર ફળ સાંભળી આદરી કાંઈ રાચો
૪ ધાર

દેવગુરૂ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે શુદ્ધ શ્રદ્ધા ન આણો,
શુદ્ધ શ્રદ્ધાન વિણુ સર્વ કિરિયા કરે છાર પર લીપણું તેહ જાણો
૫ ધાર

પાપ નહિ કોઈ ઉત્સુત્ર ભાષણ જીસ્યું ધર્મ નહિ કોઇ
જગ સૂત્ર સરિખો,
સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે તેહનું શુદ્ધ ચારિત્ર પરિખો
૬ ધાર

એહ ઉપદેશનો સાર સંક્ષેપથી જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવે,
તે નરા દિવ્ય બહુકાળ સુખ અનુભવી નિયત આનંદઘનરાજ
પાવે ૭ ધાર.

## ૬ શાંતિનાથ જીનનું સ્તવન

મારો મુજરો લ્યોને રાજ સાહિબ શાંતિ સલુણા,
અચિરાજીના નંદન તોરે દરિસણ હેતે આવ્યો.
સમકિત રીઝ કરોને સ્વામી ભક્તિ ભેટણું લાવ્યો. ૧ મારો.
દુઃખભંજન છે બિરૂદ તુમારૂં અમને આશા તુમારી,
તુમે નિરાગી થઇને છુટા શી ગતિ હોશે અમારી ૨ મારો.

કહેશે લોક ન તાણી કહેવું એવડું સ્વામીની આગે,
પણ બાળક જો બોલી ન જાણે તો કિમ વ્હાલો લાગે. ૩ મારો.
માહરે તો તું સમરથ સાહિબ તો કિમ ઓછું માનું,
ચિંતામણી જેણે ગાંઠે બાંધ્યું તેહને કામ કિશ્યાનું ૪ મારો.
અધ્યાતમ રવિ ઉગ્યો મુજઘટ મોહતિમિર હર્યું જુગતે,
વિમલવિજય વાચકનો સેવક રામ કહે શુભ ભગતે ૫ મારો.

## ૭ પાર્શ્વજિન સ્તવન

પરમાતમ પરમેસરૂ જગદીશ્વર જિનરાજ જગબંધવ જગભાણ
બલિહારી તુમતણી ભવજલધિમાંહિ જહાજ. ૧ પરમા
તારકવારક મોહનો ધારક નિજ ગુણ ઋદ્ધિ અતિશય
વંત ભદંત રૂપાળી શિવ વધુ પરણી લહી નિજ સિદ્ધિ. ૨ પરમા
જ્ઞાનદર્શન અનંત છે વળી તુજ ચરણ અનંત
ઈમ્રદાનાદિ અનંત ક્ષાયિક ભાવે થયા ગુણ તે અનંતાનંત ૩ પરમા
બત્રીસ વરણ સમાય છે એકજ શ્લોક મોઝાર,
એક વરણ પ્રભુ તુજ ન માયે જગતમાં કેમ કરી થુણીએ ઉદાર ૪ પરમા
તુજ ગુણ કોણ ગણી શકે જો પણ કેવલ હોય,
આવિર્ભાવથી તુજ સયલ ગુણ માહરે પ્રચ્છન્ન ભાવથી જોય ૫ પરમા
શ્રી પંચાસરા પાસજી અરજ કરૂં એક તુજ
આવિર્ભાવથી થાય દયાલ કૃપાનિધિ કરૂણા કીજેજી મુજ ૬ પરમા
શ્રીજિન ઉત્તમ તાહરી આશા અધિકી મહારાજ,
પદ્મવિજય કહે એમ લહું શિવનગરીનું અક્ષય અવિચલ રાજ ૭ પરમા

# એવો લાગ્યો છે....

એવો લાગ્યો છે અમને આ દુનિયાનો રંગ
જેથી લાગે ના હૈયે તારી ભક્તિનો રંગ
ઊંચે આભમાં ઊડે છે પેલો પાપનો પતંગ...

કાચના શણગારો માંગે કાચી આ કાયા
આંખો મીંચીને મૂકે માટીમાં માયા
એવા રંગરાગમાં સૌએ ડૂબ્યા અંગેઅંગ...

જાણીને બોલીએ રે જુઠ્ઠી રે વાણી
માખણને બદલે વલોવીએ રે પાણી
કેવો જામ્યો છે ઝેરભર્યો જીવતરનો જંગ...

સંસારી સુખ અમને લાગે છે પ્યારૂં
તારૂં જ નામ લેવું લાગે અકારૂં
તારી ભક્તિમાં વારે વારે પડતો રે ભંગ...

૨૧૩

# જીંદગીમાં કેટલું કમાણા

જીંદગીમાં કેટલું કમાણા રે, જરા સરવાળો માંડજો
સમજુ સજ્જન ને શાણા રે, જરા સરવાળો માંડજો.

મોટરો વસાવી તમે બંગલા બાંધ્યાં
ખુબ કીધાં એકઠાં નાણાં રે, જરા સરવાળો માંડજો.

ઊગ્યાથી આથમણા સુધી ધંધાની ઝંખના
ઉથલાવ્યા આમ તેમ પાનાં રે, જરા સરવાળો માંડજો.

ખાધું પીધું ને તમે ખૂબ મોજ માની
તૃષ્ણાના પુરમાં તણાયા રે, જરા સરવાળો માંડજો.

લાવ્યા'તા કેટલું ને લઈ જવાના કેટલું ?
આખર તો લાકડાં ને છાણાં રે, જરા સરવાળો માંડજો.

મહાવીરના નામને જેણે નથી જાણ્યું,
સરવાળે મીંડાં મૂકાણાં રે જરા સરવાળો માંડજો.

卐

# અવસર બેર બેર નહીં આવે

બેર બેર નહિ આવે અવસર, બેર બેર નહિ આવે
જ્યું જાણે ત્યું કર લે ભલાઈ, જનમ જનમ સુખ પાવે...અવસર૦
તન ધન જોબન સબહી જૂઠો, પ્રાણ પલકમેં જાવે...અવસર૦
તન છૂટે ધન કૌન કામકો, કાહેકુ કૃપણ કહાવે...અવસર૦
જાકે દિલમેં સાચ બસત હૈ, તાકુ જૂઠ ન ભાવે...અવસર૦
આનંદઘન પ્રભુ ચલત પંથમેં, સમર સમર ગુણ ગાવે....અવસર૦

卐

# જિન તેરે ચરણકી શરણ ગ્રહું

હૃદય કમલ મેં ધ્યાન ધરત હું શિર તુજ આણ વહું...જિન
તુમ સમ ખોળ્યો દેવ ખલકમેં, પેખ્યો નહી કબહુ...જિન
તેરે ગુણકી જપું જપ માલા, અહર્નિશ પાપ દહુ...જિન
મેરે મનકી તુમ સબજાનો, કયા મુખ બહોત કહું...જિન
કહે જસવિજય કરો ત્યું સહિબ જ્યું ભવ દુઃખ નલહું...જિન

વિભાગ–૨

**પદ્મવિભાગ**

# પંચકલ્યાણક મહાપૂજા

પ. પૂ. આચાર્યવિજય યશોભદ્રસૂરિજી વિરચિત.

## શ્રી ચરમ જિનપતિ મહાવીર પ્રભુ પંચકલ્યાણક પૂજા

॥ દુહા ॥

વંદું શ્રી મહાવીરને, પૂરણ પ્રેમ સહિત;
શારદ કસ્તુર ગુરુ નમી, રચું કલ્યાણક ગીત. ૧
દેવો જયમ ઉત્સવ કરે, નંદીશ્વર શુભ ઠામ.
ત્યમ કલ્યાણક પૂજના, કાપે કષ્ટ તમામ. ૨
શાસન સૂર્યમણિ સમા, શ્રી મહાવીર ભગવંત;
સમકિત રૂડું પામીયા, ભવ નયસાર કહંત. ૩
મુનિવર નંદનના ભવે, પૂજી પ્રભુ નિષ્કામ;
વીશસ્થાનક પદ સેવીને, બાંધ્યું શ્રી જિનનામ. ૪
દેવરૂપ પામી રહ્યા, સ્વર્ગે સાગર વીશ;
દૈવી સુખ અધિકતર, ભોગવતાં અહોનિશ. ૫

# શ્રી ચ્યવન કલ્યાણક પૂજા પ્રારંભ

॥ દુહા ॥

પૂરણ પ્રેમે પૂજીએ, પ્રભુ નવ અંગ ઉદાર;
ચ્યવન કલ્યાણક વીરતણું, ચઉગતિ ચૂરણહાર. ૧

( રાગ–આશાવરી ઢાળ પહેલી )

ભવિયા શ્રી જિન પૂજો ભાવે
સ્વામી સેવાથી સુખ થાવે. ભવિયા૦

જંબૂદ્વીપે સુંદર નયરી, માહણકુંડ સોહાવે;
વિપ્ર ઋષભદત્ત દેવાનંદા, પત્ની તાસ કહાવે. ભવિયા૦ ૧

આષાઢી છઠ્ઠ નિશી જિનવર, તાસ ઉદર ચ્યવી આવે;
ચૌદ સુપન દેખી તે વિપ્રા, અતિશય આનંદ પાવે ભવિયા. ૨

અવધિજ્ઞાને ઇન્દ્રે જાણ્યું, પ્રભુની સન્મુખ આવે;
નમુથ્થુણં ઉચરી શીર નામી, નિજ સ્થાનક પ્રતિ જાવે;
ભવિયા ૩

સૌધર્મેન્દ્રે સંશય કીધો, જિન ક્ષત્રિય કુલ આવે;
અંતિમ જિનવર નીચ કુલ આવ્યા,
વિપરીત કયમ એ થાવે ? ભવિયા ૪

મરીચીને ભવ ઉત્તમ કુલમદ; નીચ ગોત્ર બંધાવે,
તો પણ જિનવર કેરો જન્મ, નીચ કુલે નવી થાવે. ભવિયા ૫

હરિણગમેષીને તેડાવી, ઈન્દ્ર કહે શુભ ભાવે;
ઉત્તમકુલમાં જિનને મૂકવા, સત્ય સહુ સમજાવે. ભવિયા ૬

સિદ્ધારથ નૃપ ક્ષત્રિયકુંડ, નગરનો રાય કહાવે;
તસ પટરાણી ત્રિશલા કન્યા, કેરો ગર્ભ ધરાવે. ભવિયા ૭
તે કન્યાને દેવાનંદા, કેરા ગર્ભે લાવે;
શ્રી મહાવીરને ત્રીશલા રાણીની, કુખમાં પધરાવે. ભવિયા ૮
ચૌદ સુપન દેખે તવ રાણી, અદ્દભુત રૂપ બતાવે;
યશોભદ્ર પ્રફુલ્લિત જિનજનની, પતિને વાત જણાવે. ભવિયા ૯

॥ દુહા ॥

ચૌદ સુપન દેખી અનુપ ત્રિશલા જાગ્રત થાય;
પતિ પાસે જઈ પ્રેમથી, વાત કહે સુખદાય. ૧

(રાગ એ પ્રેમનગરના પંખેરુ તને પૂછું એકજ વાત–ઢાળ બીજી)
ઉલ્લાસભરી સિદ્ધારથને જઈ, કહેતી પ્રભુની માત,
સુંદર સ્વપ્નાકેરી વાત, સુંદર સ્વપ્નાકેરી વાત. (ટેક)
પહેલે સ્વપ્ને ગજવર દીઠો, વૃષભ પછી હે નાથ;
કેશરીસિંહ વલી શ્રીદેવી, દેખી થાઉં સનાર સું. ૧
માલ કુસુમની પંચમ સ્વપ્ને, છઠ્ઠે શશી સુખકાર
તમનાશક અવલોકયો સૂરજ, ધ્વજ સોહે મનહાર. સું. ૨
કલશ અનુપમ પદ્મ સરોવર, પદ્મથકી સોહાય;
ક્ષીર સાગર સ્વપ્નું અગિયારમું, દેખી કૌતુક થાય. સું. ૩

બારમે દેવવિમાન, તેરમે ગંજ રત્નનો રમ્ય;
ચૌદમે સ્વપ્ને ધૂમ વિનાનો, અગ્નિ દીઠો અગમ્ય. સું. ૪
ચિંતન કરતાં ચૌદ સુપનના, અર્થ ઘટાવે રાય;
સુંદર સદ્‌ગુણવાળો થાશે, સુત સહુને સુખદાય. સું. ૫
ત્રિશલા રાણી પ્રમુદિત ડોલે, ધર્મ કરે બહુ ભાત;
સ્વપ્નપાઠકને રાજા પૂછે, જ્યારે થયું પ્રભાત. સું. ૬
જોષી કહેતાં સ્વપ્ન ચતુર્દશ, દેખે જિનની માત;
ચક્રી જનની તેટલા દેખે, વાસુદેવની સાત. સું. ૭
ચાર સ્વપ્ન બલદેવની માતા, નીરખે સત્ય વિચાર;
જનની મંડલીકકેરી નિહાળે, સ્વપ્નું એક ઉદાર. સું. ૮
કુલ અજવાલે જગ અજવાલે, થાશે પુત્ર મહાન;
ચક્રવર્તી તીર્થંકર થાશે, ત્રિભુવન તિલક સમાન. સું. ૯
હર્ષિત નૃપતી દાન દીએ વલી, ધર્મ કરે બહુભાત;
ઋદ્ધિ સિદ્ધિ દંપતી પામ્યા, ટળ્યા સહુ ઉત્પાત. સું. ૧૦
દોહદ ઉપજે ત્રિશલાજીને પૂર્ણ કરે સહુ રાય;
અરિહા ભક્તિ પૂજન કરતાં, યશોભદ્ર ગુણ ગાય. સું. ૧૧

॥ કાવ્યમ્ ॥

જસ્સાવયારે તહ જમ્મણમ્મિ
ચરિત્તનાણે સિવસુક્ખકાલે ।
મહં કરેજાઽસુરસુરઇંદા
જયેઉ સો વીર જિણિંદનાહો ॥

મંત્ર

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરા મૃત્યુનિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, જલં ૧, ચંદનં, ૨, પુષ્પં ૩, ધૂપં ૪, દીપં ૫, અક્ષતં ૬, નૈવેદ્યં ૭, ફલં, ૮. યજામહે સ્વાહા

આ કાવ્ય તથા મંત્ર દરેક પૂજા દીઠ કહેવાં

॥ શ્રી ચ્યવન કલ્યાણક પ્રથમ પૂજા સમાપ્ત ॥ ૧ ॥

## ॥ શ્રી જન્મ કલ્યાણક પૂજા પ્રારંભ ॥

॥ દુહા ॥

અચળ રહ્યા પ્રભુ ગર્ભમાં, માતની જાણી દાઝ;
વિપરીત સમજી મા રડે, સવળ્યા ત્રિભુવન રાજ. ૧
માતપિતા જીવતાં સુધી, દીક્ષા ન લેવી મ્હારે;
અંતર્યામી તે સમે, અભિગ્રહ એવો ધારે. ૨
મંગલ દિન મંગલ ઘડી, મંગલ યોગ અનૂપ;
મંગલ કારણ જગતમાં, જન્મ્યા ત્રિભુવન ભૂપ. ૩

॥ ઢાળ ૧ ॥

( પારેવડા જાજે વીરાના દેશમાં—રાગ )

સોહામણી ધન્ય ઘડી એક આવતી,
વીર જન્મના વધામણા લાવતી સોહામણી. ૧

ચૈત્ર શુદી તેરશની રાતડી અનોખી,
જ્યોતિ ત્રિલોકમાં ફેલાવતી. સોહામણી. ૨

સાતે નરક પણ અજવાળા પામીયા,
સ્થાવરના દુઃખડા મીટાવતી. સોહામણી. ૩

છપન્ન દિક્કુમારી તિહાં હોંશથી.
સૂતીકરણ કાજ આવતી. સોહામણી. ૪

પ્રભુને નમી પ્રભુ માતને નમીને,
નિજનિજ કરણી બજાવતી. સોહામણી. ૫

જોજન ક્ષેત્રની શુદ્ધ કરી ધરણી,
જલ કુસુમ વરસાવતી. સોહામણી. ૬

વિંજણ ચામર દર્પણ દીપક,
કલશ ભરી ભરી લાવતી. સોહામણી. ૭

નવણ કરાવી માત પ્રભુને,
રંભાગૃહે પધરાવતી. સોહામણી. ૮

શણગારી બાંધતી રક્ષાની પોટલી,
ચરણોમાં શીર નમાવતી. સોહામણી. ૯

દુનિયાનો દીવો જાયો એ માતને,
ધન્યવાદ આપી ગુણ ગાવતી. સોહામણી. ૧૦

સુત ઘણું જીવજો આશિષ દઈ સંચરે,
યશોભદ્ર મન ભાવતી. સોહામણી. ૧૧

॥ દુહા ॥

આસન કંપે ઇન્દ્રનું, પ્રભુ જન્મ્યા સમજાય,
જઈ જિનને વંદન કરી, હરી હર્ષિત અતિ થાય. ૧

નિદ્રા આપી માતને, મૂકી બિંબ અનુપ;
સુરગિરિ પ્રભુને લાવીયા, હરી ધરી પંચરૂપ. ૨

ચોસઠ સુર સુરનારીઓ, મલીયા સુરગિરિ શૃંગ;
પ્રભુ જન્મોત્સવ કારણે, અંતર અતિ ઉમંગ. ૩

॥ ઢાળ ૨ ॥

( જબ તુમહી ચલે પરદેશ—રાગ )

ભક્તિથી ઉર ભરપૂર, ચોસઠ સુર,
સુરગિરિ આયા, અભિષેક કરી સુખ પાયા. (ટેક)
માગધ વરદામ ક્ષીરોદધિ જલ,
પૂજા સામગ્રી રચી નિર્મલ;
પાંડુકશિલા પર આસન રમ્ય બનાયા અભિષેક. ૧
હરિ પ્રભુબળની શંકા લાવે, અંગુઠે મેરુ ધ્રુજાવે;
ભ્રમ દૂર થતાં ચરણોમાં શીર, નમાયા. અભિષેક.
અભિષેકે ચોસઠ સહસ કલશ,
એવા અઢીસે અભિષેક સરસ
વૈમાનિક સુર સુરનારી મળીને ચડાયા અભિષેક. ૩

પ્રભુ અંગ લુછી ચરચી ચંદન,
ફુલ ધુપ દીપ ધરી રમ્ય વસન;
ગીત નર્તન નવનવ ભાવ કરી રીઝાયા. અભિષેક. ૪

હરિ જિનજનની પાસે આવે,
વંદન કરી પ્રભુને પધરાવે;
અવસ્વાપિની નિદ્રાબિંબને દૂર હટાયા અભિષેક. ૫

અંગુઠે અમૃત રસ ધરતા,
ઋદ્ધિ સિદ્ધિ નવનિધિ ભરતા;
નિજ કૃત્ય કરી ચાલ્યા હરખે સુરરાયા. અભિષેક. ૬

નંદીશ્વર પર સહુ સુર જતા,
અઠ્ઠાઈ મહોત્સવ ઉજવતા.
અદ્ભુત આનંદ સમીરે મન લહેરાયા. અભિષેક. ૭

વીર જિનનાં ગુણગાન કરી,
પૂજા કરીએ ભવિ ભાવ ધરી;
યશોભદ્ર જિન જન્મ કલ્યાણક ગાયા. અભિષેક. ૮

॥ કાવ્યમ્ ॥

જસ્સાવયારે તહ જમ્મણમ્મિ
ચરિત્તનાણે સિવસુક્ખકાલે ।
મહં કરેજ્જાઽસુરસુરઇંદા
જયએઉ સો વીરજિણિંદનાહો ॥

મંત્ર

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય. શ્રીમતે જિનેંદ્રાય, જલં ૧. ચંદનં ૨. પુષ્પં ૩, ધૂપં ૪. દીપં ૫. અક્ષતં ૬. નૈવેદ્યં ૭. ફલં ૮. યજામહે સ્વાહા

॥ શ્રી જન્મકલ્યાણક દ્વિતીય પૂજા સમાપ્ત ॥

## ॥ શ્રી દીક્ષા કલ્યાણક પૂજા પ્રારંભ ॥

॥ દુહા ॥

જન્મોત્સવ લાવી ઉષા, સિદ્ધારથને ધામ.
બંધ છુટયા હરખી પ્રજા, નાસે દુઃખ તમામ. ૧
દશ દિન ઓચ્છવ બારમે દિન, કરે નામાભિધાન;
સુખસંપદ વૃદ્ધિ થતાં, ધરે નામ વર્ધમાન. ૨

॥ ઢાળ ૧ ॥

(આવો આવો દેવ મારા-રાગ)

ત્રિશલાજીનો લાડકવાયો, સિદ્ધારથનો નંદ,
પ્રગટયો દુનીઆનો દીવો. ...ટેક.
સકલ સુઅંગ સુગંધિત સુંદર, વર્ધમાન સુકુમાર;
વર્ણ સુવર્ણ વળી સિંહ લંછન,
વદન કાંતિ મનોહાર. પ્રગટયો. ૧

શ્વેત રક્ત યુત નિર્મલ કાયા, સુગંધિત શ્વાસોશ્વાસ;
ત્રણ જ્ઞાનનો જ્ઞાતા જન્મે,
પૂરે મનની આશ. પ્રગટયો. ૨

ઇંદ્ર સભામાં પ્રભુના બળના, ભક્તિથકી ગુણ ગાય;
શંકા કરતો દેવ મિથ્યાત્વી,
આવ્યો અવની માંહ્ય. પ્રગટયો, ૩

આમ્લકી ક્રીડા ખેલે જિનજી, નિજ વય બાળક સંગે;
સર્પ બની વૃક્ષે વીંટાયો,
સુર પણ તેજ પ્રસંગે. પ્રગટયો. ૪

સર્પ ફુંફાડે બાળક ભાગ્યા, પ્રભુ ભયભીત ન થાવે;
કરમાં ઝાલીને દૂર ફેંકયો,
ભીતિ સકળ શમાવે. ...પ્રગટયો. ૫

પ્રભુને પૃષ્ઠ પરે લઈ સુર તે, સાત તાલ રૂપ ધારે;
વજ્ર મુષ્ઠીનો પ્રહાર દઇને,
શંકા તેની નિવારે. ...પ્રગટયો. ૬

મહાવીર નામ દઈને સુર તે, ચાલ્યો શિષ નમાવી;
અભય અતુલ બળના ધરનારા,
કોઇ શકે ના ફાવી. ... પ્રગટયો. ૭

વીર વિભુને ભણવા મૂકિયા, આઠમે વર્ષે નિશાળે;
જિનેંદ્ર વ્યાકરણ પ્રગટયું ત્યારે,
ગુરુના સંશય ટાળે. ...પ્રગટયો. ૮

સુદર્શના નામે છે ભગિની, નંદિવર્ધન ભાઈ;
યૌવન વયમાં વીરજી પરણ્યા,
યશોમતી સુખદાઈ. ....પ્રગટયો. ૯

માત પિતા સ્વર્ગે સીધાવ્યા, અઠાવીસમેં વરસે;
યશોભદ્રના સ્વામી સંયમ,
લેવા કાજે તલસે. પ્રગટયો. ૧૦

॥ દુહા ॥

સંયમ કાજે સંમતી, વડીલ ભ્રાતની ચહાય;
દોય વરસ થોભી જવા, વિનવે પ્રભુને ત્યાંય. ૧
વડીલ વચન હૈયે ધરી, થોભ્યા જગદાધાર;
બ્રહ્મચર્ય પાળે વલી, કરે પ્રાસુક આહાર. ૨

॥ ઢાળ ૨ ॥

(સાંભળજો મુનિ સંયમ રાગે-રાગ)

સંયમ રસીયા રહી શુભ ધ્યાને, દોય વરસ વીતાવે રે;
અવધ થયે લોકાંતિક દેવો, વિનવે પ્રભુને ભાવેરે સં. ૧

જય જય નંદા જય જયભદ્દા, ધર્મતીરથ તુમે થાપો રે;
બુઝોબુઝો હે ત્રિભુવન નાયક, જગજનનાં દુઃખ કાપો રે. ૨

સંયમ અવસર જાણી જિનજી, દેતાં વરસીદાન રે;
એક ક્રોડ અડ લખ સોનૈયા, પ્રતિદિન દે વર્ધમાન રે. ૩

એમ સંવત્સર દાન દીએ પ્રભુ, હરી સહુ ધન ઉપજાવે રે;
જિનવર હાથે દાન ગ્રહે જે, પીડા રહિત તે થાવે રે. ૪
સંમતિ પામી દીક્ષા કાજે, વીરજી તત્પર થાય રે;
ચોસઠ ઈન્દ્રો દેવ દેવી સહુ, ક્ષત્રિય કુંડે જાય રે. ૫
કનકમણિના કલશ અનુપમ, તીરથ જળ ભરી લાવે રે;
પ્રેમ કરી પ્રભુને નવરાવી, નવ શણગાર સજાવે રે. ૬
ચંદ્રપ્રભા શિબિકા અતિ સુંદર, સિંહાસન પધરાવ્યા રે;
સુર ઉપાડે મંગળ ગાવે, કુસુમે નાથ વધાવે રે. ૭
દુંદુભી વાજે જય જય ગાજે, આવ્યા જ્ઞાત ઉદ્યાને રે;
પ્રભુ મુખ પદ્મ નીહાળી જનસહુ, ધનધન જીવન માનેરે. ૮
શુભ મુહૂર્તે અશોક નીચે, આભૂષણ સવિ ત્યાગે રે;
લોચ કરે નમી સિદ્ધ ધરે વ્રત, મનઃપર્યવ જ્ઞાન જાગેરે. ૯
ઈન્દ્ર પ્રભુને ડાબે ખંધે, દેવદૂષ્ય પધરાવે રે;
વંદન કરી નંદીશ્વર જઈ સુર, નિજનિજ સ્થાનક જાવેરે. ૧૦
છોડી સહુ સંસાર સંબંધી, વીર બન્યા અણગારી રે;
વીતરાગી વીરચરણે વંદન, યશોભદ્ર સુખકારી રે. ૧૧

॥ કાવ્યમ્ ॥

જસ્સાવયારે તહ જમ્મણમ્મિ
ચરિત્તનાણે સિવસુક્ખકાલે ।
મહં કરેજ્જાઽસુરસુરઇંદા
જયેઉ સો વીર જિણિંદનાહો ॥

## મંત્ર

ૐ હ્રીઁ શ્રીઁ પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, જલં ૧. ચંદનં, ૨. પુષ્પં, ૩. ધૂપં ૪. દીપં ૫. અક્ષતં ૬. નૈવેદ્યં ૭. ફલં ૮. યજામહે સ્વાહા

॥ શ્રી દીક્ષા કલ્યાણક તૃતીય પૂજા સમાપ્ત ॥ ૧ ॥

## ॥ શ્રી કેવળજ્ઞાન પૂજા પ્રારંભ ॥

### ॥ દુહા ॥

વિહાર કરતાં વીરજી, છોડી સહુ સમુદાય;
કુમાર ગામે આવીયા, બે ઘડી દીન દેખાય. ૧
કાઉસ્સગ્ગ મુદ્રા ધારીને, જિનવર ઉભા જ્યાંય;
પીડા કરતા ગોપને, હરી સમજાવે ત્યાંય. ૨
ઉપસર્ગો પ્રભુને અતિ, સહાય થવાને કાજ;
સ્વામી સંગે વિહરવા, વિનતી કરે સુરરાજ. ૩
અન્ય બળે અરિહંત નવ, ચાહે કેવલજ્ઞાન;
એમ કહીને વિહરતા, અવની પર ભગવાન. ૪

### ॥ ઢાળ ૧ ॥

(નવણની પૂજા રે નિરમલ આતમા રે—રાગ)
પ્રભુજી સીધાવ્યારે, કર્મદળ જીતવારે. (ટેક)
વીરજી સીધાવ્યારે; કર્મદળ જીતવારે,

સહેતા પરિસહ અતિ દુઃખકાર,
અભિગ્રહ ધારે વિવિધ પ્રકાર
કર્મ ખપાવેરે સમ્યગ્ ભાવથીરે...પ્રભુજી. ૧

પીડતો શૂળપાણી લેઈ લાગ,
ડસીયો ચંડકોશીઓ નાગ;
નાગકુમારેરે પ્રભુજીને દુભવ્યારે...પ્રભુજી. ૨

ગોશાલો કટપુતના ક્રૂર,
વ્યંતરી શાલાર્યો મગરૂર;
સંગમ દેવે રે ઉપસર્ગો કર્યારે...પ્રભુજી. ૩

મનમાં આણી અતિશય કોપ,
કર્ણે ખીલા ઠોકે ગોપ;
નાદ કરંતારે ભૈરવ વન થયું રે...પ્રભુજી. ૪

ચંદનબાળાને ભૂવન,
વ્હોરે બાકુળ ભોજન;
અભિગ્રહ ધારે રે અગણિત કષ્ટનારે પ્રભુજી. ૫

ષડ્માસી પંચઊણ ષડમાસી;
નવ ચોમાસા બે ત્રણ માસી;
બે અઢી માસીરે ષડ બેમાસી કરીરે પ્રભુજી. ૬

બે દોઢ માસી દ્વાદશ માસ,
બ્હોંતેર કીધાં છે અર્ધ માસ;
દ્વાદશ કીધાંરે અટ્ઠમ તપ ભલાં રે...પ્રભુજી. ૭

છઠ્ઠ તપ બસેં ઓગણત્રીસ,
દો ચાર દશ દીન ત્રિભુવન ઈશ;
પ્રતિમા ધારેરે ભદ્રાદિક તણી રે...પ્રભુજી. ૮

પારણા ત્રણસેં ઓગણપચાસ,
તપીઆ તપ ઈમ ધરી ઉલ્લાસ;
જલ વિણ કીધાંરે પ્રભુએ તપ સહુરે ... પ્રભુજી. ૯

પ્રભુએ પારણા કીધા જ્યાંય,
કરતાં પંચ દીવ્ય સુર ત્યાંય;
જગ ઉપકારીરે જગમાં વિહર્યારે ... પ્રભુજી ૧૦

વિહર્યા વર્ષ તે સાડાબાર,
યશોભદ્ર જીવન આધાર;
ધીરજ ધારીરે કર્મ વિદારીયાં રે ... પ્રભુજી ૧૧

॥ દુહા ॥

આઠે પ્રવચન પાળતા, શુદ્ધ ચારિત્ર અપાર;
પંચ મહાવ્રત ધારતા, વીર પ્રભુ અણગાર. ૧
નિરાશ્રવ નિર્ભય સદા, નિસ્નેહી નિર્ગ્રંથ;
નિર્લેપી નિર્મલ અચલ, વલી નવ ચઉ પ્રતિબંધ ૨

॥ ઢાળ ૨ ॥

(લાખ લાખ દીવડા-રાગ)

લાખ લાખ કર્મોની ફોજને વિદારતા,
રાગદ્વેષ દૂર કરનાર; વીતરાગી વીર જિન પૂજીએ.

મમતા ન ધારતા સમતા સોહાવતા,
ચારિત્ર ગુણ ભંડાર. વીર.

નિરાલંબન પંચઇંદ્રિયને વશ કરે,
સમરથ સૂર્ય સમા તેજસ્વી અઘ દહે.
નિંદ શયન ત્યજનાર વીર. ૧

શાંતિ ક્ષમા જ્ઞાન દર્શનમાં રમે,
આર્જવ માર્દવ નિર્લોભતા ગમે,
સાધ્ય પદે રમનાર. વીર. ૨

વૈશાખ સુદ દશમીને મધ્યાહ્‌ને,
ક્ષ પ ક શ્રે ણી ચઢી શુકલધ્યાને;
ઘનઘાતી કીધાં સંહાર. વીર. ૩

શાલ વૃક્ષ નીચે સુશોભિત અવસરે,
કે વ ળ જ્ઞા ન અ ણ મૂ લું પ્ર ભુ વ રે;
વર્ત્યો ત્યાં જય જયકાર. વીર. ૪

લોક આલોકના ભાવો જાણે બધા,
સમવસરણમાં દીધી જ્યાં દેશના;
નિષ્ફલ જાય તેણીવાર. વીર. ૫

નયરી અપાપા મહાસેન વનમાં,
સમવસરણ સુર રચતા ઉમંગમાં
ત્રણ ગઢ ચઉ દ્વાર. વીર. ૬

રત્નસિંહાસને જિનજી બિરાજતા,
માલકોષ રાગમાં દેશના ત્યાં આપતાં;
વાણી યોજન વિસ્તાર. વીર. ૭
ગૌતમ આદિના સંશય ટાલીયા,
ચારિત્ર દઈ ગણધર પદે સ્થાપિયા;
સમજાવ્યો સ્યાદ્વાદ સાર વીર. ૮
સ્થાપીઓ ચતુર્વિધ સંઘ તેણે સમે,
સૂર નર તિર્યંચ સર્વ સુખમાં રમે;
ઉત્સવ રંગ અપાર. વીર. ૯
શાસનસ્વામી દેવછંદે સોહાવતા,
યશોભદ્ર અરિહંત ગુણ ગાવતા;
ભવ ભય ભંજનહાર. વીર. ૧૦

॥ કાવ્યમ્ ॥

જસ્સાવયારે તહ જમ્મણમ્મિ
ચરિત્તનાણે સિવસુક્ખકાલે ।
મહં કરેજ્જાઽસુરસુરઈંદા
જએઉ સો વીર જિણિંદનાહો ॥

મંત્ર

ૐ હ્રીં શ્રીં પરમપુરૂષાય, પરમેશ્વરાય, જન્મજરામૃત્યુનિવારણાય. શ્રીમતે જિનેંદ્રાય, જલં ૧. ચંદનં ૨. પુષ્પં ૩, ધૂપં ૪. દીપં ૫. અક્ષતં ૬. નૈવેદ્યં ૭. ફલં ૮. યજામહે સ્વાહા

શ્રી કેવળજ્ઞાન કલ્યાણક ચતુર્થ પૂજા સમાપ્ત ॥ ૧ ॥

## ॥ શ્રી નિર્વાણુ કલ્યાણક પૂજા પ્રારંભ ॥

॥ દુહા ॥

તીર્થંકર જિન કેવલી, ચોત્રીશ અતિશયવંત;
પ્રેમથકી પૂજો ભવી, સિદ્ધ બુદ્ધ ભગવંત. ૧
ચાર અતિશય જન્મથી, કેવળી થયે અગીયાર;
નવ દશ અતિશય સુર કરે, અદ્દભુત ગુણુ ભંડાર ૨

॥ ઢાળ ૧ ॥

( કરપી ભૂંડો સંસારમાં–રાગ )

આનંદકારી અરિહંતજીરે; ચોવીશમા જિનરાજ;
પરમાનંદી પરમાતમારે, શાસનના શીરતાજ. આ. ૧
નિર્મલ નીરોગી તન અતિરે, શ્વાસે સુગંધ અપાર;
માંસ રુધિર અતિ ઉજળુંરે, દેખે ન કોઈ આહાર. આ. ૨
યોજનગામી વાણી વદે રે, પાંત્રીશ ગુણયુત સાર;
તાપ ત્રિવિધ નડે નહીરે, પાંચશે કોશ વિસ્તાર. આ. ૩
ધર્મચક્ર ધ્વજ ચામરે રે, સિંહાસન ત્રણ છત્ર;
કનક કમલ પ્રભુ પગ ઠવેરે, મંદ પવન સર્વત્ર. આ. ૪
વરષ ફુલ સુગંધ જારે, ઋતુ અનુકુળ થાય;
નખ કેશ વધતા નહિરે, સુર કોડી સેવે સદાય. આ. ૫

ચાર મુખે દીયે દેશનારે, ચોત્રીશ અતિશયવંત;
વિહરતા અવની પરેરે, કરે ઉદ્ધાર અનંત. આ. ૬
માત પિતા પ્રસન્નચંદ્રજીરે, દશાર્ણ આર્દ્રકુમાર;
શાલીભદ્ર ધનશેઠજીરે, શ્રેણિક મેઘકુમાર. આ. ૭
ચંદનબાલા ને મૃગાવતીરે, સુજ્યેષ્ટા સન્નાર;
નર નારી એમ તારીયારે, જિનવર પરમ ઉદાર. આ. ૮
ચૌદ સહસ્ર સાધુ થયારે, ગણધર છે અગીયાર;
છત્તીસ સહસ તે સાધ્વીરે, કેવળી સાતસેં સાર. આ. ૯
અવધિજ્ઞાની તેરસેરે, વાદી ચઉ શત સાચ;
વૈક્રિયલબ્ધિ મુનિસાતસેંરે, મનઃપર્યવ શત પાંચ. આ. ૧૦
નવ સહસ્ર દોઢ લાખ છે રે, શ્રાવક શુદ્ધાચાર;
સહસ અઢાર ત્રણ લાખનોરે, શ્રાવિકા પરિવાર. આ. ૧૧
ચતુર્દશ પૂરવી ત્રણસેં રે, સુર સુરનારી વિશેષ;
અધમ ઉદ્ધારણ નાથજી રે, વિચરે દેશ વિદેશ. આ. ૧૨
ચંપા ભદ્રિકા ને મિથિલા રે, વૈશાલીપુર વાસ;
રાજગૃહી આદિ પુરી રે, સ્વામી રહ્યા ચોમાસ. આ. ૧૩
આવ્યા અંતે પાવાપુરી રે, ચરમ ચોમાસા કાજ;
યશોભદ્ર વીર વંદીયે રે, જગજીવન જિનરાજ. આ. ૧૪

॥ દુહા ॥

કાર્તિક માસ અમાવસી, રજની સ્વાતી ચંદ;
સોળ પ્રહર દઈ દેશના, શ્રી મહાવીર જિણંદ. ૧

છઠ તપશાલી નાથજી, સુરવંદિત જગભાણ;
પુરણ પરમાનંદ સુત, પામ્યા પદ નિર્વાણ. ૨
ભાવ દીપક જાતા થકાં, દીવડા કરતાં રાય;
સુર સહુ નિજ કરણી કરે, જય જય ધ્વનિ ત્યાં થાય. ૩
દાઢાદિક લઈને રચે, રત્ન સ્થંભ મનોહાર;
નંદીશ્વર ઉત્સવ કરે, કલ્યાણક સુખકાર. ૪

॥ ઢાળ ૨ ॥

( રાગ–ભૈરવી )

જય જય મહાવીર જગત ઉપકારી—ટેક

ત્રિભુવન નાયક તીર્થંકર પ્રભુ, તાર્યાં કંઈ નરનારી. જય.
સિદ્ધ બુદ્ધ મુક્તાત્મા સ્વામી, આત્માનંદી આતમરામી;
ચો ત્રી શ અતિશયધારી. જય. ૧

પૂર્ણપુરુષ પરમાતમ દેવા, સુર નર ઈંદ કરે નિત સેવા;
જિનવર જ્યોતિધારી. જય. ૨

અજર અમર પ્રભુ નાથ નિરંજન, કર્મ અનંતા કરે નિકંદન;
સકલ જંતુ હિતકારી જય. ૩

અકલ અસંગ વળી અવિનાશી, કેવલી લોકાલોકપ્રકાશી;
અદ્ભુત આનંદકારી. જય. ૪

મહાગોપ મહામાહણસ્વામી, દોષ અઢાર રહિત નિષ્કામી
ગુણ અનંતાધારી. જય. ૫

દ્રવ્ય ગુણ પર્યાયને જાણે, સહજાનંદ સમાધિ માણે
અક્ષય પદ દાતારી. જય. ૬
વર્ષ બ્હોંતેરકેરું આયુ, પૂરણ પુન્યથકી સોહાયું
આપ વર્યા શિવનારી. જય. ૭
ગૌતમ દૂર હતો તે ટાણે, સુણી નિર્વાણ વિષાદ તે આણે;
શોક કરે બહુ ભારી. જય. ૮
શોક કરંતા સમતા ધારે, કેવલજ્ઞાન થયું તે વારે;
ઉત્સવ શોભા ન્યારી. જય. ૯
પારસનાથને વીર જિનેશ્વર, વરસ અઢીસેકેરું અંતર;
શાસનને સુખકારી. જય. ૧૦
પંચકલ્યાણક ઉત્સવ કરિયે, પૂજન કરતાં ભવદુઃખ હરીએ;
મૂરતિ મંગલકારી. જય. ૧૧
પૂજા કરતાં ભાવના ભાવો, ઘર ઘર આનંદમંગલ ગાવો;
ગાવો જિનવર જયકારી. જય. ૧૨
તીર્થોદ્ધારક નેમિસૂરીશ્વર; સૂરિ વિજ્ઞાન ને કસ્તૂર ગુરુવર;
યશોભદ્ર જાઉં વારી. જય. ૧૩

॥ કાવ્યમ્ ॥

જસ્સાવયારે તહ જમ્મણમ્મિ
ચારિત્તનાણે સિવસુક્ખ કાલે ।
મહં કરેજ્જાઽસુરસુરઇંદા
જએઉ સો વીરજિણિંદનાહો ॥

મંત્ર

ૐ હ્રીં શ્રીં પરમપુરુષાય, પરમેશ્વરાય, જન્મજરા મૃત્યુનિવારણાય, શ્રીમતે જિનેંદ્રાય, જલં ૧, ચંદનં, ૨, પુષ્પં ૩, ધૂપં ૪, દીપં ૫, અક્ષતં ૬, નૈવેદ્યં ૭, ફલં, ૮. યજામહે સ્વાહા

॥ શ્રી નિર્વાણ કલ્યાણક પાંચમી પૂજા સમાપ્ત ૧ ॥

---

## : કળશ :

( જિણંદા પ્યારા મુણિંદા પ્યારા-રાગ )

આજ મેં તો ગાયા, મહાવીર જિનરાયા (૨)
ચોવીશમા અરિહંત, વીર જિનેશ્વર ગાયા. (ટેક)
ત્રિશલાનંદન, ભવદુઃખભંજન, ભવદુઃખભંજન;
સિદ્ધ બુદ્ધ ભગવંત, વીર જિનેશ્વર ગાયા. ૧
તપગચ્છ દીવો સિંહ સૂરીશ્વર, સત્યવિજય ગણિરાજ
મણિ બુદ્ધિ વૃદ્ધિ મુનિરાયા, સંવેગી શિરતાજ. વી. ૨
તેહની પાટે વીરશાસનમાં, સૂરિજી જગતપ્રસિદ્ધ; વી.
ષડ્દર્શનમાં જ્ઞાની અનુપમ, બોધ્યા નૃપ બહુવિધ. વી. ૩
સિંહ સમ શૂરા તીર્થોદ્ધારક, સૂરિસમ્રાટ કહાય; વી.
બાલબ્રહ્મચારી પ્રખર પ્રતાપી, વિજયનેમિસૂરિરાય. વી. ૪

વિજય વિજ્ઞાનસૂરિ તસ પટ્ટધર, ગુણગણુના ભંડાર; વી.
સંયમ દાતા છે સુરિરાયા, મુજ આતમના ઉદ્ધાર. વી. ૫

તેહના પટ્ટધર શાસ્ત્ર પ્રવીણ છે, કસ્તૂર સૂરિ ગુરુરાજ; વી.
મન વચ કાયે પાવનકારી, શ્રુતદાતા સૂરિરાજ વી. ૬

બોટાદનગરે રમ્ય મનોહર, ત્રણ ચૈત્યો સોહાય; વી.
વિક્રમ દોય સહસને છમાં, ચોમાસું ત્યાં થાય. વી. ૭

શિષ્ય શુભંકરવિજય આગ્રહથી, પૂજા રચી શ્રીકાર; વી.
ભગવતી સૂત્રના યોગને કરતો, ગુરુનિશ્રા સુખકાર. વી. ૮

યશોભદ્રવિજયે જિન ગાયા, સંઘ સકલ હરખાય. વી.
મહાવીર પંચકલ્યાણક પૂજતાં ઘરઘર મંગલ થાય. વી. ૯

---

## શ્રી ....જિન....સ્તવન

( જબ તુમહી ચલે પરદેશ–રાગ )

જય જિનજી બડા મહાવીર પ્રભુ મહાવીર;
જય જિનજી પ્યારા, નિરાગી નાથ હમારા.

જગ સારા ફીરફીર આયા હું, સબ દેખકે ખુબ મુંઝાયા હું;
દૂર તૂમહી કરો દુઃખ સારા પ્રભુજી પ્યારા. નિરાગી.

આંખોમેં કરૂણા બહેતી હય, ઔર જ્યોતિ ઝગમગ જલતી હય;
તુજ દરશન હય સુખકારા, પ્રભુજી પ્યારા. નિરાગી.
દેવાધિદેવા ભજતા હું, વીર વંદન કોટી કરતા હું.
અબ ચાહે યશોભદ્ર, પ્યારા મુક્તિ કિનારા. નિરાગી.

( રઘુપતિ રાઘવ રાજારામ–રાગ )

આદીશ્વર અલબેલું નામ, ભાવે ભજીએ થઈ નિષ્કામ;
થઈ નિષ્કામ થઈ નિષ્કામ, ભાવે ભજીએ થઈ નિષ્કામ. આદી.
પ્રથમ નરેશ્વર યતિવ્રત ધાર, પહેલા તીર્થંકર ભગવાન. આદી.
યુગલા ધર્મ નિવારક દેવ, કર્મ હટાવે ક્રૂર તમામ. આદી.
જીવનધન જગહિત કરનાર, ઋષભ જિણંદા છે સુખધામ. આદી.
યશોભદ્ર શિવદાયક નામ જપી લે ને તું આઠે યામ. આદી.

( હો ભાભી તમે થોડા થોડા–રાગ )

હે નાથ ! મને લાગી લાગી લગની તમારી
હે નાથ ! મને લાગી લાગી લગની તમારી. (ટેક)
નમું શાંતિ જિણંદ સુખકારી. હે નાથ.
મૂરતિ મધુર મને રોજરોજ જોવી ગમે,
હૈયું પુલકિત બને ભક્તિથી શીષ નમે;
આગ અંતરકેરી બુઝાવનારી. હે નાથ.
જાણે કેવું રૂડું રૂડું ચંદ્ર જેવું મુખડું;
ઝગે નયનોમાં જ્યોત કંઈ ભારી. હે નાથ.

સુંદર સુઅંગ બધા જોઈ જોઈ હરખાવું,
મનહરણી મૂરતિના શા શા હું ગુણ ગાવું;
સદા સોહી રહી શાંત સુખકારી. હે નાથ.
અચિરાના નંદને આંખડીએ આજ દીઠાં,
દેવાધિદેવનાં ગાયા મેં ગીત મીઠાં;
જાવું યશોભદ્ર બલિહારી. હે નાથ.

(લાખ લાખ દીવડાની આરતિ–રાગ)

લાખ લાખ હૈયામાં ભાવના પ્રગટાવજો,
ભક્તિના ઝુલે ઝુલાય, મંદિરીયે ચાલો જિણંદના.
લાખ લાખ જ્યોતિનાં ઝુમખાં નિહાળજો,
લાખ લાખ અંધારા જાય, મંદિરીયે ચાલો જિણંદના.
ધીમે ધીમે વાતા વાયરાઓ કાળનાં,
દર્શનથી તૂટશે સાંધા જંજાળના,
લાખ લાખ કર્મો કપાય, મંદિરીયે ચાલો જિણંદના.
ચાલો ચાલો પ્રભુજીને રીઝાવજો,
હયાં યશોભદ્ર નિર્મલ બનાવજો;
લાખેણું જીવન જીવાય, મંદિરીયે ચાલો જિણંદના.

( મારી વેણીમાં ચાર ચાર ફુલ–રાગ )

મારા અંતરથી થાશો ના દૂર,
જિણંદજી મુક્તિ સુખ આપજો મધુર. (ટેક)
કામ ક્રોધ લોભ બહુ મુજને સતાવતા, મોહ બનાવે ગાંડોતુર;

માયાની જાળમાં હું તો ફસાયો, વિષયે બન્યો ચકચૂર જિ.
જીવનનો પંથ બહુ કારમો દીસે છે, જાવું મારે ઘણું દૂર;
દુનિયા બધી મારે કોઈ ના કામની. એક મારે તારી જરૂર. જિ.
જીવન તણો છે કોઈ ના ભરોસો, એ તો છે ક્ષણભંગુર;
ક્ષણ ક્ષણ તારા મધુર નામથી ગુંજી ઉઠે છે મારું ઉર. જિ.
નેમિસૂરિ વિજ્ઞાનતણો છે સૂરિ સાચા કસ્તૂર;
મુક્તિસુખ પામવા દીન બની યાચતો, યશોભદ્ર આતૂર. જિ.

( અખીયાં મીલાકે–રાગ )

જિનજીકો ધ્યાકે શાંતિકો પાકે, પ્રભુ ગુણ ગાના હો હો પ્રભુ.
ધ્યાવો જિનધ્યાન મનકી ચંચલતા કો રોક લેગા,
ધ્યાન સેં જિનકી મુરતકા મધુર દર્શન મીલેગા. જિ.
શાંતિકો પાયેગા તું હરદમ પ્રભુકા નામ લેના,
જાદુભરી હૈ જગ કી માયાસે તું દૂર રહેના. જિ.
જિનજીકો ગાનેવાલા જો તું જિનજીકો મનાયે.
કહેતા હય યશોભદ્ર તબ તેરા ફેરા મીટ જાયે. જિ.

( આઈદીવાલી–રાગ )

પાર્શ્વ જિણુંદા પાર્શ્વ જિણંદા, દૂર હટા મોહકા ફંદા;
મૈં તુજકો સ્મરૂં પાર લગાજા.
જીવન અજ્ઞાન સંગ નાચકે ચલા ગયા,
જગતકી સુન્હેરી જાલમેં મુજે ફસા ગયા;
શિવધામી સ્વામી જરા આ મૈં તુજકો સ્મરું પાર લગાજા.

તુમ તો દયાલુ દેવહો દયા દીખાવોગે,
ઓર યશોભદ્રકી પુકાર દીલમેં લાવોગે;
શિવધામી સ્વામી જરા આ, મૈં તુજકો સમરું પાર લગાજા.

( આજ મારી નણદીએ–રાગ )

સાચું શરણ એક પ્રભુ જગમાં ત્હારું,
જગનાં સંબંધ બધા સ્વાર્થભર્યા ભાસતા;
હોયે જરૂર છતાં કામ નહીં આવતાં,
મ્હારું સમજું છતાં ના થાયે મ્હારું. સાચું
જેણે શરણ ત્હારું ધર્યું, તેનું સવિ કાજ સર્યું;
મોતી અણમૂલ મલ્યું કેમ વીસારું. સાચું
મિથ્યા અજ્ઞાનમહીં ભટકયો છું ખૂબ ભવે,
દેવાધિદેવ ત્હારે શરણે આવ્યો છું હવે;
યશોભદ્ર ચરણ શરણ માગે પ્યારું. સાચું

વિભાગ-૨

# શ્રી ચંદ્રરાજાની સજઝાય

॥ દુહા ॥

વંદુ શ્રી અરિહંતને અક્ષયપદ દાતાર,
માત સરસ્વતીને સ્મરૂં અર્પે સત્ય વિચાર—૧
રાજર્ષિપદ પામીઓ ચંદ નૃપતિ સરદાર,
ગુરુપદ પ્રણમીને રચું તેહનો જીવન સાર—૨

— ઢાળ ૧ —

( આવો આવો દેવ મારા-રાગ )

ઇંદ્રપુરીસમ આભાનગરી, જંબુદ્વીપ સોહાય,
સુણજો ભવીયા ભાવેથી..
વીરમતી પટરાણી એવા, વીરસેન છે રાય,
સુણજો ભવીયા ભાવેથી.

વક્રગતી એક અશ્વ લઇ, એ મૃગયા કરવા જાતો;
મૃગની પાછલ ભમતો રાજા, ઘણો તૃષાતુર થાતો—સુ. ૧
વાપીમહીં જલપાન કરતાં, જાલી એક નીહાલી,
અંદર જાતાં યોગી સંગે; રૂપ કન્યા એક ભાલી—સુ. ૨

સહાય માગતાં વીર ભૂપે, યોગીને દૂર નસાડયો,
પદ્મ શેખરને ચંદ્રાવતીનો, સંદેશો પહોંચાડયો—સુ. ૩

પદ્મ શેખરે ચંદ્રાવતી, વીરસેન સાથ પરણાવી,
દંપતી સુખ ભોગવતાં સ્નેહે, શુભ ઘડી એક આવી—સુ. ૪

ચંદ્રાવતીને ગર્ભ રહ્યો ને, ચંદ્રનું સ્વપ્નું આવે,
પ્રસવ્યો ચંદ્રસમો સુત સુંદર, ચંદ્ર કુમાર કહાવે—સુ. ૫

આભાનગરી હર્ષિત દીસે, ઘર ઘર મંગલ વાગે,
સાવકી માતા વીરમતીના હૈયે હોળી લાગે—સુ. ૬

ઘડી ઘડી નીસાસા નાખે, ઇર્ષા મનમાં લાવે,
દૈવયોગે એક પોપટ આવી, પૂછવા લાગ્યો ભાવે—સુ. ૭

બ્હેન તું શાને ચિંતા કરતી, એવું શું દુઃખ ત્હારે,
રાણી બોલી પુત્ર વિનાનું, જીવન ઝેર છે મારે—સુ. ૮

શુક બોલ્યો તું ચૈત્રી પુનમનિશા, ઋષભ જિનાલય જાજે,
મલે વસ્ત્ર જો અપસરાનાં, તો ત્હારૂં દુઃખ ભાંજે--સુ. ૯

ચૈત્રી પુનમનિશી વીરમતી ત્યાં, જાય બહુ અનુરાગે,
અપસરાનાં વસ્ત્ર હરીને, પુત્ર તણો વર માગે—સુ. ૧૦

બોલી અપસરા ભાગ્યમહીં, તુજ પુત્ર નવી દેખાયે,
વિદ્યા એવી આપું જેથી, સહુ તારે વશ થાયે—સુ. ૧૧

ગ્રહી વિદ્યા સહુ વીરમતી, આવી આનંદે મલકાયે,
વશ કીધાં વિદ્યાથી સૌને, ફુલી નહિ સમાયે—સુ. ૧૨

ગુણાવલી નારી પરણાવી, ચંદ્ર કુંવરને તાતે,
રાજ્ય છોડીને દીક્ષા લીધી, ચંદ્રાવતીની સાથે—સુ. ૧૩

નેમિ–વિજ્ઞાન કસ્તૂરસૂરિનો, યશોભદ્ર સુખ ગાવે,
વીરમતી શું પ્રપંચ કરતી, વિદ્યા કેરા પ્રભાવે—સુ. ૧૪

— ઢાળ ૨ —

( લાખ લાખ દીવડાની આરતી–રાગ )

લાખ લાખ દુર્ગુણ છે દુર્જનની વાતમાં,
સુણતાં સંતાપ અતિ થાય, દુર્જનની શીખ નવી માનીયે.

ચંદરાજની સુકીર્તિ સર્વ દીશ વ્યાપતી,
રાણી ગુણાવલી પતિ સંગે રાચતી,
વીરમતી યુક્તિ કરે ત્યાંય—દુર્જનની — ૧

સાસુજી બોલ્યાં વહુ તું તો અજાણ છે,
આ જગમાં જોવાં જેવાં ઘણાં સ્થાન છે,
ઘરમાં બેઠાં ના દેખાય — દુર્જનની — ૨.

આભાપુરી ને ચંદથી શું આભી બની,
સુંદર નરનાર જુવો શોભા વિદેશની,
શોભા જેની ના કળાય –– દુર્જનની –– ૩

કૌતુક દેખાડું તને વિદ્યા મારી ખરી,
એક રાતમાં જઇને આવશું વિમળાપુરી,
લગ્ન તણો ઉત્સવ ત્યાં થાય—દુર્જનની — ૪

કંબા કણેરની મંત્રુ રાતડીએ,
દેજો ઠબકાર ત્રણ ચંદની સેજડીએ,
જેથી તે નિદ્રાધીન થાય — દુર્જનની — ૫

ભોળી ગુણાવલી કંબા લેવા ગઈ
શંકિત બનીને ચંદ એવો છુટયો તહિં,
કે શૈયામાં જાણે સુતો રાય — દુર્જનની -- ૬

કંબાના ઠબકા દઈ ચાલી ગુણાવલી,
હોંશે હોંશે જઈ સાસુજીને મલી,
ચંદરાય પણ પુંઠે જાય -- દુર્જનની -- ૭

નગર તણા લોક ઘોર નિંદમાં પડયા,
વાડીમાં આવી બન્ને આમ્રવૃક્ષે ચડયા,
ચંદ પણ વૃક્ષમાં સંતાય -- દુર્જનની -- ૮

વિદ્યા પ્રભાવથી આંબો ગગને ચડયો,
વીમળાપુરી જવા પવન વેગે ઉપડયો,
મારગમાં તીર્થો દેખાય -- દુર્જનની -- ૯

આવી વિમળાપુરી વનમાં સહુ ઉતર્યાં,
સાસુ વહુ હાથ ઝાલી નગર જોવા નીસર્યાં,
ચંદરાય પાછલથી જાય--દુર્જનની--૧૦

નગરીમાં આજ દીસે આનંદ અતી ઘણો
લગ્ન તણો ઉત્સવ છે રાયપુત્રી તણો,
પ્રેમલા લચ્છી જે કહાય -- દુર્જનની--૧૧

સિંહલરાજનો પુત્ર કનકધ્વજ,
આવ્યો પરણવા સુંદર થઈને સજ્જ
લગ્ન તણી તૈયારી થાય -- દુર્જનની -- ૧૨

સેવક વરપક્ષનાં ચંદને નીહાલે જ્યાંય,
ચંદ્રરાજ કેરી જય બોલ્યા મુખેથી ત્યાંય,
રાજા વિસ્મિત અતિ થાય -- દુર્જનની -- ૧૩

નેમિ–વિજ્ઞાન કસ્તૂર આલંબને,
યશોભદ્ર કહે સેવકો ચંદને
વરના ઉતારે લઈ જાય -- દુર્જનની -- ૧૪

॥ ઢાળ ૩ ॥

( શ્રી સ્થુલિભદ્ર મુનિગણમાં–રાગ )

અકલકળા કુદરતની ના સમજાય જો,
વરના સેવક સંગે આભા રાયજો
આદર પૂર્વક જાની વાસે આવીયાં જો--૧

સિંહલ રાજા સામે આવી ભેટયાં જો,
તમ પગલે હમ દુઃખડાં સર્વે મેટયા જો,
ચંદ કહે શી રીતે મુજને ઓળખ્યો જો--૨

હિંસક મંત્રી કહેતો લાગ્યો ત્યાંય જો,
પુત્ર નહિ હોવાથી સિંહલ રાયજો,
કુલદેવીને પ્રેમ સહીત આરાધતાં જો-- ૩

જન્મ થતાં પણ કુષ્ટરોગ દીલ વ્યાપ્યો જો,
પુત્ર કનકધ્વજ તેથી છુપો રાખીયો જો — ૪

લોકો સમજ્યા પુત્ર મહા રૂપવાન જો,
બહાર ન નીકલે તેથી નૃપ સંતાન જો,
દેશ વિદેશે તેની કીર્તિ વ્યાપતી જો, — ૫

સુણી પ્રશંસા એવી મકરધ્વજ રાજ જો,
પ્રેમલા લચ્છી કેરા વિવાહ કાજ જો,
ચાર પ્રધાનો સિંહલપુરમાં મોકલે જો--૬

વર જોયા વીણ કીધી સગાઈ ત્યાંય જો,
લગ્ન તણી ઝડપી તૈયારી થાય જો,
કુલદેવીને રાય ફરી આરાધતો જો--૭

દેવી બોલ્યા સાંભલ રાજા વાત જો,
વિમળાપુરીમાં લગ્ન તણી જ્યાં રાત જો,
ચંદરાય આ માતની પાછલ આવશે જો--૮

પ્રેમલા પરણી આપશે રાજા ચંદ જો,
કોઇ નહિ ત્યાં જાણે તારા ફંદ જો,
એવું બોલી હિંસક પ્રણમે ચંદને જો--૯

ચંદ કહે કે મુજથી એમના થાય જો,
કોઇને કાજે મુજથી કયમ પરણાય જો,
પણ સહુ કગર્યાં ત્યારે ચંદે હા ભણીજો--૧૦

બની કનકધ્વજ ચંદ તો ઘોડે ચડીયાં જો,
દુદુંભી ઢોલ નગારા ત્યાં ગડગડીયાં જો,
મંડપ આવી લગ્ન ક્રીયા પુરી કરી જો—૧૧

ગુણાવલી ત્યાં વીરમતીને પૂછે જો,
વર તો રાજા ચંદના જેવો દીસે જો,
સાસુ કહે વહુ ખોટી શંકા ના કરે જો—૧૨

પરણી ઉઠતાં વર વહુ પાસા ખેલે જો,
ચંદરાય શબ્દોની સમશ્યા મેલે જો,
કે પાસા મુજને ગમતા રાજા ચંદના જો—૧૩

ભોજન જમતાં સુરસરિતા નીર માગે જો,
પ્રેમલા કેરા દીલમાં સંશય જાગે જો,
કે કનકધ્વજ કેમ ગાય ગુણ આભા તણાજો—૧૪

પ્રેમલ પ્રેમે રાજા ભુલ્યો ભાનજો,
ત્યાં તો હિંસક મંત્રી કરતો શાનજો.
ચંદરાય કચવાતો ત્યાંથી નીસર્યો જો—૧૫

આંબાના દરમાં રાજા સંતાયાં જો,
સાસુ વહુ પણ હરી ફરી ત્યાં આવ્યાં જો,
સૂર્યોદય પહેલાં આભાપુરી ગયાં જો—૧૬

નેમિ—વિજ્ઞાન — કસ્તુરસૂરિ કેરોજો,
યશોભદ્ર અનુપમ ગુણડાં ગાયે જો,
ચંદરાય શૈયામાં જઈ પોઢી ગયાં જો,—૧૭

## ॥ ઢાળ ૪ ॥

( વર્ધાના વડલાની નીચે બેઠો એકવી જોગી-રાગ )

કોને કોની સગાઈ ભાઇ, સહુ સ્વારથના સાથી.
ચંદરાય શૈયામાં સુતો, ખોટી નીદ્રા આણી,
ગુણાવલી આવીને જગાડે, બોલે કપટી વાણી—કોને ૧
ઉઠો રાયજી પ્રભાત પ્રગટે—તો પણ શે નવ જાગો,
રજની આખી બહુ ઘોર્યા છો, હવે તો નિદ્રા ત્યાગો—કોને ૨
આળસ મરડી એમ બોલતાં, ચંદરાય ત્યાં જાગે,
રાણીજી તમ આંખલડીમાં, ઉજાગરો કયમ લાગે—કોને ૩
રાણી બોલ્યાં જિન ભક્તિમાં રાતડી આખી ગાળી,
ચંદ કહે કે મેં પણ સ્વપ્નામાં વિમળાપુરી ભાળી—કોને ૪
તમને હોંશે ફરતાં દીઠા, સંગે વીરમતી માતા,
ગુણાવલી બોલી કે સ્વપ્ના, સાચા કદી ન થાતા—કોને ૫
ત્યાં તો રાણી મીઢલ જોતી, ચંદરાયના હાથે,
મનમાં સોચે જરૂર તેઓ, આવ્યા હશે હમ સાથે—કોને ૬
વીરમતી પાસે જઈને કહેવા લાગી રાણી,
હે સાસુજી તમ પુત્રે સહુ, વાત લીધી છે જાણી કોને—૭
તમ વિદ્યા તો મારે માટે, નીકલી છે દુઃખ કરણી,
પ્રેમલા લચ્છી જરૂર મારા, ચંદની સાથે પરણી—કોને ૮
વીરમતી ક્રોધિત થઈ ચાલી, પુત્રતણો વધ કરવા,
તે દેખીને ગુણાવલી ત્યાં, લાગી ઘણું કરગરવા—કોને ૯

બની કુમાતા કુકર્મ કીધું, દોરો મંત્રી લીધો,
ચંદરાયને ગળે બાંધીને, કુકડો બનાવી દીધો—કોને ૧૦
ધ્રૂસકે રોતી ગુણાવલી ત્યાં, અહા કેવું છે ભાવી,
રાજાઓનો રાજા તેની, પક્ષીની ગતિ આવી—કોને ૧૧
કર્મ ન છુટે એવું સમજી, ગુણાવલી ધીર ધરતી.
રાતદીન કુર્કુટ પતિ કેરો, જતન પ્રેમથી કરતી—કોને ૧૨
નેમિ-વિજ્ઞાન કસ્તુરસૂરિને, યશોભદ્ર નમું પાયે,
પ્રેમલા લચ્છી કેરી હાલત, સુણો કેવી ત્યાં થાયે કોને—૧૩

— ઢાળ ૫ —

( નરનારી જાયે હારી-રાગ )

પુન્ય ઉદય જ્યાં થાયે, કપટીના કપટ ના ફાવે,
હિંસક હવે જાલ બીછાવે, પ્રેમલા લચ્છીને ફસાવે.
ચંદ જતાં કનકધ્વજ આવે, પત્ની કહી પ્રેમલાને બોલાવે;
રાણી રોષ બતાવે, કપટી—૧

કોણ તું કુષ્ટી દંભી કામી, રંગેરૂપાળો મ્હારો સ્વામી,
તું કયમ મુજને સતાવે—૨
હિંસક ત્યાંતો આળ ચઢાવે, કુષ્ટી થયો કનક અહીં આવે,
વિષ કન્યાના પ્રભાવે. કપટી—૩
પિતા પ્રેમલાના ત્યાં આવ્યા, નિજ પુત્રીપર રોષે ભરાયા,
દીલમાં દયા ના લાવે, કપટી—૪

પુત્રી વધ કરવાને કાજે, ચંડાલો તેડાવ્યા રાજે.
મંત્રી ત્યાં સમજાવે, કપટી—૫
રાય પૂછ્યા વીણુ ખોટું થાશે, જન્મતણો કુષ્ટી આભાષે,
પ્રેમલા વચન સુણાવે. કપટી—૬
તાત નહિ આ જમાઈ તમારો, સ્વામી આભારાય છે મ્હારો.
કહું સમસ્યાના દાવે. કપટી—૭
કૌતુક હિંસકના નવ ફાવ્યા. સહુને બંદીવાન બનાવ્યા;
પ્રેમલા જિન ગુણુ ગાવે. કપટી—૮
ચંદરાયની શોધ કરતાં, હરનીશ એની યાદ ધરતાં,
પ્રેમલા જીવન વીતાવે. કપટી—૯
હવે ચંદની દશા છે કેવી, નેમિ-વિજ્ઞાન-કસ્તુર સેવી,
યશોભદ્ર કહું ભાવે. કપટી—૧૦

— ઢાળ ૬ —

( જીવન હૈ સંગ્રામ-રાગ )

ઈર્ષાની ઓળખ નવ કરીયે, ઈર્ષા દુઃખની ખાણુ ભવીયા (૨)
ઈર્ષાથી નિજ અંતર સળગે, ખોટાંએ એંધાણુ ભવીયા
ઈર્ષા દુઃખની ખાણુ--૧

ચંદરાય તો કુકડો બનીયો, વીરમતીના પાપે (૨)
શોકયપણુાના કુટીલ કુકર્મો, સુણુતાં હૈયું કાંપે-ભવિયા-૨
શોકયતણુા સુતને દુઃખ દેતી, મનમાં ઇર્ષા લાવી,
ધીક્ ધીક્ હો એવી નારીને, એનું ભુંડું ભાવી--ભવીયા ૩

શોકય પુત્રને નિજ પુત્રોમાં, ભેદ જે નારી જોતી,
તે તો પોતાના પાપે નિજ, પુત્રતણું સુખ ખોતી--ભવીયા ૪
શોકય સુત પોતાનો જાણે, માતૃ પ્રેમ બતાવે.
વંધ્યા મેણું દુર થશે જો, આશિષ પામે ભાવે--ભવીયા ૫
અન્યતણા પુત્રોને પણ, માતાનું વ્હાલ બતાવે,
જેવા દીલના ભાવો તેવો, મલશે તમને લહાવો--ભવીયા ૬
શોકયને સાચી બ્હેન ગણીને, સંપથકી જે ચાલે,
તે નારી સંસાર સુધારી, નિજપરના દુઃખ ટાલે--ભવીયા ૭
વીરમતી તો બની કુમાતા, રાજ કરે મન ફાવે.
ચંદતણી કોઇ વાત પૂછે તો, ક્રોધ કરી દબડાવે--ભવીયા ૮
ગુણાવલી પાસે મંત્રીએ, કુકડો દીઠો ન્યારો.
સાન કરીને રાણી કહેતી, એ છે રાય તમારો--ભવીયા ૯
મંત્રી ધીરજ ધરવા કહે તો રાણીને અણસારે,
રક્ષણ કરજો કકુટ કેરૂં, એમ કહી સીધારે—ભવીયા ૧૦
નેમિ-વિજ્ઞાન કસ્તૂરસૂરિનાં, વંદનથી સુખ થાયે,
યશોભદ્ર કહે સુણજો ભાવે, કુકડો કયાં કયાં જાએ--ભવીયા ૧૧

— ઢાળ ૭ —

( કલાવતી સોહાવે–રાગ )

ભવનાટક ભરમાવે-પ્રાણી, ભવનાટક ભરમાવે,
અગણિત રંગ દીખાવે, પ્રાણી ભવનાટક ભરમાવે.

રાય હેમરથચંદ્ર વિછોણી, આભા જીતવા આવે,
હાર પામીને વીરમતીનાં, ચરણે શીર ઝુકાવે–પ્રાણી ૧
રાજસભામાં શીવકુંવરનટ, નાટક કરવા આવે,
સંગીત હાસ્ય વિવિધ કલાથી, સહુ જનમન રીઝાવે–પ્રાણી ૨
શીવબાળા નટ પુત્રી વાંસે, ચડી સમતુલા બતાવે,
એવી રીતે ખેલ કરીને, ચંદતણી જય ગાવે પ્રાણી ૩
દાન ન આપે વીરમતીતે, કુર્કુટને નવભાવે
રત્ન કચોલું ચાંચથી ફેંક્યું નટ સૌ આનંદ પાવે–પ્રાણી ૪
બીજે દીન પણ ખેલ કરી નટ, ચંદ તણો યશ ગાવે,
કુકડે બીજું કચોલું ફેંક્યું, ક્રોધિત વીરમતી થાવે-પ્રાણી ૫
ખડગ લીધું કુર્કુટને હણવા, સભા બધી સમજાવે.
શીવબાળા રાણીને રીઝવવા, નાટક ફરી સજાવે–પ્રાણી ૬
નટ પુત્રીને નિજ ભાષામાં, કુર્કુટ ત્યાં સમજાવે,
વીરમતી પાસે તું લેજે, દાનમાં મુજને ભાવે–પ્રાણી ૭
દાનમહીં કુકડો મેળવીયો, મંત્રી ત્યાં સમજાવે,
ચંદરાય છે કુકડારૂપે, સાચવજો સહુ ભાવે-પ્રાણી ૮
કુર્કુટ રાજને લઈને નટ સહુ, દેશવિદેશ સીધાવે,
ગુણાવલીના આદેશે, સામંતો સંગે જાવે–પ્રાણી ૯
પોતનપુરમાં વ્હેલી સવારે, કુર્કુટ શબ્દ સુણાવે,
તે સુણતાં મંત્રી પુત્રીનો, પતિ પરદેશ સીધાવે-પ્રાણી ૧૦
લીલાવતી કુકડો મંગાવી, કડવા વેણ સુણાવે,
આંશુ લાવી કુકડો પણ, પોતાનું દુઃખ સંભલાવે-પ્રાણી ૧૧

પક્ષીરૂપે ચંદને જાણી ભાઈ કહી બોલાવે,
નટને સોંપ્યો પ્રેમ કરીને. દુઃખ સઘલું વીસરાવે-પ્રાણી ૧૨
ઋદ્ધિસિદ્ધિ નટ મેળવતા. કુર્કુટરાજ પ્રભાવે,
ફરતાં ફરતાં વિમળપુરીમાં, નટ કેરો સંઘ આવે-પ્રાણી ૧૩
નેમિ-વિજ્ઞાન-કસ્તૂર સૂરીશ્વર, પ્રણમું શુદ્ધ સ્વભાવે,
યશોભદ્ર કહું ચંદ પ્રેમલા, મીલન સુણો ભવીભાવે-પ્રાણી ૧૪

॥ ઢાળ ૮ ॥

( મીઠા લાગ્યા તે મને આજના ઉજાગરા-રાગ )

સિદ્ધગિરિ રાજની શીતલ તલેટીએ
વિમલપુરી સોહાયરે, પ્રેમથી વંદો તીરથને—૧
મકરધ્વજ દરબારમાં ખેલવા,
નટ કુર્કુટ સંગ જાય રે—પ્રેમથી ૨
પ્રેમલા લચ્છી કુર્કુટ નીરખી,
મનમાં અતી હરખાયરે—પ્રેમથી ૩
નટ પાસેથી કુકડો મેળવી,
સેવા કરે છે સદાય રે—પ્રેમથી ૪
કુર્કુટ સંગે પ્રેમલા લચ્છી,
સિદ્ધગિરી યાત્રા જાયરે—પ્રેમથી ૫
ઋષભ પ્રભુના દર્શન પામી,
કુર્કુટ પણ હરખાયરે — પ્રેમથી ૬
જિનવર ભક્તિ કરતાં સરવે,
આવ્યા સુરજકુંડ જ્યાંયરે—પ્રેમથી ૭

પક્ષી રૂપથી કંટાલી કુકડો,
કુંડમાં ડુબકી ખાયરે — પ્રેમથી ૮
પુંઠે પડી પ્રેમલા એ પકડતાં,
મંત્રેલ દોર તુટી જાયરે—પ્રેમથી ૯
ચંદરાજા ત્યાં પક્ષી મટીને,
મનુષ્યરૂપ થઈ જાયરે— પ્રેમથી ૧૦
સુરજકુંડનો પ્રભાવ ભારી,
મન વાંછિત ફલદાયરે—પ્રેમથી ૧૧
આદિ જિનેશ્વર પૂજન કરતાં,
તીરથના ગુણ ગાયરે — પ્રેમથી ૧૨
મકરધ્વજ પણ ભેટયા જમાઈને
પ્રેમલા હર્ષિત થાયરે — પ્રેમથી ૧૩
સિદ્ધગિરી રાજની સેવા કરતાં,
કોટી કરમ ક્ષય થાયરે—૧૪
નેમિ-વિજ્ઞાન-કસ્તુસૂરિ સેવતાં,
યશોભદ્ર દુઃખ જાયરે— પ્રેમથી ૧૫

— ઢાળ ૯ —

( હુંતો આરતી ઉતારૂં-રાગ )

સદા સેવો ચરણ શ્રી જિણંદ નારે
જેથી કાજ સર્યા રાયચંદનારે—સદા.
મટયા પક્ષીને પામી આ મનુષ ગતીરે,

વાત સુણતા ક્રોધિત થઈ વીરમતીરે;
ખડગ લઈને ઉઠી ચંદની પ્રતીરે—સદા ૧
દીઠી ચંદે પછાડી શીલા ઉપરેરે
પ્રાણ છોડી છઠ્ઠી નરક સંચરેરે
દેવતાઓ ત્યાં પુષ્પની વૃષ્ટિ કરેરે—સદા ૨
ત્યાં તો અભાથી કાગળ આવીયારે,
પ્રેમલા સંગે રાય સીધાવીયા રે;
માર્ગ જાતાં પોતનપુર આવીયારે—સદા ૩
મલ્યા ચંદને લીલાવતી બેનડીરે
ત્યાં તો આવ્યો ભરથાર તેનો તે ઘડીરે;
અહો કેવી અકળ ભાગ્યની કડીરે—સદા ૪
શીલકેરી કસોટી દેવતા કરેરે,
સત્ય પંથેથી ચંદ જરી નવ ફરેરે;
દઈ આશિષ દેવ સ્વર્ગે સંચરેરે—સદા ૫
કેંઈક રાજાઓ શીર ઝુકાવતારે,
નિજ પુત્રી પ્રીતે પરણાવતારે;
એમ સાતસો રાણી ચંદ લાવતારે—સદા ૬
ત્યાંથી આભાપુરીમાં સહુ આવીયારે
પ્રજા મંત્રી હર્ષથી વધાવીયારે;
રાણી ગુણાવલી મન ભાવીયારે—સદા ૭
રાજ્ય સંસાર સુખ સહુ ભોગવેરે;
બેઉ રાણીને પુત્ર બેઉ પ્રસવેરે;
ગુણશેખર મણીશેખર હુવેરે—સદા ૮

ત્યાં તો મુનિસુવ્રત સ્વામી આવીયારે
દીધી દેશનાને ચંદ મન ભાવીયારે
પુરવભવ સુણવા ઇચ્છા લાવીયારે—સદા ૯
વિજય નેમિ-વિજ્ઞાન કસ્તુર સૂરિરે;
યશોભદ્ર ચાહે શીવ માધુરીરે;
સુણો કથની પુરવ ભવની પુરીરે—સદા ૧૦

॥ ઢાળ ૧૦ ॥

( એક યોગી ચાલ્યો જાય.)

નહિ કર્મ કરેલા જાય, લાખ કરો ઉપાય (ટેક.)
તિલક મંજરી મિથ્યાત્વધર્મી, રાજપુત્રી કહેવાય;
રૂપમતી મંત્રીની પુત્રી. જિનવરના ગુણ ગાય—નહિ ૧
સાધ્વી ઉપર આળ ચડાવે, તીલકા દ્વેષી થાય;
કલંક ખોટું દેખી સાધ્વી, ફાંસો ખાવા જાય—નહિ ૨
સુરસુંદરી નામે સન્નારી, આવી રોકે ત્યાંય;
સાધ્વી આખર શાંત થઈને, સમતા રાખે જાય—નહિ ૩
તીલકા રૂપમતી બન્નેનો, શુરશેન પતી થાય;
કાબર પાળે તીલકા, રૂપમતી કોશીને ચાહાય—નહિ ૪
કાબર કરતાં મુરખ કોશી, રૂપમતી ચીડાય;
રક્ષક રોકે પણ કોશીની, પાંખો કાપી ત્યાંય—નહિ ૫
કોશી વીરમતી બની, ને રૂપમતી ચંદરાય;
સાધ્વી કનકધ્વજ થઈને, તીલકા પ્રેમલા થાય—નહિ ૬

સુરસુંદરી ગુણાવલી થઈ, રક્ષક મંત્રી થાય;
શુરશેન શીવકુંવર નટ, દાસી શીવબાળા થાય—નહિ ૭
પુરવભવ સુણતાં રાજાને, સત્ય ખરૂં સમજાય;
રાણી મંત્રી નટ સહુ સાથે, ચારિત્ર લીધું ત્યાંય—નહિ ૮
ઘનઘાતી કર્મો ક્ષય કીધાં, સિદ્ધાસ્થાને જાય;
મોક્ષ સુખના મીઠા મેવા, મેળવીયા ચંદરાય—નહિ ૯
મોહભર્યા સંસારે પ્રાણી, અજ્ઞાને અથડાય;
કર્મ ન છોડે કોઈને જગમાં, રંક હોય કે રાય—નહિ ૧૦
વિજય નેમિ-વિજ્ઞાન સૂરિ, કસ્તુરસૂરિ સુખદાય;
યશોભદ્ર જિન ભક્તિ કરતાં, સકલ કર્મ ક્ષય થાય—નહિ ૧૧

## કળશ

( રાગ-ગજલ-શીતલજિન શાંત સુખકારી. )

મુનિસુવ્રત જિનરાયા, નમો શીવ સુખ ફલદાયા;
સ્તવ્યા મેં ચંદ રાજર્ષિ, ત્યજ્યા જે જગતની માયા—૧
તપાગચ્છ વિષે સોહે, સૂરીશ્વરસિંહ ગંભીરા;
ગણીવર સત્યવિજય પાટમાં, મણીવિજય ધીરા— ૨
થયા બુદ્ધિવિજય તસ પટ્ટધર, જિનધર્મના જ્ઞાતા;
મુનિવૃદ્ધિવિજય તસ શિષ્ય સંયમ શાંત સુખ દાતા—૩
સુશિષ્ય તાસ સૂરિ સમ્રાટ, તીરથ ઉદ્ધાર કરનારા,
વિજય નેમિસૂરીશ્વર અષ્ટ, સૂરિ શિષ્ય ધરનારા—૪
પરમ ગીતાર્થ શાંત સદા, વિજય વિજ્ઞાન સૂરીશ્વર,
સૂરિ કસ્તુર પટ્ટધર તાસ, શાસ્ત્ર પ્રવીણ ગુરુવર—૫

કીધું ચોમાસું સ્થભ, તીર્થે વિક્રમ બે હજાર ત્રણમાંય,
પ્રશિષ્ય જય-સૂર્યોદય કાજ રચી રચના ભવી સુખદાય—૯
ગુરુ આશિષનાં ફલથી, સદા આનંદ રસ પાયા,
ચરિત્રો ચંદના પ્રીતે, યશોભદ્રવિજય ગાયા.

---

## ચંદનબાલાની સઝાય

( લાખ લાખ દીવડા-રાગ )

શુદ્ધ ભાવનાથી જેણે જીવન દીપાવીયાં,
મહાવીરનાં શાસનની માંય, ચંદનબાલા સતી સાધવી.
મહાવીર પ્રભુને જેણે વ્હોરાવ્યાં બાકુલા,
કૌશાંબી નગરીની માંય, ચંદનબાલા સતી સાધવી—૧
ચંપાપુરીના રાયકેરી એ બેટડી,
પૂર્વ કર્મકેરી વીજ એના શીરે પડી;
કૌશાંબીમાં એ વેચાય, ચંદનબાલા—૨
શ્રેષ્ઠી ધનાવહ પુત્રી પેરે લાવીઓ,
મુલા શેઠાણીને ખોટો વ્હેમ આવીઓ;
છાના બહુ દુઃખડાં દેવાય, ચંદનબાલા—૩
મસ્તક મુંડાવીયું પગમાં બેડી પડી,
અંધારા ઓરડામાં પુરી એકલડી;
ત્રણ દીનની ઉપવાસી થાય, ચંદનબાલા—૪

બાકુલા અડદના સુપડામાં આવીયા,
ઉંબરામાં બેસી અતિથીને સંભારીયા;
આવોને કોઇ યોગીરાય, ચંદનબાલા—૫

છ માસથી અભિગ્રહ ના પુરો થયો,
એવા પ્રભુને જોઈ આનંદ ઉછલી રહ્યો;
બાકુલા વ્હોરાવા જાય, ચંદનબાલા...૬

પુરો ગણાય ના અભિગ્રહ રૂદન વિના,
પાછા ફર્યા પ્રભુ ભિક્ષા લીધા વિના;
ચંદનબાલા રડે ત્યાં, ચંદનબાલા—૭

રૂદન દેખીને પ્રભુ તરત પાછા વલ્યા,
બાકુલા વ્હોર્યાંને દુઃખો સર્વે હર્યા;
બાર કોટી હેમ વૃષ્ટિ થાય, ચંદનબાલા—૮

સુપાત્રે દાન દઇ પ્રેમે દીક્ષા લઇ,
પામી કેવલ જ્ઞાન શિવપુર વાટે ગઈ;
યશોભદ્ર ગુણ ગાય, ચંદનબાલા—૯

---

## સીતાજીની સઝાય

(આવો આવો દેવ મારા–રાગ)

રાયજનકની પુત્રી જેના રામસમા ભરથાર, સીતા શીયલવંતી નાર,
રાજ્યતણા વૈભવ છોડીને પતિસંગે વન જાય; સીતા શીયલવંતી નાર;

કુડ કપટથી રાવણ એને, લંકામાં લઈ જાય,
દુઃખ પડે પણ કોઈ પ્રકારે, સતી ચલિત ન થાય—સીતા ૧
રામની સાથે યુદ્ધ થયું, રણમાં રાવણ રોડાય,
રામલક્ષ્મણની સંગે સહુએ, નગરી અયોધ્યા જાય—સીતા ૨
સીતાને ત્યાં ગર્ભ રહ્યોને, સહુ આનંદે ફરતાં,
નગરજનો પણ સતી વિષે, કંઈ ખોટી શંકા ધરતાં—સીતા ૩
છ છ માસ રહી રાવણ ગૃહ, તે કેમ સતી મનાય,
એવો સુણતાં ત્યાગ કર્યો, રામે સીતાનો ત્યાંય—સીતા ૪
રડતી રજડતી સતીએ વનમાં, બહુ વેદના સાંખી,
વજાજંઘ રાજાએ એને, બ્હેન ગણીને રાખી—સીતા ૫
લવકુશ નામે પુત્ર થયા બે, પરાક્રમી મહાબલીયા,
મોટાં થતાં એ બન્ને રામની, સામે યુદ્ધે ચઢીયા—સીતા ૬
પોતાના પુત્રોને દેખી, રામ ઘણું હરખાયા,
અગ્નિ પરીક્ષા આપી સતીએ, સહુના વ્હેમ હઠાયા—સીતા ૭
પૂર્વ કર્મના બલે કરીને, સતી મહા દુઃખ પામી,
સંયમ લઈને યશોભદ્રએ, ઉત્તમ ગતીને પામી—સીતા ૮

---

## શ્રી સ્થુલીભદ્રમુનિની સઝાય

(પ્રશ્નોત્તરરૂપે—રાગ ગઝલ)

વેશ્યા—આજ મલીયા પ્રાણ પ્યારા, આવ્યો અવસર શુભ સારો,
સ્થુલિભદ્ર—ભૂલી જા તું વાત જૂની, આજ મારો પંથ ન્યારો.

વે૦—વર્ષ બાર વીત્યા છે રંગે, આજ રંગો પ્રેમ રંગે,
દીન દાસીને સ્વીકારો, આવ્યો અવસર શુભ સારો—૧
સ્થુ—સંયમ રંગે રંગ્યુ જીવન, પ્રભુ ચરણે અરપ્યું તનમન,
અન્ય વાણી નવ ઉચ્ચારો, આજ મારો પંથ ન્યારો—૨
વે૦—રૂપ સુધાની છલકે પ્યાલી, લતા યૌવનની છે ફાલી,
સત્ય સુખ શાને નકારો, આવ્યો અવસર શુભ સારો—૩
સ્થુ૦—ગણે અમૃત છે હલાહલ, યુવા જાશે બની વાદલ,
છોડ તું ખોટા વિચારો, આજ મારો પંથ ન્યારો
વે૦—અગ્નિ સાથે રૂ બળે છે, નારસંગે મન ચલે છે,
ટેક અહિં જાશે તમારો, આવ્યો અવસર શુભ સારો—૫
સ્થુ૦—કમળ પાણીમાં રહે છે, પણ કદાપી નવ ભીંજે છે,
એવો છે નિશ્ચય હમારો, આજ મારો પંથ ન્યારો—૬
વે૦—બની વેશ્યા જીવન ગાળ્યું, આજ સાચું રૂપ નીહાળ્યું,
પાપ પંથેથી ઉગારો, આવ્યો અવસર શુભ સારો—૭
સ્થુ૦—ઉચ્ચારો વ્રત બાર પ્રીતે, ધરી સમકિત શુદ્ધ ચિત્તે,
થઈ જશે ઉદ્ધાર તારો, આજ મારો પંથ ન્યારો—૮
ગયા સ્થુલિભદ્ર જ્યારે, ગુરુ બોલ્યા હર્ષે ત્યારે,
ધન્ય સંયમ આજ તારો, આવ્યો અવસર શુભ સારો—૯
નેમિ—વિજ્ઞાન—સૂરિ શરણે, ગુરુ કસ્તુર પુન્ય ચરણે,
યશોભદ્રવિજય બોલે, આવ્યો અવસર શુભ સારો—૧૦

---

શીયલના પ્રભાવથી તેણી, હસ્ત નવીન પ્રગટાવે,
પુત્રને લઈને તાપસની, સંગે તે વનમાં જાવે—૮
રાય સત્ય વસ્તુ સમજીને, ખેદ અતી દીલ લાવે,
કલાવતીને શોધવા ચારે, તરફ દુતો દોડાવે—૯
ભાલ મલી જ્યાં તેની રાજા, હર્ષ સહિત ઘેર લાવે,
પુષ્પકળશ દઈ નામ પુત્રનું, જન્મોત્સવ ઉજવાવે—જગમાં ૧૦
અમિત તેજ મુનિ પાસે રાજા, રાણી બન્ને આવે,
પૂર્વ કર્મનું સ્વરૂપ જાણવા, વિનંતી કરતા ભાવે—જગમાં ૧૧
પૂર્વ જન્મમાં કલાવતીને, રાજપુત્રી બતલાવે,
પોપટના ભવ હતો રાયનો, મુનિવર એ સમજાવે—જગમાં ૧૨
પોપટની પાંખો કાપીતી, તેનું ફલ તું પાવે,
પૂર્વનો બદલો લેવા રાજા, તારા હાથ કપાવે—જગમાં ૧૩
મુનિનો એ ઉપદેશ સુણી, વૈરાગ્ય અતી દીલ લાવે,
રાજારાણી દીક્ષા લઈને, સ્વર્ગમહીં સીધાવે—જગમાં ૧૪
તપગચ્છ નાયક નેમિ સૂરિજી, સૂરિ વિજ્ઞાન સોહાવે,
વાચક ગુરુ કસ્તુર સાનિધ્યે, યશોભદ્ર ગુણ ગાવે—જગમાં ૧૫

## શીયલવતી સતીની સઝાય

( રાગ–શ્રી સ્થુલિભદ્ર મુનિગણમાં સરદારજો )

શીયલવતીએ શીયલવંતી નાર જો,
સદ્‌ગુણવાલી બુદ્ધિનાં ભંડાર જો;
શીયલથી આ જગમાં કુલ દીપાવીયાં જો–૧

નંદપુરે રત્નાકર શેઠને ત્યાંય જો,
અજીતસેનની નારીયે સોહાય જો;
પશુ પક્ષીની ભાષા સમજે જ્ઞાનથી જો-૨

શિયાળણીનો શબ્દ સુણ્યો મધરાત જો,
ઘડુલો લઇને ચાલી વીણુ સંગાથ જો;
સસરાજી તેના પર શંકા લાવીયાં જો-૩

અજીતસેનને કીધી સર્વે વાત જો,
સ્ત્રી તારી દીસે છે કુલટા જાત જો;
માટે તેને પીયર પંથ વલાવીએ જો,—૪

સસરા સાથે પીયરપંથે જાય જો,
નદી ઉતરી મોજડી રાખી પગમાંય જો;
આગળ જાતાં મગનું ક્ષેત્ર આવીયું જો—૫

શેઠે કીધું ધાન ધણીને સારૂં જો,
વહુ બોલી કે શેઠજી વચન તમારૂં જો;
નવી જો ખાધું હોય તો સત્ય જાણીયે જો-૬

ધનિકનગરને ઉજ્જડ દીલમાં ધારે જો,
એક સુભટને બીકણ કહી પોકારે જો;
વડની છાંય તજીને તડકે બેસીયાં જો-૭

ઉજ્જડ ગામને વસ્તીવાળું કીધું જો,
વહુનું વર્તન ઉંધું સસરે દીઠું જો;
દીલમાં શીયલવતીપર બહુ ગુસ્સે થયા જો-૮

આમાને ઘેર ભોજન પણ નવ ખાધું જો,
જંગલમાં જઈ બેઠા ખાવા ભાથું જો;
કાગડો ત્યાં આવીને લાગ્યો બોલવા જો–૯

કાગની સાથે વહુએ કીધી વાત જો,
પતિ વિયોગ મલ્યો છે મુજ લલાટ જો;
તે સુણીને શેઠ અચંબો પામીયા જો–૧૦

વહુએ શેઠને કાગની વાણી કીધી જો,
વૃક્ષતલે જઈ ખોદણી ચાલુ કીધી જો;
કુંભ સોનાના ચાર તીહાંથી નીકલ્યાં જો–૧૧

શીયલવતીએ કીધો પૂર્વ વૃત્તાંત જો;
શિયાળણીનો શબ્દ સુણી મધરાત જો;
લેવા ઘરેણાં ગઈતી હું ગાગર લઇ જો–૧૨

કંકર આદિનાં ભયથી એ તાત જો,
કીધી નદીને પારમેં મોજડી સાથ જો;
ગીરો ક્ષેત્ર જો હોય તો ધાન્ય નવી મલે જો–૧૩

સબંધીવીણ શહેરને ઉજડ ભાળું જો,
સ્નેહી જ્યાં તે ગામડું વસ્તીવાળું જો;
સુભટને સૌ ઘાવ પીઠપર વાગીયાં જો–૧૪

કાગડો આવી સ્રી ઉપર ચરકે જો,
પતિતણું સુખ તેનાથી દુર સરકે જો;
તેથી વૃક્ષ તજીને તડકે બેસીયાં જો–૧૫

શેઠે કીધું થયો મને સંતોષ જો,
ક્ષમા કરો તમે મારા સર્વે દોષ જો;
નિજપુરમાં વહુ સાથે પાછા આવીયાં જો-૧૬

અજીતસેન નૃપસંગ વિદેશે જાય જો,
સતીએ ફુલની માલા અર્પી ત્યાંય જો;
જો ફુલ કરમાશે તો મુજ શીયલ જશે જો-૧૭

મારગ જાતાં રાજા વિસ્મિત થાય જો,
ફુલની માલા કેમ નહિ કરમાય જો;
અજીત બોલ્યો શીયલનો પ્રભાવ એ જો-૧૮

કરવા પરીક્ષા રાજા ચાહે ચિત્ત જો,
મોકલીઆ છે સતીને ત્યાં નિજ મિત્ર જો;
સતીએ યુક્તિ કીધી શીયલને રક્ષવા જો-૧૯

તંતુયુક્ત પલંગ કર્યો તૈયાર જો,
ખાડા ઉપર ગોઠવીઓ તે વાર જો;
જે આવ્યા તે ખાડામાં કેદી થયા જો-૨૦

રાજાએ સહુ વાત જ્યારે જાણી જો,
સતીનું શીયલ યુક્તિને લખાણી જો;
બ્હેન ગણીને વસ્ત્રાભૂષણ આપીયાં જો-૨૧

ધર્મઘોષસૂરિ આવ્યા નગર મોઝાર જો,
સુણે દેશના પ્રીતે સકલ નરનાર જો;
સતીએ પૂર્વ ભવની કથની સાભલી જો-૨૨

પ્રગટ્યો છે વૈરાગ્ય ઉરે તે વાર જો,
દીક્ષા લીધી લઇ આજ્ઞા ભરથાર જો;
સંયમપાલી પાંચમે સ્વર્ગ સતી ગયાં જો-૨૩
નેમિસૂરિ-વિજ્ઞાન છે ગુણની ખાણ જો,
વાચક કસ્તુર મુજ જીવનની લ્હાણ જો;
યશોભદ્ર ચરિત્ર સતીનું વર્ણવે જો-૨૪

---

## અંજના સતીની સઝાય

( રાગ-મીઠાં લાગ્યા છે. )

સતી શીરોમણી અંજના સુંદરી,
પવન જયની નારરે; શીયલવંતી સોહામણી-૧
માહેંદ્રપુરના રાજાની બેટડી,
રૂપ ગુણના ભંડારરે--શીયલવંતી--૨
ગવીં પતિનું સુખ નવ પામે,
દુઃખમાં દીવસ જાયરે— શી ય લ વં તી---૩
એકદા રાવણ સાથે પવન જય,
વરૂણને જીતવા જાયરે શીયલવંતી--૪
ચક્રવાકીનું રૂદન જોઇને,
મારગમાં પસ્તાય રે શી ય લ વં તી--૫
પાછો ફર્યો પ્રિયાની પાસે
દીધું રતી સુ ખ ત્યાં ય રે શીયલવંતી--૬

પ્રભાતે પાછો વળીઓ પવન જય,
વૈરીને જીતવા જાયરે—શીયલવંતી—૭
અંજના સતીને ગર્ભ રહ્યો ત્યાં,
સાસુજી ક્રોધે ભરાયરે શીયલવંતી—૮
પતિ તણી મુદ્રિકા બતાવી,
હોયેના સત્ય ગણાયરે શીયલવંતી—૯
સાસરે પીયરમાં કોઇ નવ રાખે,
સતી અરણ્યે જાયરે શીયલવંતી—૧૦
પૂર્વ કર્મનું ફલ છે આતો,
તપસીએ કીધું ત્યાંયરે શીયલવંતી—૧૧
પુત્રનો પ્રસવ થયો ગુફામાં,
રાણી રૂદન કરે ત્યાંયરે—શીયલવંતી—૧૨
ત્યાંથી પ્રતિસૂર્ય નામે વિદ્યાધર,
વિમાનમાં લઈ જાય રે— શીયલવંતી—૧૩
મારગમાં પુત્ર પડીઓ પર્વતપર,
ચૂર્ણ શિખર કર્યું ત્યાંયરે—શીયલવંતી—૧૪
મોસાળમાં ઉછેરે છે પવનસુત,
હનુમાન નામ અપાયરે — શીયલવંતી—૧૬
પવન જય ઘેર પાછો ફરતાં,
સતી વિના અકળાયરે — શીયલવંતી—૧૬
પ્રિયા વિયોગે દુઃખી થઈને,
અગ્નિમાં બળવા જાયરે — શીયલવંતી — ૧૭

તે સુણી અંજના હનુમાન સંગે,
આવ્યા પ્રતિસૂર્ય ત્યાંયરે --શીયલવંતી -- ૧૮
હર્ષ થયો સહુના અંતરમાં,
સતી તણા ગુણ ગાયરે — શીયલવંતી—૧૯
અંજના પવનજય દીક્ષા લઈને,
શીવપુર પંથે જાયરે — શીયલવંતી — ૨૦
હનુમાન બનીઓ બલીઓ યોદ્ધો,
રામને કીધી સહાયરે— શીયલવંતી—૨૧
તે પણ શત્રુંજયે જઇને,
મોક્ષ પામ્યા સુખદાયરે--શીયવંતી—૨૩
તપગચ્છ નાયક નેમિસૂરીશ્વર,
સૂરિ વિજ્ઞાન સોહાયરે—શીયલવંતી—૨૩
વાચક કસ્તુર ગુરુ પ્રતાપે,
યશોભદ્ર ગુણ ગાયરે -- શીયલવંતી--૨૪

---

## સ્કંદ મુનિની સઝાય

( રાગ-પીલુ-પલમાં થાય આશ નીરાશ. )

મુનિવર સ્કંદ નમીયે પાય, શુદ્ધ ચારિત્ર્ય સદા સોહાય-મુનિવર.
શ્રાવસ્તી નગરીમાં જન્મ્યા, સુંદર જેની કાય;
મલય સુંદરી કનક કેતુ છે, જેના માત પીતાય -- મુનિવર ૧

વિજયસેન સુરિનો ઉપદેશ, કુંવરને લાગ્યો જ્યાંય,
આ સંસાર અસાર ગણી, વૈરાગ્ય થયો દીલમાંય -મુનિવર ૨
ધન દોલતને માતપીતાનો, સ્નેહ તજ્યો પલમાંય,
રાજ્યતણા વૈભવ છોડીને, પ્રીતે સંયમી થાય---મુનિવર ૩
મોહાદિકનાં બંદ હઠાવી, તપતપતા મુનિરાય,
અહિંસાનો ધ્વજ ફરકાવાને વિચરે પૃથ્વીમાંય--મુનિવર ૪
વિહાર કરતાં આવી પહોંચ્યા, ભગિનીનાં પુરમાંય,
રાણી સુનંદા ભ્રાતને દેખી, મનમાં બહુ હરખાય--મુનિવર ૫
નિજ રાણીપર શંકિત થઈને, રાજા ક્રોધે ભરાય,
કરવા ઘાત મહામુનિ કેરો, વિચાર કીધો ત્યાંય -- મુનિવર ૬
મૃત્યુને સન્મુખ દેખીને, મુનિવર નવ ગભરાય,
સમતાથીએ ઘાત સહીને, દેવલોકમાં જાય -- મુનિવર ૭
રક્ત ટપકતી મુહપત્તિ લઈ, પક્ષી મહેલમાં જાય,
નિજબંધુનો મરણ જોઈ, સુનંદા શોકે ભરાય—મુનિવર ૮
બંધવ કેરી બેન્ડી રોતી, ખડખડ આંસુ જાય,
રાજમહેલનાં પથ્થર રોતાં, રડે સકલ સમુદાય--મુનિવર ૯
હાય અભાગી હું પુરી. મુજ નગરમાં ભાઇ હણાય,
વ્હાલ ન દીધાં હાલ ન પૂછયાં, વ્યર્થ જીવન મુજ થાય—મુનિવર ૧૦
રાજા નિજકરણીને માટે અંતરમાં પસ્તાય.
રાણી સંગે દીક્ષા લીધી, રાજ્ય છોડીને ત્યાંય—મુનિવર ૧૧
તીર્થોદ્ધારક નેમિસૂરિ, વિજ્ઞાનસૂરિ સુખદાય,
વાચક કસ્તુર ગુરૂને પ્રણમી, યશોભદ્ર ગુણ ગાય—મુનિવર ૧૨

# ઔપદેશિક સજઝાય

( રાગ-ગઝલ )

આજીવન એળે જાય છે, ભગવાનને ભજશો કયારે;
આયુષ્ય ઓછું થાય છે, ભગવાનને ભજશો કયારે;
ઘરની સ્રી ઘરેણાં માગે, નાનો કીકો છાતીએ લાગે,
સૌ સ્વારથમાં રાચે છે, ભગવાનને—૧

નોકર ચાકર સેવા કરતાં, હોઠે એના નામો રમતાં,
એ રામો ઘાટી ભૂલીને, ભગવાનને—૨

રંક જનો પર છુરી ચલાવી, શેઠ બન્યો તું શક્તિશાલી,
એ નિર્દયતાને છોડીને, ભગવાનને—૩

ઝટપટ દોડે મોટર તારી, લક્ષ્મી છે વૈભવ છે ભારી,
પણ ખાલી હાથે જાવું છે, ભગવાનને—૪

કપડા સફાઇવાલા છે, પણ અંતરમાં કાલાં જાલા છે,
નિર્મલ અંતર કરવાને, ભગવાનને—૫

સુખશાંતિ સદાયે માગો છો, પણ ધર્મ ધ્યાનથી ભાગો છો,
અનુપમ સુખ મેળવાને, ભગવાનને—૬

નેમિ-વિજ્ઞાન સૂરિ સારા, વાચક કસ્તુર ગુરૂ સુખકારા,
યશોભદ્ર કહે છે ચેતન, ભગવાનને—૭

# ઔપદેશિક સજઝાય

( રાગ–કાનુડો કાલો કાલો. )

મનવા વિચાર દીલમાં, કોને ગણે તું ત્હારા.
જેને ગણે તું ત્હારા, થાશે પલકમાં ન્યારા—મનવા ૧.
મન સ્થિર કરી વિચારો, સૌ ભેદ ત્યાં જણાશે;
સાચા તમારા સુખના, તો દુર છે મીનારા—મનવા ૨.
માતા કહે તું મ્હારો, ભગિનીનો બંધુ પ્યારો;
પત્ની કહે તું સહારો, સહુ વ્યર્થ બોલનારા;
મૃત્યુને પંથ જાતાં, કોઈ ન સંગ આવે;
નિજ સ્વાર્થ કાજ દુરથી, સૌ અશ્રુ સારનારા—મનવા ૪
દુનિયા છે ધર્મશાલા, પંથી તણો ઉતારો;
ભેગા મલે મુસાફીર, થાયે પછીથી ન્યારા—મનવા ૫.
ખોટું મમત્વ ત્યાગી, ને સત્યને પીછાનો;
નહિ તો પછીથી થાશે, તમ હાલ સૌ નઠારાં—મનવા ૬
આવ્યો જગતમાં જ્યારે, નવ સાથ કંઈ તું લાવ્યો;
તેવીજ રીતે જાવું, પડશે ત્યજીને પ્યારા—મનવા ૭
છે ધર્મ એક ત્હારો, ગણજે તું તેને પ્યારો;
આખર સમય હંમેશાં, રહેશે એ સંગ ત્હારા—૮
નેમિસૂરિને પ્રણમું, વિજ્ઞાનસૂરિ પ્યારા;
વાચક કસ્તુર-યશોભદ્ર તણા સહારા—મનવા ૯

# કર્મની સજઝાય

( રાગ-મીશ્ર ભીમપલાશ-શાને બન્યો બન્યો મસ્તાનો )

નરનારી જાએ હારી, જ્યાં કર્મની આવે સ્વારી;
રાયરંક સૌ સરખા એને, ઉંચ નીચના કોઈ તેને;
સૌની થાયે ખુવારી, જ્યાં કર્મની આવે સ્વારી—નર ૧
દાનવ દેવ કે હોયે ગણધર, હરિહર હોય કે હો તીર્થંકર;
સુખ દુઃખ પામે ભારી, જ્યાં કર્મની આવે સ્વારી—નર ૨
બાર વરષ વન સેવ્યાં રામે, સીતા સતી પણ મહાદુઃખ પામે;
રાવણ ગયો ત્યાં હારી, જ્યાં કર્મની આવે સ્વારી—નર ૩
હરિશ્ચંદ્રની તારા રાણી, કર્મ થકી ચૌટે વેચાણી;
નીચ ઘર ભરીયાં વારી, જ્યાં કર્મની આવે સ્વારી—નર ૪
સનંત કુમાર મહારોગી બનીયા, નલરાજા વનવનમાં ભમીઆ;
તજી દમયંતી નારી, જ્યાં કર્મની આવે સ્વારી—નર ૫
ખીર રાંધી મહાવીરનાં પગમાં કર્મથી છુટે કોઈ ન જગમાં,
સાધુ યા સંસારી, જ્યાં કર્મની આવે સ્વારી—નર ૬
કર્મો કંઈ કંઈ નાચ નચાવે, કદી હસાવે કદી રડાવે,
પલમાં કરે ભીખારી, જ્યાં કર્મની આવે સ્વારી—નર ૭
કર્મરાજને જે કોઈ જીતે, શીવપુર જાયે તે તો પ્રીતે
જિનસેવા સુખકારી, જ્યાં કર્મની આવે સ્વારી—નર ૮
સૂરિ નેમિ-વિજ્ઞાનને શરણે, વાચક ગુરૂ કસ્તુરને ચરણે,
યશોભદ્ર સુખકારી, જ્યાં કર્મની આવે સ્વારી—નર ૯

## ઔપદેશિક સજઝાય

( રાગ–ગઝલ )

ફોકટ કુલણજી તું ફુલાય છે શાને,
છે જુઠી જગની બાજી હરખાય છે શાને.
લક્ષ્મીના મદમાં તું ફરતો, સત્ય કથા ના તું અનુસરતો,
અજ્ઞાની અંધારે, અટવાય છે શાને—ફોકટ ૧
વૈભવમાં મહાલે તું કેવો, નથી ઉતાર્યો તેં પરસેવો,
બીજાની મહેનતથી, મલકાય છે શાને—ફોકટ ૨
સદા વિહરતો નારી સંગે, પડતા બોલ ઝીલે ઉમંગે,
એ મોહતણી જંઝીરે, ઝકડાય છે શાને—ફોકટ ૩
ભીલના ભૂંગળા વાગે તારા, કંઈક જીવો થાયે દુઃખીયારા,
હિંસાથી હાથો તારા, રંગાય છે શાને ફોકટ—૪
પલમાં ઉઠી જાશે ગાડી, સંગ ન આવે લાડી વાડી,
અન્ય તણા વિશ્વાસે, અથડાય છે શાને—ફોકટ ૫
મુરખ જ્ઞાની રંક તવંગર, બળતા એક ચીતાની અંદર,
મોટાઈમાં મુરખ તું, છલકાય છે શાને—ફોકટ ૬
કરી નેમિ-વિજ્ઞાનને વંદન, યશોભદ્ર કહે ચેત તું ચેતન,
પ્રભુ ભક્તિ વીણ ભવમાં, ભટકાય છે શાને—ફોકટ ૭

# શીયલની સજઝાય

(રાગ-આશાવરી)

મહિમા અપરંપાર, શીયલનો મહિમા અપરંપાર,
બ્રહ્મચર્ય વ્રતધાર પ્રાણી, મહિમા અપરંપાર—શીયલનો ૧
મદનરાજની માયા ભારી, પલમાં કરે વિકાર,
જેણે જીત્યો એ દુશ્મનને, જાયે તરી સંસાર—શીયલનો ૨
વિજય શેઠને વિજયા નારી, યૌવન વય ધરનાર,
બ્રહ્મચર્ય વ્રત આચરી જેણે, સફલ કર્યો અવતાર—શીયલનો ૩
સીતા સુભદ્રા ચંદનબાલા, શીયલવંતી નાર,
એ સતીઓના અનુપમ ગુણને, ગાયે સહુ નરનાર—શીયલનો ૪
વિષય વમળમાં જે જન ફસીયા, ભુલ્યા સત્ય વિચાર,
જ્ઞાની પણ અજ્ઞાની બનીયા, આખર થયા ખુવાર-શીયલનો ૫
મુંજ અને મહાબળીઓ રાવણ, લંકાનો સરદાર,
પર સ્ત્રીમાં કામાંધ બની, રેડાયા રણ મોઝાર-શીયલનો ૬
સૌવણ વર્ણી જે કાયામાં, શું રાખે છે પ્યાર,
મુરખ વિચારી જોતું આખર, એ છે નરકાગાર-શીયલનો ૭
ઘરડાં છતાં ઘોડે ચડવાને, જે થાયે તૈયાર,
એવા નીચ લંપટ કામીનો, ધીક્ ધીક્ ધીક્ અવતાર-શીયલનો-૮
બની પૂજારી વાસના કેરા, ભૂલે પ્રભુનો પ્યાર,
પશુ પક્ષી સમજીવન વીતાવે, થાયે ભૂમિપર ભાર પ્યાર, ૯

શાસનસમ્રાટ નેમિ-સૂરિ, વિજ્ઞાન સૂરિ હીતકાર,
વાચક કસ્તુર ગુરૂને પ્રીતે, પ્રણમી વાર હજાર-શીયલનો ૧૦
ચંદ્રકાંત કપુરચંદ કાજે, રચના કીધી સાર,
ચોમાસું રહીને વલસાડે, યશોભદ્ર અણગાર-શીયલનો-૧૧

---

## ઔપદેશિક સજઝાય

(મલમુત્રથી ભરેલી છે માનવીની કાયા-એ રાગ)

સ્વાર્થી જગતની માંહી, સ્વાર્થી સહુ સમાયા;
મારા ગણીને મૂર્ખો કૈં, મોહમાં ફસાયા-સ્વાર્થી

સાખી

વિષ હલાહલ છે છતાં, સમજે તે રસ ધાર;
અંધ બની અજ્ઞાનીઓ, ભટકે ભવ મોઝાર.

અંતરો

જેને ગણે છે સ્નેહી, વખતે જશે છુપાઈ;
તું ચેત ચેત ચેતન, જુઠી જગતની માયા—સ્વાર્થી

સાખી

ચડતીમાં ચાહે સહુ, ઝીલે ખરતાં બોલ;
ધન યૌવન ઉડી જતાં, સમજાયે સહુ પોલ.

અંતરો

કહે યશોભદ્ર ધારો, નિસ્વાર્થ વૃત્તિ જગમાં;
સત્કાર્ય કૈં કરી લો, થાશે સફલ આ કાયા—સ્વાર્થી.

## ઔપદેશિક સજઝાય

( રાગ-ગઝલ-ભૈરવી )

ચાલી જશે પલકમાં, મદમસ્ત આ યુવાની;
ચેતો જરા યુવાનો, દીલમાં વિચાર આણી—ચાલી ૧
બચપણુ વહે રમતમાં, વૃદ્ધત્વ રોગમાંહી;
સદ્ધર્મ કાજ જગમાં, અવશર ખરો યુવાની—ચાલી ૨
નાટક સીનેમા જોતો, હોટલ નહિ વિસરતો;
વિષયોની જ્વાલાઓમાં. હોમાય જીંદગાની—ચાલી ૩
દર્શન પ્રભુના કરવા, તુજને વખત ન મલતો;
નટીઓને નીરખવામાં ભૂલે તું અન્ન પાણી—ચાલી ૪
સધ્ધર્મકાજ રૂપીઓ, વાપરતાં મન મુંઝાયે;
થાયે હજારો કેરી, ફેશનમાં ધુળધાની—ચાલી ૫
આજે ભલે હસે તું પાછળથી રોવું પડશે;
કહે યશોભદ્ર સમજીને, ઉજાલો આ યુવાની—ચાલી ૬

---

## ઔપદેશિક સજઝાય

( દુર દેશકે જાનેવાલે-રાગ )

ચાર દીનકે રહેનેવાલા માયા તુઝે ભુલાયે,
મનકોયે ખોશ બના કર સત્યકા ભેદ છીપાયે;
માયા તુઝે ભૂલાયે— ચાર ૧

લક્ષ્મી બતાકર બોલે મીઠી બોલી,
આઓ મુસાફીર ભરલો અપની ઝોલી;
દુનીયા શીર ઝુકાયે માયા—ચાર ૨

દેખો જુઠા ખેલવો દીખા રહી હૈ,
દીખાકે તુમકો ફસા રહી હૈ;
તું ના કહીં ફસ જાયે-માયા—ચાર ૩

જીસને જિન ભક્તિમેં સદા મન જોડ દીયા,
માયાકા સબ સાજ સોચકર છોડ દીયા;
ઉસને દુઃખ ન આયે-માયા—ચાર ૪

વહ જીવનકો હાર ગયા બેહોશ હુવા,
યશોભદ્ર જીતેગા જીશમેં હોંશ હુવા;
સુખ પાયે તરજાયે. સુખ પાયે તરજાયે;
માયા તુઝે ભૂલાયે—ચાર ૫

---

## ઔપદેશિક સજઝાય

(નિષ્ઠુર હૃદયના માનવી-રાગ-ગઝલ)

માયામહી લપટાયેલા, ભવપર શું કરે;
ચરણો ખુવે તાકાત જ્યાં પગથાર શું કરે—માય ૧

જેણે ધર્યું છે તનપર, જિન ભકિત કેરૂં બખતર;
ત્યાં જાદુ ભરીં મોહની, તલવાર શું કરે—માયા ૨

છે દંભને કપટથી, જેનું જીવન ભરેલું;
પ્રભુ પ્રેમ તેના દીલમહીં, સંચાર શું કરે—માયા ૩
માણેકમોતી કેરાં, ભંડાર વ્યર્થ થાશે;
મૃત્યુનો ફાંસો જ્યાં, હીરાના હાર શું કરે—માયા ૪
ક્યારે જશે જીવન આ, પળનો નથી ભરોસો;
કહે યશોભદ્ર ચેતી લે, તું વાર શું કરે—માયા ૫

---

## ઔપદેશિક સજઝાય

(રાગ—હૃદયવીણા આવી બજાવો કદી તો.)

હૃદયમાં જિણંદા વસાવો કદી તો,
નિરાગી નિરંજનને ધ્યાવો કદી તો—હૃદયમાં ૧
ત્યજી જગતજંઝાલ કેરીએ બંસી,
પ્રભુ પ્રેમવીણા બજાવે કદી તો—હૃદયમાં—૨
જલે જે હૃદયમાં ચિતા વાસનાની,
જરા ભકિત જલથી બુઝાવો કદી તો—હૃદયમાં ૩
જુઠા મોહ કાજે લુંટાવો છો લક્ષ્મી,
દયા ધર્મકાજે લુંટાવો કદી તો—હૃદયમાં ૪
યશોભદ્ર જિન રાજનાં ગુણ ગાઈ,
સફલ જીંદગાની બનાવો કદી તો—હૃદયમાં ૫

## ( શ્રી ગુરૂ સ્તુતિ )

(પારેવડા જાજે વીરાનાં દેશમાં-રાગ)

નમુ ગુરૂ નેમિસૂરિ સંસારમાં,

જ્યોતિ પુંજ જાણે અંધારમાં—નમું ૧

તપગચ્છ નાયક જગદ્‌ગુરૂ જે

નર ઉત્તમ નરનારમાં—નમું ૨

શાસન સમ્રાટ સૂરિચક્ર ચક્રવર્તિ

અષ્ટ સૂરિ શિષ્ય પરિવારમાં—નમું ૩

બાલ બ્રહ્મચારી ચારિત્રશાલી

પંચ મહાવ્રત આચારમાં—નમું ૪

પૂર્ણ પ્રભાવક શાસ્ત્ર વિશારદ

ધીર વીર ગંભીર વ્યવહારમાં—નમું ૫

કદંબગિરિ આદિ તીર્થોને સ્થાપીયા

મસ્ત સદા તીર્થના ઉદ્ધારમાં—નમું ૬

મેવાડ મારવાડ આદિ પ્રદેશ

કષ્ટ અતિ વેઠયાં વિહારમાં—નમું ૭

સિંહ ગર્જના સમ વાણી વદંતા

શંકા હરે પળ વારમાં—નમું ૮

જન્મીને જેણે જીવન વીતાવ્યું

જિન શાસન ઉદ્ધારમાં—નમું ૯

કારતક શુદ એકમ દિન સાધ્યો

જન્મ અને અગ્નિ સંસ્કારમાં—નમું ૧૦

યશોભદ્ર એવું અણમોલ જીવન

સહાય થશે ભવ પારમાં—નમું ૧૧

# ચંદરાજાની સજઝાયનો અર્થ

પરમ સુખનો માર્ગ ચીંધનાર તારક પરમાત્મા અરિહંતને નમસ્કાર કરવા પૂર્વક યથાર્થવાદીના માર્ગને સત્ય રીતે સમજાવવામાં ઉપકારીભૂત માતા સરસ્વતીનું સ્મરણ કરીને તથા સંસારતારક ત્યાગી ગુરૂભગવંતના ચરણોમાં નમસ્કાર કરીને સર્વ રાજાઓમાં મુગુટ સમાન શ્રી ચંદરાજાની ટુંક કથા નીચે મુજબ છે.

જંબુદ્વીપમાં ઈન્દ્રપુરી સમાન આભાનગરી વસેલી છે તેમાં વીરમતી પટ્ટરાણી સાથે વીરસેન રાજા રાજ્ય કરે છે. એક દિવસ વક્રગતિવાળા અશ્વ ઉપર બેસીને તે શિકારે ગયો. મૃગની પાછળ ગાંડો બન્યો. પણ મૃગ પલાયન થઈ ગયો. રાજાને તરસ લાગવાથી તેણે એક વાવડી પાસે પાણી પીને સંતોષ મેળવ્યો. વાવડીની અંદર પ્રવેશ કરતાં તેને થોડે દૂર એક બારી નજરે પડે છે. ત્યાં એક યોગીની સાથે કરૂણ રૂદન કરતી રૂપવંતી નારી દેખે છે.

રાજા યોગીની મનોગત ભાવના જાણી ગયો...તેથી પરાક્રમના બળે યોગીને પલાયન કર્યો. સહજ રીતે તે કન્યાને પૂછતાં રાજાને ખબર પડી કે આ પદ્મશેખર રાજાની પુત્રી ચંદ્રાવતી છે. પદ્મશેખર રાજાને સમાચાર મોકલવામાં આવ્યા. પિતાના ચરણોમાં કન્યાએ નમસ્કાર કર્યો. મારી પુત્રીનો પતિ વીરસેન

બને તેવી મહેચ્છા પદ્મશેખરની થઈ. તે ઈચ્છાનુસાર કાર્યસિદ્ધ થયું.

સંસારના ભૌતિક સુખો ભોગવતાં બન્ને સમય પસાર કરે છે. સ્વપ્નવિલાસમાં રાણીએ નિર્મલ ચન્દ્રમાનું દર્શન કર્યું- ગર્ભવતી રાણીએ સ્વ-જીવનને અધિકતર ધર્મના માર્ગે વાળ્યું. સમય જતાં તેજસ્વી પુત્રને રાણીએ જન્મ આપ્યો. તેવા સમાચાર પ્રાપ્ત થતાં રાજા-પ્રજા-નગરજનો અત્યંત આનંદિત થયા. ચોતરફ જન્મોત્સવ ભવ્ય રીતે ઉજવાયો, દીનદુઃખીયાના દુઃખો દૂર થયા. નગરીમાં આનંદ-આનંદ જ વર્તાય છે. પણ રાજાની અન્ય પટ્ટરાણી એવી વીરમતી પુત્રવિનાની હતી તેથી તે ચન્દ્રાવતી ઉપર દ્વેષભાવ કરતી હતી, તેના હૈયામાં ઈર્ષાની આગ પ્રજ્વલિત બની.

ભવિતવ્યતના યોગે એક પોપટ વીરમતીના પ્રાસાદે આવી મનુષ્યની ભાષામાં વીરમતીને પૂછે છે કે 'બેન ! તને શું ચિંતા છે ! તું શા માટે નિઃસાસા નાંખે છે. રાજાની રાણીને શું દુઃખ હોય ખરૂં ?'

વીરમતી કહે... હે પોપટ પુત્ર વિનાની હોવાથી સુખ ઝેરમય લાગે છે. સુખ પણ દુઃખ લાગે છે.'

પોપટ કહે 'હે બેન ! તું ચૈત્ર પુનમની રાતે ભગવંત ઋષભદેવનાં જિનાલયે જઇ બુદ્ધિથી કાર્ય સાધજે . ત્યાં અપ્સરાઓ આવશે, તેમનાં વસ્ત્રો મેળવવા બુદ્ધિનો ઉપયોગ કરજે.' દેવી પાસે પુત્રની યાચના કરી લેજે. શુભ સંકેતની વાત જણાવી પોપટ અદૃશ્ય થઇ ગયો.

દુઃખને દૂર કરવાનો સમય મળ્યો તો દુઃખીયારા શું શું પુરૂષાર્થ ન કરે! તે ન્યાયે વીરમતી કોઇનો સહકાર લીધા વિના એકાકી ઋષભ પ્રભુના જિનાલયે ગઈ. સ્નાન ક્રિયા માટે અપ્સરાઓએ કપડાં દૂર મૂકયાં. તેવામાં ચતુરાઈથી ભરેલી વીરમતી કપડાં લઈ મંદિરના દરવાજા બંધ કરી સંતાઈ ગઈ. વસ્ત્ર ન જોવાથી દેવીએ કહ્યું. જેણે અમારાં કપડાં લીધાં હોય તે અમને આપી દે.'

રાણીએ પ્રત્યુત્તર આપ્યો કે 'કપડાં જોઈતાં હોય તો પુત્રનું વરદાન આપો,' દેવી કહે 'તારા ભાગ્યમાં જ પુત્ર નથી તો વરદાન કેવી રીતે આપું! પણ તને સર્વ વશ થાય તેવી ચમત્કારિક વિદ્યા આપું?' વિદ્યા મેળવી કપડાં પાછાં આપી દીધાં. વીરમતી મહેલે આવી તેણે વિદ્યાના બળે સર્વને વશ કર્યા.

વીરસેન રાજાએ પુત્રને ચંદ્રકુંવર નામથી અંકિત કરી ચંદ્રાવતી રાણી સાથે દીક્ષા ગ્રહણ કરી. બાલ ચંદરાજા તથા નવોઢા ગુણાવલી વીરમતીને વશ થઇ ગયા. ગુણાવલી પણ સાસુને સમર્પિત થઈ. પુણ્યોદયના પ્રભાવે ચંદરાજાની કીર્તિ ફેલાઇ તે વીરમતીને જરાપણ ગમતું નથી. ચંદરાજા અને ગુણાવલી આનંદથી રહે તે પણ ગમે નહિં.

વીરમતી ગુણાવલીને કહે 'તું ઘણી સમજુ છે. પણ દુનિયાથી અજાણ છું. દુનિયા ઘણી વિશાલ છે. કેવા કેવા પ્રસંગો બને છે તે રાજમહેલમાં રહેવાથી ખબર ન પડે. મારી પાસે જે વિદ્યા છે તેના પ્રભાવે તને ઘણાં કૌતુકો દેખાડું.

આ પૃથ્વીતલ ઉપર વિમળાપુરી નામે અલબેલી નગરી છે. ત્યાં પ્રેમલાલચ્છી નામે રૂપમાં રંભા જેવી નારીનો લગ્નમહોત્સવ થવાનો છે માટે ત્યાં જોવા જઇએ. મારી પાસે કંબાકણેર છે. તેને મંત્રીને હું આપું છું. જ્યારે ચંદરાજા સૂઈ જાય ત્યારે તેની શય્યા ઉપર ત્રણવાર હાથ પછાડજે, જેથી તે કુંભકર્ણ જેવા નિદ્રામાં પોઢી જશે.' ભોળી-નિર્મળ ગુણાવલી તેમ કરવા ગઈ પણ ચંદરાજાને કંઈ શંકા જવાથી ગુપ્તપણે છૂપાઈ ગયો. ગુણાવલી પોતાના પતિને શય્યામાં સૂતેલા જાણી ઠબકારા મારીને વીરમતીની પાસે હોંશે હોંશે ગઈ પ્રતિવ્રતા નારી પણ વીરમતીના કપટના પટ્ટાંગણમાં ફસાઈ ગઈ.

સાસુ-વહુ શું કરે છે—ક્યાં જાય છે ? તે જોવા-જાણવા માટે પાછળ પાછળ ચંદરાજા ગયા. નગરજનો ભરનિદ્રામાં પોઢી ગયા છે ત્યારે ગુણાવલીને લઈ વીરમતી વાડીના આંબા વૃક્ષ ઉપર આરૂઢ થયો. ચંદરાજા પણ તે જ વૃક્ષની બખોલમાં સંતાઈ ગયા. વિદ્યાના પ્રભાવથી આકાશમાર્ગે વૃક્ષને ઉડાડ્યુ. અનેક કૌતુકો જોતાં જોતાં વિમળાપુરીનગરની બહાર તેને ઉતાર્યું. બંને જણાં ઉતરી નગર દર્શનાર્થે ગયાં. ચંદરાજાએ પણ પાછળથી તેમ કર્યું. ચંદરાજાએ ઇષ્ટ સ્મરણપૂર્વક નગર પ્રવેશ કર્યો તેટલામાં સિંહરાજા વિગેરે સન્મુખ આવ્યા. જાનના ઉતારે સ્વાગતપૂર્વક લઈ જઈને જણાવ્યું કે 'તમારી પધરામણીથી અમારા દુઃખ દૂર થયા.'

ચંદરાજાએ કહ્યું 'મારાથી તમારા શું દુઃખ દૂર થયાં?'

ત્યારે રાજાના હિંસક મંત્રીએ જણાવ્યું કે અમારા રાજાને પુત્ર ન હોવાથી કુલદેવીની આરાધના કરીને પુત્ર મેળવ્યો પણ કોઢીયો થયો. તેથી રાજાએ ભોંયરામાં જ ઉછેર્યો અને બહાર કાઢતા નથી માટે લોકો સમજ્યા કે ઘણો રૂપાળો છે માટે નજર ન લાગી જાય તેથી ભોંયરામાં રાખ્યો છે. તે કીર્તિ વિમળાપુરીના રાજાએ સાંભળી પ્રેમલાલચ્છી સાથે સગાઇ ચાર પ્રધાનોને મોકલી વર જોયા વિના કરી સિંહલ રાજાએ દેવીની પુનઃ ઉપાસના કરી ત્યારે દેવીએ કહ્યું 'લગ્નના દિવસે માતા અને પત્નિની પાછળ ચંદરાજા આવશે તે તમને પ્રેમલાલચ્છી સાથે ભાડુતી લગ્ન કરી આપશે' ત્યારે ચંદરાજા બોલ્યા કે 'વિશ્વાસ ઘાત કરાય નહિ.' પણ બહુ વિનવણી કરી જેથી ભાગ્ય ઉપર વિશ્વાસ રાખીને ચંદરાજા કનકધ્વજ વર બનીને વરઘોડે ચઢયા વરઘોડો ઉતર્યા બાદ ધામધુમથી લગ્ન કર્યાં.

આ તરફ ગુણાવલી વીરમતી સાથે નગર જોઈ લગ્ન જોવા ગયાં. ગુણાવલી કહે. 'આ વર તો મારા ચંદ જેવો લાગે છે'....'જા-જા-તારો ચંદ ક્યાંથી હોય! ચંદના–મુખ જેવા ઘણા પુરૂષો છે!'

પ્રેમલાલચ્છી સાથે લગ્ન કરીને ચંદરાજા સોગટા બાજી રમે છે. પ્રેમલા પાસે ગંગા નદીનું પાણી માંગે છે. ત્યાં તેવા સમયે આભાનગરીનું વર્ણન, પ્રશંસા ચંદરાજા કરે છે ત્યાં પેલા હિંસક મંત્રીએ ચંદને ઈશારો કર્યો. જવાની ઇચ્છા ન હોવા છતાં અનિચ્છાએ ચંદરાજા પોતાને સ્થાને ગયા. સાસુ

વહુ વૃક્ષપર આવી ગયા અને વૃક્ષ ઉડતું ઉડતું આભાનગરીના પાદરે આવી પહોંચ્યું. છૂપી રીતે નીકળી ચંદરાજા શય્યામાં પોઢી ગયા.

ગુણાવલી પોતાના પતિને જગાડવા માટે કપટયુક્ત શબ્દોથી બોલી કે 'હે સ્વામિ! હજી કેમ ઉઠતા નથી, સવાર થવા આવ્યું. આખી રાત્રી ઉંઘવા છતાં કેમ આળસ છોડતા નથી.' ચંદરાજા આળસ મરડીને બોલ્યા કે 'તારી આંખમાં હજી ઉંઘ કેમ દેખાય છે.' ગુણાવલી 'કહે સ્વામિ! આજે તો આખી રાત જિનભક્તિમાં પસાર કરી છે' ત્યાં ચંદ બોલે છે કે 'મેં રાત્રિના સ્વપ્નમાં વિમળાપુરી જોઈ. તથા તેમાં હરખાતાં હરખાતાં તમે સાસુ-વહુ ફરતાં જોયાં.'

ગુણાવલી કહે 'સ્વપ્ન કદાપી સત્ય હોતાં નથી' તેવામાં તો ચંદરાજાના હાથે મીંઢલ બાંધેલું જોયું. વિચારવા લાગી કે જરૂર વિમળાપુરી મારા પતિ આવ્યા હશે!

વીરમતીને કહે...હે સાસુજી! તમારી વિદ્યા મારા માટે આપત્તિરૂપ બની, પ્રેમલાલચ્છીએ મારા ચંદરાજા સાથે લગ્ન કર્યાં છે.' આ સાંભળી વીરમતી ક્રોધના આવેશમાં પુત્રનો વધ કરવા દોડી પણ વહુની વિનંતિને માન આપી વધ ન કરતાં મંત્રેલો દોરો ચંદના ડોકમાં બાંધ્યો કે તુરત જ ચંદરાજા કુકડા સ્વરૂપે બન્યા.

પતિદેવને કુકડાના રૂપમાં નિહાળી ગુણાવલી આક્રંદપૂર્વક ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. અંતે કર્મસત્તા પ્રત્યે ધ્યાન દોરી કર્મ કરે તે ખરૂં! એક સમયનો રાજા હાલના તબક્કે કુકડાના

રૂપે પરાવર્તન પામ્યો ! પતિદેવનું અસલ સ્વરૂપ પ્રાપ્ત થાય તેવી શુભભાવનાપૂર્વક ભગવાનની ભક્તિ કરવા લાગી.

આ બાજુ પ્રેમલાલચ્છીનું શું થાય છે. તે જોઈએ ! ચંદરાજા ગયા પછી કોઢી કનકધ્વજ આવ્યો. પ્રેમલાને પતિ કહી પ્રેમથી બોલાવે છે પણ કુષ્ઠરોગવાળો નિહાળવાથી પ્રેમલાએ તેનો તિરસ્કાર કર્યો. દુષ્ટ હિંસક મંત્રી આ જોઈને પ્રેમલા ઉપર કલંક લગાવે છે. પ્રેમલાના પિતા ત્યાં આવીને બધી વાતથી વાકેફ બન્યા. જમાઈને કોઢવાળો જોતાં પુત્રી ઉપર ગુસ્સે થઈ બોલ્યા કે મારી પુત્રી વિષકન્યા લાગે છે. તેણે ચાંડાળો તેડાવી મંગાવ્યા.

પ્રેમલાના પિતાનો મંત્રી કહે છે કે 'સત્ય બાબત જણાય ત્યાર પછી જે નિર્ણય કરવો હોય તે કરજો. પુત્રી કરતાં તમારો જમાઈ જન્મથી કોઢીયો લાગે છે.' ત્યાં પુત્રી પિતાને કહે છે !' 'હે પરમ ઉપકારી ! આ તમારા સાચા જમાઈ નથી. કારણ કે સમશ્યાના કારણે મારા પતિ તો આભાનગરીમાં છે.'

રાજા પેલા હિંસક મંત્રીને કહે 'સત્ય બોલ ! અન્યથા આ તલવાર તારો શિરચ્છેદ કરશે.' હવે રાજા ચંદરાજાની ચારે તરફ તપાસ કરાવે છે. પતિના વિયોગમાં ધર્મની આરાધના પ્રેમલા કરે છે ને કરાવે છે. આ બાજુ વીરમતીના પાપે ચંદરાજા કુકડો બન્યા છે. સાવકી માતાના હૃદયમાં ઈર્ષાનો અગ્નિ સળગતો હોય છે. રાજ્ય મેળવવા માટે સુખના સાધનોની ઝંખના પૂર્ણ કરવા માટે આ આત્મા શું કરતો નથી ? વીરમતી મન

ફાવે તેમ રાજ્ય ચલાવે છે. પ્રેમલાના પિતા તથા મંત્રીને પણ કુકડા બન્યાની માહીતિ મળી ચૂકી હતી. ગુણાવલીને સૌ કોઈ વ્યક્તિ આશ્વાસન આપે છે. ધીરજના ફળ મીઠાં હોય છે. માટે પ્રાણથી અધિક ચંદરાજાનું રક્ષણ કરજો.

આ તરફ ચંદના વિયોગમાં પ્રતિશત્રુ રાજા હેમરથ વીરમતિને જીતવા આવ્યા. પણ હાર પામવાથી વીરમતીના ચરણોમાં નમવું પડયું.

એક દિવસ આભાનગરીની રાજસભામાં શીવકુંવર નટ નાટક કરવા આવે છે. સુંદર નાટક જોતાં લોકો આનંદવિભોર બન્યા. નટપુત્રી શીવબાળા વાંસ ઉપર ચઢી અનેક દશ્યો બતાવે છે. ચંદરાજાનો જય થાઓ. એમ બિરદાવલી બોલે છે. વીર-મતી દાન આપતા નથી પણ પાંજરામાં રહેલ કુકુટરાજા પોતાની ચાંચથી રત્નોનું કચોળું પાંજરામાંથી નટ ઉપર નાંખે છે. નટ વિગેરે ખૂબ આનંદમાં આવી ગયા. વીરમતી પોતાનું અપમાન થવાથી કુકુટને હણવા માટે જાય છે. સભા તથા શીવબાળા પણ વીરમતીને શાંત પાડીને નાટક કરે છે.

કુકુટરાય...શીવબાળાને ઉદ્દેશીને કહે છે કે 'હે બાળા– માંગ, માંગ...પણ મને જ માંગજે, જેથી મારાથી તારી જેટલી ભક્તિ થાય તેટલી કરીશ' પૂર્વના પુણ્યયોગે કુકુટરાય નટ લોકોએ મેળવ્યા. મંત્રી વિનવણીરૂપે કહે છે કે આ અમારા ચંદરાજા છે. માટે ખૂબ સાચવજો...

ગુણાવલી પતિના વિયોગથી રૂદન કરવા લાગી. મંત્રીએ

તેમને આશ્વાસન આપી કહ્યું કે 'અહીં રાજાનું રક્ષણ થશે નહિ. સૌ સારૂં થશે.' ગુણાવલીની હૃદયની ભાવનાને સાકાર કરવા માટે કુકુટરાયના રક્ષણાર્થે સામંત રાજાઓને સાથે મોકલ્યા, નટની મંડળી ફરતી ફરતી પોતનનગરીમાં આવી. તે નગર વિષે મંત્રીપુત્રી લીલાવતી હતી. લીલાવતીનો પતિ પણ પરદેશ ગયેલ હોવાથી શોકાતુર હતી. તેણે પણ કુકુટરાયને પાસે બોલાવી કડવા શબ્દોપૂર્વક વાણી ઉચ્ચારે છે. અંતે કુકુટરાય પોતાની સમગ્ર વાત સમજાવી આંખમાંથી સરિતા વહેડાવે છે. લીલાવતીને ખ્યાલ આવ્યો કે આ અન્ય કોઈ નથી પણ ચંદરાજા છે. પોતાના ભાઈ સમાન ગણવા લાગી અને કુકડો પાછો સોંપ્યો. નટ લોકો ચંદરાજાના પ્રભાવે ઘણી ઋદ્ધિ સિદ્ધિ મેળવી ફરતાં ફરતાં વિમળાપુરીમાં નટલોકોએ કુકુટરાય સહિત પ્રવેશ કર્યો, પ્રેમલાલચ્છી ખૂબ જ આનંદિત બની...અને દુઃખ વિસરી ગઈ...કુકુટરાયને સાથે રાખી સિદ્ધાચલગિરિરાજના દર્શનાર્થે ગયા. પ્રથમ તીર્થપતિ આદિનાથ ભગવંતના દર્શન કરી અનંતગણું પુણ્ય ઉપાર્જન કર્યું ! અપૂર્વ શાંતિનો અનુભવ થયો. ભગવંતની ભક્તિ કોઈ દિન નહિ પણ આજે સુરજકુંડની પાસે ગયા.

કંટાળેલો માણસ જે કંઈ કરવું પડે તે કરીને કંટાળાથી રહિત થવા પ્રયત્ન કરે તેમ કંટાળી ગયેલા કુકુટરાય પિંજરામાંથી ધડાક લઈને સુરજકુંડમાં પડ્યા. પ્રેમલાલચ્છી પણ પતિ દેવની પાછળ પડી. પતિના ચરણોની આ સેવિકા પત્ની. પતિને જ અનુસરે છે.

તરત જે પોતાના પતિને હાથ વડે ગ્રહણ કરે છે. ગળામાં મંત્રિત દોરો જે વીરમતીએ બાંધ્યો હતો તે દોરો પ્રેમલા-લચ્છીના હાથે તુટી ગયો. તેથી કુકુટરાય કુકુટરાય મટી ચંદરાજા બની ગયા.

પતિદેવને સાક્ષાત્ નિહાળતાં પ્રેમલા અતિ હર્ષિત થઇ. પ્રેમલાના પિતાને સમાચાર પ્રાપ્ત થતાં તેઓ ઉપસ્થિત થઈ જમાઈરાજને નિહાળી ખુશી થયા.

વાસ્તવિક રીતે ખરેખર આ પ્રભાવ આદિનાથ ભગવંતનો હતો. જેના દર્શનમાત્રથી તથા આદીશ્વર ભગવંતના પ્રક્ષાલના પાણીવાળા સુરજકુંડના જલના સ્પર્શથી સ્વ. સ્વરૂપ પ્રાપ્ત કર્યું. સૌ ગુણગાન કરતાં કરતાં વિમળાપુરીમાં પધાર્યા. પરંતુ આ વાત વીરમતીને વિષરૂપ લાગી. તેથી કત્લેઆમ કરવા તલવાર લઈને જાય છે. પણ જેનું ભાગ્ય સારૂં છે. ભાગ્યવંતા પુરૂષને કોણ મારી શકે ? સમ્યગ્દષ્ટિ દેવતા સાવધાની રાખવાનું અદૃશ્યપણે જણાવે છે. શુરવીર–નિડર એવા ચંદરાજાએ પરાક્રમથી વીરમતીને પત્થર ઉપર પછાડી યમાલયમાં પહોંચાડી. મૃત્યુ પામીને છઠ્ઠી નરકે ગઈ. દેવતાઓએ ચંદરાજા ઉપર પુષ્પ-વૃષ્ટિ કરી. ગુણાવલીનો પણ ચંદરાજા ઉપર પત્ર આવ્યો કે હે સ્વામીનાથ...આભાપુરી પધારો અને આપનું શાસન ચલાવો કર્મને હાર પમાડનારનો જય જયકાર થાય છે, પુણ્યેન પાપ ક્ષયં—પુણ્ય વડે પાપ ક્ષય થાય છે.

ચંદરાજા પ્રેમલાલચ્છી સાથે વિહર્યા. અનેક રાજકન્યા-

એના સ્વામી બનેલા ચંદરાજા આભાપુરીમાં પધાર્યા. અંધાર-પટમાં ચન્દ્રમા આકાશતલને વિષે ખીલે, ઉદય પામે. અને અંધકાર દૂર થાય તેમ આભાપુરીમાં ચંદરાજાના ચંદનો ઉદય થતાં અંધકાર દૂર થયો. સમગ્ર પ્રજા આનંદ કલ્લોલ કરવા લાગી.

સંસારના સુખોને અલિપ્ત ભાવે ભોગવતાં ભોગવતાં ગુણાવલીને ગુણશેખર અને પ્રેમલાલચ્છીને મણીશેખર નામે પુત્ર થયા. દિવસો–વર્ષો પસાર થતાં થતાં શ્રી મુનિસુવ્રત સ્વામી પધાર્યા.

સ્વામિ જેવા સ્વામી પધારે તો તેના દર્શનાર્થે કયો સેવક બાકી રહે ?

પરમાત્માની પરમ તારક–સંસાર નિસ્તારિણી દેશના સાંભળવા ચંદરાજા સહિત નગરજનો સૌ આવ્યા. દેશના સાંભળી અંતરમાંથી આનંદ પ્રાપ્ત કર્યો. પરમાત્માને ચંદરાજાએ પોતાના પૂર્વભવ વિષે પૂછયું.

પરમાત્માએ મીઠી–માધુરી વાણીમાં જણાવ્યું કે કર્મ દરેકને ભોગવવા પડે છે. તિલક મંજરી નામની રાજપુત્રી મિથ્યાત્વી હતી. રૂપમતી મંત્રીની પુત્રી હતી. તે જિનમતના સિદ્ધાંતને અનુસરતી હતી. રાજપુત્રીએ અભિમાનના પગલે ચઢી સાધ્વીજી મહારાજ ઉપર આરોપ કર્યો જેથી સાધ્વીજી મહારાજ નિર્દોષ હોવાથી સહન કરી શકયા નહિં અને ફાંસો ખાવા જતાં અટકાવી તેમને શાંત પાડયાં.

તિલકસુંદરી અને રૂપવતી બન્નેના પતિ સુરસેન થયા. તિલકસુંદરીએ કાબર નામનું તથા રૂપમતીએ કોશી નામનું પક્ષી પાળી જીવને સુખાકારી અર્પી, કાબર ચતુર ત્યારે કોશી

બુદ્ધિહીન હોવાથી રૂપમતીએ ક્રોધના આવેશમાં કોસીની પાંખો છેદી નાંખી. કોશી મૃત્યુ પામીને વીરમતિ થઈ અને રૂપમતિ ચંદરાજા બન્યા. સાધ્વીજી કાળધર્મ પામીને કનકધ્વજ થયા તિલકસુંદરી પ્રેમલાલચ્છી બન્યા. ગુણાવલી બન્યા તે સુરસુંદરી, રક્ષક મર્યા બાદ મંત્રી થયા. સુરસેન મૃત્યુ પામીને શીવકુંવર નટ થયા. શીવબાળા બની તે પેલી દાસી. આ પ્રમાણે પૂર્વભવને સાંભળી રાણી, મંત્રી, નટ સાથે ચંદરાજા વિગેરે. સર્વે ચારિત્રના પંથ ઉપર આરૂઢ થયા.

ચંદરાજા આદિ ને 'કમ્મે શુરા એ ધમ્મે શુરા' એ ન્યાયે ઘનઘાતી કર્મ ખપાવી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી અંતર આત્માના ગુણો પ્રાપ્ત થયા. અંતરઆત્માનું જ્ઞાન પ્રકટ થયું. અજર–અમર પદ પામ્યા. કારજ સઘળા સિદ્ધ બન્યા.

ધન્ય છે એ ચંદરાજાને. ધન્ય છે એ ગુણાવલીને. ધન્ય છે એ જિનશાસનને.

શાસન સમ્રાટ પ. પૂ. આચાર્ય ભગવંત નેમિસૂરીશ્વરજી મ. સા.ના પટ્ટધર પ. પૂ. આચાર્ય દેવશ્રી વિજયવિજ્ઞાનસૂરીશ્વરજી મ. સા.ના પટ્ટધર પ. પૂ. આચાર્યદેવશ્રી વિજયકસ્તુરસૂરીશ્વરજી મ. સા.ના પટ્ટધર પ્રથમ શિષ્યરત્ન પ. પૂ. આચાર્ય દેવશ્રી વિજયયશોભદ્રસૂરીશ્વરજી મ. સા. કહે છે કે અજ્ઞાનભર્યા–મોહથી વ્યાપ્ત બનેલા આ સંસારમાં અજ્ઞાનથી પ્રાણીઓ અથડાય છે. રાજા-હોય કે રંક. કર્મ સર્વને ભોગવવા પડે છે. તે કર્મસત્તા ધર્મસત્તાના બળે દૂર થાય છે. પ્રકાશથી અંધકાર દૂર થાય જ તેમ જિનભક્તિના પ્રભાવે કર્મરૂપી અંધકાર દૂર થયા વિનારહેતો નથી. સૌ ભદ્રિકભાવને પામેલા જીવો કર્મથી મુક્ત બનવા પ્રયત્ન કરો.

# ચરિત્રનાયકના હસ્તે થયેલ વિશિષ્ટ શાસન પ્રભાવનાના કાર્યો

## અંજનશલાકા–પ્રતિષ્ઠા

| | | |
|---|---|---|
| ૨૦૧૪ | બંગારપેઠ કર્ણાટક | અંજનશલાકા અને પ્રતિષ્ઠા |
| ૨૦૧૫ | મદ્રાસ | અંજનશલાકા |
| ૨૦૧૬ | બેંગ્લોર | પ્રતિષ્ઠા |
| ૨૦૧૭ | સીમેગા | પ્રતિષ્ઠા |
| ૨૦૧૮ | ગદગ | અંજનશલાકા અને પ્રતિષ્ઠા |
| ૨૦૨૦ | મુંબઈ | પાર્લા પ્રતિષ્ઠા |
| ૨૦૨૩ | મલાડ | અંજનશલાકા |
| ૨૦૨૩ | સુરત | પ્રતિષ્ઠા |
| ૨૦૨૯ | જેતપુર | પ્રતિષ્ઠા |
| ૨૦૩૧ | નવરંગપુરા | અંજનશલાકા |
| ૨૦૩૧ | રાજકોટ | પ્રતિષ્ઠા |
| ૨૦૩૨ | પેટલાદ | મનમોહન પાર્શ્વનાથ પ્રતિષ્ઠા |
| ૨૦૩૨ | ખંભાત | પ્રતિષ્ઠા |
| ૨૦૩૩ | લુણસાવાડા મોટી પોળ અમદાવાદ | પ્રતિષ્ઠા |
| ૨૦૩૪ | બોરસદ | અંજનશલાકા પ્રતિષ્ઠા |
| ૨૦૩૫ | કીકાભટની પોળ અમદાવાદ | પ્રતિષ્ઠા |
| ૨૦૩૫ | મોડાસા | પ્રતિષ્ઠા |

## ચરિત્રનાયકના ઉપદેશથી થયેલ ઉપાશ્રય

(૧) મદ્રાસ વેપારી સુલા (૬) વિજયનગર (અમદાવાદ)
(૨) નાલાસોપારા(મુંબઈ પાસે) (૭) કૃષ્ણનગર (સૈજપુર બોઘા)
(૩) મોડાસા (૮) મરોલી બજાર (સુરત પાસે)
(૪) ખેરાળુ (૯) સાઠંબા
(૫) દેવા (પૂ. આ. ઉદયસૂરીશ્વરજી મ.ની દીક્ષા ભૂમિ) સોજીત્રા પાસે

## ચરિત્રનાયકે કરેલ ગ્રંથરચના

(૧) શ્રી સ્તંભન પાર્શ્વનાથ ચરિત્ર તથા જિનગુણ સ્તવનમાલા
(૨) જિનસ્તવનાદિ (૭) સિરિ આરામ સોહા કહા સંપાદક
(૩) આદર્શ સજ્ઝાયમાલા
(૪) શ્રી મહાવીર પંચકલ્યાણક પૂજા (૮) ધમવાલ કહા સંપાદક
(૫) સંસ્કાર જ્યોત ભાગ-૧ (૯) શ્રી ભાનુચંદ્ર ગણિચરિત્ર
(૬) ,, ,, ભાગ-૨ (૧૦) સૂર્યસહસ્ર નામ સ્તોત્ર

## ઉપધાન

૨૦૧૨ પૂના સિટી ગોડીજી ઉપધાન
૨૦૧૪ બેંગ્લોર ચિકપેંઠ ઉપધાન
૨૦૧૫ મદ્રાસ દાદાવાડી ૨૦૧૬ બેંગ્લોર ચિકપેંઠ
૨૦૧૮ હુબ્બલી (કર્ણાટક)
૨૦૨૦ મુંબઈ પાર્લા વેસ્ટ ફરી મહા મહિનામાં ખંડાલા
૨૦૨૩ મલાડ વેસ્ટ ૨૦૨૮ જામનગર મોહનવિજય પાઠશાળા
૨૦૩૨ કૃષ્ણનગર સૈજપુર બોઘા અમદાવાદ ૨૦૩૨ નગરશેઠના વંડે અમદાવાદ

સિદ્ધચક્રના ગુણઘણા કહેતા નાવે પાર
વાંછિતપુરે દુખહરે વંદુવાર હજાર ૧

અચિંત્ય ચિંતામણી કલ્પશાખિને
વિશુદ્ધસદ્બ્રહ્મ સમાધિશાલિને
દયાર્ણવાયાર્થિત દાયિને સતાં
નમો નમઃ શ્રી ગુરૂનેમિસૂરયે ૨

પિપળપાન ખરંત હસતી કુંપળીઆ
મુજ વિતિ તુજ વિતશે ધીરિ બાપલીયા ૩

દુર્જનકી કરૂણા બુરી ભલો સજજનકો ત્રાસ
બાદલ જબ ગરમી કરે તબ બરસનકી આશ ૪

જાશે કુછ પાઇએ વાકી કરીએ આશ
શુકે સરોવર પે ગયે કૈસે બુજે પ્યાસ ૫

સર્વ મંગલ માંગલ્યં સર્વ કલ્યાણ કારણં
પ્રધાનં સર્વ ધર્માણાં જૈનં જયતિ શાસનમ્ ૬

શિવમસ્તુ સર્વ જગતઃ
પરહિતનિરતા ભવન્તુ ભૂતગણાઃ
દોષાઃ પ્રયાન્તુ નાશં
સર્વત્ર સુખી ભવતુ લોકઃ ૭

એમ. બાબુલાલ પ્રિન્ટરી રતનપોળ અમદાવાદ. ફોન ૩૩૭૫૭૭